કવિસમ્રાટ ભક્તપ્રવર શ્રીદયારામભાઈ કૃત

ભક્તિ પોષણ

भक्त कवि श्रीदयाराम भाई

ભક્ત કવિ શ્રી દયારામ કૃત

ભક્તિ પોષણ

સંપૂર્ણ

◆

: વિવેચક :

ગૌ. મહામહોપાધ્યાય શાસ્ત્રીજી જ્યેષ્ઠારામ હરિજીવનદાસ જોષી

◆

: સંપાદક :

શાસ્ત્રીજી રમણલાલ જયેષ્ઠારામ ઉમરેઠવાળા

વિદ્યા વાચસ્પતિ, ભાગવત ભૂષણ, વ્યાખ્યાન વિશારદ, વેદાન્ત વાચસ્પતિ,
જયોતિષ ભૂષણ, કાવ્ય વિશારદ, શુધ્ધાદ્વૈત રત્ન, સાહિત્ય ભૂષણ,
સાહિત્ય મણિ, આદર્શ અધ્યાપક, વ્યાખ્યાન ભૂષણ.

◆

: પ્રકાશક :

પુષ્ટિ દર્શન

'પ્રસન્ન નિવાસ', સરદારભુવનનો ખાંચો,
કડીયા ખડકી પાસે, ભુતડી ઝાંપા,
વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૪૧૦૩૬૧

ભક્તિ પોષણ

: લેખક :
ભકતકવિ શ્રીદયારામભાઇ ચાંદોદ. ડભોઇ.

: વિવેચક :
શાસ્ત્રીજી જયેષ્ઠારામ હરિજીવનદાસ જોષી

: સંપાદક :
શાસ્ત્રીજી રમણલાલ જયેષ્ઠારામ ઉમરેઠવાળા

: સહ સંયોજક :
રજનીકાન્ત સી. શાહ સિવિલ એન્જીનીયર

સાતમી આવૃત્તિ પ્રત : ૧૦૦૦
આગળની પ્રત : ૧૦,૧૦૦
કુલ પ્રત : ૧૧,૧૦૦

કિંમત રૂા. ૪૦/-

વિ.સં ૨૦૫૫ના આસો સુદ-૧૩ શુક્રવાર તા. ૫-૧૧-૧૯૯૯

: પ્રકાશક અને મુદ્રક :
પુષ્ટિ દર્શન : 'પ્રસન્ન નિવાસ' કડીયા ખડકી પાસે,
સરદારભુવનનો ખાંચો, વડોદરા. ફોન : ૪૧૦૩૬૧.

: ટાઇપ સેટીંગ :
યુ.પી. કોમ. સીસ્ટમ્સ
ફોન : ૪૧૦૩૬૧.

: પ્રાપ્તિ સ્થાન :
પુષ્ટિ દર્શન :'પ્રસન્ન નિવાસ' કડીયા ખડકી,સરદારભુવનનો ખાંચો, રાવપુરા,વડોદરા.
રજનીકાન્ત શાહ : ૧૪-એ, રામપાર્ક સોસાયટી, આજવા રોડ, વડોદરા-૧૯

Record Copy

સપ્રેમ અર્પણ

શ્રી ____________________
____
____
____

તરફથી

શ્રી ____________________
____
____
____________________ ને

સ્મૃતિ રૂપે સપ્રેમ ભેટ

તારીખ : લિ. ....

સુઅવસર
____
____

આપ સૌ સુજ્ઞ વાંચકોને

વિનમ્ર નિવેદન

પુષ્ટિ સમ્પ્રદાયના અમુક અતિ મહત્ત્વના પ્રાચીન ગ્રંથો તથા દયારામભાઇના ગ્રંથો હાલમાં અપ્રાપ્ય છે. સમ્પ્રદાયના વંદનીય આચાર્યો, માનનીય શાસ્ત્રીજીઓ, વિદ્વાનો તેમજ ભગવદીય વૈષ્ણવો સુજ્ઞ વાંચકો પાસે પોતાના અંગત સંગ્રહમાં આવા પ્રાચીન અપ્રાપ્ય પુસ્તકો હોય તો, અને સર્વના કલ્યાણર્થ એ પુસ્તકો પુનર્મુદ્રિત થાય એવું ઇચ્છતા હોય તો, આ પુસ્તકના પ્રકાશકનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી છે. પ્રકાશક પાસે પ્રાચીન પુસ્તકોને પુનર્મુદ્રિત કરવાની એક શ્રૃંખલા-યોજના છે આવા મહત્ત્વાકાંક્ષી અને ભગીરથ પ્રયાસને શ્રી હરિની ઇચ્છા, શ્રીઆચાર્યચરણની કૃપા, અને આપ સૌના સહકાર વગર સફળ બનાવી શકાય નહીં. આ યોજનામાં આપ સૌને ‘અપ્રાપ્ય પુસ્તક દાન’ માટે અપીલ કરવામાં આવે છે. મૂળ પુસ્તક પરત આપવામાં આવશે તેવી ખાત્રી આપવામાં આવે છે.

-પ્રકાશક

: પુષ્ટિ દર્શન :
‘પ્રસન્ન નિવાસ’ કડીયા ખડકી પાસે,
સરદારભુવનનો ખાંચો, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૪૧૦૩૬૧.

: રજનીકાન્ત શાહ :
૧૪-એ, રામપાર્ક સોસાયટી, આજવા રોડ,
વડોદરા-૩૯૦ ૦૧૯ ફોન : ૪૬૨૭૧૯.

સંપાદકનો પરિચય

શાસ્ત્રી રમણલાલ જયેષ્ઠારામ ઉમરેઠવાળા

જન્મ : સને ૧૯૧૦ પાટણ, જી. મહેસાણા. (ઉ. ગુજરાત)

(૧) શૈક્ષણિક યોગ્યતા

વિદ્યા વાચસ્પતિ, ભાગવત ભૂષણ, વ્યાખ્યાન વિશારદ, વેદાન્ત વાચસ્પતિ, જ્યોતિષ ભૂષણ, કાવ્ય વિશારદ, શુદ્ધાદ્વૈત રત્ન, વ્યાખ્યાન ભૂષણ, આદર્શ અધ્યાપક. દેશ વિદેશમાંથી ૫૦ થી વધારે સન્માનપત્રો, ૩ એવોર્ડ, ૯ ચંદ્રકો પ્રાપ્ત થયા છે.

(૨) અધ્યાપક

સને ૧૯૨૬ થી ૧૯૨૮ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, હાલોલ, જી. પંચમહાલ, ગુજરાત.
સને ૧૯૨૮ થી ૧૯૩૩ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પેટલાદ જી. ખેડા, ગુજરાત.
સને ૧૯૩૪ થી ૧૯૪૦ પુષ્ટિમાર્ગીય તથા ગીતા પાઠશાળા, ડભોઇ જી. વડોદરા.
સને ૧૯૪૦ થી ૧૯૪૨ (સમગ્ર ભારત પ્રવાસ)
મંત્રી : અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ. મુંબઇ-૪
સને ૧૯૪૨ થી ૧૯૫૦ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, ઉમરેઠ, જી. ખેડા. ગુજરાત.
સને ૧૯૫૩ થી ગીતા પાઠશાળા, લક્ષ્મીનારાયણ મંદિર, ગીતા ભવન, કાંદીવલી, પશ્ચિમ મુંબઇ-૬૭
સને ૧૯૫૫ થી ૧૯૭૨ શ્રી ભગવદ્ ધર્મ પાઠશાળા, માધવબાગ, લક્ષ્મીનારાયણ મંદિર, સી.પી. ટેન્ક, મુંબાઇ-૪.
સને ૧૯૭૩ થી ૧૯૯૯ સુધી ઉમરેઠ ચમ્પારણ્યમાં નિવાસ, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ઉમરેઠ, જી. આણંદ પીન. ૩૮૮ ૨૨૦

(૩) પત્રકારિત્વ

સને ૧૯૪૦ થી ૧૯૫૪ સુધી ઉમરેઠ અને આણંદ, ખેડા જીલ્લાના પ્રેસ પ્રતિનિધિ તરીકે સંદેશ, ગુજરાત સમાચાર, પ્રભાત, પ્રતાપ, હિન્દુસ્તાન ટાઇમ્સ, વંદે માતરમ્, જનસત્તા, વિ. દૈનિકો અને ગુજરાત ટાઇમ્સ, ખેડા વર્તમાન, લોકમત, આગેકદમ, મહાગુજરાત, ચરોતર બંધુ, વનરાજ ટાઇમ્સ પાટણ ત્થા અનેક સાપ્તાહિકો સાથે સંકળાયેલા રહ્યા.

(૪) સાહિત્ય

પુષ્ટિમાર્ગનાં ૫૦૦ વર્ષ, આપણામૂળ પુરૂષ (પૂ. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું જીવન ચરિત્ર) (છ આવૃત્તિ) શ્રીમદ્ ભાગવત રસ સંગ્રહ, વૈષ્ણવ માર્ગદર્શિકા, ગૌવધ બંધ હો, વ્રજયાત્રા રહસ્ય, ભક્તિપોષણ (સાત આવૃત્તિ)સેવા પ્રકાર, ષોડશ ગ્રંત્રો, શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજશ્રીનું જીવન ચરિત્ર, વ્રજયાત્રા સચિત્ર વિસ્તૃત ગ્રંથ, શિવતત્વ, રૂદ્ર મહિમા આપણું કર્તવ્ય, પુરૂષોત્તમ સહસ્ત્રનામ, નારાયણ નામાવલિ કવચ વિ. ૨૬ ગ્રંથોનું લેખન, સંપદન વિ. કર્યું.

(૫) ધર્મપ્રચાર

અત્યાર સુધીમાં ભારતમાં, સીલોનમાં એડન, પૂર્વ આફ્રિકા, અમેરિકા, સીંગાપૂર, મલેશિયા વગેરેમાં ૬૮૯ ભાગવત સપ્તાહો, રામાયણ નવાન્હો, ગીતા પ્રવચનો, ષોડશ ગ્રંથ સપ્તાહો, સુબોધીનીજી પર પ્રવચનો કર્યા છે તથા સેંકડો ભાગવત સપ્તાહોની આવક આયોજકોને તેઓના ગામોની શૈક્ષણિક સાર્વજનિક જાહેર ધાર્મિક સંસ્થાઓના વિકાસ માટે અર્પણ કરી છે. ઉમરેઠ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ , ઉપનિષદ પ્રવચનો, સપ્તાહો, જનકલ્યાણ માટે કરી છે. ૨૨ વર્ષોથી ચમ્પારણ્યની ગૌશાળામાં સપ્તાહની આવક અર્પણ કરી છે.

(૬) સામાજિક

માજી મંત્રી : ભક્ત કવિ શ્રી દયારામ સ્મારક સમિતિ, ડભોઇ.
માજી પ્રમુખ : દયારામ સાહિત્ય સભા, ડભોઇ.
માજી મંત્રી : ગ્રામ સેવા સમાજ, ઉમરેઠ.
માજી પ્રમુખ : વિદ્વત્ સભા, ઉમરેઠ
ટ્રસ્ટી : સંસ્કાર કેન્દ્ર, ઉમરેઠ
માજી પ્રમુખ : વકતૃત્વ સભા, ડભોઇ
માજી ટ્રસ્ટી : સમાજ સેવા સંસ્કાર કેન્દ્ર : ઉમરેઠ
માજી મંત્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, મુંબઇ-૪
પ્રમુખ : બાલવિકાસ પરિવાર (ગુજરાત)
ટ્રસ્ટી : સ્વાધ્યાય સેવાટ્રસ્ટ, ઉમરેઠ.
ટ્રસ્ટી : ગૌશાળા ઉમરેઠ

બંને ટ્રસ્ટ રજીસ્ટર્ડ છે અને બન્નેને ૮૦ જી નું ઇન્મટેક્ષ માફીનું પ્રમાણપત્ર મળેલ છે. ૩૦૦૦ છાત્રોને વિદ્યાદાન આપ્યુ છે : આદિવાસીઓને વ્યસન મુકત કર્યા છે.

શાસ્ત્રીજીએ આજ સુધીમાં નાના-મોટા, ગરીબ-તવંગર, ભાઇ-બહેનોને હાલોલ, પેટલાદ, ડભોઇ, ઉમરેઠ, ઘાટકોપર, કાંદીવલી, માધવબાગ, મુંબઇ-૪, ભાવનગર વગેરે અનેક પાઠશાળાઓમાં લગભગ ૩૦૦૦ ભાઇ બહેનોને મફત વિદ્યાદાન, કચ્છમાં દુષ્કાળ અને ધરતીકંપ વખતે, મોરબી મચ્છુ ડેમ વખતે, ગોધરા, શહેરા (પંચમહાલમાં) આગ વખતે, ઉંઝામાં નિશાળના મકાન માટે, મુંબઇની તમામ જાહેર હોસ્પીટલો માટે, પારાયણના મુખ્ય વ્યાસ તરીકે વિષ્ણુયાગ યજ્ઞ, સહસ્ત્ર ચંડી યજ્ઞ, મહારૂદ્ર યજ્ઞ, ભવ્ય દેવમંદિરની પ્રાણપ્રતિષ્ઠા વગેરેમાં આચાર્ય પદે રહી જન સેવા કરી છે. છેલ્લા ૨૨ વર્ષોથી ઉમરેઠ એસ. ટી. સ્ટેન્ડ પાસે ગૌશાળામાં રહી સેવા કરે છે, આ સંસ્થાઓના કાર્યકાળ દરમ્યાન ગ્રીષ્મ વ્યાયામ વર્ગો, કવિ સંમેલનો, નેત્રયજ્ઞો, દંતયજ્ઞો, રેલસંકટ, દુષ્કાળ રાહત ફંડ, કોલેરા રાહત વિ. જીવન ઉપયોગી અનેક કાર્યક્રમોનું આયોજન કર્યુ છે.

સંપાદકનું નિવેદન

ભક્ત કવિ શ્રી દયારામભાઇએ ઇચ્છારામ ભટ્ટજીની પાસે ભક્તિ સંપ્રદાયના સાહિત્યનો જેમકે શ્રી વલ્લભાચાર્યજીના, શ્રી ગુસાંઇજીના અને શ્રી હરિરાયજી વગેરે આચાર્યોના ગ્રન્થોનો અભ્યાસ કર્યો હતો. કવિશ્રીએ પોતાની મેળે તો પુષ્ટિ ભક્તિનું ધ્યેય સ્વીકાર્યું હતું. પણ બીજાઓ તે માર્ગના સિદ્ધાન્તો સમજીને તે પ્રમાણે તેને આચારમાં મૂકે તે માટે ભક્તિ સિદ્ધાન્તને લગતાં ઘણાં કાવ્યો રચ્યાં છે. જેમાં ભક્તિ એજ પ્રભુ પ્રાપ્તિનું મુખ્ય સાધન છે એમ જણાવ્યું. આ કાવ્ય ગ્રન્થોમાં મુખ્ય ગ્રન્થ છે.

ભક્તિપોષણ

આ ગ્રન્થમાં ભક્તિ એટલે શું ? તેના કેટલા પ્રકારો છે ? તેનું પોષણ કેવી રીતે થઇ શકે ? ભક્તિમાર્ગમાં જીવનું કર્તવ્ય શું ? તેણે કોની સેવા કરવી વગેરે અનેક ભક્તિમાર્ગીય સિદ્ધાતો આ કાવ્યમાં ચર્ચવામાં આવ્યા છે. આખા કાવ્યની રચના 'ચંદ્રાવળા' છંદમાં કરી છે. અને એકંદરે તેમાં ચાર ચાર લીટીનો એક એવા ૧૦૧ ચંદ્રાવળા છંદ છે. આ કાવ્ય ચાંદોદમાં રચેલું એવુ કવિ કાવ્યને અંતે જણાવે છે.

આ કાવ્ય સામાન્ય ભકત જનોને સહેલાઇથી સમજાય તેવું નથી. માટે અમારા પૂજ્ય પિતાશ્રી ગોલકવાસી શ્રી જયેષ્ઠારામ શાસ્ત્રીએ પેટલાદમાં રહેતા હતા ત્યારે દરરોજ ત્રણ કલાક બેસીને લગભગ ત્રણ વર્ષ સુધી આ ચંદ્રાવળાના અર્થ તથા વિવેચન તૈયાર કર્યું હતું. આ ગ્રન્થ અર્થ વિવેચન સાથે સંવત ૧૯૯૬ એટલે ઇ.સ. ૧૯૪૦ માં અનુગ્રહ માસિકમાં સૌ પ્રથમ આવૃત્તિ તરીકે છપાયો. ત્યાર પછી તેની બીજી આવૃત્તિ રૂપે ગ્રન્થાકારે બે ભાગમાં પૂર્વાર્ધ અને ઉતરાર્ધ સ્વરૂપે પુનર્મુદ્રિત કરી પ્રકાશિત કરેલો.

ત્યાર પછી સંવત ૨૦૨૫ એટલે ૧૯૬૯ સુધીમાં ત્રીજી ચોથી અને પાંચમી આવૃત્તિયો મળી કુલ ૯૦૦૦ પ્રત્રો છપાઇ ગઇ છે. છઠ્ઠી આવૃત્તિ સંવત ૨૦૩૮ના વામન જયંતીના દિવસે નડિયાદ નિવાસી મગનભાઇ સબૂરભાઇ પ્રજાપતિએ છપાવી સમાજમાં ભકતજનો માટે ઉપલબ્ધ કરી તે માટે અમે તેમના આભારી છીએ મગનભાઇએ આ પુસ્તક ડાં. કંચનલાલ કાંટાવાળા પાસેથી મેળવી અને ૧૧૦૦ પ્રતો છપાવી એટલે કુલ દસ હજારથી વધુ પ્રતો છપાઇ છે.

સંવત ૨૦૫૪ એટલે સને ૧૯૯૮ માં અમે વડોદરા આવતા. અને અમારા પરિચિત રજનીકાન્તને ઘેર અવાર નવાર રહેતા હતા તે દરમ્યાન આ પુસ્તક છપાવવા અંગે વાત થઇ ત્યારે રજનીકાન્તે તુરતજ છપાવવા માટે સંમતિ આપી. અને અમે બંને પરેશભાઇ દેસાઇના નિવાસ સ્થાને તેમને મળવા ગયા. પ્રભુ ઇચ્છાથી, પરમ ભગવદીય શ્રી પરેશભાઇ દેસાઇના પત્ની શ્રીમતી ઉત્પલાબેન દેસાઇ અમારા ઘણા જુના પરિચિત નીકળ્યાં (૧૯૩૪ માં ડભોઇમાં પાડોશમાં રહેતાં હતાં) તેમનાં પિતાશ્રી વડીલ શ્રી કીશોરભાઇ દેસાઇએ પણ આ કાર્ય માટે ઉત્સાહ દર્શાવ્યો. તેથી અમોને આ કાર્ય ચાલુ કરવા માટે ખૂબ જ પ્રેરણા મળી.

થોડા દિવસો પછી અમે એક પ્રત પરેશભાઇને જોવા માટે આપીને ઉમરેઠ ગયા. બીજા કોઇ કામ અંગે વડોદરા આવ્યા ત્યારે પરેશભાઇ ને મળ્યા તો અમારા આશ્ચર્ય વચ્ચે પુસ્તક ની છાપેલી નકલ અમોને જોવા મળી. એટલે અમે ખૂબ વિચારમાં પડી ગયા. કારણ કે એક પણ પૈસો આપ્યો નહતો કિંમત અંગે કોઇ સ્પષ્ટતા કરી ન હતી છતાંય પ્રભુ ઇચ્છાથી ચોપડી તો તૈયાર થઇ ગઇ હતી.

અમે અને રજનીકાન્તે આ અંગે ગંભીરતાથી વિચાર કરી અમારા પરિચિતો તથા શુભેચ્છકોનો સંપર્ક ચાલુ કર્યો અને પ્રભુકૃપાથી ઘણા ટૂંકા સમયમાં અમે કેટલીક રકમ દાતાઓ પાસેથી મેળવીને પુષ્ટિદર્શન સંસ્થામાં આપી શકયા છીએ. તે માટે સર્વ દાતાઓ સહયોગીઓના અમે ખુબ આભારી છીએ.

પરેશભાઇના નાના ભાઇ સ્વ. શ્રી સુધીરભાઇ ના આકસ્મિક અવસાનને કારણે પુસ્તકનું કામ ઢીલમાં પડયું. ત્યારબાર એપ્રીલ-૯૯ માં રજનીકાન્તે મોતીયાનું ઓપરેશન કરાવ્યું એટલે બે-ત્રણ માસ આ કામ થઇ શકયું નહિ. આ પુસ્તકમાં 'ભક્તિ પોષણ' ગ્રંથ સાથે દયારામભાઇનાં કેટલાંક પ્રચલિત પદો પણ પાછળ લીધાં છે. પ.ભ.શ્રી જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ લિખિત દયારામભાઇનું જીવન ચરિત્ર ગ્રંથમાંથી લખાણ લીધું છે. તે માટે તેઓશ્રીનો આભાર માનીએ છીએ. સંજોગોના કારણે મોડું થયું છે પણ પુસ્તક સારુ થયું છે તેનો સંતોષ છે. સર્વે દાતાઓ પ્રકાશક પરેશભાઇ, રજનીકાન્ત તથા અન્ય સર્વે મદદ કરનાર ભાઇ બ્હેનોનો આભાર માની પ્રભુના અનુગ્રહ માટે પ્રાર્થનાપૂર્વક સદૈન્ય વંદન કરું છું. -લી. રમણલાલ જયેષ્ઠારામ-ઉમરેઠવાળા

પ્રકાશકનું મન્તવ્ય

એક વર્ષ પહેલાં ઓગષ્ટ-૧૯૯૮ માં પરમ આદરણીય વયોવૃધ્ધ વડીલ શ્રીરમણલાલ શાસ્ત્રીજી ઉમરેઠવાળા અને શ્રી રજનીકાન્ત મને મળવા આવ્યા. તેમને શ્રી દયારામભાઇ લિખિત 'ભક્તિ પોષણ' ગ્રંથની છઠ્ઠી આવૃત્તિની એક પ્રત મને આપી. આ પુસ્તકની સાતમી આવૃત્તિ છપાવવાની તેઓની ઇચ્છા છે એવી વાત કરી, અને ફરીથી મળીશું એમ કહીને તેઓ બંને જતા રહ્યા.

અમારી સંસ્થા પુષ્ટિ દર્શન 'પુષ્ટિ માર્ગનું' સાહિત્ય વિશેષ કરીને છાપે છે અને દયારામભાઇ ઉચ્ચ કક્ષાના પુષ્ટિ ભકત હતા માટે અમે તે પુસ્તક થોડાક દિવસોમાં કોમ્પ્યુટર પર ટાઇપ સેટીંગ કરાવીને છાપવા માટે તૈયારી કરી. બે મહિના પછી શાસ્ત્રીજી અને રજનીકાન્ત અમોને મળવા આવ્યા ત્યારે પુસ્તકનાં છાપેલાં પાના પ્રુફ જોવા માટે આપ્યા. મહત્ત્વની બાબત એ છે કે અમે કિંમત અંગે કે પૈસા અંગે કોઇ વાત કરી ન હતી. પ્રભુ ઇચ્છાથી તેઓએ થોડા સમયમાં તેમના પરિચિત જુદા જુદા દાતાઓ - સહયોગીઓ પાસેથી મેળવીને રૂા. ૧૦૫૦૦/- ની રકમ અમોને આપી.

આ પુસ્તકના સંપાદક પરમ ભગવદીય વડીલ શ્રી રમણલાલ શાસ્ત્રી ઉમર વર્ષ ૯૦ આટલી પાકટ ઉમરે શ્રમ લઇને વડોદરા આવી પુસ્તકના પ્રકાશન અંગે સક્રિય છે. આથી અમોને તેમના પ્રત્યે ઘણાોજ અહોભાવ પેદા થયો. અને અમોને તેઓના કાર્યમાં રસ લેવાની ઇચ્છા થઇ. વધુ પરિચય થતાં જાણવા મળ્યું કે શાસ્ત્રીજી ઉમરેઠમાં હાલમાં ગૌશાળા ચલાવે છે અને તેમાં ભકતજનો તરફથી આર્થિક સહાય મળે તેવી અપેક્ષા છે. હાલમાં ૨૪ નાના મોટા ગાયોનો પરિવાર છે. શાસ્ત્રીજી તેમના જ્ઞાન અને અનુભવમાંથી સમાજના લોકોને આપવા માટે તત્પર છે. કોઇ સંસ્થા શિબિર ગોઠવીને શિક્ષાર્થીઓને ભાગવત, કર્મકાંડ, જયોતિષ, ભક્તિ પોષણ વિગરે વિષયો અંગે અભ્યાસ વર્ગ ચલાવવા તૈયાર હોય તો તેઓ સેવા ભાવનાથી આ કાર્ય કરવા ખુશી છે. આ અંગે તેમનો સંપર્ક કરવા વિનંતી છે.

અમારી સંસ્થા પુષ્ટિ માર્ગના અલભ્ય ગ્રંથોનું પ્રકાશન કરવા વિચારે છે. જે વૈષ્ણવ પાસે આવા ગ્રંથો હોય તેઓને અમારો સંપર્ક કરવા નમ્ર નિવેદન છે. અમારું આ ૧૧મું પ્રકાશન છે. અમોને સાથ સહકાર આપનાર સર્વેના અમે આભારી છીએ.

તા. ૧-૧-૨૦૦૦ લિ. પરેશ કે. દેસાઇ ના જય શ્રી કૃષ્ણ

સહયોગીઓ

વિજયાબેન વસંતલાલ પરીખ (વાડીયાવાળા)
‘અનુગ્રહ’ ૩, સૂર્યનગર સોસાયટી,
વાઘોડીયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯
ફોન : ૪૭૦૮૨૧

શર્મિષ્ઠાબેન મધુસૂદન શાહ
મધુસૂદન જીવણલાલ શાહ (કિમ્પવાળા)
‘નંદાલય’ નરહરી હોસ્પીટલ પાસે, ફતેગંજ,
વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૭૯૪૩૩૫

જીવણલાલ ગીરધરભાઈ દેસાઈ (સંખેડાવાળા)
સૌ. છીતીબેન,સુમીત્રાબેન, સુભાષચંદ્ર, પરેશ, નીપા
૫૧-એ ઉમા કોલોની, વાઘોડીયા રોડ,
વડોદરા-૩૯૦ ૦૧૯ ફોન : ૫૧૪૨૫૧

વલ્લભદાસ સી. શાહ (ચિત્રકાર)
૮૮-બી, આધાર સોસાયટી,

જીવણલાલ મગનલાલ શાહ (કાલોલવાળા)
સ્વ. જશોદાબેન, હસમુખ, અનીલ, અતુલ, ભાવના
૧૨, પરિતોષ સોસાયટી, આજવા રોડ,
વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : ૪૬૯૯૩૭

ઈન્દિરાબેન રજનીકાંત શાહ
રજનીકાંત સી. શાહ (સિવિલ એન્જીનીયર)
૧૪-એ, રામપાર્ક સોસાયટી, આજવા રોડ,
વડોદરા-૩૯૦ ૦૧૯ ફોન : ૪૬૨૭૧૯.

સહયોગીઓ

પી.ટી. શાહ (વાઘોડીયાવાળા)
સૌ. શારદાબેન, જયપ્રકાશ, કમલેશ, જાગૃતિ, દિપીકા
૩૧-બી, મીરાં સોસાયટી, હરણી રોડ,
વડોદરા-૩૯૦ ૦૨૨. ફોન : ૪૪૨૭૦૪

સ્વ. ભગવતીબેન માણેકલાલ શાહ (બાલીસણાવાળા)
માણેકલાલ વિ. શાહ ,નીકિતા,યોગેશ,
૧૭-ડીલક્ષ સોસાયટી, નિઝામપુરા,
વડોદરા-૩૯૦ ૦૦૨. ફોન: ૭૭૩૧૩૫

મધુસૂદન રમણલાલ શાસ્ત્રી
સૌ. હેમલતા, ધર્મેશ, ભદ્રેશ, ઉર્મિ
ગો. પૂ. માતૃશ્રી જશોદાબેન
રેંટીયાપોળ, ઉમરેઠ, જી. આણંદ-૩૮૮ ૨૨૦
ફોન : ૭૭૫૧૬

ચંદ્રકાંત રતીલાલ શાહ
સૌ. સ્નેહલતા, વ્રજેશ, મોના,
૨, કૃષ્ણ સોસાયટી, જુના પાદરા રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન : ૩૧૧૯૪૭

મુકુંદભાઈ રતનલાલ શાહ
ગો. શારદાબેન મુકુંદભાઈ શાહ
બજારમાં, તારાપુર રોડ, પાવી જેતપુર.

પુષ્ટિ દર્શન
વતી શ્રધ્ધાંજલિ

સ્વ. સુંદરલાલ એસ. શાહ

પ્રસન્નનિવાસ
વતી શ્રધ્ધાંજલિ

સ્વ. સુધીરભાઈકે. દેસાઈ

શ્રી રમણલાલ શાસ્ત્રીની અન્ય કૃતિઓ

- પુષ્ટિમાર્ગનાં ૫૦૦ વર્ષ
- આપણા મૂળ પુરુષ (શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર)
- વૈષ્ણવ માર્ગ દર્શિકા ભાગ-૧
- પુષ્ટિ માર્ગ - રેખાદર્શક સમાલોચના
- શ્રી ગીતાપાઠ અધ્યાય ૧૨ ભક્તિયોગ સાથે
- શ્રી ગીતાપાઠ અધ્યાય ૧૫ પુરુષોત્તમયોગ સાથે
- સ્તોત્રપાઠ - વૈષ્ણવોના નિત્યનિયમ
- સંગ્રહગ્રન્થ પાઠ ઘોળ-શ્રીમદ્ ભાગવત રસસંગ્રહ
- બ્રહ્મચર્ય - અનુવાદ ગ્રન્થ
- ગૃહસ્થધર્મ - અનુવાદ ગ્રન્થ
- ગૌવધ બંધ હો - સંત પ્રભુદત્તજી બ્રહ્મચારીજીના હિન્દી ગ્રન્થનો અનુવાદ
- ષોડશગ્રન્થ, ભક્તિરસ ઝરણાં
- ભક્તિસુધા બિન્દુ
- પંચરત્ન
- ભાગવત સ્તોત્રામૃત
- યુગલગીત
- ગોપીગીત
- નિત્ય સંક્ષિપ્ત સેવાપ્રકાર
- વૈષ્ણવ માર્ગ દર્શિકા ભાગ-૨
- પુરુષોત્તમ સહસ્રનામ અને નારાયણકવચ
- વ્રજયાત્રા સંક્ષિપ્ત
- વ્રજયાત્રા વિસ્તૃત સચિત્ર
- પંચમ પીઠાધીશ્વર ગો શ્રી ૧૦૮ શ્રી દેવકીનંદાચાર્યજીનું જીવન ચરિત્ર
- ચતુર્થ પંચમ પીઠાધીશ્વર ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજીનું જીવન ચરિત્ર
- શિવતત્ત્વ
- રૂદ્રમહિમા
- શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના સિદ્ધાન્તો
- મહારૂદ્ર યજ્ઞનો હેતુ અને ફળ

શ્રીકૃષ્ણ :
બંસીબોલના કવિ
યાને
ભક્ત કવિ શ્રીદયારામભાઇનું

જીવનચરિત્ર

શ્રી દયારામભાઇનો જન્મ ડભોઇમાં સંવત ૧૮૩૩ના ભાદરવા સુદ ૧૧ને વામન દ્વાદશીના દિવસે શનિવારે રાતે થયો હતો. માતા મહાલક્ષ્મી. પિતા પ્રભુરામ. ૧૮૩૭માં શ્રી દેવકીનંદજી મહારાજે શ્રી કૃષ્ણ: શરણં મમ એ અષ્ટાક્ષર મંત્રનું દાન કર્યું. દસ વર્ષની વયે પિતાશ્રી ને બાર વર્ષની વયે માતાશ્રી ગોલોકવાસી થયાં. માતાની ભડભડ બળતી ચિતા જોઇ દયારામે સંસારની અસારતા જોઇ લીધી. જેને સાચા સ્નેહી ગણીએ છીએ તે પણ એક દિવસ છોડીને ચાલ્યા જાય છે. એ જ પળે મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા

> સાચું તો સગપણ રે, સમજ મન શ્યામ તણું
> બાકી સહુ જૂઠું રે, કશું નથી કામ તણું.,

તેર વર્ષની વયે ધવલ ધનાશ્રી રાગમાં તત્ત્વ પ્રબંધ ૬૬ કડીનું પદ લખ્યું. પેટલાદવાળા મહાત્મા શ્રી ઇચ્છારામ ભટ્ટજીનો ચાણોદ અને ડભોઇ વચ્ચે તેન તળાવ પાસે સમાગમ થયો. ચૌદ વર્ષની વયે ભારતના પર્યટને નીકળ્યા. બાર વર્ષ ફરતા રહ્યા. પચીસની વયે ભરૂચમાં ગીતગોવિંદ ગ્રંથ ઉતાર્યો. દયારામભાઇ સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા. તેમની અટક ભટ્ટ હતી.

એમણે શ્રી ઇચ્છારામ ભટ્ટજીની આજ્ઞાથી ૩૦ વરસની વયે અજામિલાખ્યાન લખ્યું. કોઇના સાથ સહારા વિના બીજી વખત ભારત યાત્રા કરી ૩૯ની વયે વ્રજભાષામાં 'સતસૈયા' સર્જ્યો. ૪૧ની વયે વ્રજભાષામાં 'વસ્તુવૃંદદીપિકા' રચી. એમાં એમણે એક વસ્તુ લઇને એકસોને આઠ વસ્તુ સુધીનું વર્ણન કર્યું છે. જગતભરની ભાષાઓમાં આવાં ગ્રંથો થોડાક જ મળી આવશે. શ્રી નાથદ્વારા કાંકરોલી વ્રજયાત્રામાં થોડાં વર્ષ પસાર કરી ૪૬ની વયે વ્રજભાષામાં 'ભાગવતાનુક્રમણિકા' લખી.

શ્રી દયારામભાઇને શ્રી વલ્લભાધીશના સાક્ષાત દર્શન થયાં. પ્રથમ દર્શન સંવત ૧૮૮૦ ના ભાદરવા સુદ-૨ સવારમાં. બીજું દર્શન સંવત ૧૮૮૧ ના માગશર સુદ ૬ સવારમાં. ૪૯ની વયે વ્રજભાષામાં 'વ્રજ વિલાસામૃત' ગ્રંથ રચ્યો. એમાં વ્રજની પરિક્રમાનું સરળ અને ભાવવાહી વાણીમાં વર્ણન છે.

૫૧મે વર્ષે ગુજરાતીમાં 'રસિક વલ્લભ' રચ્યો જે ગુર્જર ગિરામાં પદબધ્ધ છંદોબધ્ધ ઢાળબધ્ધ રાગબધ્ધ અને તાલબધ્ધ સરલ સરસ સર્વગામી અને સર્વોત્તમ સર્જન ગણી શકાય. એમાં એમણે દોહા (૨૪૧) સોરઠા (૬) અડિલ્લ (૭૮) ચોપાઇ (૧૨૬) છપ્પા (૧૭) કુંડલિયા (૬) નરાચ (૭) દંડક (૧) દુવૈયા (૧) રોલા (૪૫) હરિગીત (૧૪) મત્તગયંદ (૨) કવિત (૨૦) સવૈયા (૩) આટલા છંદો યોજ્યા છે. એમાં આપણને એમના દરેક પ્રકારના વિષયો પરના તલસ્પર્શી જ્ઞાનનો લાભ મળે છે. વસ્તુ વૃંદદીપિકાને સાહિત્યની દષ્ટિએ શબ્દકોષ કહી શકાય. મુંબઇ યુનિવર્સિટીના એમ. એ.ના અભ્યાસક્રમમાં આ ગ્રંથ છે.

સંવત ૧૮૮૬ માં ડભોઇથી વ્રજયાત્રા કરવા ગયા. વૃંદાવનની આસપાસનાં બાર વન અને ચોવીસ ઉપવનોમાં ફર્યા. વ્રજભૂમિ આગળ વૈકુંઠ ફિક્કું દેખાયું એટલે ગાયુ.

વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિ આવું.

તેઓ ગુજરાતમાંથી કેરીના ગોટલા લઇ જતા અને ત્યાં વાવતા આજે પણ વ્રજમાં 'દયારામની બગીચી' જાણીતી જગ્યા છે. વ્રજથી ભારતના પર્યટને નીકળ્યા.

જોશી રણછોડભાઇનો ૬૦ ની વયે ભેટો થયો. તેઓ પટ્ટ શિષ્ય થયા ૬૫ મે વર્ષે ગંભીર માંદગી થઇ ત્યારે વીલ કર્યું. યાત્રાનો એક અનુભવ દ્વારિકાની યાત્રાએ જતાં રસ્તામાં એક ગામડે રોકાયા. વાણિયા પાસેથી સીધું ઉધાર લીધું. પછી આગળના ગામે મુકામ કર્યો ત્યારે યાદ આવ્યું એટલે વાણિયાના પૈસા ચૂકવવા પાછા આવ્યા. ''લો આ પૈસા. જવાની ઉતાવળમાં આપવાનું ભૂલી ગયો હતો.' '' અરે, કેવી વાત કરો છો ! પૈસા તો તમે આપીને ગયા છો'', વાણિયાએ કહ્યું. ભકત મનમાં બોલી ઊઠયા 'મારું રોડવનારો વહાલો બેઠો છે', તે જ ક્ષણે નક્કી કર્યું.

શ્રી કૃષ્ણ ભગવાન સિવાય કોઇ બીજા પાસે કદી યાચના કરવી નહિ કોઇ કામ પ્રસંગે દયારામ વડોદરા આવેલા. તેમના શિષ્ય ગિરિરાજ શંકર અને રણછોડભાઇ કૃષ્ણ કથા કરે. દયારામ આવી વચ્ચે બેસી ગયા. ત્યાં એક બાવાજી પણ બેઠા હતા. તે નરઘાંના જાણકાર. એક પદમાં ભૂલ થતાં બાવાજીએ નરઘાં વગાડનારની ભૂલ કાઢી. દયારામે ઊભા થઇ કહ્યું, ''હોય વગાડનારની ભૂલ પણ થાય'' 'એવી ભૂલ થાય તો પછી નિપુણ શાના ?'

'એમ . . . ત્યારે તો તમે નઘાં લો અને હું તંબૂરામાં પદો ઉપાડું. જોઇએ ભૂલ થાય છે કે નહિ ?' દયારામે મંચ પર બેઠક લીધી એક પછી એક પદ ગાવા માંડયાં કોઇ કોઇને મચક નથી આપતું એમ કરતાં પરોઢના ચાર થયા. છેવટે દયારામે અટપટો રાગ ઉપાડયો બાવાજી ગોથું ખાઇ ગયા. સભામાંથી દયારામનો જય ઘોષ થયો. પણ દયારામે કહ્યું. ''શાબાશ બાવાજી શાબાશ ! નરઘાંના ઉસ્તાદ તો બહુ જોયા પણ આપનાથી હેઠ. તમોને થાપ ખવડાવવામાં મને નવ નેજાં પાણી ઊતર્યું. લોકો ભલે કહે કે તમે હાર્યા પણ હું કહું છું કે વિજય તમારો થયો છે. એમ કહીને દયારામે પોતાની ડોકમાંથી સોનાની કંઠી કાઢીને બાવાજીની ડોકમાં પહેરાવી દીધી. આનું નામ તે કદર. હીંદી, વ્રજ, મરાઠી તથા મારવાડી ભાષા ઉપર દયારામનો સારો કાબુ હતો. એક વખત ફત્તેસિંહરાવ ગાયકવાડે કહ્યું મને ગુજરાતી પદ કરતાં મરાઠી પદ વધુ ગમશે તરત જ તેમણે મરાઠી પદ ગાઇ સંભળાવ્યું. શ્રી દયારામભાઇને ૭૩ વર્ષની વયે શ્રીનાથજીના સાક્ષાત દર્શન થયાં. શ્રીનાથજીએ કહ્યું કે તું થોડા વખતમાં મારી પાસે આવીશ ત્યારે એમણે શ્રીનાથજીને પોતાનું આયુષ્ય કેટલું તે પૂછયું. એનો જવાબ મળ્યો કે બે-ત્રણ વરસ જ બાકી છે.

શ્રી દયારામભાઇએ ૭૬ વરસની વયે સંવત ૧૯૦૯ ના મહા વદી પાંચમને દિવસે ડભોઇમાં ઝારોળા વગામાં આવેલા સખીદાસના મકાનમાં ક્ષરદેહને હંમેશને માટે છોડી નિત્યલીલામાં પ્રવેશ કર્યો. ઇ.સ. ૧૮૫૨. એમની સ્મશાનયાત્રામાં હજારો લોકો આવ્યા હતા. ભલભલા રાજવંશીની સ્મશાનયાત્રાને શરમાવે - ભૂલાવે તેવી એમની સ્મશાનયાત્રા ડભોઇથી ચાણોદ ગઇ. નર્મદા કિનારે ગુજરાતના મહાન ભકતના પૂજનીય ક્ષરદેહને રડતી આંખે, સળગતે હૈયે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. શ્રી દયારામભાઇ અમર કીર્તિ અને અગાધ સાહિત્ય મૂકી રસરસેશ્વરની રસસેવા કરવા હોંશભેર ચાલ્યા ગયા.

શ્રી દયારામભાઇનાં વાજિંત્રો

(૧) તંબુરા (૨) તબલા (૩) મૃદંગ બે (૪) સારંગી (૫) સૂર મંડળ (૬) જલ તરંગ (૭) બીન. વડોદરાના ફત્તેસિંગ મુતાલિક, વડોદરાના સયાજીરાવ બીજા ગોપાળરાવ મૈરાળ, અમદાવાદના કવિ માધવરાવ વ્યાસ અને કૃષ્ણરામ મહારાજ. પેટલાદની નાગરણબાઇ ચૂં. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ વગેરે સાથે પણ પ્રસંગો થયેલા છે.

શ્રી દયારામકૃત કાવ્યમણિમાળા તથા દયારામ રસધારા ગ્રંથોમાંથી માહિતી લીધી છે તે માટે તેના લેખક, સંપાદક, પ્રકાશક, સંશોધક સર્વેનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. થોડા પ્રચલિત પદો વાચકને જરૂર ભક્તિ દ્વારા પ્રભુના દિવ્ય આનંદમાં તરબોળ કરશે.

ચાણોદના નિવાસ સ્થાનમાં દયારામ સ્મારક બનાવવામાં આવ્યું છે. તેની મુલાકાત લેવા ભલામણ છે. જય દયારામ મંડળ ચાણોદમાં સારું કાર્ય કરે છે તેના આજીવન સભ્ય થવા વિનંતી છે. ડભોઇના નિવાસ સ્થાનમાં દયારામ સ્મારક બનાવ્યું છે તે પણ જોવા માટે ભલામણ છે. તેમની સ્મૃતિમાં દયારામ કેળવણી મંડળ, સારું કાર્ય કરે છે તેઓને સહયોગ આપવા વિનંતી છે.

દયારામનું સાહિત્ય

દયારામભાઇનું કાવ્ય સાહિત્ય બહુ વિશાળ છે. અહીં જણાવેલા ગ્રંથોનાં નામ રચના કાળના ક્રમ પ્રમાણે નથી

૧ પરીક્ષા પ્રદીપ : ૧૩૧ લીટીનું કાવ્ય છે. મનુષ્યની પરીક્ષાની રીત છે.
૨ ગુરુ પ્રભાવ ચંદ્રિકા : ગુરુ એ પણ ભગવાનનું સ્વરૂપ છે.
૩ ચતુરચિત્ત વિલાસ : ૪૧ દોહરા ચોપાઇ અને સોરઠા છે.
૪ વિનય બત્રિસી : ૩૨ શ્લોકોથી ભગવાનને વિનંતિ કરી છે. ક્ષમા માગી છે.
૫ સારશિક્ષા : ૮૪ કડીઓનું કાવ્ય જુદા જુદા શાસ્ત્રોનો સાર એકત્ર કર્યો છે.
૬ પ્રેમ ભકિત : આ ગ્રંથ પ્રેમ ભકિતની મીમાંસા રૂપે છે. ૧૭૨ કડીઓ છે.
૭ ધર્મ નીતિ સાર : ૨૩૨ લીટીઓનું કાવ્ય છે. દેહધર્મ આત્મધર્મ વગરે.
૮ તત્ત્વ પ્રબંધ : તેર વરસની વયે આ ગ્રંથ લખ્યો હતો. શુધ્ધાદ્વૈત સિધ્ધાંત છે.
૯ વિષ્ણુસ્વામીજી પરચરી : ૪૩ કડીઓનો ગ્રંથ છે.
૧૦ ગુરુ-શિષ્ય સંવાદ : શંકાઓનું સમાધાન સંવાદ રૂપે કરેલું છે.
૧૧ નિ:સાધનતા : ૧૧૪ કડીનો ગ્રંથ છે. પ્રભુની સેવા શુદ્ધ પ્રેમથી કરવાની છે.
૧૨ કૌતુક રત્નાવલી : આ ગ્રંથ હિંદી ભાષામાં છે. કૌતુકો પરમાત્માએ કર્યા છે.
૧૩ અકલ ચરિત્ર ચંદ્રિકા : આમાં દુવૈયા છંદ છે. ૬૨ કડીઓમાં રચેલ છે.
૧૪ પિંગલ સાર : જુદા જુદા છંદોની રચનાની સમજણ આપી છે.
૧૫ વૃંદાવન વિલાસ : ગોપીજન સાથે રાસ કરતા શ્રીકૃષ્ણનું વર્ણન કરેલું છે. તેમાં પ્રબંધ, બંધ, રાગબંધ, તાલબંધ અને છંદોબંધ નૃત્ય યોજેલા છે.
૧૬ ભકિતદઢતા : ૩૬૭ કડીનો ગ્રંથ છે. રચના ચાંદોદમાં થયેલી છે.
૧૭ સત્પુરુષ : ૩૨૨ કડીઓમાં સાચા સત્સંગીનાં લક્ષણો આપ્યાં છે.
૧૮ સાર નિરુપણ : ૧૮૦ કડીઓમાં વ્યાવહારિક જીવન માટે સાર કહ્યો છે.
૧૯ રસિક ભકત : ૭૨ કડીઓમાં પ્રભુને પ્રેમલક્ષણા ભકિતથી ચાહનારાનાં લક્ષણો છે.
૨૦ સ્વલ્પાચાર : ૮૧ કડીઓમાં સત્સંગનો મહિમા દેખાડેલો છે.
૨૧ અલૌકિક નાયક નાયિકા હાવભાવ સ્વરૂપ લક્ષણ : રસ શાસ્ત્રનો ગ્રંથ છે. મુગ્ધા, અજ્ઞાત યૌવના, લજ્જાપ્રાય મુગ્ધા, અનૂઢા, ઉઢા, યાતયૌવન, મધ્યા, આરુઢ યૌવના એવા અનેક નાયિકાના ભેદોનું વર્ણન છે. હાસ્યના પ્રકારો છે.
૨૨ રાસ પંચાધ્યાયીનો ગરબો : ૨૮૩ લીટીના ગરબામાં ભાગવતમાં વર્ણાવેલ રાસ લીલાનો પ્રસંગ રસિક અને સુંદર રીતે વર્ણવેલ છે.
૨૩ થી ૬૫ માટે વાંચો દયારામભાઇ જીવન ચરિત્ર લેખક જેઠાલાલ ગો. શાહ

॥ શ્રી કૃષ્ણ ॥

કવિસમ્રાટ ભકતપ્રવર શ્રીદયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

(ચંદ્રાવળા છંદ)

શ્રીગુરુ વલ્લભદેવને હું પ્રથમ કરું પ્રણામ;
શ્રીવિઠ્ઠલ શ્રીકૃષ્ણ શ્રીયમુને, મહા પૂરણકામ;
પૂર્ણકામ દામોદરદાસ, અષ્ટસખા પૂરો ઉરવાસ;
શુભમતિ દ્યો અતિ પરમ પવિત્ર, ભક્તિ સુપોષણ ગાઉં ચરિત્ર.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧ ॥

અર્થ : મારા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર શ્રીમદ્‌વલ્લભાચાર્યજી મહાપ્રભુજીને અથવા પોતાના ગુરુ શ્રીવલ્લભલાલજી મહારાજને હું પ્રથમ પ્રણામ કરું છું, તેમજ જ્ઞાનરહિત જીવોને અર્થાત્ અજ્ઞાની જીવોને જ્ઞાનનું દાન કરી અજ્ઞાન દૂર કરીને અંગીકાર કરનાર શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી) ને, તથા સચ્ચિદાનંદ પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રને અને અષ્ટસિદ્ધિનું દાન કરનાર, ભગવત્પ્રાપ્તિરૂપ મહાન્ ભકતોની કામના પૂર્ણ કરનાર શ્રીયમુનાજીને પણ પ્રણામ કરું છું. પૂર્ણ મનોરથવાળા શ્રીદામોદરદાસ સહિત અષ્ટ સખાઓ મારા હૃદયમાં બિરાજો અને મને અત્યંત પવિત્ર શ્રેષ્ઠ બુદ્ધિ અર્પણ કરો કે જેથી ''ભક્તિ પોષણ'' નામનું ચરિત્ર હું વર્ણન કરી શકું. કૃપાળુ એવા શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : કવિશ્રી ગ્રન્થારંભે સમ્પ્રદાયના શિષ્ટાચાર પ્રમાણે મંગલા ચરણ કરતાં પ્રથમ પોતાના અજ્ઞાનને દૂર કરનાર સૂર્યરૂપ શ્રીમહાપ્રભુજીને અથવા પોતાના દીક્ષાગુરુ શ્રીવલ્લભલાલજી મહારાજને અને ભકિતપથ પ્રકાશક ચન્દ્રરૂપ શ્રીગુસાંઇજીને પ્રણામ કરે છે. કારણ કે हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ॥ ''શ્રીહરિ કોપાયમાન થાય તો ગુરુ રક્ષણ કરી શકે છે. પરંતુ ગુરુ કોપાયમાન થાય તો કોઇ રક્ષણ કરી શકતું નથી,'' ઇત્યાદિ પ્રમાણોથી શ્રીહરિ કરતાં પણ ગુરુ અધિક છે. જેથી પ્રથમ તેઓશ્રીને નમન કરે છે. તેમ જ સંસારસાગરમાંથી ભકિતમાર્ગરૂપી નાવ દ્વારા ઉદ્ધારક એટલે શ્રીહરિની સેવાનો માર્ગ બતાવનાર પણ ગુરુ જ છે. ભારતમાર્તંડ પં. શ્રીગટ્ટૂલાલજી લખે છે કે सूर्याचन्द्रमसौ स्तौमि श्रीमद्वल्लभविठ्ठलौ ॥ 'સૂર્ય અને ચન્દ્રરૂપી શ્રીમદ્‌વલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજીની સ્તુતિ કરું છું''અર્થાત્ માયાવાદરૂપી અજ્ઞાનાંધકારને નષ્ટ કરી ભકિતમાર્ગને પ્રકટ કરનાર શ્રીમદાચાર્યચરણ અને ચન્દ્રસમાન પ્રકાશ કરનાર શ્રીપ્રભુચરણ જ છે; તેથી તે બન્નેને પ્રથમ પ્રણામ કરીને ત્યારબાદ પરબ્રહ્મ આનંદકંદ શ્રીકૃષ્ણચન્દ્રને તથા અષ્ટવિધ અલૌકિક સિધ્ધિઓનું દાન કરનાર ભકતમનોરથપૂરક શ્રી યમુનાજીને નમન કરે છે.

ત્યારબાદ પુષ્ટિસિદ્ધાન્ત હૃદયારૂઢ થવા શ્રીમહાપ્રભુજીના અંતરંગ કૃપાપાત્ર પૂર્ણકામનાવાળા દામોદરદાસ પ્રભૃતિ અષ્ટસખાઓને પોતાના હૃદયમાં નિવાસ કરીને શુભ બુદ્ધિ અર્પવા પ્રાર્થના કરે છે કે આપ મારા હૃદયમાં બિરાજી મારી બુદ્ધિને પ્રેરો કે જેથી હું અસમર્થ હોવા છતાં પણ આપની કૃપાથી અત્યંત પવિત્ર એવું આ ''ભક્તિ પોષણ'' નામનું ચરિત્ર ગાઇ શકું. **આ ગ્રન્થનો મુખ્ય ઉદેશ સર્વોત્કૃષ્ટ પરબ્રહ્મ વેદપ્રતિપાદ્ય શ્રીકૃષ્ણચન્દ્ર જ છે અને તેની સેવા કરવી એ અંશરૂપ જીવ માત્રનો ધર્મ છે.** એમ દર્શાવવા આ બધા ચંદ્રાવળા છંદની છેલ્લી કડીમાં ''કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો'' એ કવિએ દર્શાવેલું છે.૧

ચારે વેદ ષટ્ શાસ્ત્રનો વારે વારે કર્યો રે વિચાર,
ઉપનિષદ્‌ના અર્થનો, શોધતાં નીકળ્યો એ સાર;
નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સત્સંગમાં કરવી આસક્તિ;
શ્રીપૂર્ણ પુરુષોત્તમને યુગ્મચરણે, સર્વ સમર્પીને રહેવું શરણે.
-સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.॥ ૨ ॥

અર્થ : ચારે વેદો, છ શાસ્ત્રો, અને ઉપનિષદો એ સર્વેનો અર્થપૂર્વક વારંવાર વિચાર કરી શોધન કરતાં તેમાંથી એ સાર નીકળ્યો કે-પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિ (સેવા) કરવી, અને સત્સંગમાં આસક્તિ રાખવી, તેમજ શ્રીપૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણનાં બન્ને ચરણકમલોમાં સર્વ વસ્તુ સમર્પણ કરીને એટલે આત્મનિવેદન કરી શરણાગતિપૂર્વક શ્રી કૃપાળુ પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : ઋગ્વેદ, યજુર્વેદ સામવેદ અને અથર્વવેદ એ ચારે વેદો અને છ શાસ્ત્રો તેમજ ઉપનિષદો વગેરેનો અર્થપૂર્વક વિચાર કરી શોધન કરતાં એ સાર નીકળે છે કે- કૈવલ્યોપનિષદ્‌માં કહ્યું છે કે श्रद्धाभक्तिध्यानयोगादवेहि ॥ ''શ્રદ્ધા ભકિત અને ધ્યાન યોગથી તે પરમાત્માને જાણો'' અર્થાત્ શ્રદ્ધાયુકત ધ્યાનપૂર્વક સેવા કરવાથી જ પુરુષોત્તમ પ્રાપ્ય છે. ગીતામાં ભગવાન્ શ્રીમુખથી આજ્ઞા કરે છે કે - भक्त्या लभ्यस्त्वनन्यया ॥ ''હું અનન્ય ભકિતથી પ્રાપ્ત થાઉં છું.'' શ્રીમદ્ ભાગવતમાં તો સ્પષ્ટ કહ્યું છે કે - श्रेय:सृतिं भक्तिमुदस्यते विभोक्लिश्यन्ति ये केवलबोधलब्धये । तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥ ''હે પ્રભો, જેમાંથી હંમેશાં કલ્યાણનાં ઝરણાં ઝરી રહ્યાં છે એવી આપની ભક્તિનો ત્યાગ કરીને જેઓ જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરે છે તેઓને જેમ ચોખા કાઢી લઇ ડાંગરનાં ખાલી રહેલાં ફોતરાં ખાંડનારને ચોખા પ્રાપ્ત થતા નથી. તેમ જ્ઞાન કર્માદિક માટે ભોગવાતો કલેશ જ બાકી રહે છે; તે સિવાય કાંઇ ફળ મળતું નથી.અર્થાત્ ભગવાન ભકિતથી જ લભ્ય છે.'' પદ્મપુરાણમાં પણ કહ્યું છે કે कलौ भक्तिः कलौ भक्तिर्भक्त्या कृष्णः पुरः स्थितः ॥ ''કલિયુગમાં ભકિત, કલિમાં ભકિત અને ભકિતથી જ શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ દર્શન આપે છે.'' સત્સંગ માટે પણ ભગવાન્ પોતે આજ્ઞા કરે છે કે - यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥ ''જેવી રીતે સત્સંગ મને વશ કરે છે તેવી રીતે અન્ય સાધનો વશ કરી શકતા નથી'' શરણાગતિ વિષે પણ ગીતામાં અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરી છે કે - सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥ '' ભકિતમાં અંતરાય કરનારા સર્વધર્મોનો ત્યાગ કરીને તું એક મારે શરણ આવ.'' આત્મનિવેદન વિષે પણ છાંદોગ્યઉપનિષદ્‌માં તથા ભાગવતમાં લખે છે કે- यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मन : । तत्तन्निवेदयेन्मह्यं तदानन्त्याय कल्पते ॥ ''જે જે લોકમાં પોતાને અત્યંત ઇષ્ટ હોય અને પોતાને પ્રિય હોય તે તે મને નિવેદન કરવાથી અનંતફળ આપે છે.'' એમ શ્રીમુખથી ભગવાને આજ્ઞા કરેલી છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે-ચારે વેદો, ઉપનિષદો, ગીતા, ભાગવત વગેરે તમામ શાસ્ત્રોનો સાર જ એછે કે-પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ભક્તિ કરવી, સત્સંગ કરવો અને ભગવત્શરણાગતિપૂર્વક આત્મનિવેદન કરી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.૨

નહીં કોઇ જેહેની સમોવડી, કોઇ ઇશ નહીં જેહેને શીશ,
સર્વ વસ્તુ જે થકી થઇ, જે કોઇ કહાવે સર્વના અધીશ,
સર્વાધીશ વંદે સહુ જેહેને, નિગમ નેતિનેતિ કહે છે તેહેને:
શેષ મહેશ વિધિ શ્રી અગમ્ય, તેહેને કહીએ પૂર્ણ પુરુષોત્તમ.
- સેવો શ્રી કૃષ્ણ કૃપાળ ॥ ૩ ॥

અર્થ : જેમની કોઇ બરાબરી કરી શકે તેમ નથી, જેમના માથે કોઇ સમર્થ નથી, સર્વ વસ્તુ અર્થાત્ તમામ જગત્ જેમાંથી ઉત્પન્ન થયું છે અને જેઓ સર્વ જગત્ અને દેવાદિકના અધિપતિ કહેવાય છે, સર્વે દેવાદિકો જેમને સર્વેશ્વર ગણીને વંદન કરે છે, નિગમ એટલે વેદ જેમને નેતિનેતિ અર્થાત્ ન-ઇતિ એટલે નહિ સમાપ્ત; એટલે પરબ્રહ્મ જે પ્રકારે છે તેમનું વર્ણન પૂરું થઇ શકતું નથી એમ કહે છે. શેષ મહાદેવ બ્રહ્મા અને લક્ષ્મીજી જેમને પ્રાપ્ત કરી શકતાં નથી તેમને શ્રીપૂર્ણ પુરુષોત્તમ કહીએ. એ પૂર્ણપુરુષોત્તમ એવા કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્વેતાશ્વતર ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે - न तत्समश्चाप्यधिकश्च दृश्यते। '' તે પરબ્રહ્મની સમાન અને અધિક પણ બીજો કોઇ નથી'' તેમ જ ગીતાના ૧૧ મા અધ્યાયના ૪૩મા શ્લોકમાં પણ કહ્યું છે કે - न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ ''હે અપ્રતિમ પ્રભાવવાળા, સ્વર્ગ મૃત્યુ અને પાતાલાદિકમાં આપની સમાન બીજો કોઇ નથી; તો આપનાથી બીજો અધિક તો કયાંથીજ હોય ?'' ગીતાજીમાં કહ્યું છે કે - अहं सर्वस्य जगतः प्रभव : प्रलयस्तथा ॥ ''હું (શ્રીકૃષ્ણ) આ સમગ્ર

જગત્‌ની ઉત્પત્તિ તથા લયસ્થાન છું.'' શ્રુતિ સ્પષ્ટ કહે છે કે - सर्वस्य वशी सर्वस्येशानः सर्वस्याधिपतिः ॥ '' સર્વ સગત્ જેને વશ છે અર્થાત જગન્નિયામક સર્વના માલિક, સર્વના અધિપતિ જે છે તેજ પુરષોત્તમ છે.'' આ સર્વ વેદ અને ઉપનિષદના સિદ્ધાન્તનું દોહન કરી કવિશ્રી જણાવે છે કે - જેની કોઇ બસબરી કરનાર નથી, કોઇ જેને માથે સમર્થ નથી, સર્વ જગત જેમનાથી ઉત્પન્ન થયું છે, જે સર્વના અધિપતિ કહેવાય છે અને તેથી સર્વ દેહાદિકો જેમને વંદન કરે છે, વેદ જેમના મહિમાનો પાર પામી શકતા નથી, અને શેષાદિક દેવોને જે અગમ્ય છે, તેજ પૂર્ણપુરુષોત્તમ કહેવાય છે તે પૂર્ણપુરુષોત્તમ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩

શ્રીપુરુષોત્તમને પરહરી, જેહેનું અન્ય અવર મન મોહે,
(તે) કામદુધા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે,
દોહે ગાય મૂકી મૂઢ પાડો, તરસ્યો ગંગાતીરે ખોદે છે ખાડો
તેમ પૂર્ણ તજી અવર આરાધે, મહેનત માથે પડે, કાંઇ ન લાધે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪ ॥

અર્થ : પરાત્પર પરબ્રહ્મ શ્રીપૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રને ત્યજીને જેઓનું મન બીજા દેવતાઓ પ્રત્યે મોહ પામે છે, અર્થાત્ શ્રીકૃષ્ણની ભકિત ત્યજીને જેઓ તેમના અંગરૂપ અન્ય દેવતાઓની ભકિત કરે છે તેઓ સર્વે પ્રકારની કામનાને પૂર્ણ કરનાર કામદુધા ગૌમાતા મળેલી છે તથાપિ તેનો ત્યાગ કરીને પાડો દોહવા જાય છે, જેમ મૂર્ખ મનુષ્ય ગાય મૂકીને પાડો દોહવા જાય છે, અથવા - वासुदेवं परित्यज्य योऽन्यदेवमुपासते। तृषितो जाह्नवीतीरे कूपं खनति दुर्मतिः ॥ पां. गीता ॥ ગંગાજીને કિનારેતૃષા લાગવાથી તરસ્યો મનુષ્ય ગંગાજળનું પાન કરવાનું ત્યજી કૂવો ખોદવા જાય છે તેવી રીતે પૂર્ણ પુરુષોત્તમને ત્યજી અન્ય દેવનું આરાધન કરનારને આરાધન કરવારૂપ મહેનત જ માથે પડે છે. પરંતુ ફળ કાંઇ જ મળતું નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન - ગીતાજી ના ૯મા અધ્યાયના શ્લોક ૨૩ માં શ્રીકૃષ્ણ ભગવાન્ પોતે આજ્ઞા કરે છે કે - येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः । तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम्। ''જેઓ અન્ય દેવતાઓમાં શ્રદ્ધા રાખીને તે તે દેવતાઓને ભજે છે, તેઓ પણ મને જ અર્થાત્ મારા અંશાત્મક સ્વરૂપને ભજે છે, પરંતુ મારું સાક્ષાત્ યજન ન હોવાથી તે વિધિ વિનાનું છે.'' અને તેથી જ કરી આગળ ૨૫ મા શ્લોકમાં કહે છે કે - यान्ति देवव्रता देवान्पितृन्यान्ति पितृव्रताः । भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् । ''ઇન્દ્રાદિક દેવતાઓમાં મારું અંશાત્મક જ્ઞાન રાખીને ભકિત કરનારા તે દેવતાઓ પાસે જાય છે, શ્રાદ્ધ તર્પણાદિકથી પિતૃઓનું યજન કરનારા પિતૃલોકમાં જાય છે. જે વિનાયક

દુર્ગા વગેરેનું યજન કરનારાઓ તેઓને પામે છે અને એક નિષ્ઠાથી મારું ભજન કરનારા વૈષ્ણવો મને પામે છે; અર્થાત્ સમાન પરિશ્રમ કરવા છતાં પણ (અન્યદેવોપાસક) મને પ્રાપ્ત નહિ થતાં અલ્પફલભાગી થાય છે,'' માટે કવિશ્રી કહે છે કે - ''શ્રીકૃષ્ણ ભગવાનને ત્યજીને જે અન્યદેવ ઉપર આસકત થઇ તેની ઉપાસના કરે છે તે ગંગાકિનારે તૃષાતુર થવાથી કૂવો ખોદે છે,'' અર્થાત્ કૂવો ખોદનારનો પરિશ્રમ જેમ નકામો છે તેમ શ્રીકૃષ્ણને ત્યજીને અન્ય દેવનું આરાધન કરનારનો પરિશ્રમ પણ નકામો છે; માટે કૃપાળુ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ ચન્દ્રની જ સેવા કરો. ૪

રાખી ભરોંસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ.
ઇચ્છે અખિલ દુ:ખ વામવા, વળી શ્રેય થવા મન આશ.
આશા કરે તરવા દધિપૂર, શ્વાનનું હાથ ગ્રહી લંગૂર,
તે જે હેવો પામશે સાગરપાર, તરશે તેહેવો હરિવિમુખ સંસાર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૫ ॥

અર્થ : જેઓ અન્ય દેવનો વિશ્વાસ રાખી નાશરહિત એવા શ્રીકૃષ્ણ ભગવાનનો આશ્રય કરતા નથી, અને (પોતાનાં) તમામ દુ:ખો મટાડવા ઇચ્છા રાખે છે અને (પોતાનું) કલ્યાણ થાય એવી મનમાં આશારાખે છે, પરંતુ જેમ-કૂતરાનું પુચ્છ હાથમાં ગ્રહણ કરી ભરદરિયો તરવાની આશા કરનારો જેવો સમુદ્ર પાર પામે તેવી જ રીતે શ્રીહરિથી વિમુખ ભગવદ્-આશ્રયરહિત સંસારરૂપી સાગરને તરી શકે છે; અર્થાત્ ગાયનું પુચ્છત્યજી કૂતરાનું પુચ્છ ગ્રહણ કરનારો જેમ સમુદ્ર તરી શકે નહિ તેમ શ્રીકૃષ્ણ પરબ્રહ્મને ત્યજીને અન્ય દેવનો આશ્રય કરનાર જન્મમરણનું દુ:ખ દૂર કરીને ભગવત્પ્રાપ્તિરૂપ કલ્યાણ કરી શકતો નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : -ગીતાજીના નવમા અધ્યાયના શ્લોક ૨૨ માં કહ્યું છે કે अनन्याश्चिन्तयन्तो मां ये जना पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम् ॥ '' જે મનુષ્યો અનન્યભાવથી યુકત થઇને અર્થાત્ મને જ પરબ્રહ્મ જાણીને નિરંતર ચિન્તન કરતાં મારી ઉપાસના કરે છે, તે નિરંતર મારામાં સ્થિત રહેલા ભકતોનું યોગ-ક્ષેમ હું વહન કરું છુ. અર્થાત્ ન મળતી વસ્તુ મેળવી આપુ છું અને મળેલી વસ્તુનું સંરક્ષણ કરેં છું. આ ભગવદ્ - આજ્ઞાનો અભિપ્રાય ન સમજતાં જેઓ પ્રભુને ત્યજીને અન્યદેવનો આશ્રય કરી તે દ્વારા પોતાનું કલ્યાણ કરવા ઇચ્છે છે તેઓ કેવા છે તે વિષે કવિશ્રી શ્રીમદ્ ભાગવતના ષષ્ઠસ્કંધનું પ્રમાણ આપી દર્શાવે છે કે - अविस्मितं तं परिपूर्णकामं स्वेनैव लाभेन समं प्रशान्तम् । विनोपसर्पत्यपरं हि बालिशः श्वलाङ्गलेनातितितर्ति सिन्धुम् ॥ ''આશ્રય રહિત સ્વરૂપના લાભથી જ પરિપૂર્ણ કામનાવાળા, સર્વેને સમાન, અત્યંત શાન્ત એવા તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્ર વિના જેઓ અન્ય દેવતાઓને શરણે જાય છે તેઓ

જેમ છોકરાઓનો આગેવાન કૂતરાની પૂંછડી પકડીને સમુદ્ર તરવા ઇચ્છા રાખે તેવી જ રીતે સંસારરૂપી સમુદ્ર તરવા ઇચ્છે છે.'' અર્થાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રની શરણાગતિ સિવાય ઇતરદેવના આશ્રયથી સંસારસમુદ્ર તરી શકાતો નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫

કોડી ઉપાસન મલિનનું, જનનું તામ્રમુદ્રા સમ જાણો;
રૂપૈયો સુરસેવના, વ્યૂહ કંચન મોહોર પ્રમાણો;
કંચનમોહોર વ્યૂહ, હરિ હીરો, એમ અંશઅંશી સમજી રોહો;
સર્વ એ દ્રવ્ય હીરાથી થાય. હીરો કર્યો કોઇએ નવ કેહેવાય.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬ ॥

અર્થ : મલિન એટલે ભૂત, પ્રેત, પિશાચ વગેરેની ઉપાસના છે તે કોડીસમાન જાણવી. જન એટલે મહાત્મા વગેરે કોઇ પણ મનુષ્યનું આરાધન કરવું તે તામ્રમુદ્રા એટલે પૈસા બરાબર છે એમ જાણવું. ઇન્દ્રાદિક દેવોની ઉપાસના કરવી તે રૂપિયા સમાન છે, અને વ્યૂહ એટલે સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને વાસુદેવ એઓની ઉપાસના કરવી તે સોનામહોર સમાન છે એમ જાણવું. જેમ વ્યૂહ એ સોનામહોર અને શ્રીહરિ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર તે હીરાસમાન છે, તેમ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણભગવાન્ તે અંશી છે અને અન્ય દેવાદિકો તેમના અંશરૂપ છે એમ જાણી લેવું. જેવી રીતે હીરાથી સોનામહોર, રૂપિયા, પૈસા વગેરે બની શકે છે, પરંતુ એ બધું દ્રવ્ય ભેગું કરીએ તો પણ હીરો કોઇનાથી બની શકે જ નહિ, તેથી હીરો કોઇનો બનાવેલો કહેવાય નહિ; માટે હીરારૂપ ભગવાન્ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : જે મનુષ્ય ભૂત, પ્રેત, પિશાચ વગેરેની ઉપાસના કરે છે તે ઉપાસનાની કિંમત કોડી સમાન જાણવી. અર્થાત્ કોડીની કીંમત જેમ અલ્પ છે તેમ મલિન ઉપાસનાથી લૌકિક દુ:ખની નિવૃત્તિ વગેરે મળતું ફળ પણ અલ્પ જ છે. જે મનુષ્યો મહાત્માઓની અથવા રાજા, અમલદારો, યા શેઠિયાઓની ઉપાસના કરે છે તેઓની ઉપાસના ત્રાંબાના પૈસા જેવી છે. અર્થાત્ કોડીથી પૈસો જેમ વધારે કિંમતી છે તેમ મલિન ઉપાસના કરતાં મહાત્મા વગેરેની ઉપાસના ચઢતી છે; પરંતુ તે મહાત્મા વગેરેની ઉપાસનાથી પણ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે તો ભજનાનંદની પ્રાપ્તિ તો થાય જ ક્યાંથી ? મહાત્મા વગેરે કરતાં ઇન્દ્રાદિક દેવોની ઉપાસના કરવી તે રૂપિયા બરાબર છે એટલે તે ઉપાસના મહાત્મા વગેરેની ઉપાસના કરતાં કાંઇક વધારે સુખ આપી શકે છે. પરંતુ દેવતાઓની ઉપાસનાથી મળતા આનંદની ગણના તૈત્તિરીય ઉપનિષદ્‌માં આપેલી છે જેથી તેઓ પૂર્ણાનંદ આપી શકતા નથી; ફકત સ્વર્ગાદિક ફળ આપે છે; તે પણ નાશવાન્ છે. જેઓ વ્યૂહની ઉપાસના કરે છે તે સોનામહોર સમાન એટલે દેવતાઓ કરતાં ઉત્તમ છે. આ વ્યૂહ એ શ્રીહરિની આજ્ઞામાં રહી પૃથ્વીમાં પ્રકટ થઇ અનેક કાર્યો કરે છે; પરંતુ તેમની ઉપાસનાથી સંપૂર્ણ આનંદની પ્રાપ્તિ થઇ શકતી નથી; માટે શ્રીહરિની ઉપાસના એ હીરા સમાન છે. અર્થાત્ જેમ હીરામાંથી સોનામોહર રૂપિયા, પૈસા, કોડી વગેરે બની શકે છે તેમ આ તમામ જગત્ શ્રીહરિમાંથી જ ઉત્પન્ન થાય છે; अहं सर्वस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ गीता ॥ માટે देवा नारायणाङ्गजाः ॥ ॥ भागवत ॥અંશરૂપ દેવતાઓ અને જગત્‌ની ઉપાસના કરતાં અંશીરૂપ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો, જેથી સર્વોત્તમ ફળ મળી શકે છે. ૬

જગત્ વૃક્ષ તેહેનું મૂળ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિશાખા જળ સિંચીએ, તેથી તરુવર તૃપ્તિ ન થાય;
તૃપ્તિ ના થાય વૃથાશ્રમ પોહોંચે, સમજણ આવે ત્યારે પછી શોચે
મુખદ્વારા સહુ ઇન્દ્રિય સંતોષે, ભોજન અંગે લેપ્યું કોઇને ન પોષે .
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭ ॥

અર્થ : જગત્‌રૂપી ઝાડ છે અને તે ઝાડનુંમૂળ શ્રીકૃષ્ણ ભગવાન છે. મૂળનું પોષણ કરવાથી ઝાડનું પોષણ થાય છે; (પરંતુ) દરેક ડાળીમાં પાણી રેડીએ તો તેનાથી ઝાડને તૃપ્તિ થઇ શકે નહિ. તૃપ્તિ થાય નહિ અને નકામી મહેનત થાય. (જયારે) આપણને જ્ઞાન આવે (ત્યારે) કરેલી ભૂલ સમજાય અને પછી તેનો પશ્ચાત્તાપ થાય. જેમ મુખદ્વારા (ભોજન કરવાથી) સર્વે ઇન્દ્રિયોને સંતોષ મળે છે, પરંતુ (ભોજન) સર્વ શરીરે ચોપડવાથી કોઇપણ ઇન્દ્રિયને સંતોષ આપી શકે નહિ, તેમ સર્વ જગત્‌ના મૂળરૂપ શ્રીહરિ હોવાથી કૃપાળુ શ્રકૃષ્ણની સેવા કરો.

વિવેચન – શ્રીમદ્ ભાગવત સ્કંધ ૪થો, અધ્યાય ૩૧મો, શ્લોક ૧૪ માં કહ્યું છે કે– यथा तरोर्मूलनिषेचनेन तृप्यन्ति तत्स्कंधभुजोपशाखाः । प्राणोपहाराच्च यथेन्द्रियाणां तथैव सर्वार्हणमच्युतेज्या । 'જેમ ઝાડના મૂળને પાણી પાવાથી ઝાડનાં થડ ડાળીઓ વગેરે તૃપ્ત થાય છે અને જેમ પ્રાણને ભોજન કરાવ્યાથી તમામ ઇન્દ્રિયોને તૃપ્તિ મળે છે તેવી જ રીતે સર્વ જગત્‌ના મૂળરૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણની સેવા કરવાથી તમામ દેવોનું યજન થઇ જાય છે.'' આ શ્લોકનો આશય લઇને કવિએ ઉપરોકત સાતમી કડી બનાવેલી છે. ભગવાન્ શ્રીકૃષ્ણ ગીતાજીમાં સ્વયં આજ્ઞા કરે છે કે – આ સર્વ જગત્‌ની ઉત્પત્તિકારક હું છું; જેથી જગતનું મૂળ શ્રીહરિ છે અને શ્રીમદ્‌ભાગવત દ્વિતીય સ્કંધમાં આજ્ઞા કરે છે કે – દેવો શ્રીનારાયણના અંગથી ઉત્પન્ન થયેલા છે, જેથી તે દેવતાઓ થડ અને ડાળીઓરૂપ છે. માટે જેમ ઝાડના મૂળમાં પાણી રેડવાથી ઝાડ નવપલ્લવિત બની સુંદર ફળો આપે

છે, પરંતુ જો મૂળમાં પાણી ન રેડતાં ડાળીઓ પાંદડાં ઉપર રેડવામાં આવે તો તે વૃક્ષ સુકાઇ જાય છે અને તેનું ફળ મળતું નથી અને જ્યારે વૃક્ષ સુકાઇ જાય ત્યારે પશ્ચાતાપ થાય કે મેં મૂળમાં પાણીનું સિંજન કર્યુ હોત તો સારું; પરંતુ તે શોક નકામો હોવાથી કવિશ્રી અન્ય દૃષ્ટાન્તથી સમજાવે છે કે – જેમ ભોજન પ્રાણને આપવાથી તે ઉદરમાં જાય છે, તેનું લોહી બને છે અને તેથી તમામ ઇન્દ્રિયોને પોષણ મળી સર્વે અંગો સામર્થ્યવાન્ બને છે, પણ જો શરીરે ભોજન ચોપડીએ તો તેથી કોઇપણ ઇન્દ્રિયને સંતોષ થતો નથી તેમ જો ભગવતપ્રાપ્તિરૂપી, ભજનાનંદનું સુખ મેળવવું હોય તો ડાળીઓરૂપ અન્ય દેવોની ઉપસાના છોડીને મૂળરૂપ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૭

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, જનના અવગુણ પણ ગુણ જાણે;
અવળું પડે અન્યદેવને, સાહામું દુ:ખ દે શત્રુ પ્રમાણે.
પ્રમાણ નહિ ફળ દે તોહે જાય, હરિનું આપ્યું કદી નાશ ન થાય;
અમર અલ્પવર અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દે રત્ન.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૮ ॥

અર્થ : શ્રીકૃષ્ણ ભગવાન્નો દયાળુ સ્વભાવ જુઓ કે મનુષ્યના અવગુણ હોય તોપણ તેને ગુણ માની લે છે. અન્ય દેવતાઓને વિધિ પ્રમાણે ન બોલાય તો અવળું પડે છે અને શત્રુની માફક તેમના ભકતને દુ:ખ દે છે. વળી અન્ય દેવતાઓ જે ફળ આપે છે તેનું પણ પ્રમાણ નથી; કારણ કે ફળ આપે છે તોપણ તેનો નાશ થઇ જાય છે. પરંતુ શ્રીહરિનું આપેલું કદાપી નાશ પામતું નથી. અન્ય દેવતાઓની ઉપાસનામાં વરદાન તુચ્છ મળે છે અને તે દેવતાઓને પ્રસન્ન કરવામાં ઘણી મહેનત પડે છે; કિંતુ શ્રીહરિ તો એવા દયાળુ છે કે કોડીના બદલામાં પોતાના ભકતને રત્ન આપી દે છે, તે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે – अहो बकीयं स्तनकालकूटं जिघांसयाप्यायययदप्यसाध्वी । लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥''આશ્ચર્ય છે કે જે બકાસુરની બહેન પૂતનાએ સ્તનમાં ઝેર ભરી ભગવાનને મારવાની ઇચ્છાથી સ્તનપાન કરાવ્યું, તથાપિ માતાની ગતિને અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થઇ એવા દયાળુ પ્રભુને ત્યજીને અન્ય કોને શરણે જવું ?'' આ ઉપરથી તેમ જ 'ગોછાળ'' ના ઉચ્ચારથી પ્રભુએ 'ગોપાળ'' માની લીધું છે, પરા-પરા'' ના ઉચ્ચારથી પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ માની લીધું છે, પોતાના પુત્ર ''નારાયણ'' ને અજામિલે બોલાવ્યો હતો તથાપિ પ્રભુએ પોતાના નામનું સ્મરણ માની લીધું છે, '' મરા-મરા'' કંહેતાં અવળા નામે વાલ્મીકિને તાર્યા છે. આ સર્વે દૃષ્ટાંતોથી જણાય છે કે પ્રભુ અવગુણને પણ ગુણ માની લઇ ઉદ્ધાર કરે તેવા દયાળુ છે. અને બીજા દેવતાઓને અવળું પડવાથી શત્રુની માફક દુ:ખ દે છે; જેમકે – એક દેવીભકત સપ્તશતીનો પાઠ હમેશાં ભક્તિભાવથી કરતો હતો, પરંતુ એક સમયે ઉતાવળને લીધે અજાણથી તેનાથી ''भार्या रक्षतु भैरवी'' ને બદલે भार्या भक्षतु भैरवी'' એવો અશુધ્ધ ઉચ્ચાર થવાથી તે બ્રાહ્મણની સ્ત્રીનું રક્ષણ થવાને બદલે ભક્ષણ થયું. અર્થાત્ દેવીએ નાશ કર્યો. આ વાત ગતાનુગતિક ન્યાયે પ્રસિદ્ધ છે. વળી ત્વષ્ટાના યજ્ઞમાં ત્વષ્ટાએ ઇન્દ્રને મારવા યજ્ઞ કરી પુત્ર ઉત્પન્ન કર્યો હતો, પરંતુ તે યજ્ઞમાં સ્વરના ઉચ્ચારમાં ફેરફાર થવાથી ઇન્દ્રને મારવાને બદલે તે પુત્ર વૃત્રાસુરને ઇન્દ્રે માર્યો. કુંભકર્ણને ઇન્દ્રાસન માગતાં ઇન્દ્રાસનને બદલે નિન્દ્રાસન ભૂલથી બોલાવાથી નિદ્રાસન (ઊંઘ) મળ્યું હતું. આ દૃષ્ટાંતોથી અન્ય દેવોને અવળું પડવાથી ઊલટું હાનિ કરે છે તે સુસ્પષ્ટ છે. તેમજ અન્ય દેવતાઓ ફળ આપે છે તો પણ તે નાશવંત હોય છે. જુઓ-શ્રી શિવજીએ રાવણ, ત્રિપુરાસુર, ભસ્માંગદ, બાણાસુર વગેરેને વરદાન આપેલા છે. તેમજ બ્રહ્માજીએ પણ હિરણ્યકશિપુ વગેરેને વરદાન આપેલાં છે; પરંતુ તે તમામનો નાશ થઇ ગયેલો છે; પરંતુ શ્રીહરિએ જે ધ્રુવજી વગેરેને વરદાન આપ્યાં છે તેનો નાશ થઇ શકતો નથી. વળી ધ્રુવજી વગેરેને છ માસમાં જ પ્રભુ પ્રસન્ન થયા છે અને હિરણ્યકશિપુ વગેરેને હજારો વર્ષો સુધી તપ કરવું પડયું છે. વળી પ્રભુ કોડી સાટે રત્ન આપે છે; જેમકે સુદામાને મુષ્ટિ તાંદુલ લેઇ સ્વર્ગાદિક તુલ્ય વૈભવ આપ્યો, દ્રૌપદીએ પ્રભુની આંગળીએ શેરડી છોલતાં છરી વાગવાથી પોતાનું ચીર ફાડી પાટો બાંધ્યો હતો, તે પાટાના બદલામાં તેના તાંતણા ગણીને નવસે નવાણું ચીર દ્રૌપદીને આપી સભા વચ્ચે લજ્જા રાખી હતી. ભાગવત દશમસ્કંધના અધ્યાય ૧૧ ના શ્લોક ૧૧ માં फलविक्रयिणी तस्य च्युतधान्यं करद्वयम् फलैरपूरयद्रत्नैः फलभाण्डमपूरि च ॥'' શ્રીકૃષ્ણ ભગવાનને ફળ વેચનારીએ ફળ આપ્યાં છે તેનાબદલામાં તેનો ટોપલો રત્નોથી ભરી દીધો છે.'' સ્કંદપુરાણના વિષ્ણુ ખંડના વાસુદેવ માહાત્મ્યના અ. ૨ શ્લોક. ૧૭માં કહ્યું છે કે – स्ववांछितादप्यधिकं ददाति फलमक्षयम् । असद्देशादिसंबंधाद्वैगुण्यं तु भवेन्न हि ॥ '' શ્રીકૃષ્ણભગવાનના સંબંધી કરેલું કર્મ પોતાના ઇચ્છિત કરતાં પણ અધિક અને જેનો નાશ ન થાય તેવા અક્ષય ફળને આપે છે, એટલું જ નહિ પણ અસત્ તામસ દેશકાલાદિકના સંસર્ગથી તેનું વિપરીતપણું તો થતું જ નથી.'' આ શ્લોકનો સારાંશ તથા મહાભારત, ભાગવત, રામાયણ, વગેરેનાં ઉપરોકત દૃષ્ટાન્તોથી કવિ જણાવે છે કે પ્રભુ જ દયાળુ છે, તે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૮

વેળું પીલતાં જો તેલ નીકળે, જળ મથ્યે જો નવનીત હોય,
મૃગજળથી જો તૃષા ટળે તોહે ભક્તિ વિના ભદ્ર ન હોય.
ન હોય ભદ્ર હરિ વિના કદાપિ, અભય ન હરિ વિના કો શકે આપી;
હું નથી કહેતો પોકારે છે વેદ, સ્મરો શ્રીકૃષ્ણ ટળે સહુ ખેદ .
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯ ॥

અર્થ : રેતી પીલાવાથી જો તેલ નીકળી શકે , પાણીને વલોવવાથી જો માખણ ઉત્પન્ન થઇ શકે, ઝાંઝવાના પાણીથી જો તૃષા મટી શકે અર્થાત્ આ બધુ બનવું અશકય હોવા છતાં કદાચિત્ બની શકે તોપણ શ્રીહરિની ભક્તિ વિના કોઇ દિવસ પણ કલ્યાણ થઇ શકે નહિ; કેમકે શ્રીહરિ વિના અભય (મોક્ષ - યા - ભગવાત્પ્રાપ્તિ) કોણ આપી શકે ? અર્થાત્ શ્રીહરિની સેવા વિના અન્ય દેવતાઓના સમાશ્રયથી ભગવત્પ્રાપ્તિ કદાપિ થતી નથી. કવિશ્રી કહે છે કે - હું આ વાત મારા મનથી નથી કહેતો, કિંતુ વેદ પોકાર કરે છે કે શ્રીહરિની ભક્તિ વિના ભગવત્પ્રાપ્તિ થતી જ નથી; માટે શ્રીકૃષ્ણનું સ્મરણ કરો કે જેથી સર્વ પ્રકારનો ખેદ દૂર થશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન - કવિશ્રી કહે છે કે - રેતીને હજારો વર્ષો સુધી પીલો તો પણ તેમાંથી તેલ નીકળી શકે નહીં, પાણીને હજારો વર્ષો સુધી વલોવીએ તોપણ તેમાંથી માખણ નીકળી શકે નહિ. અને ઝાંઝવાના પાણીથી કદાપિ તરસ મટી શકે નહિ. આ સર્વે અશકય હોવા છતાં કદાચિત્ બની શકે તો પણ શ્રીહરિની ભક્તિ વિના જીવોનું કલ્યાણ કદાપિ થતું નથી; કેમકે અથર્વ વેદના ગોપાલતાપિની ઉપનિષદ્‌માં સ્પષ્ટ કહ્યું છે કે - नैनंदेवा आप्नुवन् तष्मात् कृष्ण एव परो देवस्तं ध्यायेत् तं रसेतुतं भजेत् ॥ દેવતાઓ, એ શ્રીકૃષ્ણને તેમની કૃપા વિના પ્રાપ્ત થઇ શકયા નથી, તેથી શ્રીકૃષ્ણ એજ સર્વોત્કૃષ્ટ પરબ્રહ્મ છે, તેમનું જ ધ્યાન કરવું, તેમનું જ કીર્તન કરવું, તેમની જ ભક્તિ કરવી. एतद्यो ध्यायति रसति भजति सोऽमृतो भवति ॥ '' એ શ્રીકૃષ્ણ પરબ્રહ્મનું જે ધ્યાન કરે છે, કીર્તન કરે છે, ભક્તિ (સેવા) કરે છે તે મુક્ત થાય છે'' પીયૂષ લહરીમાં ત્રિપાદવિભૂતિ મહાનારાયણોપનિષદ્‌ની શ્રુતિથી સ્પષ્ટ કહ્યું છે કે - चतुर्मुखादीना सर्वेषामपि विना विष्णुर्भक्त्या कल्पकोटिमिर्मोक्षो न विद्यते ॥ ''બ્રહ્માદિક સર્વે દેવતાઓને પણ શ્રીવિષ્ણુ ભગવાન્ પરબ્રહ્મની ભક્તિ વિના કરોડો કલ્પે મોક્ષ (અભય) જણાતો નથી.'' શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૧ મા અધ્યાયના શ્લોક ૫૩ - ૫૪માં શ્રીકૃષ્ણભગવાન્ પોતે આજ્ઞા કરે છે કે - नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ भक्तया त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ॥ ''હે અર્જુન તેં જેવાં મારાં દર્શન કર્યાં તેવી રીતે મારાં દર્શન વેદોથી, તપથી, દાનથી, અને યજ્ઞથી થતાં નથી; પરંતુ મારી અનન્ય ભક્તિથી જ થાય છે.'' વળી પોતે આજ્ઞા કરે છે કે -अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ॥ ''સર્વે જીવોને હું અભય આપું છું એ મારું વ્રત છે.'' ભાગવત ના ૧૧મા સ્કંધમાં ઉદ્ધવજી પ્રત્યે પણ આજ્ઞા કરી છે કે - '' હે ઉદ્ધવ, મને જેવી ભક્તિ પ્રાપ્ત કરી શકે છે તેવી રીતે સાંખ્ય, યોગ, સ્વાધ્યાય, તપ, ત્યાગ વગેરે પ્રાપ્ત કરી શકતા નથી; હું એક ભક્તિથી જ વશ થાઉં છું.'' શ્રી મહાભારત માં પણ એક દૃષ્ટાન્ત છે કે- ઘંટાકર્ણ નામનો એક રાક્ષસ શંકરનો અનન્ય ભક્ત હતો કે જે બંને કાનો ઉપર ઘંટાઓ બાંધી રાખતો હતો, કારણ કે જો કોઇ શંકર સિવાય અન્ય દેવનું નામ પણ લે તો ઘંટાઓ હલાવે, કે જેથી શંકર સિવાય અન્ય દેવનું નામ પણ એના કર્ણમાં ન પડે, તેવો અનન્ય શિવભક્ત હતો. તેણે શિવની ઘણા સમય સુધી અનન્ય ભક્તિ કરી ત્યારે શિવજી પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું, ત્યારે તેણે અભય-મોક્ષની માગણી કરતાં શિવજીએ આજ્ઞા કરી કે - સર્વે જીવોને અભય-મુક્તિ આપનાર તો પરબ્રહ્મ વિષ્ણુ ભગવાન્ એકલા જ છે એમાં સદેહ નથી. એમ કહીને તેને શ્રીકૃષ્ણભગવાન્ પાસે મોકલે છે. એટલા માટે કવિશ્રી વેદ, ગીતા, ભાગવત અને મહાભારતોકત પ્રમાણોનો આશ્રય લઇ જણાવે છે કે - હું નથી કહેતો પણ વેદાદિક શાસ્ત્રો પોકાર કરીને કહે છે કે શ્રીહરિ વિના કદાપિ કલ્યાણ થતું જ નથી; કેમકે શ્રીહરિ વિના કોઇ અભય મોક્ષાદિક આપી શકતું જ નથી; માટે જેથી ખેદ દૂર થાય એવા શ્રીહરિનું સ્મરણ કરો અને કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૯

મંત્ર-આધીન સહુ દેવતા, યોગે વૈરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઇ મળે, પુરુષોત્તમ પ્રેમે પમાય
પ્રેમભક્તિવશ પૂર્ણાનંદ, એ ન પડે અન્ય સાધન ફંદ;
શ્રીમુખે ભાખ્યું ગીતામાંહે, ન માનો તો જોજો ત્યાંહે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૦ ॥

અર્થ : સર્વે દેવતાઓ મંત્રને આધીન છે, યોગાભ્યાસથી વૈરાટ પણ વશ કરી શકાય છે. જ્ઞાનીઓ અક્ષરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. પરંતુ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તો પ્રેમભક્તિથી જ પ્રાપ્ત કરી શકાય છે. પૂર્ણાનંદ શ્રીકૃષ્ણ પ્રેમભક્તિને જ વશ થાય છે, એ અન્ય સાધનોના ફંદમાં પડતા નથી; અર્થાત્ ભક્તિ સિવાય અન્ય સાધનોથી પુરુષોત્તમ પ્રાપ્ત કરી શકાતા જ નથી. શ્રીકૃષ્ણભગવાને એ પ્રકારે શ્રીમુખથી ગીતાજીમાં કહેલું છે. અને તે માનવામાં ન આવે તો ત્યાં (ગીતાજીમાં) જોઇ ખાત્રી કરજો; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન - देवाधीनं जगत् सर्वं मंत्राधीनाश्च देवताः । ''સર્વ જગત્ દૈવને આધીન છે અને દેવતાઓ મંત્રને આધીન છે.'' યોગાભ્યાસથી વૈરાટ પણ વશ થઇ શકે છે. જ્ઞાની પુરુષો અક્ષર બ્રહ્મને પ્રાપ્ત કરી શકે છે, પરંતુ શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણને તો પ્રેમથી જ પ્રાપ્ત થાય છે. પૂર્ણ આનંદમય રસાત્મક શ્રીકૃષ્ણચન્દ્ર પ્રેમભક્તિ સિવાય તપ, જ્ઞાન, વ્રત પ્રભૃત્તિ કોઇ પણ સાધનોના ફંદમાં પડતા જ નથી. એ પ્રકારે ગીતાજીના અધ્યાય ૧૧ ના શ્લોક ૪૮ માં સ્પષ્ટ રીતે શ્રીમુખથી આજ્ઞા કરી છે કે - न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियामिर्न तपोभिरुग्रैः । एवं रुपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥'' હે અર્જુન,

મનુષ્યલોકમાં મારા અનુગ્રહરૂપ પુષ્ટિભક્તિ સિવાય તું જે સ્વરૂપને જુએ છે તે સ્વરૂપને વેદ, યજ્ઞ, સ્વાધ્યાય, દાન, અને ક્રિયાઓ વડે તેમ જ ઉગ્ર તપો વડે અન્ય કોઇ જોઇ શકે તેમ નથી. અર્થાત્ કેવળ પ્રેમ ભક્તિ સિવાય અન્ય સાધનોથી મારી પ્રાપ્તિ થતી નથી.'' ભાગવતમાં પણ કહ્યું છે કે - भकत्याहमेकया ग्राह्यः ॥ ''હું એક ભક્તિથી જ વશ થાઉ છું.'' ગીતાજીમાં પણ भकत्या लभ्यस्तानन्यया ॥ '' હું અનન્ય ભક્તિ વડે જ પ્રાપ્ત થઇ શકું છું.'' પદ્મપુરાણમાં પણ કહ્યું છે કે - न तपोभिर्न वेदैश्च न ज्ञानेनपि कर्मणा । हरिर्हि साध्यते भक्तया प्रमाणं तत्र गोपिकाः ॥ ''શ્રીહરિ તપો વડે, વેદોથી અથવા જ્ઞાનથી કે કર્મથી વશ થઇ શકતા નથી, પણ કેવળ ભક્તિથી જ વશ થાય છે. તેમાં પ્રત્યક્ષ પ્રમાણ શ્રીગોપીજનો છે કે જેમણે પ્રેમભક્તિથી શ્રીકૃષ્ણચંદ્રને વશ કર્યા હતા.'' આ ગીતા ભાગવત, પદ્મપુરાણ વગેરેનાં પ્રમાણોનો સાર લઇ કવિશ્રી આ કડી રચીને જણાવે છે કે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૦

શ્રવણ કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન અર્ચન;
વંદન દાસત્વ સખ્યતા, વળી આત્મનિવેદન;
આત્મનિવેદન નવધા કહીએ, પ્રેમલક્ષણા દશમી લહીએ.
એ ભક્તિ સહુ સાધન તાજ, જે પામે વશ થાય વ્રજરાજ .
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥૧૧॥

અર્થ : શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રના ગુણોને અર્થાત્ માહત્મ્યને સાંભળવું, મુખથી કીર્તન કરવું વર્ણન કરવું, સ્મરણ કરવું, ચરણારવિન્દની સેવા કરવી, પૂજન કરવું, વંદન દંડવત્પ્રણામ વગેરે કરવાં, તેમના દાસ થવું, તેમની સાથે મિત્રતા કરવી, અને આત્મા પણ સમર્પણ કરવો, એમ નવ પ્રકારે નવધાભક્તિ કહેલી છે. અને દશમી પ્રેમલક્ષણા ભક્તિ જાણવી. એ પ્રેમલક્ષણા ભક્તિ નવધા સાધન ભક્તિના મુકુટરૂપ છે અને તે જેને પ્રાપ્ત થાય છે. તે શ્રીવ્રજરાજ શ્રીકૃષ્ણચન્દ્રને વશ કરી શકે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્દભાગવત સપ્તમ સ્કંધના પાંચમાં અધ્યાયના શ્લોક ૨૩ માં કહ્યું છે કે श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् : अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ ''શ્રીવિષ્ણુ ભગવાનના ગુણોને શ્રવણ કરવા, કીર્તન કરવું, સ્મરણ કરવું, ચરણારવિંદની સેવા કરવી, પૂજન કરવું, વંદન કરવું, દાસ્ય કરવું, મિત્રતા કરવી, અને આત્મસમર્પણ કરવું એ નવ પ્રકારની ભક્તિ છે.'' કવિ શ્રી આ ભાગવતના શ્લોકનું ભાષાંતર આ કડીમાં દર્શાવીને તે ઉપરાંત જણાવે છે કે એ નવધા ભક્તિ છે. તે સાધન ભક્તિ છે. પરંતુ તદ્-ઉપરાંત તે નવધા ભક્તિના મુકુટમણિરૂપ દશમી પ્રેમલક્ષણા ભક્તિ છે અને તે ભક્તિથી શ્રી વ્રજરાજ શ્રીકૃષ્ણચન્દ્ર વશ થઇ પ્રાપ્ત થાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ભક્તિપથપ્રવર્તક જગદ્દગુરુ શ્રીમદ્દવલ્લભાચાર્ય મહાપ્રભુજીએ એવો ઉત્તમ સેવાપ્રકાર બતાવ્યો છે કે જેમાં આ નવધાભક્તિનો સમાવેશ થઇ જ જાય છે; જેમકે શ્રીમદાચાર્ય ચરણોક્ત શ્રીસુબોધિની યા બાલપ્રબોધિની સહ શ્રીમદ્દ ભાગવતાદિથી ભગવન્મહાત્મ્યનું શ્રવણ કરવું તે **શ્રવણ** ભક્તિ છે. શ્રીભાગવત, ગીતા, યમુનાષ્ટકાદિ સ્તોત્રોનો પાઠ કરવો અથવા ભગવત્સાન્નિધ્યમાં ગવાતાં પ્રભુમાં સ્નેહોત્પાદક અષ્ટસખાઓનાં રચેલાં પદો ગાવાં તે જ **કીર્તન** ભક્તિ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે - निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ॥ नवरत्न ॥ ''નિવેદનનું સત્સંગ દ્વારા સ્મરણ કરવું.'' આ પ્રભુ સ્મરણ તે **સ્મરણ** ભક્તિ છે. ભગવન્મંદિર વાળવું, વસ્ત્ર ધોવાં વગેરે **પાદસેવન** ભક્તિ છે. પ્રભુને પંચામૃત કરાવવું, જયેષ્ઠાભિષેક કરવો, દેવતોત્થાપન મન્ત્રાદિકને બોલવા તે **અર્ચન** ભક્તિ છે. દીનતાપૂર્વક દંડવત્પ્રણામ કરવા તે **વંદન** ભક્તિ છે. ભગવત્પ્રસાદી પવિત્ર અન્નવસ્ત્રાદિકથી નિર્વાહ કરવો એ **દાસ્ય** ભક્તિનું લક્ષણ છે. શ્રીહરિને ઉત્તમોત્તમ દૂધ, સામગ્રી અર્પણ કરવી, પ્રભુના સુખનો વિચાર કરવો તે **સખ્ય** ભક્તિ છે. દેહ, ઇન્દ્રિય, પ્રાણ, ધન, પુત્ર, સ્ત્રી, ગૃહ વગેરે સર્વ પ્રભુને અર્પણ કરે અર્થાત્ સેવામાં યોજના કરે. સેવોપયોગી બનાવે તે **આત્મનિવેદન** ભક્તિ છે, અર્થાત્ બ્રહ્મસંબંધ દ્વારા જ પુષ્ટિમાર્ગીય ભક્તને આત્મનિવેદન થાય છે. આ પ્રમાણે સ્વધર્મ સમજી ભગવત્સેવા કરનાર ભક્તને નવે ભક્તિનો સમાવેશ થઇ જાય છે અને પ્રભુમાં ચિત્તપ્રવણ થઇ નિરોધ થતાં પુરુષોત્તમ વશ થઇ જાય છે; માટે કવિ પ્રેમભક્તિથી શ્રીકૃપાળુ કૃષ્ણની સેવા કરો એમ દર્શાવે છે.૧૧

શ્રવણ પરીક્ષિત, શુક કરી કીર્તન, સ્મરણ કરી પ્રહ્લાદ,
શ્રી સેવન, પૂજન પૃથુ, વંદન અક્રુર આહ્લાદ,
આહ્લાદ માન્યો; કપીશ કિંકરતા, સખ્યતાભક્તિ સુભદ્રાભર્તા,
આત્મનિવેદન બલિએ કીધી, ગોપીજને પ્રેમલક્ષણા લીધી .
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥૧૨॥

અર્થ : ગઇ કડીમાં જે નવધા સાધનભક્તિનું વર્ણન કર્યુ તે નવધા ભક્તિ કોણે કોણે કરી. તે આ કડીમાં દર્શાવે છે કે-શ્રવણ ભક્તિ રાજા પરીક્ષિતે કરી, કીર્તન ભક્તિ શ્રીશુકદેવજીએ કરી, સ્મરણ ભક્તિ પ્રહ્લાદજીએ કરી, પાદસેવન ભક્તિ લક્ષ્મીજીએ કરી, અર્ચન ભક્તિ પૃથુરાજાએ કરી, આનંદ પૂર્વક વંદન ભક્તિ અક્રૂરજીએ કરી, હનુમાનજીએ દાસ્ય ભક્તિ કરી આનંદ માન્યો. અને સુભદ્રાના સ્વામી અર્જુને સખ્ય ભક્તિ કરી, બલિરાજાએ આત્મનિવેદન ભક્તિ કરી, અને દશમી નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિ શ્રીગોપીજનોએ કરી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : આ કડી 'त्रिष्णांस्तु श्रवणे परीक्षिदभवद् वैयासकिः कीर्तने' प्रह्लादः स्मरणे तदंघ्रिभजने लक्ष्मीः पृथुश्चार्चने । अक्रूरस्त्वभिवंदने कपिपतिर्दास्येऽथ सख्येऽर्जुनः सर्वस्वात्मनिवेदने बलिरभूत् कृष्णाप्तिरेषां परम् ॥ એ શ્લોક ઉપરથી તેના ભાષાંતરરૂપ કવિએ રચેલી છે. તેમાં જણાવ્યું છે કે. '' શ્રીહરિના ગુણો શ્રવણ કરવામાં પરીક્ષિત રાજા થયા કે સાત દિવસ અન્નજલનો ત્યાગ કરી ભગવદ્‌ગુણો શ્રવણ કરી મનન કરી હૃદયમાં ધારણ કરીને સંસાર સાગર તરી ગયા. કીર્તન ભકિત કરવામાં શ્રી વેદવ્યાસજીના પુત્ર શુકદેવજી થયા કે જે વકતાએ સાત દિવસ અન્નજલનો ત્યાગ કરી શ્રીમદ્‌ભાગવતામૃતનું પાન કરાવ્યું. સ્મરણ ભકિત પ્રહ્લાદજીએ કરી કે જેના સ્મરણથી તેમને વારંવાર બચાવ્યા અને જેમના રક્ષણ માટે લોકવેદાતીત શ્રીનૃસિંહજીનું સ્વરૂપ ધારણ કરી હિરણ્યકશિપુને વિદારી ભકત પ્રહ્લાદનો ઉદ્ધાર કર્યો. ચરણસેવા લક્ષ્મીજીએ કરી કે જેની પ્રસન્નતા માટે શ્રીહરિએ રમાવૈકુંઠ બનાવ્યું. અર્ચન ભકિત પૃથુરાજાએ કરી કે જેના પૂજનથી શ્રીહરિ પ્રત્યક્ષ થયા. વંદન ભકિત અક્રૂરજીની કે જેઓને ઘેર પધારી અનુગ્રહ કર્યો. દાસ્ય ભકિત હનુમાનજીની કે જેણે પોતાના સ્વામીના નામ વિનાની રત્નની માલા પણ તોડી ફેંકી દીધી હતી; અર્થાત્ દાસને પોતાના માલિકની પ્રસાદી સિવાયની વસ્તુ કામ જ ન આવે, એ દાસધર્મ બતાવ્યો. સખ્ય ભકિત અર્જુનની કે જેને અનેક સંકટોમાં સહાયતા કરી બચાવ્યા. આત્મનિવેદન બલિરાજાનું કે પોતાનો દેહ સુદ્ધાં શ્રીહરિને નિવેદન કરી દીધો.'' એ પ્રમાણે નવધા સાધન ભકિતનું વર્ણન કરી જણાવે છે કે – દશમી પ્રેમલક્ષણા ભકિત શ્રીગોપીજનોએ કરી કે જેઓનો પ્રેમ પ્રભુમાં એટલો બધો હતો કે જેઓ શ્રીહરિ વિના બીજું કાંઇ જાણતાં જ નહોતાં, જેથી લોકવેદાતીત શ્રીપુરુષોત્તમે તેમને ભજનાનંદનું દાન કર્યું; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૨

(શ્રવણ ભક્તિ)

નામ કેશવનું કર્ણમાં, પડતાં સહુ થાય પવિત્ર,
શરદ ઋતુના સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર;
વિચિત્ર જળ તેમ જાતિ રે જાણો, સર્વ શુચિ સદ્ય નામે પ્રમાણો,
શુદ્ધ સુવર્ણ જેવું અગ્નિથી થાય, માંજેઓપે તેહેવો મેલ ન જાય .
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥૧૩॥

અર્થ : શ્રીકૃષ્ણનું નામ કાનમાં જતાંની સાથે સર્વે પ્રાણીમાત્ર પવિત્ર બને છે, જેમ શરદઋતુની સોબતથી ડહોળાયેલું પાણી નિર્મળ બને છે તેમ જીવ માત્ર પવિત્ર બને છે. જેમ ડહોળાયેલું પાણી નિર્મળ બને છે તેમ ભગવન્નામનો ઉચ્ચાર કરવાથી ગમે તે જાતિનો હોય તોપણ શ્રીકૃષ્ણના નામનો ઉચ્ચાર કરવાથી તત્કાળ પવિત્ર થાય છે. જેવી રીતે સોનું અગ્નિમાં તપાવવાથી શુદ્ધ બને છે તેવી રીતે માંજવાથી અગર ઓપ ચઢાવવાથી શુદ્ધ બનતું નથી; માટે શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : प्रविष्टः कर्णरंध्रेण स्वानां भावसरोरुहम् । धुनोति शमलं कृष्णः सलिलस्य यथा शरत् ॥ '' શ્રીકૃષ્ણભગવાન્ નિજભકતોના ભાવરૂપ હૃદયકમળમાં કર્ણદ્વારા પ્રવેશ કરીને જેમ શરદઋતુ વર્ષાઋતુના ડહોળાયેલા પાણીને નિર્મળ કરે છે, અર્થાત્ પાણીના મેલનો નાશ કરે છે તેમ ભકતોના પાપનો નાશ કરે છે.'' આ શ્લોકનું અક્ષરશ: ભાષાંતર લઇ કવિએ ઉપરની કડી રચેલી છે. कश्च अश्च ईशश्च केशा स्त्रिमूर्तयस्ते यद्वशेन वर्तन्ते स वा केशवः॥ ''શ્રીશંકરાચાર્યજી વિષ્ણુસહસ્રનામ ભાષ્યમાં લખે છે કે क એટલે બ્રહ્મા, अ એટલે વિષ્ણુ અને ઈશ એટલે શંકર, એ ત્રિમૂર્તિઓ બ્રહ્માદિકો જેમના વશ રહીને કાર્ય કરે છે તે केशव અર્થાત્ શ્રીકૃષ્ણ. એ કેશવ ભગવાનનું નામ કાનમાં પ્રવેશ થતાંની સાથે જ જેમ વર્ષાઋતુનું ડહોળાયેલું વિચિત્ર પાણી નિર્મળ બની જાય છે તેમ ગમે તે જાતિ હો, શૂદ્ર હો યા ચંડાળ હો તોપણ સર્વે પવિત્ર બની જાય છે, અર્થાત્ ભગવત્પ્રાપ્તિ લાયક બને છે. દૃષ્ટાંત કહે છે કે – જેમ સુવર્ણ ગમે તે ધાતુથી યા મેલથી મિશ્રિત હોય તોપણ તેને અગ્નિમાં તપાવવાથી જેવું શુદ્ધ બને છે તેવું માંજવા યા ઓપવાથી શુદ્ધ થતું નથી, તેવી રીતે જીવમાત્ર જેવા ભગવન્નામથી પવિત્ર થાય છે તેવા અન્ય પ્રાયશ્ચિત્તોથી અગર તીર્થ વ્રતાદિકોથી પવિત્ર થતા નથી. એ ભાગવત ષષ્ઠસ્કંધમાં અજામિલોપાખ્યાનમાં સુપ્રસિદ્ધ છે, તેમ જ પાંડવગીતામાં શ્રીકૃષ્ણભગવાન્ પોતે આજ્ઞા કરે છે કે – कृष्ण कृष्णेति कृष्णेति यो मां स्मरति नित्यशः । जलं भित्वा यथा पद्मं नरकादुद्धराम्यहम् ॥''જેઓ નિત્યપ્રતિ ''શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ'' એમ ઉચ્ચાર કરી મારું સ્મરણ કરે છે તેઓનો જેવી રીતે જળ ભેદીને કમળ બહાર આવે છે તેવી રીતે હું નરકથી ઉદ્ધાર કરું છું.'' માટે કવિ ઉપરની કડીમાં કહે છે કે કૃપાળું શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૩

(કીર્તન ભક્તિ)

નામકીર્તન શ્રીકૃષ્ણનું, કલિમાં સહુ સાધન ત્યાજય;
ભવસાગર તરવા તણી, સહુને એ સુખપથ પાજય;
પાજ્ય પ્રકટ શ્રમ નહિ ઘણું સહેલું, દામ વિના ફળ થાય સહુ પહેલું
સર્વ અવસ્થામાં ને સૌ ઠાર, અધમ ઉત્તમ સૌને અધિકાર .
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૪ ॥

અર્થ : કલિયુગમાં સર્વે સાધનો કર્મ જ્ઞાનાદિક અશકય હોવાથી ત્યાગ કરવા લાયક છે, અને શ્રીકૃષ્ણનું નામકીર્તન એજ સર્વેને સંસારસમુદ્ર તરી અક્ષયસુખનો માર્ગ મેળવવાની પાળ છે. ભગવન્નામરૂપી પાળ (બાંધેલી) તૈયાર છે. ભગવન્નામરૂપી પાળ બાધવામાં મહેનત નથી. ભગવન્નામ લેવું સહેલું છે અને તે લેવામાં પૈસો બેસતો નથી,

અને ફળ (બીજાં સાધનો કરતાં) પહેલાં એટલે સત્વર મળે છે, સર્વે (બાલ્ય-યુવા-વૃદ્ધા) અવસ્થામાં સર્વ જગ્યાએ નીચ અર્થાત્ ચંડાળ હોય કે ઉત્તમ બ્રાહ્મણ હોય, પરંતુ સર્વે જાતિને ભગવન્નામ લઇ ભગવદ્દચરણારવિન્દ પ્રાપ્ત કરવાનો અધિકાર છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : षड्भिः संपद्यते धर्मस्ते दुर्लभतराः कलौ ॥ ''કર્મમાર્ગમાં દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા, કર્મ એમ છ પ્રકારની શુદ્ધિ, હોય ત્યારે ધર્મ સંપાદન થાય છે, અર્થાત્ કર્મ શુદ્ધ બની શકે છે, તેવું કર્મ કરનારાઓ કલિયુગમાં દુર્લભજ છે, ''અર્થાત્ દેશકાળાદિકની શુદ્ધિ વિનાકલિયુગમાં કર્મ માર્ગ શ્રેયસ્કર થઇ શકે તેમ નથી, તેમજ જ જનક વિદેહી સરખા દુર્લભ હોવાથી જ્ઞાનમાર્ગ પણ કલિયુગમાં શ્રેયસ્કર થઇ શકે તેમ નથી, કદાચિત્ અત્યંત કલેશ ભોગવી બ્રહ્મજ્ઞાની બને તોપણ અક્ષર બ્રહ્મની જ પ્રાપ્તિ થાય છે, શ્રી પુરુષોત્તમ પૂર્ણાનંદની પ્રાપ્તિ થતી નથી; માટે પદ્મપુરાણમાં કહ્યું છે કે सत्यादित्रियुगे बोधवैराग्यौ मुक्तिसाधकौ । कलौ तु केवला भक्तिर्ब्रह्मसायुज्यकारिणी ॥ ''સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં જ્ઞાન અને વૈરાગ્યથી મુક્તિ પ્રાપ્ત થતી હતી, પરંતુ કલિયુગમાં તો શ્રીપરબ્રહ્મને પ્રાપ્ત કરનારી ભક્તિ જ છે.'' આ ઉપરથી કવિ જણાવે છે કે કલિયુગમાં સર્વે સાધનોનો ત્યાગ કરી શ્રીકૃષ્ણકીર્તન કરવું એ જ સંસારસાગર તરવાને પ્રભુએ પોતાની પ્રાપ્તિ માટે વગર મહેનતે બાંધેલા તૈયાર પુલનો માર્ગ સહેલો છે. પૈસા આપવા પડે તેમ નથી, સર્વ અવસ્થામાં, સર્વ સ્થળમાં, અને ગમે તે જાતિ હોય, પરંતુ તે ભગવન્નામરૂપી પુલ ઉપરથી સંસારસમુદ્ર તરી પ્રભુ મેળવવાનો સર્વેને અધિકાર છે. શ્રીમહાપ્રભુજીએ પણ શ્રીકૃષ્ણાશ્રયમાં તે જ નિરૂપણ કર્યું છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૪

સતયુગે જે ફળ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ,
દ્વાપરે પૂજન પામતાં, સહુ કલિ હરિકીર્તને તેહ;
તે થકી અધિક ફળ હરિગુણગાતાં, તો શું થયું તપ તીર્થમાં નાહાતાં;
મણિ મળ્યો તે શોધે શીદ કોડી, વિના વિશ્વાસે મરે મૂઢ દોડી.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૫ ॥

અર્થ : સત્યુગમાં જે ફળ ધ્યાનથી મળતું, ત્રેતાયુગમાં જે ફળ યજ્ઞથી થતું, દ્વાપરયુગમાં ભગવત્પૂજનથી જે ફળ મળતું, તે સર્વ ફળ કલિયુગમાં શ્રીહરિકીર્તન કરવાથી જ મળે છે, તેથી પણ વધુ ફલ ભગવદ્દગુણ ગાતાં મળે તો પછી તપ કરવાનું કષ્ટ શા માટે ઉઠાવે ? અગર તીર્થસ્નાન કરવાથી વધુ શો લાભ હતો ? અર્થાત્ કાંઇ જ નહિ; કેમકે જેના હાથમાં મણિ મળી આવ્યો તે કોડીની શોધ શા માટે કરે ? અરે મૂર્ખ, શ્રીહરિમાં તને વિશ્વાસ નથી કે બીજાં સાધનો માટે દોડી મરે છે ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखै : । द्वापरे परिचर्यायां कलौ तद् हरिकीर्तनात् ॥ ''સત્યુગમાં જે ફળ શ્રી વિષ્ણુના ધ્યાનથી મળતું, ત્રેતાયુગમાં જે ફળ યજ્ઞો કરવાથી યજ્ઞકરનારને મળતું, દ્વાપરયુગમાં જે ફળ ભગવત્પૂજનથી મળતું, તે જ ફળ કલિયુગમાં શ્રીહરિકીર્તન કરવાથી મળે છે.'' આ ભાગવતના ૧૨મા સ્કંધના શ્લોકનું અક્ષરશઃ ભાષાંતર ઉપરની કડીમાં ઉતારીને કવિ જણાવે છે કે અરે, તેથી પણ અધિકફળ જો ભગવદ્દગુણગાન કરતાં મળી આવે તો પછી તપ કરવાથી અગર તીર્થસ્નાન કરવાથી વધુ શો લાભ મળવાનો હતો ? અર્થાત્ કાંઇ જ નહિ; કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે न गंगा न गया सेतुर्न काशी न च पुष्करम् । जिह्वाग्रे वर्तते यस्य हरिरित्यक्षरद्वयम् ॥ ''જેની જીભના અગ્રભાગમાં હરિ એ પ્રકારે બે અક્ષરો રહેલા છે તેને ગંગાજી ગયાજી સેતુબંધરામેશ્વર, કાશી અથવા પુષ્કરરાજ જવાની શી જરૂર છે ?'' અર્થાત્ ભગવદ્દગુણ ગાતાં તમામ તીર્થયાત્રાનું ફળ મળી જાય છે. આ શ્લોકનો સારાંશ આ કડીમાં લઇને દષ્ટાંત આપી કવિ સમજાવે છે કે અરે મૂર્ખ, શ્રીભગવદ્દગુણગાનરૂપી મણિ તને મળી આવ્યો છે તો પછી કોડીતુલ્ય તપ તીર્થાદિક કષ્ટસાધ્ય સાધનો માટે શા સારું દોડી મરે છે? તને શ્રીહરિના નામ ઉપર વિશ્વાસ નથી ?માટે ભગવદ્દગુણગાનરૂપી મણિને સંભાળી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કર. ૧૫

કલિરૂપી આશૌચમાં, કોઇ કર્મનો નહિ અધિકાર;
અડે ન સૂતક નામને, નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર;
ઉચ્ચાર માત્ર અભયપદ આપે, સકળ પાપ સંતાપને કાપે;
વેદશાસ્ત્ર સહુ પુરાણ પોકારે, તો 'હરિ, હરિ' તું શેં ના ઉચ્ચારે ?
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૬ ॥

અર્થ : કલિરૂપી સૂતકમાં યજ્ઞાદિક કોઇ કર્મ કરવાનો અધિકાર નથી, પરંતુ શ્રીહરિનું નામ સૂતક વગેરેના ભયથી રહિત અર્થાત્ નિર્ભય છે; માટે હમેશાં શ્રી કૃષ્ણના નામનો ઉચ્ચાર કરવો. ભગવન્નામનો ઉચ્ચાર માત્ર કર્યાથી શ્રીહરિ પોતાના ભકતને નિર્ભય એવા પોતાના પદની પ્રાપ્તિ કરાવે છે અને તે ભકતના ત્રિવિધ તાપોનો અને તમામ પાપોનો નાશ કરે છે, એમ વેદશાસ્ત્ર અને સર્વે પુરાણો પોકાર કરીને કહે છે, તથાપિ તું ''હરિ'' ''હરિ'' એ ભગવન્નામનો શા માટે ઉચ્ચાર કરતો નથી ? અર્થાત્ હમેશાં ભગવન્નામનું રટન કરો અને કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : જેમ કોઇ મનુષ્ય સૂતકી હોય છે ત્યારે કોઇ પણ વેદ વિહિત કર્મ તેને કરવાનો અધિકાર હોતો નથી, તથાપિ કરે તો તેને તે કર્મનું ફળ ન મળતાં ઊલટો તે અપરાધી બને છે, તેમ કલિયુગરૂપી સૂતકમાં પણ દેશ, કાલ વગેરે છ પ્રકારની શુદ્ધિના

અભાવે જો યજ્ઞાદિક કર્મ કરે તો તેને વિહિત ફળ મળી શકતું નથી; તેટલા માટે કવિ કહે છે કે જો આ કરાલ કલિકાળમાં સૂતક ન અડે તેવું કોઇ પણ કર્મ હોય તો તે કેવળ **''શ્રીકૃષ્ણ''** નું નામ છે. શ્રીકૃષ્ણના નામોચ્ચારણમાં કોઇ પ્રકારનો ભય નથી, માટે તે હમેશાં ઉચ્ચારવું, જેથી ભગવન્નામ ત્રિવિધ (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક) તાપને દૂર કરી પાપપુંજને પણ બાળી ભસ્મ કરે છે. ભગવદ્દભકત પ્રહ્લાદને ભગવન્નામ લેતાં અસુરરાજ હિરણ્યકશિપુએ અનેક પ્રકારે દુ:ખ દીધું, કોઇ પ્રકારે તેનું મરણ ન થતાં છેવટે અગ્નિ પ્રજ્વલિત કરી અગ્નિમાં ફેંકયો, ત્યારે ભકત પ્રહ્લાદ કહે છે કે सर्वतापशमनैकभेषजं 'कृष्ण'नाम जपतां कुतो भयम् । पश्य तात मम गात्रसंगमात् पावकोऽपि सलिलायतेऽधुना ॥ ''સર્વ પ્રકારના તાપોને શાંત કરવામાં એક ઉત્તમોત્તમ ઔષધરૂપ ''શ્રીકૃષ્ણ'' નામસંકીર્તન કરનારને ભય કયાંથી હોય ? કારણ કે ભગવન્નામ હમેશાં નિર્ભય છે. હે પિતાજી, હાલમાં પ્રત્યક્ષ જુઓ કે કાષ્ઠોને બાળી ભસ્મ કરનાર અગ્નિ પણ મારાં (ભગવન્નામોચ્ચારણ કરનારનાં) અંગના સ્પર્શથી પોતાનો બાળવાનો સ્વભાવ છોડી દઇ)શીતળ જળસમાન બની ગયો છે.'' આ શ્લોકનો ભાવ લઇ કવિશ્રી જણાવે છે કે વેદશાસ્ત્ર પુરાણો પોકારીને કહે છે કે ભગવન્નામોચ્ચારણ કરી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૬

નામે અજામિલ ઉદ્ધર્યો, નામે તાર્યા શિવે બહુ પાપી;
અવળે નામે વાલ્મીક તર્યો, અર્ધે ગુણિકા ગતિ આપી;
આપી ગતિ ઇત્યાદિક બહુને, જેણે આશ્રય કર્યો તે સહુને;
બે અક્ષરમાં બધો સાર, જેણે લહ્યો તે પામ્યો પાર .
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૭ ॥

અર્થ : ''નારાયણ'' નામનો ઉચ્ચાર કરવાથી અજામિલનો ઉદ્ધાર કર્યો. કાશીપુરીમાં મરનાર અનેક પાપીઓને શ્રીકાશીવિશ્વનાથ મહાદેવજીએ ''રામ'' નામના તારકમંત્રનો ઉપદેશ કરીને સંસારસમુદ્રમાંથી તારી મુકિત આપી. રામને બદલે ''મરા'' ''મરા'' એમ ઉચ્ચાર કરવા છતાં અવળા નામે વાલ્મીકિનો ઉદ્ધાર કર્યો, અને ''રામ'' નામ બોલવા જતાં ફકત ''રા'' એટલો એક જ અક્ષરનો ઉચ્ચાર કરી મરણ પામવાથી અર્ધા નામે ગુણિકાને સદ્દગતિ આપી, ઇત્યાદિક ઘણાઓને જેણે જેણે ભગવાનનો આશ્રય કર્યો તે સર્વેને સદ્દગતિ આપી. ''રામ'' અથવા ''કૃષ્ણ'' એ બે અક્ષરના નામમાં બધો સાર અર્થાત્ વેદશાસ્ત્રોનું રહસ્ય સમાયેલું છે અને તે સાર જેણે ગ્રહણ કર્યો તે સર્વે સંસારસમુદ્રને પાર પામી ગયા છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : કનોજ (કાન્યકુબ્જ) દેશમાં એક **અજામિલ** નામે મહાપવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. તે એક સમયે દેવપૂજન માટે પુષ્પાદિક લઇ બગીચામાંથી આવતો હતો ત્યાં માર્ગમાં કોઇ ગણિકા શુદ્ર સાથે ક્રીડા કરતી જોઇ મોહાંધ બની વૃદ્ધ માતાપિતા અને પતિવ્રતા સ્ત્રીનો પરિત્યાગ કરી ગણિકાને ત્યાં જઇ તે રહ્યો અને સદાચારથી ભ્રષ્ટ બન્યો. એક સમયે એ નગરમાં કોઇ **મહાત્મા** આવ્યા, તેમણે ઊતરવાનું સ્થાન પૂછતાં કોઇએ મશ્કરીમાં અજામિલનું નામ આપ્યું. મહાત્મા તેને ધર્માત્મા જાણી અજામિલનું ઘર પૂછી ત્યાં ગયા. ગણિકાએ તેમનો સારી રીતે અતિથિસત્કાર કર્યો. મહાત્માએ જતી વખતે પ્રસન્ન થઇ કહ્યું કે તમારે ત્યાં પુત્ર થશે અને તેનું નામ **''નારાયણ''** રાખજો, તે તમારું કલ્યાણ કરશે. કેટલા સમય પછી અજામિલને ત્યાં પુત્ર થયો તેનું નામ ''નારાયણ'' રાખ્યું. આ પુત્રમાં અજામિલનો અત્યંત પ્રેમ હોવાથી મરણ સમયે પણ આસકિતને લીધે ''નારાયણ'' નામ પોકારવા લાગ્યો. પ્રભુએ મરણ સમયે પોતાના નામનો પોકાર સાંભળી પાર્ષદોને મોકલ્યા. તે પાર્ષદોએ યમદૂતોને ભગવન્નામનું માહાત્મ્ય સંભળાવી યમપાશમાંથી તેને છોડાવ્યો. અજામિલ પાર્ષદોના સત્સંગથી ભગવન્નામમાહાત્મ્ય સમજી કરેલા પાપ માટે પશ્ચાત્તાપ કરી ભગવાનનું આરાધન કરી શ્રીહરિને પ્રાપ્ત થયો; માટે કવિ કહે છે કે ભગવન્નામ પ્રતાપે અજામિલનો ઉદ્ધાર થયો. આ વાત ભાગવતના ષષ્ઠ સ્કંધના અધ્યાય ૧-૨--૩ માં સવિસ્તર પ્રસિદ્ધ છે. વળી કવિ કહે છે કે - ભગવન્નામથી શિવજીએ અનેક પાપીઓને તાર્યા, એનું કારણ એવું છે કે કાશીનગર એ સાતપુરીમાં મોક્ષદાયક પુરી કહેવાય છે અને કાશીમાં ગમે તેવો પાપીષ્ટ જીવ મરણ પામે તોપણ તેને અવશ્ય મુકિત મળે છે. આ પાપીષ્ટ જીવોને પણ મુકિત મળવાનું કારણ **''અધ્યાત્મરામાયણ''** માં શ્રીશિવજીએ જણાવ્યું છે કે अहो भवन्नाम गृणन् कृतार्थो वसामि काश्यामनिशं भवान्या । मुमूर्षमाणस्य विमुक्तयेऽहं दिशामि मन्त्रं तव 'राम' नाम ॥ अ.रा. ॥ ''હે રામ! હું આપનું અહર્નિશ નામોચ્ચારણ કરી કૃતાર્થ થતો પાર્વતીજી સાથે કાશીમાં નિવાસ કરું છું. અને જેઓ કાશીમાં મરણ પામે છે તેઓને મુકિત (મોક્ષ) મળે તેટલા માટે તમારા ''રામ'' નામના તારકમન્ત્રનો ઉપદેશ કરું છું.'' આ ઉપરથી સ્પષ્ટ છે કે કાશીમાં મુકિત મળે છે તે પણ ભગવદ્દ ભકત શ્રીશિવજીના ભગવન્નામમન્ત્રના ઉપદેશથી જ મળે છે. હવે ત્રીજું દ્દષ્ટાંત જણાવે છે કે શ્રીવાલ્મીકિ પ્રથમ લૂંટારાનો ધંધો કરતા હતા. વનમાં અકસ્માત નારદજી આવ્યા. નારદજીને લૂંટવા આવતાં નારદજીએ કહ્યું કે - ભાઇ, તું યાત્રાળુઓને લૂંટે છે પરંતુ તેમને લૂંટવું અને મારવું તે મહાપાપ છે. આવું મહાઘોર પાપ તું શા માટે કરે છે ? તેણે કહ્યું કે મારા કુટુંબના ભરણપોષણ માટે. નારદજી એ કહ્યું કે ત્યારે તો તારા કુટુંબીઓ સૌઆ પાપમાં ભાગીદાર બનશે ? તેણે કહ્યું કે અવશ્ય, કેમ નહિ ! નારદજીએ કહ્યું કે ભાઇ, તુ' ભૂલે છે. સૌ સ્વાર્થનાં સંબંધી છે. તારા પાપમાં કોઇ પણ ભાગીદાર નહિ બને. જો માનવામાં ન આવે તો ઘેર જઇ પૂછી ખાત્રી કરી લે. લૂટારાએ કહ્યું કે તું મને ઘેર મોકલી નાશી જવા ઇચ્છે છે, પણ તને નહિ નાશી જવા દઉં. નારદજીએ કહ્યું

કે હું નાશી જવા નથી ઇચ્છતો, તેમ છતાં તને વિશ્વાસ ન હોય તો આ ઝાડ સાથે મને બાંધીને તું જા. ઋષિના ક્ષણવારના સત્સંગની એને દિવ્ય અસર થઇ અને ઘેર જઇ અનુક્રમે પિતા, માતા, સ્ત્રી વગેરેને પૂછી ખાત્રી કરવાથી એક જ પ્રત્યુત્તર મળ્યો કે અમારું પોષણ કરવું એ તારો ધર્મ છે. તું સ્વધર્મથી પૈસો કેમ કમાતો નથી ? શા માટે પાપકર્મ કરે છે ? અમો તારાં પાપમાં શા માટે ભાગીદાર બનીએ ? આ વચન સાંભળીને તેને ઘણો પશ્ચાત્તાપ થયો અને વનમાં આવી નારદજીનું બંધન છોડી ચરણોમાં પડી પ્રાર્થના કરીકે મહારાજ, હું મહાપાપી છું. મારો ઉદ્ધાર કરો, નારદજીએ કહ્યું કે સંસારમાં મોહ છોડી પાપ કરવાનું મૂકી દે, અને ભગવદ્દભજન કર. લૂંટારાએ કહ્યું કે પાપ કરવું તો છોડી દીધું, પરંતુ ભજન મને આવડતું નથી. નારદજી કહે કે "રામ" મન્ત્રનો અખંડ જપ કર. લૂંટારો કહે કે મહારાજ, આખી ઉમ્મર 'મારો, મારો' કર્યું છે, જેથી મને બીજો મન્ત્ર નહિ આવડે, નારદજી કહે કે ઠીક, "મ. . .રા" "મ . . .રા" મન્ત્રનો જપ કર જેથી "રામ-રામ" થઇ જશે. લૂંટારાએ તમામ પડતું મૂકી ત્યાં જ બેસી અખંડ "મરા-મરા" મન્ત્ર જપવા માંડયો. તેના શરીર ઉપર ઘણાં વર્ષો થયાં માટી અને મોટા રાફડા જામી ગયા, ત્યારે એક સમયે દિવ્ય વાણી સાંભળી કે ઋષિ, ઉઠો, જાગ્રત થાઓ. ત્યારે કહ્યું કે હું લૂંટારો છું; ઋષિ નથી. ત્યારે ફરીથી દિવ્ય વાણી થઇ કે હવે તમારા પાપનો નાશ થવાથી તમો લૂંટારા નથી રહ્યા. પરંતુ હવે તો મહામુનિ છો . એટલે **વાલ્મીક રાફડામાંથી ઉઠયા જેથી વાલ્મીકિમુનિ કહેવાયા,** અને તેમણે વાલ્મીકિ રામાયણ બનાવ્યું માટે કવિ કહે છે કે અવળા નામે વાલ્મીકિ સંસારસમુદ્રમાંથી તાર્યા. ભગવન્નામનો એ કલિયુગમાં પ્રતાપ છે.

એક નગરમાં **જીવન્તી** નામની ગણિકા રહેતી હતી, તે વ્યભિચાર વૃત્તિથી પોતાનું ઉદરપોષણ કરતી હતી તેને કાંઇ પણ પ્રજા નહોતી. એક સમયે એક **પોપટ** વેચવાવાળા પાસેથી સુંદર પોપટ ખરીદી તેને પુત્રની માફક પાલન કરવા લાગી, નિત્ય સવારમાં ઉઠી તેને "**રામ-રામ**" ભણાવતી. પોપટ ન બોલે તો તેને સુંદર મધુર ફળ ખવડાવતી. એમ કરતાં કરતાં પોપટ "રામ" નામ શીખી ગયો એને રાતદિવસ સુમધુર સ્વરથી "રામ" નામનું ઉચ્ચારણ કરાવતી, એમ કરતાં કરતાં એક દિવસે ગણિકા અને પોપટ બન્નેનો મૃત્યુકાળ આવી પહોંચ્યો, "રામ" નામ ઉચ્ચાર કરવાનો હમેશાંનો અભ્યાસ હોવાથી "રામ" નામ બોલવા જતાં "**રા**" એટલા અર્ધાનામનો ઉચ્ચાર કર્યો, "**મ**" નો ઉચ્ચાર તો કર્યો નથી એટલામાં જ ગણિકાના પગે સર્પે દંશ કર્યો, તેથી ગણિકાના પ્રાણ છુટી ગયા. ભગવદિચ્છાએ તેજ સમયે અચાનક પોપટના પણ પ્રાણ છુટી ગયા. પોપટ પણ પૂર્વનો પાપી હતો. બન્ને પાપીઓને લેવા માટે યમરાજાના ચંડ વગેરે દૂતો આવી પહોંચ્યા. આ તરફ "રા" એ ભગવન્નામનું અર્ધ ઉચ્ચારણ થતાં ભગવત્પાર્ષદો તેમને લેવા દોડતા આવી પહોંચ્યા. યમદૂતો અને ભગવત્પાર્ષદોનું ઘોર યુદ્ધ થયું. પરિણામે ભગવત્પાર્ષદો

બંનેને વિમાનમાં બેસાડી વૈકુંઠમાં લઇ ગયા. યમદૂતોએ યમરાજા પાસે જઇ આજ્ઞાભંગ થયાની ફરિયાદ કરતાં યમરાજાએ કહ્યું કે दुता यदि स्मरन्तौ तौ "राम" नामाक्षरद्वयम् । तदा न मे दण्डनीयौ तयोर्नारायणः प्रभुः ॥ "હે દૂતો, પોપટ અને ગણિકાએ "રામ" એ બે અક્ષરનો ઉચ્ચાર કરવા જતાં "રા' નો ઉચ્ચાર કર્યો અને 'મ" નો ઉચ્ચાર થતાં પહેલાં રામસ્મરણમાં પ્રાણ ત્યજ્યો, જેથી તેઓ બે મારા દંડને પાત્ર જ નથી, કેમકે તે બન્નેના માલિક રામનામસ્મરણથી પ્રભુ નારાયણ છે." માટે દયારામભાઇ કહે છે કે અર્ધેનામે ગણિકાને સદ્દગતિ આપી, એ પ્રમાણે ઘણાઓને, જેણેજેણે ભગવદાશ્રય કર્યો તે સર્વેને સદ્દગતિ આપી. આમ "**રામ-કૃષ્ણ**" એ અક્ષરોમાં તમામ શાસ્ત્રોનો સાર રહેલો છે અને તે સાર જેણે ગ્રહણ કર્યો તે સર્વે ભગવાનને પ્રાપ્ત થયા છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૭

સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું, કથા કીર્તન જ્યાંહાં નિત્ય થાય;
કોટિ તીર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે નાહાય;
નાહાય તેમાં તે પવિત્ર પ્રમાણો, તે વિના સર્વેને સૂતકી, જાણો;
જીવતા શબ સરખા સહુ તેહ, ભૂતળ ભાર કર્યો ધરી દેહ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૮ ॥

અર્થ : જે સ્થળમાં પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણની કથા અને કીર્તન હંમેશાં થતાં હોય તે સ્થળમાં કરોડો તીર્થ આવીને નિવાસ કરે છે. અને જે ભાગ્યશાળી જીવો હોય છે તે એ કથાકીર્તનરૂપી તીર્થમાં સ્નાન કરે છે. અર્થાત્ શ્રવણ કરે છે. તે સ્નાન કરવાવાળા જીવોને જ પવિત્ર માનવા અને તે કથાકીર્તનથી દૂર રહેનાર જીવોને સૂતકી જાણવા, એટલું જ નહિ પણ તેમને જીવતા છતાં સર્વેને મડદાતુલ્ય સમજવા, કારણ કે તેઓને મનુષ્યદેહ મળ્યો, પણ તે ધારણ કરી કેવળ પૃથ્વી ઉપર ભાર જ કર્યો છે માટે કૃપાળુ શ્રી કૃષ્ણચંદ્રની સેવા કરો.

વિવેચન : तत्रैव गंगा यमुना त्रिवेणी गोदावरी सिंधुसरस्वती च । सर्वाणि तीर्थानि वसंति तत्र यत्राच्युतोदारकथाप्रसंगः ॥ "જે સ્થળમાં શ્રીકૃષ્ણ ભગવાનની કથાનો પ્રસંગ ચાલે છે તે સ્થળમાં ગંગાજી, યમુનાજી, ત્રિવેણી, ગોદાવરી, સિંધુ, સરસ્વતી વગેરે સર્વે તીર્થો અવશ્ય નિવાસ કરે છે." આ શ્લોકનો આશય લઇ કવિ આ કડીમાં જણાવે છે કે જ્યાં પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણચન્દ્ર પરમાત્માની કથા કીર્તન વાર્તા વગેરે થતું હોય ત્યાં કરોડો તીર્થ આવીને નિવાસ કરે છે, અને જે જીવો ભાગ્યશાળી હોય તેજ જીવો એ કથાતીર્થમાં સ્નાન કરી પવિત્ર થાય છે અને તે વિનાના તમામ જીવોને સૂતકી એટલે અપવિત્ર માનવા, કારણ કે - પદ્મપુરાણના ઉત્તર ખંડમાં કહ્યું છે કે - तावत्पापानि देहेस्मिन्निवसन्ति तपोधनाः।

यावन्न श्रूयते सम्यक् श्रीमद्भागवतं नरैः ॥"જયાંસુધી મનુષ્યો સારી રીતે ઉત્તમ વકતાના મુખથી ભગવન્માહાત્મ્યયુકત શ્રીમદ્‌ભાગવત શ્રવણ કરતા નથી ત્યાંસુધી તેમના દેહમાં તમામ પાપો નિવાસ કરે છે," અને તેઓ પાપયુકત હોવાથી કવિ આ કડીમાં તેમને સૂતકી એટલે અપવિત્ર જણાવે છે. એટલું જ નહિ પણ - जीवच्छवो निगदितः स तु पापकर्मा येन श्रुतं शुककथावचनं न किंचित् ॥ "જેણે શુકદેવજીની કથારૂપી અમૃતનું જરાપણ પાન નથી કર્યુ તેવા પાપીષ્ટને જીવતાં છતાં મુડદાતુલ્ય કહેલો છે," અને मिथ्यास्वजन्मजननीजनिदुः खभाजा । "તેણે આ ભરતખંડમાં નકામો જન્મ ધારણ કરી પોતાની માતાને દુઃખી કરી." धिक् तं नरं पशुसमं भुविभाररुपम् ॥ "તેવા પશુતુલ્ય પૃથ્વીમાં ભારરૂપ મનુષ્યને ધિક્કાર છે," ઇત્યાદિ પદ્મપુરાણોનાં પ્રમાણોના આશ્રયથી કવિ કહે છે કે તેઓ સર્વે જીવતાં મુડદાં છે અને પૃથ્વીમાં દેહ ધારણ કરી તેઓએ કેવળ ભાર જ કર્યો છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૮

(સ્મરણ ભક્તિ)

નટવર છબી નંદલાલની, એહેવું ચિંતન કરે ચિત્તમાંહ્ય:
મોરમુકુટ શિર તિલક કુંડળ, નકવેસર ચિબુક સોહાય,
સોહે કૌસ્તુભ મુકતા વનમાલ, કિંકણી કર ગ્રહી મુરલી રસાળ;
પીતાંબર કટિમેખલા સોહે, નૂપુર નખશિખ છબિ મન મોહે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૯ ॥

અર્થ : નૃત્યકળામાં પરમ પ્રવીણ નટવર ભેખ ધારણ કરનાર નન્દાત્મજ શ્રીકૃષ્ણચન્દ્રનું ચિત્તમાં એ પ્રકારે ચિંતન કરવું કે - શ્રી મસ્તક પર મયૂરપીચ્છનો મુકુટ જેમણે ધારણ કર્યો છે, લલાટમાં તિલક, કર્ણોમાં કુંડળ અને નાસિકામાં નકવેસર તથા દાઢી અને હોઠની વચ્ચે ચિબુક (હીરો) જેમને શોભી રહ્યું છે, તેમજ શ્રીકંઠમાં કૌસ્તુભમણિ અને મોતીની તથા આપાદલંબિની વનપુષ્પોની માળા જેમણે ધારણ કરી છે, શ્રીહસ્તમાં શબ્દ કરી રસ વર્ષા કરતી મુરલી જેમણે ધારણ કરી છે, કટી ઉપર પીતાંબર અને કટીમેખલા (કંદોરો) શોભી રહ્યાં છે, ચરણારવિંદમાં નૂપુર (ઝાંઝર) ધારણ કરેલાં છે; એ પ્રકારે નખથી શિખા પર્યંતની જેમની છબી જોઇને અર્થાત્ દર્શન કરીને ભકતોના મન મોહ પામે છે, તેવા કૃપાળુ શ્રીકૃષ્ણ ચન્દ્રની સેવા કરો.

વિવેચન : बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं, बिभ्रद्वासः कनककपिशं वैजयन्ती च मालाम् । रन्ध्रान् वेणोरधरसुधया पूरयन्गोपवृन्दैर्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्गीतकीर्तिः॥"મયૂરપિચ્છના શિરોભૂષણ ધારણ કરનાર નટવત્ અને નરવત્ ઉભયવિધ રસાત્મક શ્રીઅંગને પ્રકટ કરી શૃંગારરસોદ્દ્‌બોધક કર્ણિકાર (કરેણ) કુસુમરૂપ કુંડળને કર્ણદ્વયમાં ધારણ કરી રસ-આચ્છાદનાર્થ કનકકપિશ કેસરી પીતાંબર અને આપાદલંબિની વનપુષ્પમયી વૈજયંતી વનમાલા ધારણ કરી અધરસુધાએ વેણુરન્ધ્રને પૂરતાં ગોપવૃન્દસહ ગીતકીર્તિસ્વરૂપે સ્વપદરમણ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો." આ વેણુગીતમાં વર્ણન કરેલા પ્રભુના સ્વરૂપનું ચિંતન કરવા અને એ જ સ્વરૂપ સેવ્ય છે એમ જણાવતાં કવિ આ કડીમાં જણાવે છે કે-નંદરાયના લાડીલા નટવરસ્વરૂપનું ચિંતન હૃદયમાં એવી રીતે કરો કે-ભકતોને રસદાનાર્થ મયૂરપિચ્છના શિરોભૂષણને ધારણ કરનાર, તિલકયુકત, કર્ણદ્વયમાં કર્ણિકારના પુષ્પરૂપી કુંડળને ધારણ કરતા. નાસિકામાં નકવેસર અને દાઢી તથા ઓષ્ઠ વચ્ચે ચિબુક (હીરાનું આભૂષણ) જેમને શોભી રહ્યું છે, શ્રીકંઠમાં કૌસ્તુભમણિ અને મોતીની તથા વનપુષ્પોની માળાને ધરતા, શબ્દાયમાન રસ વર્ષાવતી મુરલીને ધારણ કરતા, કટી ઉપર પીતાંબર અને કટીમેખલા જેમને શોભી રહ્યાં છે એવા, નૂપુર (ઝાંઝર) ને ધારણ કરતા, નખથી શિખા પર્યંત જેમના સ્વરૂપનું દર્શન કરતાં મન મોહ પામે છે એવા શ્રી ગોપીજનવલ્લભ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૧૯

સોળ ચિહ્ન પદપંકજે, દક્ષિણ નવ, વામે સાત,
સ્વસ્તિક, અષ્ટકોણ, જંબુફળ, યવ, પવિ, ધ્વજ, ઊર્ધ્વરેખા વિખ્યાત;
ખ્યાતે અંકુશ, અંબુજ, મત્સ્ય, વ્યોમ, કળશ, ઇન્દ્રધનુ ને અર્ધસોમ,
ત્રિકોણ, ગોપદ, ષટ્‌દશ ધ્યાન, નિત્ય કરે નિર્ભય પદ દાન.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૦ ॥

અર્થ : શ્રીહરિના ચરણકમળમાં સોળ ચિહ્ન બિરાજે છે; દક્ષિણ એટલે જમણા ચરણકમળમાં નવ અને વામ એટલે ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો બિરાજે છે. ૧: સ્વસ્તિક-સાથિયો, ૨ અષ્ટકોણ-આઠખૂણાવાળું ચિહ્ન, ૩ જંબુ ફળ-જાંબુ, ૪ યવ - જવ ૫ પવિ-વજ્ર, ૬ ધ્વજ-ધ્વજા, ૭ ઊર્ધ્વ એટલે ઊભી રેખા, ૮ અંકુશ-હાથીને નિયમમાં રાખવાનું હથિયાર, ૯ અંબુજ-પાણીમાં ઉત્પન્ન થનાર કમળ, એ પ્રકારે નવ ચિહ્નો જમણા ચરણારવિન્દમાં છે અને ૧ મત્સ્ય-માછલું, ૨ વ્યોમ-આકાશ, ૩ કળશ, ૪ ઇન્દ્રધનુષ-વર્ષા ઋતુમાં રંગબેરંગી આકાશમાં જણાય છે તે, ૫ અર્ધચન્દ્ર, ૬ ત્રિકોણ-ત્રણ ખુણાવાળું ચિહ્ન, ૭ ગોપદ-ગાયના પગલાનું ચિહ્ન. એમ સાત ચિહ્ન ડાબા ચરણકમળમાં બિરાજે છે. આ પ્રમાણે સોળે ચિહ્નોનું જેઓ હંમેશાં ધ્યાન કરે છે તેઓને પ્રભુ નિર્ભય એવા પોતાના સ્થાનનું દાન કરે છે. અર્થાત્ પોતાની પ્રાપ્તિ કરાવે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : સ્કંધ પુરાણમાં તથા વસ્તુવૃન્દપ્રદીપિકા વગેરે ગ્રન્થોમાં કહ્યું છે કે - स्वस्त्यष्टकोणयवजंबुपविध्वजोर्ध्व- रेखांकुशाब्जमिति वै नवदक्षिणेङ्घ्रौ। मत्स्यत्रिकोणकलशेन्द्रधनुर्वियद्गो-पादार्ध चन्द्रमिति सप्त हरेश्च वामे ॥ "સ્વસ્તિક, અષ્ટકોણ, યવ, જંબુફળ, વજ્ર, ધ્વજા, ઊર્ધ્વરેખા, અંકુશ અને કમળ એ નવ ચિહ્નો શ્રીહરિના

જમણા ચરણકમળમાં બિરાજે છે, અને મત્સ્ય, ત્રિકોણ, કળશ, ઇન્દ્રધનુષ, આકાશ, ગોપદ અને અર્ધચન્દ્ર એ પ્રકારે સાત ચિહ્ન શ્રીહરિના ડાબા ચરણકમળમાં બિરાજે છે.'' આ શ્લોકનો ભાવાર્થ લઇ કવિશ્રી આ કડીમાં ભગવચ્ચરણારવિન્દનાં ચિહ્નો ગણાવી તેનું ધ્યાન કરી ચિત્તવૃત્તિનો નિરોધ કરવા જણાવે છે. માટે તે ચિહ્નનું ધ્યાન કરી કવિ જણાવે છે કે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૦

જેમ નટદૃષ્ટિ દોરમાં, પણિહારીની બેડા માંહે,
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંહાંનું ત્યાંહે;
ત્યાંહાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષીવત્ રહેવું;
જકત જાણે જે એ છે જંજાલી, રાખે હૃદે ત્રીકમશું તાળી.
-સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૨૧ ॥

અર્થ : જેમ નટની નજર દોરમાં રહે છે પાણી ભરનારીની નજર જેમ બેડામાં રહે છે, જાર એટલે વ્યભિચારી સ્ત્રીપુરુષનું ચિત્તજેમ એક બીજામાં વળગ્યું રહે છે અર્થાત્ સ્ત્રીનું પુરુષમાં અને પુરુષનું સ્ત્રીમાં વળગ્યું રહે છે, તેમ ભકતે નિરંતર પ્રભુમાં ચિત્તને તલ્લીન કરી દેવું અને સંસારમાં સાક્ષીની માફક રહેવું, જેમકે દુનિયાના લોકો એમ જાણે કે આ જંજાળી છે, પરંતુ હૃદયમાં બિરાજતા શ્રીહરિમાં જ પોતાનું ચિત્ત તલ્લીન રાખવું.

વિવેચન : આ કડીમાં ભક્તિ અર્થાત્ સેવાનું લક્ષણ કવિશ્રી લૌકિક દૃષ્ટાંતોથી પ્રભુમાં મન દૃઢ કરવા દર્શાવતાં જણાવે છે કે - નટ જેમ દોર ઉપર ઊભો રહી હાથમાં વાંસ ઝાલી રાખી દોર ઉપર ચાલે છે, હીંચકા ખાય છે, પરંતુ તેની નજર અર્થાત્ લક્ષ્યબિંદુ દોર ઉપર જ રહે છે; પાણી ભરનારી એકબીજા સાથે વાત કરે છે, પરંતુ તેનું લક્ષ્ય બેડામાંજ રહે છે. વ્યભિચારી મનુષ્ય દરેક કામકાજ કરે છે, પરંતુ વ્યભિચારી સ્ત્રી પુરૂષનું ચિત્ત ત્યાંનું ત્યાંજ એટલે વ્યભિચારમાં જ વળગેલું રહે છે; તેવી જ રીતે ભકતજને પણ હમેશાં પોતાનું ચિત્ત પ્રભુમાં જ પરોવી દેવું જોઇએ; કેમકે શ્રીમન્મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણે આજ્ઞા કરી છે કે **चेतस्तत्प्रवणं सेवा** અર્થાત્ 'જેમ ગંગા નદીનો પ્રવાહ સમુદ્ર તરફ઼ અવિચ્છિન્ન રીતે વહ્યા કરે છે તેમ મનની ગતિ પ્રભુ તરફ઼ અવિચ્છિન્ન વહ્યા કરે તેનું નામ સેવા;'' તદનુસાર કવિશ્રી કહે છે : હમેશાં ચિત્ત પ્રભુમાં પરોવી દેવું અને સંસાર-પ્રપંચમાં સાક્ષીની માફક રહેવું; અર્થાત્ વાદી પ્રતિવાદી પરસ્પર જ્યારે લડતા હોય છે ત્યારે જોનારનું ચિત્ત જેમ તેમના બનતા બનાવ તરફ જ હોય છે, તેમ ભકતે પોતાનું લક્ષ્ય, સંસારના કાર્ય કરે જવાં તથાપિ પ્રભુમાં જ રાખવું જોઇએ. દુનિયા જાણે કે આ જંજાળી મનુષ્ય છે, પરંતુ હૃદયમાં બિરાજેલા પ્રભુનું નામ ધ્યેય રાખી સ્નેહપૂર્વક ચિત્ત તેમાં પરોવી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૧

કંસ શિશુપાળ કુબ્જાદિકે, વૈરે કામે સમર્યા શ્યામ;
એ વિના નાના ભાવથી, સ્મર્યે સર્યાં સર્વેનાં કામ;
કામ થતાં તુચ્છ ભાવે જ્યારે, (તો) શું કહેવું સ્નેહે સ્મરે પછી ત્યારે?
ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું, તો ભવસંકટ સહુ તેનું ભાગ્યું.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૨ ॥

અર્થ : કંસ અને શિશુપાળ એ બંનેએ વૈરભાવે એટલે શત્રુભાવે અને કુબ્જા વગેરેએ કામભાવે શ્યામ સુન્દર શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યુ હતું; અને એમના વિના બીજા ઘણાઓએ જેમકે યાદવોએ સંબંધથી, નારદાદિકે ભકિતથી સ્મરણ કર્યું હતું; જેથી તે સર્વેના કાર્ય થયાં હતાં. કામ જેવા તુચ્છ ભાવથી પણ જ્યારે કામ થયાં તો પછી સ્નેહપૂર્વક સ્મરણ કરનારનું કાર્ય થાય તેમાં તો કહેવું જ શું ? મતલબ કે કોઇપણ પ્રકારે જેનું ચિત્ત શ્રીહરિમાં તલ્લીન બની જાય છે તેનાં સર્વે જન્મમરણાદિક દુ:ખો દૂર થઇ ભગવતપ્રાપ્તિ થાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન: પરબ્રહ્મ પરિપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર कर्तुंमकर्तुंमन्यथाकर्तुं સમર્થ છે, તે આ કડીમાં દર્શાવતાં કવિશ્રી જણાવે છે કે પ્રભુ જ્યારે જીવ ઉપર કૃપા કરવા ઇચ્છે છે ત્યારે અસાધનને પણ સાધન બનાવી લે છે. દૃષ્ટાંત સાથે કહે છે કે જેમ કંસરાજા અને શિશુપાળે પ્રભુનું શત્રુભાવે વારંવાર સ્મરણ કર્યુ હતું, તોપણ જેમ અગ્નિ જાણતાં અગર અજાણતાં પણ તેના ઉપર પગ મૂકનારને બાળ્યા સિવાય રહેતો નથી, તેમ ભગવન્નામમાં પાપને બાળવાની જે શકિત છે તે પણ ભગવાનનું કોઇપણ સ્મરણ કરનારને તેના પાપને બાળી નાખી તેને સદ્દગતિ આપે છે. કામભાવે કુબ્જાએ સ્મરણ કર્યું હતું, કામ એ ભગવત્પ્રાપ્તિ પ્રતિબંધ કરનાર છે એમ મહાનુભાવી શ્રીહરિરાયચરણે ''કામાખ્યદોષવિવરણ'' નામના ગ્રંથમાં સ્પષ્ટ નિરૂપણ કરેલ છે, તથાપિ કામી કુબ્જાનું ચિત્ત ઉપરોકત કડી માં બતાવ્યા પ્રમાણે નરરૂપ પ્રભુમાં તલ્લીન થવાથી કુબ્જાના કામરૂપ દોષને બાળી નાખી તેને સદ્દગતિ આપી. જેમ એક કીડાને લાવી ભમરી ભીંતમાં રૂંધે છે. પછી તે કીડો ભમરીનું ધ્યાન કરતો કરતો ભ્રમર બની જાય છે; તે ન્યાયથી કોઇપણ પ્રકારે શ્રીહરિમાં ચિત્તવૃતિનો નિરોધ થવાથી ભગવત્પ્રાપ્તિ થાય છે. तस्मात्केनाप्युपायेन मनः कृष्णे निवेशयेत् ॥ તેથી કરી કોઇપણ ઉપાયથી મન શ્રીકૃષ્ણમાં પરોવવું જોઇએ.'' ઉપરોકત પ્રકારે જ્યારે કામભાવથી કુબ્જાનો નિરોધ સિદ્ધ થવાથી તેમ જ વૈરભાવે કંસ, શિશુપાળ વગેરેને નિરોધ થવાથી ભગવત્પ્રાપ્તિ થઇ તો પછી સ્ત્રી, પુરૂષ, દ્રવ્ય કુટુંબાદિકથી અધિક સ્નેહ પ્રભુમાં થાય તેઓને ભગવત્પ્રાપ્તિ થઇ જન્મમરણાદિકનું દુ:ખ દૂર થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કવિશ્રીએ આ કડીનો ભાવ શ્રીમદ્દભાગવત સ્કંધ ૧૦ અ. ૨૯

શ્લો. ૧૫ कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव च ॥ नित्यं हरौ विदधंतो यान्ति तन्मयतां हि ते ॥ ઉપરથી તથા સ્કંધ ૭ અ. ૧ શ્લો. ૨૫-૨૮-૨૯-૩૦ ઉપરથી તેમજ પાદ્મોત્તર ખંડના અ. ૨૭૨ ઉપરથી લીધેલો છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૨

અન્ય સાધન શ્રેય આપણું, પણ શ્રીહરિને શું સુખ ?
સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદ જ મુખ્ય;
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા, લોક વેદના ભય નવ કરવા,
પૂજા તે ચાલે શ્રુતિ પ્રમાણ, સેવા તે જેમાં સ્નેહ બંધાણ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૩ ॥

અર્થ : ભક્તિ એટલે સેવા, તે સેવા સિવાય બીજાં જ્ઞાન, કર્મ વગેરે સાધનોથી આપણું કલ્યાણ કદાચિત્ થઇ શકે, પરંતુ શ્રીહરિ કે જેમણે આપણને જન્મ આપ્યો તેમને આપણાથી શું સુખ મળ્યું ? અને શ્રીહરિની સેવામાં તો સેવ્ય શ્રીહરિને અને સેવકને એમ બન્ને જણને આનંદ મળે છે;એટલા માટે બ્રહ્માનંદ કરતાં ભજનાનંદ મુખ્ય છે. લૌકિકનો અને વૈદિકનો ભય નહી રાખતાં શ્રીહરિને સુખી કરવા તે જ મુખ્ય સેવા છે. વેદમાં કહ્યા પ્રમાણે કરવું તે પૂજા છે અને જેમાં સ્નેહપ્રાધાન્ય છે તે સેવા છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : જ્ઞાન, કર્મ વગેરે સાધનોથી કદાચિત્ આપણું કલ્યાણ થ ઇ શકે, પરંતુ स एकाकी न रमते । स द्वितीयमैच्छत् । स हैतावानाश ॥ श्रुतिः ॥ ''તે એકલા રમણ કરી શકતા નથી, તેથી તેમણે બીજાની ઇચ્છા કરી, તે જગદ્રૂપ પોતે બન્યા,'' એ સ્વરમણાર્થ આનંદાનુભવાર્થ સૃષ્ટિ ઉત્પન્ન કરી તેનું ફળ શુ ? અર્થાત્ સેવ્ય સેવક ભાવથી ભજનાનંદમાંજ શ્રીહરિને અને આપણને આનંદાનુભવ પ્રાપ્ત થાય છે. ભજનાનંદ જ મુખ્ય છે; કેમકે જે આનંદ ભજનાનંદમાં મળે છે તે બ્રહ્માનંદમાં મળી શકતો નથી જેમકે સિંધવને પાણીમાં નાખવાથી તે પાણીમાં મળી જાય છે, તેમ બ્રહ્માનંદમાં એટલે અક્ષર બ્રહ્મમાં જ્ઞાની ભકતો લય પામે છે, જેથી તેમાં જ્ઞાનીઓને આનંદની પ્રાપ્તિ થઇ શકતી નથી. દૃષ્ટાંત તરીકે તૃષાતુર માણસને કિનારે રહી જળના સ્વાદનો આનંદ આવે છે તે પાણીમાં ડુબી જવાથી મળતો નથી. તેટલા માટે જ ભકત **चेतस्तत्प्रवणं सेवा** આ વાકયને અનુસરીને ચિત્ત પ્રભુમાં તલ્લીનતા-તાદાત્મ્ય બનાવી નિરોધ સિદ્ધ કરી શુદ્ધ અદ્વૈત છતાં આનંદાનુભવ કરી શકે છે એ જ ભજનાનંદમાં અધિકતા છે. મુખ્ય સેવા અને સેવા એટલે પ્રભુને સ્વકીય અંશરૂપ ભકતો સાથે રમણ યા ક્રીડન દ્વારા સુખ પ્રાપ્ત થવું તે. અને ભકતે નિર્ગુણ પૂર્ણ પુરુષોત્તમને સેવા દ્વારા સુખી કરવામાં લૌકિક યા વૈદિકનો ભય રાખવો નહિ; કેમકે વેદમાં કહ્યા પ્રમાણે નિયમ મુજબ થાય તે **પૂજા** અને જેમાં સ્નેહનું જ પ્રાધાન્ય હોય તે સેવા. દૃષ્ટાંત તરીકે-પૂજા સમયે પુરુષસૂકત ભણી શીત જળથી અભિષેક કરવો જોઇએ, એ વૈદિક વિધિ છે, અને સેવામાં સ્નેહપ્રાધાન્ય હોવાથી શીતકાળ હોય તો પ્રભુને પુરુષસૂકત ભણતાં સુધી શીત જળથી શીતળતા લાગે એ ભાવ વિચારી त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ॥ गीता ॥ ''ત્રિગુણ પરત્વે વેદો છે, માટે હે અર્જુન, તું ત્રણે ગુણોથી રહિત અર્થાત્ નિર્ગુણથા,'' ઇત્યાદિ ગીતોકત ભગવદાજ્ઞાનુસાર નિર્ગુણ ભકત વડે વેદના ભયનો ત્યાગ કરી ઉષ્ણ જળે સ્નેહ પૂર્વક સ્નાન કરાવવામાં આવે છે. તેનું જ નામ સેવા માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૩

એકવાર આખા જન્મમાં, જો શ્રીકૃષ્ણ - ચરણ સ્મરાય,
તો દર્શન યમદૂતનું, કદી સ્વપ્ને પણ નવ થાય ;
થાય જો ભાવ સહિત નિત્ય ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન?
હરિ ઉર નહિ તો તપે શું થાય ? જો છે તો કરે કષ્ટ બદલાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૪ ॥

અર્થ : મનુષ્યજન્મ ધારણ કરીને આખા જન્મમાં જો એક જ વાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રના ચરણારવિન્દનું સ્મરણ કરવામાં આવે તો કોઇ દિવસે સ્વપ્નમાં પણ યમરાજાના દૂતો જોવામાં આવતા નથી, પરંતુ જો ભાવપૂર્વક શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુનું નિરંતર ધ્યાન કરવામાં આવે, અર્થાત્ ચિત્તવૃત્તિનો નિરોધ પ્રભુમાં જ થઇ જાય તો પછી તે જીવના ભાગ્યનું તો પ્રમાણ જ શું કહેવું ? જો હૃદયમાં શ્રીહરિ ન બિરાજે તો પછી ખાલી તપરૂપ કષ્ટ ભોગવવાથી શું ફળ ? અર્થાત કાંઇ જ નહિ; અને જો શ્રીહરિ હૃદયમાં બિરાજે છે તો તે તમામ દુ:ખાદિક દૂર કરે છે જ; માટે તેવા કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવતના ષષ્ઠ સ્કંધ અ. ૩ ના શ્લો ૩૦ માં યમરાજા પોતાના દૂતોને કહે છે કે - जिहवा न वक्ति भगवद् गुणनामधेयं, चेतश्च न स्मरति तच्चरणारविंदम् । कृष्णाय नो नमति यच्छिर एकदापि, तानानयध्वमसतोऽकृतविष्णुकृत्यान् ॥ ३० ॥ ''જેની જિહ્વા ભગવન્નામ લેતી નથી, જેનું ચિત્ત શ્રીહરિના ચરણારવિંદનું સ્મરણ કરતું નથી, જેઓનું મસ્તક ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રને નમન અર્થાત્ દંડવત્પ્રણામ કરતું નથી, એવા ભગવદ્વિમુખ દુષ્ટ જીવોને મારી પાસે લાવો,'' કારણ કે ''બીજા જીવો જે લૌકિકાસકત છે તેમનો માલિક હું છું પરંતુ ભગવત્સેવાપરાયણ વૈષ્ણવોનો માલિક હું નથી.'' તથા પદ્મપુરાણના ઉત્તર ખંડમાં કહ્યુ છે કે येषां चित्ते वसेद्भक्तिः सर्वदा प्रेमरुपिणी । न ते पश्यंति कीनाशं स्वप्नेप्यमलमूर्तयः ॥ 'જેઓના ચિત્તમાં નિરંતર પ્રેમભક્તિ નિવાસ કરે છે તેઓ સ્વપ્નમાં પણ યમરાજાને કે તેમના દૂતોને જોઇ શકતા નથી, કિંતુ ભગવત્પાર્ષદોને જ જુએ છે.'' ઉપરોકત ભાગવત અને પદમપુરાણના શ્લોકોનો આશય લઇ કવિશ્રી આ

કડીમાં જણાવે છે કે મનુષ્યજન્મ ધારણ કરી આખા જન્મમાં એક જ વાર જો શ્રીકૃષ્ણચન્દ્રના ચરણારવિંદનું સ્મરણ કરવામાં આવે તો સ્વપ્નમાં પણ યમના દૂતો જોવામાં આવતા નથી અને જો પ્રભુમાં સ્નેહપૂર્વક નિરંતર ધ્યાન કરવામાં આવે તો પછી તેના ભાગ્યનું તો પ્રમાણ જ શું કહેવું ? અર્થાત્ તે ધન્ય ભાગ્યવાન્ છે પરંતુ વસિષ્ઠસ્મૃતિમાં કહ્યું છે કે नान्तर्बहिर्यदि हरिस्तपसा ततः किम्? ॥ ''અંદર હૃદયમાં કે બહાર પ્રત્યક્ષમાં પ્રભુનાં દર્શન નથીતો પછી તે તપથી શું ફળ ? અર્થાત્ કાંઇજ નહી,'' તદનુસાર કવિશ્રી કહે છે કે જો હૃદયમાં હરિદર્શન ન આપે તો તે તપથી શું ફળ ? અને જો પ્રભુ હૃદયમાં બિરાજે તો પછી તે સર્વ દુ:ખો દૂર કરે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૨૪

(પાદસેવન ભક્તિ)

આપ્યું ઉરસ્થળ મૂકીને, રમા ચરણસેવા નવ ચૂકે,
હૃદય રહિત કદા હરિ કરે, પણ પદાશ્રિત નહિ મૂકે;
મૂકે ના; અંધ્રિ છે ભક્તિનિવાસ, માટે અવલંબે સહુ દાસ
એ ભક્તિ છે અતિશય દુર્લભ, પ્રાપ્ત થયે સર્વે પદ સુલભ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૫ ॥

અર્થ : શ્રી હરિએ લક્ષ્મીજીને રહેવા માટે હૃદયમાં સ્થાન આપેલું છે, તથાપિ તેનો ત્યાગ કરીને લક્ષ્મીજી શ્રીહરિના ચરણારવિંદની સેવા કદાપિ ભૂલતાં નથી, કેમકે કોઇ સમયે પ્રભુ હૃદયમાંથી દૂર કરે, પરંતુ ચરણારવિંદનો આશ્રય કરનારને છોડી શકતા જ નથી, કેમકે પ્રભુના ચરણારવિંદમાં ભક્તિનો નિવાસ એટલે રહેઠાણ છે અને તેથી કરીને જ પ્રભુના દાસ એટલે ભકતજન ભગવચ્ચરણારવિંદનો જ આશ્રય કરે છે. એ ચરણારવિંદની ભક્તિ અત્યંત દુ:ખથી પ્રાપ્ત થાય છે અને જો એ ચરણારવિંદની ભક્તિ પ્રાપ્ત થઇ તો પછી સર્વે પદની પ્રાપ્તિ તે ભકતને સુલભ અર્થાત્ સરલ થઇ જાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવતના ૧૦ મા સ્કન્ધના અધ્યાય ૨૯ના શ્લોક ૩૭માં કહ્યું છે કે - श्रीर्यत्पदाम्बुजरजश्चकमे तुलस्या. लब्ध्वापि वक्षसि पदं किल मृत्यजुष्टम । यस्याः स्ववीक्षणकृतेऽन्यसुरप्रयास, स्तद्वद्वयं च तव पादरजः प्रपन्नाः ॥ લક્ષ્મીજી કાંઇ દૈવગતિથી આપને પ્રાપ્ત થયાં નથી, પણ આપશ્રીને પ્રાપ્ત કરવા માટે તેમણે મોટું તપ કર્યું. તે માત્ર આપનાં પત્ની જ નથી, પરંતુ આપનાં ભકત પણ છે. એમ ન હોય તો વક્ષ:સ્થળમાં સ્વતંત્ર સ્થાન મળ્યું છે તેને છોડીને તુલસીજીની સાથે સોકયપણું સ્વીકારીને ચરણારવિંદની રજની ઇચ્છા ન કરે. ચરણરજ ઉપર તુલસીજીનો અધિકાર છે, કારણ કે ભગવચ્ચરણારવિંદમાં તુલસીજી वृन्दा भक्तिः ॥ શ્રુતિ કહે છે કે વૃન્દા એટલે શ્રીતુલસીજી ભક્તિ સ્વરૂપા છે. અર્થાત્ તુલસીજી ભક્તિ સ્વરૂપે ભગવચ્ચરણારવિંદમાં નિવાસ કરે છે. ભક્તિરૂપે રહ્યાં છે. તે રજની જેને પ્રાપ્તિ થાય તે આપના દાસ બને છે; તેથી લક્ષ્મીજીને વક્ષ:સ્થળમાં સ્થાન મળ્યું છે તોપણ તેઓ ચરણમાં રહેવા માટે ખુશી છે કે ચરણમાં કોઇ અન્યનો સંબંધ ન થાય. વક્ષ:સ્થળમાં રહેવાથી ભગવાન કોઇને ભેટે તો તેનો સંપર્ક થવાનો ભય રહે. આવો ભય રહેવાનું કારણ એ છે કે લક્ષ્મીજીને પ્રાપ્ત કરવા માટે બ્રહ્માદિક દેવો પણ તપશ્ચર્યા કરે છે કે લક્ષ્મીજી અમારી તરફ દષ્ટિ કરે. જો લક્ષ્મીજી દષ્ટિ ન કરે તો બ્રહ્માદિક નો કોઇ પુરુષાર્થ સિદ્ધ ન થાય. લક્ષ્મીજીની ઘણા લોકો કામના કરનાર હોવાથી તેમને ભય ઉત્પન્ન થયું કે કોઇ અત્યુગ્ર તપ કરે તો કોણ જાણે શું કરે, માટે નિર્ભય એવા ભગવચ્ચરણારવિન્દને શરણે જવું કે જેથી કોઇ નજર ન કરી શકે. શ્રીગોપીજનો કહે છે કે ''તે લક્ષ્મીજીની માફક અમો પણ લૌકિક વાસનાઓનો ત્યાગ કરી નિર્ભય એવી આપના ચરણની રજને શરણે આવ્યાં છીએ. જેથી અન્યને લાયક નથી રહ્યા.'' કવિશ્રી આ શ્લોકનો ભાવ ઉપર્યુકત કડીમાં લઇને પાદસેવન ભક્તિનું વર્ણન કરતાં જણાવે છે કે - શ્રીહરિએ લક્ષ્મીજીને રહેવા માટે વક્ષ:સ્થળમાં સ્થાન આપેલું છે, તોપણ તે વક્ષ:સ્થળનો ત્યાગ કરીને લક્ષ્મીજી ''પાદસેવન ભક્તિ'' ચરણારવિંદની સેવાને કોઇ સમયે પણ ચૂકતાં નથી, કેમકે કદાચિત શ્રીહરિ હૃદયમાંથી વિસારે પરંતુ પોતાના ચરણારવિન્દનો આશ્રય કરનાર ભકતોનો શ્રીહરિ કદાપિ ત્યાગ કરી શકતા નથી. આ વાત ચોર્યાશી વાર્તામાં ૪૯મી થાનેશ્વરનિવાસી રામાનંદ પંડિત સારસ્વત બ્રાહ્મણની વાર્તામાં સ્પષ્ટ છે કે - શ્રીમહાપ્રભુજી રામાનંદ પંડિતને ત્યાં પધાર્યા હતા અને તે સમયે વૈષ્ણવો ઉપર તેની સમાન દષ્ટિ યા સદ્ભાવ ન જોતાં તિરસ્કારવૃત્તિ જોતાં રામાનંદનો ત્યાગ કર્યો. તે પછી રામાનંદની વિકલ દશા થતાં માર્ગની મર્યાદા તૂટી ગઇ અને બજારની વસ્તુઓ પણ તેણે ખાવા માંડી, પરંતુ માત્ર પ્રભુને ભોગ ધરીને લેતા. એક સમયે શ્રીમહાપ્રભુજી શ્રીગોવર્ધનનાથજીને ભોગ સમર્પતા હતા તે સમયે શ્રીઠાકુરજીએ કહ્યું કે, 'આજ તો જલેબી સુંદર આરોગી છે.'' કોણે આરોગાવી છે ? એમ પૂછતાં શ્રીનાથજીએ કહ્યું કે રામાનંદ. આ સાંભળી મહાપ્રભુજીએ કહ્યું કે તેનો મેં ત્યાગ કર્યો છે! ત્યારે શ્રીજીએ કહ્યું કે તમે મને શું કરવા સોંપ્યો ? તમે જેને સોંપો છો, તેનો હું કદી ત્યાગ કરતો નથી.આ વાર્તા ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રીહરિના ચરણારવિન્દનો જે આશ્રય કરે છે, તેનો શ્રીહરિ કદાપિ ત્યાગ કરી શકતા નથી, અને તે જ આશયથી કવિ કહે છે કે ચરણારવિન્દનો આશ્રય કરનારને શ્રીહરિ કદાપિ ત્યાગતા નથી, કારણ કે ભગવચ્ચરણારવિન્દમાં શ્રીતુલસીજીરૂપે ભક્તિનો નિવાસ રહે છે ભક્તિનો નિવાસ ચરણારવિન્દમાં હોવાથીજ ભકતો તુલસીજી ભગવચ્ચરણમાં સમર્પે છે અને તે

ચરણારવિન્દનો જ આશ્રય કરે છે. એ ''પાદસેવન ભક્તિ'' પ્રાપ્ત થવી ઘણી મુશ્કેલ છે, તથાપિ જો પ્રાપ્ત થાય તો તેને સર્વે પદ સુલભ થાય છે અર્થાત્ તેને બીજું કાંઇ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૫

(અર્ચન ભક્તિ)

હરિવ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઇનો દોષ;
મન કર્મ વચને જેમ બને, તેમ કરવો સર્વેને સંતોષ;
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસન્ન, તેથી સુખી પોષે હરિજન;
સઘળે દયા એ પૂજા પ્રભુ કેરી, દેહીને દુભવે તે કૃષ્ણનો વેરી.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૬ ॥

અર્થ : શ્રીહરિ સર્વે પ્રાણી માત્રના હૃદયમાં બિરાજે છે એમ સમજીને કોઇ પણ પ્રાણીનો દોષ મનમાં ન લાવવો. મનથી, ક્રિયાથી અને વાણીથી જેમ બને તેમ સર્વ પ્રાણીને સંતોષ આપવો. સર્વ પ્રાણીને સંતોષ આપવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. અને તેટલા જ માટે સુખી પ્રાણીઓ ભગવદ્દભકતોનું પોષણ કરે છે. સર્વે પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી એ પ્રભુની પૂજા બરાબર છે અને કોઇ પણ પ્રાણીને દુ:ખ દેવું તે શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના શત્રુ બનવા સમાન છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : આ કડીમાં કવિશ્રી શુદ્ધાદ્વૈત સિદ્ધાંત દર્શાવતાં જણાવે છે કે શ્રી શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં જગત્ માયાથી કલ્પિત યા મિથ્યા નથી, કિંતુ सर्वं खल्विदं ब्रह्म ॥ ''આ સર્વ દૃશ્યમાન જગત બ્રહ્મરૂપ છે'' 'सहैतावानास ॥' તે શ્રીહરિ આ જગતરૂપે થયા'' हरिरेव जगज्जगदेव हरिः શ્રીહરિ એ જ જગત્ અને જગત્ એહરિ છે ઇત્યાદિ શ્રુતિ સંમત સિદ્ધાંત પ્રમાણે આ જગત બ્રહ્મરૂપ હોવાથી કવિશ્રી કહે છે કે - હરિ સર્વે જીવમાત્રમાં અંશ રૂપે બિરાજે છે. તેથી જીવ માત્રનો દોષ મનમાં ન લાવવો, અને જેવી રીતે બની શકે તેવી રીતે સર્વે જીવોને સંતોષ પમાડવો. સર્વ જીવોને સંતુષ્ટ કરવા એ પ્રભુના આધિભૌતિક સ્વરૂપની પૂજા સમાન હોવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. અને કોઇ પણ પ્રાણીના અંત:કરણને દુ:ખી કરવું એ પ્રભુના શત્રુ સમાન છે. શ્રીમદ્ ભાગવત ૧૧ મા સ્કન્ધમાં તથા શ્રીવલ્લભાચાર્યચરણે "**તત્ત્વદીપનિબંધ**" માં નિરૂપણ કર્યુ છે કે- दयया सर्वभूतेषु संतुष्टया येनकेनचित् । सर्वेन्द्रियोपशान्त्या च तुष्यत्याशु जनार्दनः ॥ " સર્વે પ્રાણી માત્ર ઉપર દયા રાખવાથી, શ્રીહરિઇચ્છાથી પોતાના વર્ણાશ્રમ ધર્મપૂર્વક ચાલતાં જે કાંઇ મળી આવે તેમાં સંતોષ રાખવાથી અને સર્વે ઇદ્રિયોરૂપી ઘોડાઓને સંસારાસકિતથી પાછા વાળી શ્રીહરિની સેવામાં જોડવાથી ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર જલદીથી પ્રસન્ન થાય છે.'' એજ શ્લોકનો આશય લઇને કવિશ્રીએ ઉપર્યુકત કડી રચેલી છે. અને એજ આશયથી વૈષ્ણવ સંપ્રદાયમાં સર્વના હૃદયમાં ભગવદ્- અંશ બિરાજે છે. તેથી સર્વેને પ્રભુરૂપ માની પરસ્પર ''જય શ્રીકૃષ્ણ'' કરવામાં આવે છે. માટે સર્વમાં પ્રભુ બિરાજે છે માની સર્વ ઉપર દયા રાખી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૬

(વંદન ભક્તિ)

એકવાર પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરીને જેણે કીધો,
અશ્વમેધ દશ અવભૃથના, ફળ ઉપર પગ તેણે દીધો;
પગ દીધો શા માટે કહેવાય ? યજ્ઞ કરે તોએ જન્મ તો થાય.
કૃષ્ણ પ્રણામીને નહિ નહિ દેહ, મખથી અધિકતા એહમાં એહ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૭ ॥

અર્થ : મનુષ્યજન્મ ધારણ કરીને જેણે એકવાર શ્રીકૃષ્ણચન્દ્રને પ્રણામ કર્યા છે તેણે દશ અશ્વમેધ યજ્ઞના અવભૃથ સ્નાનના ફળ ઉપર પગ દીધો છે. પગ દીધો શાથી કહેવાય ? કે યજ્ઞ કરે છે તોપણ યજ્ઞ કરનારને ફરીથી પૃથ્વીમાં જન્મ ધારણ કરવો પડે છે, અનેશ્રીકૃષ્ણને પ્રણામ કરનારને ફરીથી દેહ ધારણજ કરવો પડતો નથી યજ્ઞથી શ્રીકૃષ્ણને પ્રણામ કરવામાં એ અધિકતા રહેલી છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : ભીષ્મપિતામહ યુધિષ્ઠિર રાજા પ્રત્યે શ્રીકૃષ્ણને પ્રણામ કરવાનું માહાત્મ્ય દર્શાવતાં કહે છે કે - ! एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथैर्न तुल्यः । दशाश्वमेधी पुनरेति जन्म, कृष्णप्रणामी न पुनर्भवाय ॥ એકવાર પણ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા હોય તો તેના ફળની દશ અશ્વમેધ યજ્ઞ કરી તે યજ્ઞના અંતમાં અવભૃથ સ્નાન કરવાથી જે ફળ મળે છે તે ફળ પણ બરાબરી એટલે સમાનતા કરી શકતું નથી, કારણ કે દશ અશ્વમેધ યજ્ઞ કરવાથી યજ્ઞનું ફળ સ્વર્ગ પ્રાપ્ત થાય છે; પરંતુ ''क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति'' અર્થાત્ યજ્ઞનું પુણ્ય હોય ત્યાં સુધી સ્વર્ગનું સુખ ભોગવી પુણ્ય ખલાસ થતાં મનુષ્યલોકમાં પ્રવેશ કરે છે; એ ગીતાજીના વાકયને અનુસરીને દશ અશ્વમેધ યજ્ઞ કરનારને પણ ફરી ફરીથી જન્મ ધારણ કરવો પડે છે; પરન્તુ ભગવાન શ્રીકૃષ્ણને જો એકવાર પ્રણામ કર્યા હોય તો પ્રણામ કરનારને ફરીથી સંસારમાં જન્મ ધારણ કરવો પડતો નથી. અર્થાત્ તે ભવબંધનમાંથી મુકત થઇ શ્રીહરિને પ્રાપ્ત થાય છે.'' ઉપર્યુકત શ્લોકનું ભાષાંતર અક્ષરશ: આ કડીમાં કવિશ્રીએ વર્ણિત કરી ભગવત્પ્રણામનું અર્થાત્ વંદન ભકિતનું માહાત્મ્ય દર્શાવેલું છે. માટે તે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૭

નમન કર્યું નંદલાલને, સ્નેહ મન કર્મ વચને જેણે,
ધર્મ સાધન પૂર્ણ સહુ કર્યાં, નિશ્ચય જાણજો તેણે;
તેણે કર્યુ હરિપદ અનુકૂળ, દુ:ખ પાપનું ટાળ્યું મૂળ,
દીન ભાવે કર્યું વંદન હરિને, તે જનની ગર્ભ ન આવે ફરીને.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૮ ॥

અર્થ : નંદરાયજીના લાડીલા પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રને સ્નેહપૂર્વક મનથી ક્રિયાથી અને વાણીથી જેણે પ્રણામ કર્યા છે તેણે ધર્મનાં તમામ સાધન પૂર્ણ રીતે કર્યા છે એમ નિશ્ચયપૂર્વક જાણજો. વળી તેણે ભગવત્પદ અનુકૂળ કર્યું અને દુ:ખ તથા પાપોનું મૂળ દૂર કરી દીધું. અર્થાત્ જે શ્રીકૃષ્ણને સ્નેહપૂર્વક નમન કરે છે તે તમામ દુ:ખોનો અને પાપોનો નાશ કરી નાખે છે. દીનતા ભાવપૂર્વક જેણે શ્રીહરિને વંદન કર્યું છે તેઓ ફરીને માતાના ગર્ભમાં આવતા નવી, અર્થાત્ વંદન કરનારને જન્મમરણ મટી ભગવત્પ્રાપ્તિ થાય છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : સજ્જન મનુષ્યોના મનમાં વાણીમાં અને ક્રિયામાં એક જ સિદ્ધાંત રહેલો હોય છે અર્થાત્ સજ્જન ભગવદીયો જેવો સામાને ઉપદેશ કરે છે તેવું જ તેમનું વર્તન હોય છે અને જેઓ દુર્જન હોય છે તેઓના મનમાં વાણીમાં અને ક્રિયામાં જુદો જુદો ભાવ રહેલો હોય છે; અર્થાત્ તેઓ બોલે કાંઇક, સામાને ઉપદેશ કરે, પરંતુ બોલવા પ્રમાણે તેઓનું વર્તન હોતું નથી માટે કવિશ્રી કહે છે કે - પ્રભુના સ્વરૂપનું માહાત્મ્ય સમજીને આપણો લૌકિકમાં અર્થાત્ ઘર સ્ત્રી પુત્ર કુટુંબ વગેરેમાં જેવો સ્નેહ પ્રેમ હોય છે, તેથી અધિક સ્નેહ પ્રભુમાં રાખીને મન વચન અને ક્રિયાથી એકતાન બની જે દીનતાભાવપૂર્વક નંદરાયજીના લાડીલા વ્રજાધીશ શ્રીકૃષ્ણચન્દ્રને વંદન (દંડવત્પ્રણામ) કરે છે તેઓ તમામ દુ:ખોને તથા પાપોને દૂર કરીને ભગવત્પદની પ્રાપ્તિ મેળવે છે, એટલે તેમને કાંઇ પણ ધર્માચરણ કરવાનું અથવા ભગવત્પ્રાપ્તિ માટે સાધન કરવાનું બાકી રહેતુંજ નથી અને તેઓને ફરીથી માતાના ગર્ભમાં આવવું પડતું નથી, અર્થાત્ ફરીને સંસારમાં જન્મ લેવો પડતો નથી. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. શ્રીસુબોધીનીજી વગેરેમાં એ જ સિદ્ધાંત દર્શાવ્યો છે કે दैन्यं त्वत्तोषसाधनम् ॥ ''હે ભગવન્ આપને સંતુષ્ટ કરવાનું સાધન એક દીનતા જ છે'' नहि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥ '' શ્રીહરિ સાધન સંપત્તિથી કોઇને સંતુષ્ટ થતા નથી કિંતુ શ્રીહરિને સંતોષ કરવાનું સાધન ભકતોને એક માત્ર દીનતા જ છે.'' શ્રીમદ્દવલ્લભાચાર્યચરણે તત્ત્વદીપ નિબંધમાં એ જ સ્પષ્ટ આજ્ઞા કરી છે કે - भगवति जीवैर्नमनमेव कर्तव्यं नाधिकं शक्यमिति सिद्धान्तः ''किमासनं ते गरुडासनाय, किं भूषणं कौस्तुभभूषणाय ।लक्ष्मीकलत्राय किमस्ति देयं, वागीश किन्ते वचनीयमस्ति ॥'' ભગવાનને જીવોએ નમન જ કરવું જોઇએ; એથી અધિક જીવ કરવાને સમર્થ નથી, એ સિદ્ધાન્ત છે, કેમકે-જેમને ગરુડજીનું આસન છે;કૌસ્તુભમણિ આભૂષણમાં છે અને લક્ષ્મીજી સ્વયં પત્ની છે તેમને જીવ અર્પણ શું કરી શકે; કદાચિત્ સ્તુતિ કરે પરંતુ પ્રભુ વાણીના પતિ છે, જેથી નમન સિવાય જીવો કાંઇ કરવાને સમર્થ નથી'' આ શ્લોકોકત સિદ્ધાંત ઉપરની કડીમાં કવિશ્રીએ દર્શાવ્યો છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૮

(દાસ્ય ભક્તિ)

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરુષોત્તમ જેને માથે,
ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાની માન્યું મન સાથે;
મન સાથે માને જે હું ભૂપ, જગત પૂજે જાણી રાણીનું રૂપ;
પણ પતિસુખ સ્વપ્ને નહિ એને, એળે એ અથડાય છે શેને ?
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૨૯ ॥

અર્થ : કવિશ્રી આ કડીમાં ભગવદ્દભક્ત અને બ્રહ્મજ્ઞાનીનું તારતમ્ય દર્શાવતાં જણાવે છે કે - જેમ પતિવ્રતા સ્ત્રી જ્યાંસુધી પોતાને માથે ધણી હોય ત્યાંસુધી તેની સેવા કરવામાં જ સૌભાગ્ય માને છે, તેમ ભગવદ્દભકતને પુરુષોત્તમ શ્રીકૃષ્ણરૂપ પતિ માથે બિરાજે છે જેથી તેમની દાસ્યભક્તિ કરવામાં જ સૌભાગ્ય છે. પરંતુ બ્રહ્મજ્ઞાનીઓ શ્રીપુરુષોત્તમરૂપ ધણી માથે હોવા છતાં પોતાના મન સાથે વિધવાપણું માની લે છે. દૃષ્ટાંત તરીકે જેમ કોઇ રાણી પ્રજા ઉપર સત્તા ભોગવતી હોય અને તેથી મન સાથે પોતે માની લે કે હું જ રાજયનો રાજા છું પરંતુ જગત્ તો તેને રાણી તરીકે જ માનતું હોય તો તેથી પોતાનાથી પર બીજો રાજા ન હોવાથી તે પતિના સુખનો આનંદ સ્વપ્નમાં પણ મળી શકતો નથી. તેમ બ્રહ્મજ્ઞાનીઓ અહં બ્રહ્માસ્મિ' કહી પોતે જ બ્રહ્મરૂપ બની જાય છે, જેથી તેમને શ્રીપુરુષોત્તમ પર હોવા છતાં તેમની દાસ્યભક્તિનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી; માટે જ કવિશ્રી કહે છે કે એ બ્રહ્મજ્ઞાનીઓ શા માટે અથડાય છે? જેથી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : આ કડીમાં કવિશ્રી ભકતને પતિવ્રતા સાથે સરખાવવાનું કહે છે કે જેમ પતિવ્રતા સ્ત્રી જેને માથે ધણી હયાત છે તે પતિની સેવા કરવામાં પોતાનું સૌભાગ્ય માની સેવાનું સુખ ભોગવે છે, તેમ ભગવદ્દભકત કે જેને માથે શ્રીપુરુષોત્તમરૂપ પતિ બિરાજે છે તે પુરુષોત્તમ પતિના દાસ બની તેમની સેવાનું સુખ અનુભવી પરાત્પર પરબ્રહ્મ શ્રીપુરૂષોત્તમની લીલાઓના સુખને અનુભવે છે; પરંતુ બ્રહ્મજ્ઞાનીઓ પોતાનાથી પર શ્રીપુરુષોત્તમરૂપ પતિ હોવા છતાં, પોતે જ ''अहं ब्रह्मास्मि'' કહી પોતાને બ્રહ્મ માની લે છે; પરંતુ ખરી રીતે ''ममैवांशो जीवलोके जीवभूतः सनातनः'' એ ગીતાજીના ભગવદ્દવાકયાનુસાર જીવ એ ભગવાનનો અંશ છે; તેમાં આનંદાંશ પ્રકટ થઇ સર્વજ્ઞત્વાદિ ધર્મો પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જીવ બ્રહ્મ થઇ શકેજ નહિ. અને જ્યાંસુધી અંશરૂપ જીવપણું છે ત્યાં સુધી ''यो यदंशग्स तं भजेत्'' એ શ્રુત્યનુસાર અંશી શ્રીપુરુષોત્તમની સેવાનું સુખ ભોગવવું એ જીવનો ધર્મ છે, તેનો ત્યાગ કરી પોતે બ્રહ્મજ્ઞાનીએ પોતાને બ્રહ્મરૂપ માને છે. જેથી કવિશ્રી કહે છે કે જેમ કોઇ રાણી રાજ્યસત્તા ભોગવતાં પોતે હું આ રાજ્યનો રાજા છું એમ મનથી માની લે, પરંતુ જગત્ તો તેને રાણી તરીકે જ સન્માને છે, તેમ આ

બ્રહ્મજ્ઞાનીઓમાં સર્વજ્ઞત્વાદિ ધર્મો ન હોવાથી તેઓ અંશરૂપ હોવા છતાં પોતે બ્રહ્મરૂપ બનવાથી શ્રીપુરુષોત્તમની લીલાઓના સુખનો અનુભવ મેળવતાં વિધવા સ્ત્રીને જેમ પતિના સુખનો આનંદ મળતો નથી તેમ વિધવાપણું ભોગવે છે અને નકામા અથડાઇ મરે છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૨૯

દાસપણે જે આનંદ છે, તે નથી ભળ્યે જગદીશ,
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાઘ-આશે છે દાવે શીશ;
શીશ છેદ્યા પછી મુગટ ક્યાં ધારે ? સહુ મૂર્ખ કોઇ મનમાં ન વિચારે;
જળને તે શો જળપાનનો સ્વાદ ? જગ જુદો રહી પામે આહ્લાદ .
- સેવો શ્રીકૃષ્ણ કુપાળ ॥ ૩૦ ॥

અર્થ : દાસપણામાં ભકતને જે આનંદ પ્રાપ્ત થાય છે તે બ્રહ્મજ્ઞાનીઓને અક્ષર બ્રહ્મમાં લય થવાથી પ્રાપ્ત થતો નથી. બ્રહ્મજ્ઞાનીઓને અક્ષરબ્રહ્મમાં લય પામવા રૂપ જે મોક્ષ મળે છે તેનું સુખ કેવું છે તે કવિ દૃષ્ટાંત આપી સમજાવે છે કે - પાઘડી બંધાવવાની આશાએ જેમ કોઇ પ્રથમ માથું કપાવે તેના જેવું છે. પરંતુ સર્વે મૂર્ખ છે, કોઇ પોતાના મનમાં વિચાર કરતા નથી કે પ્રથમ માથું કપાવ્યું તો પછી પાઘડી પહેરવાની ક્યાં? જેમ જળમાં જળ ભળે તો શું તે જળને જળનો સ્વાદ આવે છે ? નહિજ. પરંતુ જો મનુષ્ય જળથી બહાર રહીને પાન કરે છે તો તેને જળના પાન કર્યાનો આનંદ પ્રાપ્ત થાય છે. તેમ ભગવદ્દાસ બની પ્રભુના સાક્ષાત્કારપૂર્વક તેમની સેવા કરવામાં જ ભકતને આનંદ મળે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : આ કડીમાં કવિશ્રી ભકતોના અને બ્રહ્મજ્ઞાનીઓની ફલપ્રાપ્તિનું તારતમ્ય સમજાવતાં જણાવે છે કે - ભકતને ભગવાનનો દાસ બની સેવા કરવાથી પરાત્પર પરબ્રહ્મ શ્રીપુરુષોત્તમની લીલાઓના અનુભવનો આનંદ પ્રાપ્ત થાય છે. અને બ્રહ્મજ્ઞાનીઓને અક્ષર બ્રહ્મમાં ભળી જવા રૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. આ વાત ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર પોતે શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૨ મા અધ્યાયમાં ભકત અને જ્ઞાની એ બેમાં ઉત્તમ કોણ એ અર્જુનના પ્રશ્નના સમાધાનમાં બીજા શ્લોકમાં ભકતને યુકતતમ વિશેષ યોગ્ય જાણનાર દર્શાવી પાંચમા શ્લોકમાં સ્પષ્ટ કહે છે કે !

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

બ્રહ્મજ્ઞાનીઓને અક્ષરની ઉપાસના કરતી વખતે તેઓને અધિક કલેશ થાય છે કારણ કે નિર્વિશેષ અક્ષર સાથે અભેદની ભાવના કરવી એ કલેશ વિના થઇ શકતી નથી. અને કલેશ હોવા છતાં ફળ પણ અવ્યકત ગતિ જ છે. અર્થાત્ મારા અવ્યકત દેહરૂપ અક્ષરમાં જેઓનું ચિત્ત આસકત છે તેઓને તે અવ્યકત ગતિ જ દુ:ખથી પ્રાપ્ત થાય છે; પરંતુ તે અક્ષરરૂપ દેહમાં રહેલા સાક્ષાત્ રસરૂપ આનંદ રૂપ પુરુષોત્તમની પ્રાપ્તિ તેઓને થતી

નથી. જેમાં આરંભથી તે અંત સુધી આનંદ છે એવી ભગવાનની સેવાનો આનંદ તો ભકતોનેજ મળે છે.'' કવિશ્રી આ શ્લોકનો આશય લઇને દૃષ્ટાંતથી સમજાવે છે કે - જેમ પાઘડી બાંધવાની આશાએ માથું કપાવનારને પાઘડી બાંધ્યાનો આનંદ મળતો નથી અને જળને જળમાં મળવાથી જળપાન કર્યાનો સ્વાદ મળતો નથી. કિંતુ જળથી જુદા ઊભા રહી જળપાન કરનારને જળપાનના આનંદનો અનુભવ થાય છે, તેમ બ્રહ્મજ્ઞાનીઓને અક્ષરની પ્રાપ્તિ થવાથી તેમને પુરુષોત્તમની લીલાઓના અનુભવનું સુખ મળતું નથી; પરંતુ તે સુખ તો સેવા કરનાર ભકતને જે મળે છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૦.

જીવ બ્રહ્મ થાયે નહીં, થાયે તો બ્રહ્માનંદ કો'ને ?
ભોકતાપણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને ?
શાને કહો, ''ન્યારો નથી બ્રહ્મ નામી'', ક્યમ બોલ્યો જનક સાયુજ્યતા પામી;
બોલે તે બીજો કહેવાય, ઇશ્વર જીવ કદી નવ થાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૧ ॥

અર્થ : જીવ બ્રહ્મ બની શકેજ નહિ, અને બની શકે તો બ્રહ્મથી મળતો આનંદ તે કોને મળે ? બ્રહ્માનંદનો ભોકતા જો જીવને માનશો તો જીવભાવ મટીને જીવ બ્રહ્મ શી રીતે બન્યો ? નામ ધારણ કરનાર બ્રહ્મ જુદો નથી એ શી રીતે કહી શકો છો ? જુદો નથી એમ કહો તો જનક રાજા સાયુજયતા પામ્યા પછીથી ''મને સાયુજ્ય થયું'' એમ બોલ્યા હતા તે શી રીતે બોલી શકે ? બ્રહ્મથી નામરૂપ ધારણ કરનાર બ્રહ્મ જુદો હોય તોજ બોલી શકાય, માટે બ્રહ્મ એટલે ઇશ્વર છે તે જીવ કોઇ પણ રીતે થઇ શકે જ નહિ; માટે જીવ ભગવાનનો અંશ છે અને ભગવાન અંશી છે એમ સમજીને પરાત્પર પરબ્રહ્મ કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : આ કડીમાં કવિએ બ્રહ્મવાદીઓ સામે એક સયુક્તિકવાદ રજૂ કર્યો છે કે-જીવ બ્રહ્મ થઇ શકે જ નહિ, અને થઇ શકે તો બ્રહ્મથી મળતો આનંદ કોને મળે છે ? જીવ આનંદ ભોગવે છે એમ કહી ભોકતાપણું જીવને માનશો તો ભોકતા અને ભોગ્યનો સંબંધ માન્યો, તો પછી જીવ બ્રહ્મ બન્યો કહો છો તે શી રીતે સંભવી શકે ? જીવભાવ મટે તો જ બ્રહ્મરૂપ થયો કહી શકાય, અને જીવભાવ મટે નહિ તો પછી બ્રહ્મરૂપ થયો, કહી શકાય જ નહિ, અંશી ઇશ્વરરૂપ બ્રહ્મથી નામરૂપ ધારણ કરનાર અંશરૂપ બ્રહ્મ જુદું નથી એમ જો કહો તો જનક રાજા સાયુજ્યતા પામ્યા પછીથી પણ ''મને સાયુજ્ય થયું'' એમ બોલ્યા હતા, તે પોતે બ્રહ્મરૂપ થયા હતા તો બોલ્યા શી રીતે ? અર્થાત્ શ્રીહરિએ લીલા માટે જ ઐચ્છિક દ્વૈતનું સ્થાપન કર્યુ છે, છેવટે પણ જીવભાવ નષ્ટ ન થતાં સર્વ

વિપશ્ચિત બ્રહ્મની સાથે રહી સર્વ ઇચ્છાઓનો ઉપભોગ કરે છે. ખરું જોતાં જીવ ભગવાનનો અંશ છે અને ભગવાન અંશી છે. આ શુધ્ધાદ્વૈત સિદ્ધાંતને અનુસરીને ભકતકવિ શ્રીતુલસીદાસજીએ કહ્યું છે કે - सेवक सेव्य भाव विनु, भव न तरीयें उरगारि। भजहु रामपदपंकज, अस सिद्धान्त विचारी॥ અતએવ કવિ દયારામભાઇ કહે છે કે જીવ અને બ્રહ્મનો અંશાંશિભાવ સમજીને કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૧

(સખ્ય ભક્તિ)

અહોભાગ્યમહોભાગ્ય, ધન્ય વ્રજ-જન પરમ પવિત્ર,
પૂર્ણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મિત્ર,
મિત્ર થઇ સર્વે સુખ દીધું, સર્વભાવે કારજ બહુ કીધું,
શેષ-મહેશ-વિધિ શ્રી-અલભ્ય, તે ફળ શ્રી ગોપીજન લભ્ય;
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૨ ॥

અર્થ : અત્યંત પવિત્ર વ્રજવાસીઓને ધન્યવાદ ઘટે છે, તેમનાં જ અહોભાગ્ય છે કે પરમાનંદસ્વરૂપ પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્ર જેઓના મિત્ર થયા અને મિત્ર બનીને સખાભાવે બધું કાર્ય પૂર્ણ કરી આપી અનેક વિધ ક્રીડાઓ કરી સર્વ પ્રકારનું તેમને સુખ આપ્યું, અને જે ફળ શેષજી, મહાદેવજી, બ્રહ્માજી અને લક્ષ્મીજીને પણ મળ્યું નથી. તે ફળ શ્રીગોપીજનોએ જેમનાથી મેળવ્યું છે એવા કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : આ કડીમાં સખ્ય ભક્તિનું વર્ણન કરતાં કવિશ્રી કહે છે કે વ્રજમાં રહેનાર વ્રજભકતો. ભગવાનને પોતાના સખા માનતા હતા અને ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર પણ તેમના મિત્ર બની સ્નેહભાવે તેમનાં સર્વ કાર્ય સિદ્ધ કરી આપી અનેકવિધ પરમ સુખનું દાન કર્યું, અને જે કૃપાનું દાન શ્રીહરિએ ગોપીજનોને દીધું તે કૃપાનું દાન શેષ, મહેશ, બ્રહ્મા અને લક્ષ્મીજીને પણ અનેક વર્ષો સુધી તપ કરવા છતાં પણ મળ્યું નથી. આ વાત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના અધ્યાય ૧૪ના શ્લોક ૩૨ માં પણ સ્પષ્ટ નિરૂપણ કરેલી છે કે अहो भाग्यमहो भाग्यं नन्दगोपव्रजौकसाम्। यन्मित्रं परमानन्दं पूर्ण ब्रह्म सनातनम्। ''નન્દગોપના વ્રજમાં રહેનારાઓનું અર્થાત્ વ્રજાંગનાઓનું શું મહદ ભાગ્ય છે કે પરમ આનંદસ્વરૂપ સનાતન પરિપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર જેમના મિત્ર બન્યા છે. नेमं विरश्चिर्न भवो न श्रीरप्यंगसंश्रया। प्रसादं लेभिरे गोप्यो यत्तत्प्राप विमुक्तिदात्॥ '' જન્મમરણ મટાડી પરમ પદની પ્રાપ્તિ કરાવનાર મુકુંદ શ્રીકૃષ્ણચન્દ્રથી જે અનુગ્રહ ગોપીજનોને મળ્યો તે અનુગ્રહ શ્રીબ્રહ્માજી, શ્રીમહાદેવજી અને શ્રીહરિના વક્ષસ્થળમાં રહેનાર શ્રીલક્ષ્મીજીને પણ મળ્યો નથી.'' ઉપરોકત બન્ને શ્લોકોનું અક્ષરશઃ ભાષાંતર કવિશ્રીએ આ ચંદ્રાવળામાં ઉતારેલું છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૨

(આત્મનિવેદન ભક્તિ)

દેહ પ્રાણ ઇન્દ્રિય અંતઃકરણ, ધર્મ દારા ગૃહ ધન,
પુત્ર આપ્ત આત્મા સહ, સર્વ સમર્પ્યું જગજીવન,
જગજીવનને સર્વાત્મભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે;
તે જ ગમે પ્રભુ જયમ સુખી થાય, ''આત્મનિવેદન'' એ કહેવાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૩ ॥

અર્થ : દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણ, અને તે ચારેના ધર્મો, સ્ત્રી, ઘર, ધન, પુત્ર, સગાંસંબંધી આત્મા સહિત સર્વ પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રને સમર્પીને, પોતે પ્રભુનો અંશ હોવાથી સ્વાભાવિક દાસ હોવાને લીધે સ્વકર્તવ્ય સમજીને સર્વાત્મભાવપૂર્વક પ્રભુને જેવી રીતે સુખ પ્રાપ્ત થાય તેવી રીતે અર્થાત્ ઋતુ અનુસાર ભાવનો વિચાર કરી સેવા કરવી, એ ''આત્મનિવેદન'' ભક્તિ કહેવાય તે આત્મનિવેદનપૂર્વક કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : કવિશ્રીએ આ ચન્દ્રાવળામાં બ્રહ્મસંબંધના ગદ્ય મંત્રનું અક્ષરશઃ ભાષાંતર આપેલું છે. ભગવત્સેવાના અધિકાર માટે પ્રથમ દીનતાપૂર્વક દાસભાવ પ્રાપ્ત થવાની જરૂર છે ને તે પ્રાપ્ત કરવા અહંતા મમતા દૂર થવી જોઇએ. તે દૂર કરવા ભક્તિમાર્ગમાં પ્રથમ પગથિયારૂપ વૈષ્ણવોને ગુરુદેવદ્વારા બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે. બ્રહ્મસંબંધ એજ આત્મનિવેદન. એ આત્મનિવેદનનો પ્રકાર બૃહદારણ્યકોપનિષદના અધ્યાય ૪ થાના બ્રાહ્મણ ૫ મામાં નિરૂપણ કરેલો છે બીજી પણ શ્રુતિ આ પ્રકારે છે - यः જે પુરુષ पूर्व्याय वेधसे જગત્‌ના આદિકર્તા नवीयसे નિત્યનૂતનરૂપ सुमज्जानये લક્ષ્મીપતિ विष्णवे બાહ્યાભ્યંતરરસાવિષ્ટિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને ददाशति (अविशेषात् सर्वदेहेन्द्रियप्राणान्तः करणादि) ખાસ કાંઇ કહેલું ન હોવાથી દેહ, ઇન્દ્રિય પ્રાણ, અંતઃકરણ વગેરે બધું અર્પણ કરે છે, અને यः જે પુરુષ महत : વ્યાપક अस्य શ્રીકૃષ્ણના महि સર્વશ્રેષ્ઠ जातं (गुणकर्मणामुपलक्षणमेतत्) પ્રાકટયલીલા, ગુણ અને ચરિત્રોનું ब्रवत् કીર્તન કરે सः તે પુરુષ इत उ નિશ્ચય युज्यं ભગવત્સાયુજ્યને अभ्यसत् પ્રાપ્ત થાય. તેમજ श्रवोमिः ભગવત્પ્રાકટય, ગુણ અને લીલાઓનું શ્રવણ કરવાળી ક્કડ चित् સચ્ચિદાનન્દરૂપ પ્રભુને अभ्यसत् પ્રાપ્ત થાય.'' તેમજ ભગવદ્‌ગીતાના અ. ૯ના શ્લોક ૨૭માં પણ નિરૂપણ કર્યું છેકે - यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्। यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ ''હે અર્જુન ! જે તું કરે છે જે ભોજન કરે છે, જે હોમ કરે છે, જે દાન કરે છે, જે તપ કરે છે, તે મને અર્પણ કર.'' શ્રીમદ્‌ભાગવતના ૧૧ મા સ્કંધના અ. ૩ શ્લો. ૨૮માં કહ્યું છે કે दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनम्। સ્ત્રી, પુત્રો' ઘર, પ્રાણ વગેરે પરબ્રહ્મ

શ્રીકૃષ્ણને નિવેદન કરવું.'' વળી શ્રીભાગવત સ્ક. ૧૧ અ. ૨ શ્લો. ૩૬માં પણ - कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वानुसृतस्वभावात् । करोति यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ॥ '' દેહથી, વાણીથી, મનથી, ઇન્દ્રિયોથી અને બુદ્ધિથી તથા સ્વભાવને અનુસરી જે જે કરે તે પરબ્રહ્મ નારાયણને નિવેદન કરવું''. આ પ્રમાણે વેદ, ગીતા, શ્રીમદ્‌ભાગવત વગેરેમાં જે આત્મનિવેદનનો પ્રકાર દર્શાવ્યો છે તદનુસાર કવિ કહે છે કે - દેહ,પ્રાણ,ઇન્દ્રિય,અંત:કરણ (મન, બુદ્ધિ,ચિત્ત, અહંકાર) અને તેના ધર્મો સ્ત્રી, ઘર, ધન, પુત્ર, પુત્રી, સગાંસંબંધીએ બધાં પોતાના આત્મા સહિત પ્રભુને નિવેદન કરી સહજ સ્વભાવે કરી સ્વકર્તવ્ય સમજી, પ્રભુને સુખ પ્રાપ્ત થાય તેવી રીતે સ્નેહપૂર્વક ''આત્મનિવેદન'' કરી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૩

સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે ?
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની, શીદ ડરપે ?
ડરપે છે કાળથી, રહે છે ઉચાટે, તે પરનું માન્યું પોતાનું તે માટે,
જેથી બંધાયો તે વસ્તુ દે મૂકી, તારી ન જાણીશ-રાઢ એ ચૂકી .
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૪ ॥

અર્થ : સર્વ જગદ્‌રૂપ ભગવાન્ પોતે જ બનેલા છે, જેથી સર્વ વસ્તુના ઉત્પન્નકર્તા શ્રીકૃષ્ણ હોવાથી સર્વ વસ્તુના ખરી રીતે માલિક શ્રીકૃષ્ણ જ છે. માટે કવિ કહે છે કે- જ્યારે સર્વ વસ્તુ શ્રીકૃષ્ણની છે તો પછી તે શ્રીકૃષ્ણને સર્વ વસ્તુ શા માટે અર્પણ કરતો નથી ? આત્મા સહિત શ્રીકૃષ્ણને સર્વ અર્પણ કરીને તું શ્રીહરિનો દાસ બની જા. શા માટે ભય રાખે છે ? કાળથી તું ભય પામે છે તેથી જ તને ઉચાટ રહે છે, કારણ કે શ્રીકૃષ્ણની સર્વ વસ્તુ છે તથાપિ તેં તારી માની લીધી છે, તેથી જ તને કાળનો ભય રહે છે. માટે જે અહંતા મમતાનો ત્યાગ કરી સર્વ વસ્તુ શ્રીકૃષ્ણની છે એમ માનીશ એટલે તકરારનો અંત આવશે; માટે સર્વ વસ્તુ શ્રીકૃષ્ણને સંમર્પી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : स एकाकी न रमते । स द्वितीयमैच्छत् । स द्वैतावानास ॥ ''તે પ્રભુ એકલા રમતા નથી, તેણે બીજાની ઇચ્છા કરી, તે પોતે જ આ જગદ્‌રૂપે થઇ ગયા.'' આ વેદવાકયથી આ બધું જગત્ પ્રભુનું જ છે એમ સિદ્ધ થાય છે તેમ જ શ્રી ભાગવતના અષ્ટમ સ્કંધના અધ્યાય ૨૨ શ્લોક ૨૦ માં વિંધ્યાવલિએ પણ તે જ વાત સ્પષ્ટ નિરૂપણ કરતાં કહ્યું છે કે - क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते स्वाम्यन्तु तत्र कुधियोऽपर ईश कुर्युः ॥ ''હે ઇશ ! આ ત્રિભુવનને આપે ક્રીડા કરવા માટે રચેલું છે, તેમાં આપને ભૂલીને પોતાનું સ્વામિપણું માનનારા દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષો છે, બાકી ખરી રીતે સ્વામી તો આપજ છો.'' ઉપરોકત વેદાદિ પ્રમાણોને અનુસરી કવિશ્રી કહે છે કે - આ બધું શ્રીકૃષ્ણનું જ

છે. તો હે જીવ ! તું તે સર્વ વસ્તુ પ્રથમ પ્રભુને કેમ અર્પણ કરતો નથી ? તારા આત્મા સહિત સર્વ વસ્તુ અર્પણ કરી દે, અને તે શ્રીહરિનો દાસ બનીને રહે, તે દેહાદિકમાં સ્વત્વં (પોતાપણું) અને દેહના સંબંધીઓમાં સ્વીયત્વ (મમતાપણું) માનેલું છે જેથી તને કાળનો હમેશાં ભય રહે છે અને સર્વ પ્રભુનું છતાં જે અહંતા મમતાથી તેં પોતાનું માન્યું છે તને લીધે જ તને ઉચાટ રહે છે; પરંતુ अहंममेति बन्धोऽस्ति नाहंममेति मुक्तता ॥ ''હું અને મારું માનવું એજ બંધન છે અને તે અહંતા મમતાને છોડી દેવી તેજ મુકિત છે.'' દૃષ્ટાંત તરીકે આપણું એક મકાન હોય, તે મકાન જો આપણે કોઇને વેચાણ આપી રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી આપીએ, અને ત્યાર પછી કોઇ કહે કે તે મકાન સળગી ગયું, તોપણ આપણને તેનો ઉચાટ થતો નથી, તેમ આપણે આ સર્વ પ્રભુનું સમજી પ્રભુને નિવેદન કરી તેમના દાસ બની જઇએ તો જ એ અહંતા મમતામાંથી નિર્મુકત થઇએ અને અવિદ્યાકૃત બંધન છૂટીને તકરારનો અંત આવે છે; માટે આત્મનિવેદન પૂર્વક કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો ૩૪.

(પ્રેમલક્ષણા ભક્તિ)

રૂપ, ગુણ, દ્રવ્ય, ત્રણ એ, કારણ પ્રીત થવાનાં કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ, સ્નેહ તે કૃષ્ણને ભાવે;
ભાવે એ પ્રેમ વહાલો વશ થાય, તેણે મૂકી ક્ષણ દૂર ના જાય;
તે જને સુખ માન્યું મન એહ, જ્યમ ત્યમ થાય સુખી પ્રભુ તેહ;
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૫ ॥

અર્થ : રૂપ, ગુણ અને દ્રવ્ય એ ત્રણ વસ્તુથી સામાન્ય રીતે પ્રીતિ થાય છે. લૌકિક પ્રીતિ વિકારવાળી હોય છે, પરંતુ જે નિર્વિકાર સ્વભાવિક સ્વત: સિદ્ધ, સ્નેહ તે જ શ્રીકૃષ્ણને ગમે છે. પ્રિયતમ શ્રીકૃષ્ણચન્દ્ર એ નિર્વિકાર સહજ પ્રેમથી જ વશ થાય છે, અને તે પ્રેમી ભકતને છોડીને ત્યાંથી એક ક્ષણવાર પણ દૂર ખસતા નથી, તેમ જ તે ભકત પણ જે પ્રકારે પ્રભુ સુખી થાય તેજ પોતાના મનમાં સુખ માને છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : જગતમાં સામાન્ય રીતે ત્રણ પ્રકારે પ્રીતિ થાય છે: એક તો રૂપસૌન્દર્યથી, બીજી ગુણવાન મનુષ્યમાં કોઇ સારો ગુણ જોવાથી અને ત્રીજું દ્રવ્યવાન્ પુરુષમાં દ્રવ્યની લાલચથી, આમ ત્રણ પ્રકારે લૌકિક પ્રીતિ થાય છે, જેવી પ્રીતિ લૌકિક સ્ત્રી, પુત્ર, કુટુંબાદિકમાં હોય છે તેનાથી અધિક અને અનન્ય પ્રેમ જ્યારે ઇશ્વરમાં જોડાય છે. ત્યારે જ તેને ''ભકિત'' કહેવામાં આવે છે. મહર્ષિ નારદજી કહે છે કે - सा त्वस्मिन् परमप्रेमरुपा ॥ ''જગત્‌ના સમસ્ત પદાર્થોથી, તથા પરલોકની સમસ્ત સુખ

સામગ્રીમાંથી મોક્ષ પર્યંતથી પણ ચિત્તને ખસેડીને જ્યારે એક માત્ર પોતાના પરમ પ્રેમાસ્પદ ભગવાનમાં જોડી દેવામાં આવે છે, પોતાની મમતા અને આસકિત સર્વ પદાર્થોમાથી નીકળીને એક માત્ર પ્રિયતમ શ્રીકૃષ્ણમાં જ્યારે જોડાઇ જાય છે ત્યારે તેને **"અનન્ય પ્રેમ"** કહેવામાં આવે છે.'' આવા અનન્ય પ્રેમથી જ ભગવાન્ કહે છે કે - अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ॥ **'' હું પ્રેમી ભક્તને આધીન પરતંત્ર જેવો વશ બની જાઉં છું.''** શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૧ અ. ૧૪ શ્લો. ૧૬માં સ્વયં ભગવાન્ આજ્ઞા કરે છે કે- अनुव्रजाम्यहं नित्यं पूययेत्यङ्घ्रिरेणुभि : ॥ '' મારું મનન કરવાવાળા પ્રેમી ભકતોની ચરણરજથી પોતાને પવિત્ર કરવા માટે હું સદાસર્વદા એમની પાછળ પાછળ ફર્યા કરૂં છું. नास्त्यव तस्मिंस्तत्सुखसुखित्वम् ॥ ''નારદજી ૨૪મા સૂત્રમાં કહે છે કે લૌકિક પ્રીતિવાળો પોતાના સુખની ઇચ્છા કરે છે, અને ગોપીજન જેવા પ્રેમી ભક્ત પોતાના પ્રેમાસ્પદ ભગવાનને પોતાનાદ્વારા સુખી કરવા ઇચ્છે છે.'' આ તમામ આશય લઇ શ્રી દયારામભાઇ કહે છે કે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૫

પ્રેમ આસકિત વ્યસન એ, ત્રણે રૂપ સ્નેહનાં લહિયે;
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઇ ન કહિયે;
કહિયે ''પ્રેમ'' નું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૩૬ ॥

અર્થ : પ્રેમ, આસકિત, અને વ્યસન, એ ત્રણે સ્વરૂપ સ્નેહનાં જાણવાં, અને તે ઉપરાંત સ્નેહની ચોથી અવસ્થા તે ''તન્મયતા'' છે. તેથી પર સ્નેહની બીજી કોઇ અવસ્થા નથી. તેમાં ''પ્રેમ''નું લક્ષણ એ છે કે- જ્યારે પોતાનું પ્રેમપાત્ર મળે ત્યારે તેનો તે પૂર્વ જેવો જ સ્નેહ કાયમ હોય છે, અને જ્યાં પ્રેમપાત્રનો વિયોગ થયો કે તરત જ પ્રેમીનું શરીર તપી ઊઠે છે, અને પોતાનું મન દૂર ગયેલા પ્રેમાસ્પદ પ્રિયતમમાં જ વળગેલું રહે છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : પાંત્રીસમા ચંદ્રાવળામાં કવિએ પ્રીતિ એટલે સ્નેહનું નિરૂપણ કર્યું. હવે એ સ્નેહનાં ત્રણ સ્વરૂપ પ્રેમ, આસકિત, અને વ્યસન, અને ચોથુ લક્ષણ એ છે કે - પ્રેમી ભકતે પોતાના પ્રેમાસ્પદમાં તલ્લીન તદ્રૂપ બની જવું તે તન્મયતા. એમ ચાર લક્ષણો સ્નેહનાં છે, તે પૈકી પ્રથમ પગથિયારૂપ અવસ્થા 'પ્રેમ'' નું નિરૂપણ કરતાં કવિશ્રી જણાવે છે કે જ્યારે પોતાના પ્રેમપાત્ર પ્રભુનો મિલાપ થાય ત્યારે તેનો તે પ્રથમના જેવો જ સ્નેહ હોય, સ્નેહમાં જરાયે ખામી ન જણાય, અર્થાત્ હમેશાં એક સરખો પ્રેમાસ્પદ પ્રભુમાં પ્રેમ રહે અને પ્રેમપાત્ર પ્રભુ એક ક્ષણ પણ જો દૂર થાય તો તેમનો વિયોગ સહન ન કરી

શકાય. શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૦ અ૦ ૩૧ (૨૮) શ્લો. ૧૫માં પ્રેમી ભકત શ્રીગોપિકાઓ કહે છે કે હે પ્રભો अटति यद् भवानह्नि काननं त्रुटिर्युगायते त्वामपश्यताम् ॥ ''આપ જ્યારે દિવસે જંગલમાં ફરો છો ત્યારે એક ક્ષણ અમારે યુગની બરોબર થાય છે. કેમકે તે વખતે આપનાં દર્શન થતાં નથી.'' એ પ્રમાણે વિરહ જરાયે સહન કરી શકાય નહિ. વિરહ થતાં મહર્ષિ નારદજી ૧૯મા સૂત્રમાં કહે છે કે तद्विस्मरणे परमव्याकुलतेति ॥ ''ભગવાનનું જરાપણ વિસ્મરણ થાય તો પરમ વ્યાકુલ બની જવાય;'' હૃદયમાં તાપ કલેશ થઇ આવે, અને પ્રેમાસ્પદ પ્રભુ કયારે મળશે એમ શ્રીહરિમાં સતત મન વળગ્યું રહે તેનું નામ જ ''પ્રેમ''; માટે એ પ્રેમાસ્પદ પ્રિયતમ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૬

એક વાર આખા દિવસમાં પણ મળ્યા વિના ન રહેવાય;
જો ન મળે તો વિકળ થાય, ''આસકિત'' એહ કહેવાય;
કહેવાયે ''વ્યસન'' આવું જ્યારે થાય, સામાસામી હૃદય વીંધાય;
''તન્મયતા'' તે મૃત્યુ સમાન, આ ચારે આવે આપે હરિ દાન.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૭ ॥

અર્થ : આખા દિવસમાં પોતાના પ્રેમપાત્ર પ્રિયતમને એક વાર પણ મળ્યા વિના રહી શકાય જ નહિ, અને જો એક વાર પણ ન મળાય તો આકુલવ્યાકુલ બની જાય, એનું નામ ''આસકિત'' કહેવાય. પ્રેમપાત્ર જ્યારે ન મળે ત્યારે હૃદય ચિરાઇ જાય તેવું દુ:ખ થાય, અને જેવું દુ:ખ આપણને થાય તેવું જ દુ:ખ પ્રિયતમ પ્રભુને પણ થાય ત્યારે ''વ્યસન'' કહેવાય. ''તન્મયતા'' કયારે કહેવાય કે પ્રિયતમ પ્રભુનો ક્ષણ પણ વિયોગ સહન ન કરી શકાય. અને જો વિયોગ થાય તો મૃત્યુ સમાન દુ:ખ થઇ આવે. આ પ્રેમની ચારે અવસ્થાઓ જ્યારે શ્રીહરિજ ભકત ઉપર કૃપા કરીને દાન કરે તોજ પ્રાપ્ત થાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : પ્રેમી ભકતને પ્રથમ પ્રભુમાં **''પ્રેમ''** થાય છે, ત્યારબાદ પ્રેમવૃદ્ધિ પામતાં **''આસકિત''** અને તે પછી **''વ્યસન''** સિદ્ધ થાય છે વ્યસન થયા પછી છેલ્લી **''તન્મયતા''** નામની અવસ્થા પ્રાપ્ત થાય છે. આ ચારે અવસ્થાઓ પ્રેમી ભકત શ્રીગોપિકાઓને પ્રાપ્ત થઇ હતી - જેનું વર્ણન કરતાં શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૦ અ૦ ૪૬ (૪૩) શ્લો. ૪-૬માં ઉદ્ધવજીને સંદેશો આપી મોકલતાં ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર સ્વયં પ્રેમાશ્રુ વહાવતાં ગદ્‌ગદ્ વાણીથી કહે છે કે ता मन्मनस्का मत्प्राणा मदर्थे त्यकतदैहिका: । ये त्यक्तलोकधर्माश्च मदर्थे तान् विस्मर्यहम् ॥ मयि ता: प्रेयसां प्रेष्ठे दूरस्थे गोकुलस्त्रिय: । स्मरन्त्योङ्ग विमुह्यन्ति विरहौत्कण्ठयविह्लला: ॥ धारयन्त्यतिकृच्छेण प्राय: प्राणान् कथञ्चन । प्रत्यागमनसन्देशैर्वल्लव्यो मे मदात्मिका: । '' તે ગોપિકાઓ મારામાં મનવાળી, મારામાં પ્રાણવાળી, મારે માટે દૈહિક ધર્મોને છોડનારી છે, જેણે લોકના ધર્મો મારે માટે છોડી

દીધા છે, તેને હું મારા સ્વરૂપમાં ધારણ કરું છું, તેનું પોષણ કરું છું, તેને સુખી કરું છું. પ્રિયમાં પ્રિય હું જ્યારે તેનાથી જુદો પડ્યો ત્યારે ગોકુલની સ્ત્રીઓ મારો વિરહ વધવાથી ગાંડી બનીને દીન થઇ ગઇ, અને મારા સ્મરણ માત્રથી મૂર્છિત થવા લાગી. કેટલીક અતિકષ્ટથી પ્રાણને રાખી રહી છે, તે પણ મારું ત્યાં આગમન થશે એ આશા વડે જીવે છે, કેમકે તેમનો આત્મા મારામાં એકરૂપ થઇ ગયો છે.'' આવી અવસ્થાઓ શ્રી હરિના અનુગ્રહથી પ્રાપ્ત થાય છે. તે માટે તે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૭

''પ્રેમલક્ષણા'' વળી દગરુચિ, સ્મૃતિ, અભિલાષા, ઉદ્વેગ, ચાર;
વ્યાધિ, પ્રલાપ, ને ઉન્માદ, ત્રણે ''આસકિત'' ના પ્રકાર;
પ્રકાર ''વ્યસન'' તણા બે કહિયે, જડતા, ને વળી મૂર્છના લહિયે;
''તન્મયતા'' નું લક્ષમણ એક, મૃત્યુ-સાદશ્ય, પણ મરણ ન છેક.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૮ ॥

અર્થ : ''પ્રેમ''ની અવસ્થાના ચાર પ્રકારો છે, દગરુચિ, સ્મૃતિ, અભિલાષા અને ઉદ્વેગ. ''આસક્તિ'' ના વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ એ ત્રણ પ્રકારો છે. ''વ્યસન'' ના જડતા અને મૂર્છા, એ બે પ્રકારો છે. અને ''તન્મયતા'' નું એક જ લક્ષણ છે કે - મૃત્યુ જેવી દશા, પરંતુ મૃત્યુ નહિ. માટે પ્રેમ, આસકિત, વ્યસન અને તન્મયતાપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : ''પ્રેમ'' અવસ્થાના ચાર પ્રકારો તેમાં પ્રથમ - **દગરુચિ** એટલે પ્રિયતમ પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છા થાય છે, ત્યાર બાદ **સ્મૃતિ**- એટલે પ્રેમપાત્ર પ્રભુના દર્શન પછી તેમનું સ્મરણ થયા કરવું તે, અને સ્મરણ થયા પછી **અભિલાષા** - એટલે એ પ્રિયતમને મળવાની ઝંખના થયા કરે છે. અને ત્યારબાદ **ઉદ્વેગ** એટલે પોતાના પ્રિયતમ શ્રીહરિ ન મળતાં હૃદયમાં ખેદ થાય છે. બીજી અવસ્થા **''આસકિત''** છે, તેના ત્રણ પ્રકારોમાં પ્રથમ **વ્યાધિ**-એટલે રોગ, અર્થાત્ ભગવત્પ્રેમી જીવને જ્યારે પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. ત્યારે તેને સમજાય છે કે હું (જીવ) પ્રભુનો અંશ છું. અને મને 'અહંતા-મમતા,' રૂપી વ્યાધી વળગેલો છે, જેથી તે દૂર કરવો. ૨ **પ્રલાપ** એટલે પ્રભુ ન મળતાં બબડવા માડે છે અને અહંતા મમતા દૂર કરી પ્રભુને મળવા પોકાર ઉઠાવે છે. તેથી પણ પ્રભુ ન મળે તો, ૩ **ઉન્માદ**-એટલે સન્નિપાત થયો હોય તેવી ગાંડા જેવી સ્થિતિ બની જાય છે. એથી પણ પ્રભુ જ્યારે આગળ વધે છે ત્યારે **વ્યસન** થાય છે. એ વ્યસનના બે પ્રકારો છે : ૧ **જડતા** - એટલે પ્રિયતમ પ્રભુની પાછળ આત્મભાનની તદન વિસ્મૃતિ થઇ જવી તે અને ૨ **મૂર્છના**-એટલે બેભાન થઇ જવા જેવી સ્થિતિ થવી તે, એથી જ્યારે ભકતની દશા આગળ વધે છે ત્યારે **''તન્મયતા''** પ્રાપ્ત થાય છે, અને

તેનું લક્ષણ એ છે કે પ્રેમી ભકતની મૃત્યુ જેવી દશા થાય છે; એટલે મરણાવસ્થામાં જેમ સંજ્ઞાઓનો નાશ થાય છે તેવી સ્થિતિ અર્થાત્ અચેતન બની જાય છે. એ પ્રમાણે પ્રેમી ભક્ત ક્રમશ: ચારે ભૂમિકાઓથી આગળ વધી જેમની કૃપાથી પરમાનંદનો અનુભવ કરે છે તે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૮

જાતિ જુઓ તો આહીરની, તેમાં અબળા અધમ અવતાર;
એ વેદાદિ નહોતી ભણી, નહોતો ઉત્તમ કર્મ અધિકાર;
અધિકાર વિણ એક પ્રેમ-પ્રતાપ, કર્યા આધીન શ્રીકૃષ્ણજી આપ;
તે ગોપી-પદરજ વંદે ઇશ; ''પ્રેમલક્ષણા'' તે સહુને શીશ;-
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૩૯ ॥

અર્થ: પ્રેમલક્ષણા ભકિત પ્રાપ્ત કરનાર પ્રેમીભકત શ્રીગોપિકાઓની જાતિનો વિચાર કરો તો તેમની જાતિ આહીર એટલે ભરવાડની હતી, અને તેમાં પણ અધમ અવતાર સ્ત્રીજાતિ હતાં, એમણે અધિકાર ન હોવાથી વેદ વગેરેના અભ્યાસ પણ કર્યો નહોતો, તેમ જ ગોપજાતિહોવાથી તેમને ઉત્તમ કર્મ યજ્ઞાદિક કરવાનો અધિકાર પણ નહોતો. આવાં અધિકાર વિનાનાં શ્રીગોપાંગનાઓએ કેવળ એક પ્રેમભકિતના પ્રતાપથી જ પરબ્રહ્મ આનંદકંદ શ્રીકૃષ્ણચન્દ્રને વશ કર્યા હતા, અને તેથી જ તે શ્રીગોપાંગનાના ચરણકમલની રજને બ્રહ્માદિ દેવો વંદન કરે છે; માટે સિદ્ધ થાય છે કે કર્મ, જ્ઞાન, વગેરે સાધનો કરતાં ''પ્રેમલક્ષણા'' ભક્તિ એ સર્વથી શ્રેષ્ઠ છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : આ કડીમાં કવિશ્રી દષ્ટાંત સાથે જણાવે છે કે-ભગવાનને પ્રાપ્ત કરવામાં જાતિ વગેરેની જરૂર નથી, કેમકે વ્રજાંગનાઓ જાતિનાં આહીર, અને તેમાં પણ સ્ત્રીજાતિ હોવાથી વેદાદિકનાં અનધિકારી હતાં, તથાપિ **એક પ્રેમભક્તિના પ્રતાપે શ્રીપુરુષોત્તમને વશ કર્યા હતા,** એટલું જ નહિ પણ તે પ્રેમી ભકત શ્રીગોપિકાઓનું વર્ણન કરતાં લખ્યું છે કે - नेमं विरंचिर्न भवो न श्रीरप्यंगसंश्रया । प्रसादं लेभिरे गोप्यो यत्तत्प्राप विमुक्तिदात् ॥''સ્વરૂપાનંદનું દાન કરનાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રની શ્રીગોપિકાઓએ જે અનુગ્રહ (કૃપા) પ્રાપ્ત કર્યો તે અનુગ્રહ બ્રહ્માજી શંકર અને શ્રીઅંગનો આશ્રય કરનારાં લક્ષ્મીજીને પણ પ્રાપ્ત થયો નથી.'' શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૦. અ. ૪૭ (૪૪) શ્લો. ૬૪માં કહ્યું છે કે - वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः । यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥ ''નંદના વ્રજની સ્ત્રીઓની ચરણરજને હું વારંવાર નમું છું. જેમણે ભગવાનની કથાનું ઉચ્ચ સ્વરે ગાન કર્યુ, જે ગાન ત્રણ લોકને પવિત્ર કરે છે. ગાનમાત્રથી લોકને પવિત્ર કરે તેથી ગંગાથી પણ તે ચરણરજનું માહાત્મ્ય શ્રેષ્ટ છે.'' એટલા જ માટે બ્રહ્માજી વામનપુરાણમાં કહે છે કે. षष्ठिवर्षसहस्रणि मया तप्तं तपः

पुरा।'' तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः ॥ મેં તે નંદરાયના વ્રજની ગોપાંગનાઓના ચરણકમળની રજ પ્રાપ્ત કરવા સાઠ હજાર વર્ષ તપ કર્યું.'' આ ઉપરથી સિદ્ધ થાય છે કે કર્મ, જ્ઞાન, વગેરેથી પણ પ્રેમભક્તિ સર્વોપરિ શ્રેષ્ટ છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૩૯

સેવા-સંગત હરિભકતની, કરે ''પ્રેમ-ભક્તિ'' ઉત્પન્ન;
તે કરે કૃતારથ એકલી, નવ જોઇએ કોઇ સાધન;
જોઇએ ન વય, વિદ્યા, વિત્ત, વર્ણ, રૂપ, પરાક્રમ, પવિત્ર આચરણ;
કહેશો; જોયા નથી, કહો, કિયે ઠામ, તો સુણો, પ્રગટ બતાવું નામ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૦ ॥

અર્થ : શ્રીહરિના પ્રેમી ભકત ભગવદીઓની સેવા અને સત્સંગ કરવાથી ''પ્રેમભક્તિ'' પ્રાપ્ત કરી શકાય છે, અને તે ''પ્રેમભક્તિ'' એકલી જ ભકતને કૃતાર્થ કરી શકે છે, તેમાં એને બીજા કોઇપણ સાધનની અપેક્ષા રહેતી જ નથી, ભક્તિ પ્રાપ્ત કરવામાં-પુખ્ત ઉમર, વિદ્યા, દ્રવ્ય, જાતિ, સૌંદર્ય, પરાક્રમ, કે પવિત્ર આચાર વિચાર, એ કોઇની જરૂર રહેતી નથી. કદાચિત્ પ્રશ્ન કરશો કે-કેવળ ભક્તિથી જ પ્રભુને પ્રાપ્ત કરનાર અમોએ જોયા નથી, કહો, તેવા ભકતો કયાં થયા છે ? તો સાંભળો; તેના નામ હું પ્રગટ કરી બતાવું છું.

વિવેચન : ''પ્રેમલક્ષણા'' ભક્તિ પ્રાપ્ત કરવા માટે ઉમ્મર, વિદ્યા, દ્રવ્ય, ઉત્તમ જાતિ, સૌન્દર્ય, પરાક્રમ, કે સદાચાર હોય કે ન હોય, તે કોઇ પણ સાધનોની જરૂર નથી, માત્ર પ્રેમી ભગવદ્દભકતોની સેવા અને સત્સંગ કરવાથી જ પ્રભુ પ્રાપ્ત કરી શકાય છે: પરંતુ આ વિકરાલ કલિકાલના પ્રચંડ પ્રતાપે હાલના સમયમાં ચાચા હરિવંશજી જેવા ઉત્તમ ભગવદીયો પ્રાપ્ત થવા મુશ્કેલ છે, સત્સંગ કરવા જતાં જો વંચકનો સંગ થઇ જાય તો તેઓ ધર્મથી ભ્રષ્ટ કરી ભક્તિમાર્ગથી જીવનું પતન કરે છે, માટે તેથી સાવધ રહેવા મહાનુભાવ શ્રીહરિરાયજી મહારાજે ''દુસંગ વિજ્ઞાન પ્રકાર - નિરૂપણ'' નામનો ગ્રંથ રચ્યો છે તે વાંચીને ત્યારબાદ સત્સંગ કરવા વૈષ્ણવોને વિનંતી છે. મહર્ષિ નારદજી પણ ૩૮મા સૂત્રમાં કહે છે કે - मुख्यस्तु महत्कृपयैव भगवत्कृपालेशाद्वा ॥ ''પ્રેમભક્તિ'' મુખ્યતયા ભગવાનના સ્વરૂપ-તત્ત્વને યથાર્થ રૂપથી જાણીને તેમાં અનન્ય પ્રેમ કરવાવાળા પ્રેમી ભકત મહાપુરુષોની કૃપાથી અર્થાત્ તેમના સત્સંગથી અથવા ભગવત્કૃપાના લેશમાત્રથી પ્રાપ્ત થાય છે.'' શ્રીમદ્દભાગવત સ્કં. ૧૧. અ.૧૨. શ્લો. ૧-૨માં ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં આજ્ઞા કરે છે કે यथावरुन्धे सत्सङ्गः सर्वसंगापहो हि माम् ॥ ''હે ઉદ્ધવ ! બીજા સમસ્ત સંગોનું નિવારણ કરનાર સત્સંગથી હું જેવો વશ થાઉં છું, તેવો યોગ, જ્ઞાન, ધર્મ, વેદાધ્યયન, તપ, ત્યાગ, ઇષ્ટાપૂર્ત, દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ તીર્થ, યમ, નિયમને વશ થતો નથી.'' આથી સિદ્ધ થાય છે કે સત્સંગ દ્વારા પ્રેમભક્તિ ઉત્પન્ન થતાં તે દ્વારા ભગવાન્ વશ થાય છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૪૦

ધ્રુવજીને કયાં વય હતું ? કયાં હતું સુદામાને ધન ?
કુબ્જાને રૂપ કયાં હતું ? ઉગ્રસેનમાં શું પુરુષાતન ?
પુરૂષાતન નોહોતું ઉગ્રરાય; ગજને કયાં હતી બ્રહ્મવિદ્યાય ?
પારધિમાં કયાંથી શુભ આચરણ ? કેવળ ભક્તિ પામ્યાં ગિરિધરણ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૧ ॥

અર્થ : જો પુખ્ત ઉમરવાળાને પ્રભુ પ્રાપ્ત થતા હોય તો ધ્રુવજીને પુખ્ત ઉમ્મર કયાં હતી ? ફકત પાંચ વર્ષની ઉમ્મરમાં જ પ્રભુએ પ્રગટ થઇ પ્રત્યક્ષ દર્શન આપ્યાં હતાં. જો ધનથી પ્રભુ પ્રાપ્ત થતા હોય તો સુદામાજીની પાસે ધન કયાં હતું ? કેવળ કૃપા કરી તેના મુષ્ટિ તંડુલ સ્વીકારી તેને કંચનમહેલ કરી આપી અન્તે પોતાની પ્રાપ્તિ કરાવી હતી. રૂપવાળાને જો પ્રભુ પ્રાપ્ત થતા હોય તો કંસની દાસી સૈરન્ધ્રી ત્રિવક્રા ત્રણ જગ્યાએથી વાંકી હતી એનામાં રૂપ કયાં હતું ? તથાપિ તેને ભગવાન્ પ્રાપ્ત થયા હતા. પોતાના પુરુષાતન યા પરાક્રમથી પ્રભુ પ્રાપ્ત થતા હોય તો ઉગ્રસેન રાજામાં શું પુરુષાતન હતું ? છતાં પણ તેમના આજ્ઞાકારી બન્યા હતા. જો બ્રહ્મવિદ્યાથી પ્રભુ પ્રાપ્ત થતા હોય તો ગજેન્દ્રમાં બ્રહ્મવિદ્યા કયાં હતી ? પરંતુ કેવળ भक्त्या तुतोष भगवान् गजयूथपाय ॥ 'ભક્તિથી ભગવાન ગજેન્દ્ર ઉપર સંતુષ્ટ થયા હતા', અને પ્રત્યક્ષ પ્રગટ થઇ મગરથી ગજેન્દ્રને છોડાવ્યો હતો. જો શુભ આચરણથી જ ભગવાન પ્રાપ્ત થતા હોય તો રાજા જનકની નગરીમાં ધર્મ વ્યાધ રહેતો હતો તે કસાઇનો ધંધો કરતો હતો, તથાપિ મહાજ્ઞાની ભકત હતો, તેનામાં સદાચાર કયાં હતો ? સદાચાર ન હોવા છતાં ભગવત્પ્રાપ્તિ થઇ હતી - વળી બીજા વાલ્મીકિ મુનિ બ્રાહ્મણ હતા. પરંતુ દુ:સંગથી પારધિનો ધંધો કરતા હતા, તેમનામાં કયો સદાચાર હતો ?પરંતુ એક ક્ષણવારના મહર્ષિ નારદજીના સત્સંગથી ભક્તિ પ્રાપ્ત થતાં મહર્ષિ બની પ્રભુને પ્રાપ્ત થયા હતા. (જાતિ જુઓ તો વિદુરજી કોણ હતા ? શુદ્ર છતાં પ્રભુ તેમની ભક્તિથી વશ થઇ દુર્યોધન જેવા છત્રપતિને ત્યજી વિદુરજીને ત્યાં જઇ તેમના અતિથિ બન્યા હતા.) આ દૃષ્ટાંતો ઉપરથી સિદ્ધ થાય છે કે આ તમામ ભકતોમાં કાંઇપણ સાધન ન હોવા છતાં **કેવળ ભક્તિથી જ તેમને પ્રભુ પ્રાપ્ત થયા હતા;** માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.૪૧

વિવેચન : એક કવિ કહે છે કે व्याधस्याचरणं ध्रुवस्य च वयो विद्या गजेन्द्रस्य का कुब्जायाः किमु नामरुपमधिकं किं तत्सुदाम्नो धनम् । वंशः किं विदुरस्य यादवपतेरुग्रस्य किं पौरुषं भक्त्या तुष्यति केवलं न तु गुणैर्भक्तिप्रियो माधवः ॥''વ્યાધમાં સદાચાર કયાં હતો ? ધ્રુવજીની

ઉમ્મર કયાં હતી ? ગજેન્દ્રનામાં બ્રહ્મવિદ્યા કયાં હતી ? કુબ્જામાં શું રૂપ હતું ? સુદામા પાસે શું ધન હતું ? વિદુરજીની કયાં ઉત્તમ જાતિ હતી ? ઉગ્રસેનમાં શુ પરાક્રમ હતું ? આ બધા ભકતોમાં કાંઇ સાધન નહોતું, તથાપિ ભગવાન ગુણોથી સંતુષ્ટ થતા નથી. તેમને ભક્તિ પ્રિય હોવાથી તે શ્રીકૃષ્ણ કેવળ ભક્તિથી જ સંતુષ્ટ થયા હતા'' આ શ્લોકનું કવિશ્રીએ ઉપરના ચન્દ્રવળામાં અક્ષરશઃ ભાષાંતર આપેલું છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો૪૧

દ્વાદશ ગુણ-સંયુકત છે, દ્વિજ પંડિત સરખો કોય;
પદ્મનાભ-પદ-વિમુખ છે, (તો) તેથી શ્વપચ ભલેરો સોય;
શ્વપચભલો જેહને કૃષ્ણાસક્તિ, મન-કર્મ-વચને કરે કૃષ્ણભક્તિ;
કુલ સહિત શ્રેય પામે તેહ, વિપ્ર શકે ન કરી શુચિ દેહ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૨ ॥

અર્થ : કોઇ બ્રાહ્મણ ઉત્તમોત્તમ હોય અર્થાત્ બ્રાહ્મણના બારે ગુણો વાળો હોય અને વિદ્વાન પણ હોય, તથાપિ પદ્મનાભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રના ચરણારવિંદથી વિમુખ હોય તો, તેના કરતાં ચાંડાલ વધુ ઉત્તમ છે કે જેની શ્રીકૃષ્ણમાં આસકિત બંધાયેલી છે, અને મન-કર્મ-વચનથી જે કૃષ્ણની ભકિત કર્યા કરે છે. આવો ચાંડાલ પોતાના આખા કુલસહિત પોતાનું કલ્યાણ કરી પરમપદને પામી શકે છે, પરંતુ ભગવદ્ભકિત રહિત બ્રાહ્મણ પોતાના દેહને પણ પવિત્ર કરી શકતો નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : સનત્સુજાતીયમાં કહ્યું છે કે- धर्मश्च सत्यं च दमस्तपश्च, अमात्सर्यं ह्रीस्तितिक्षाऽनसूया ॥ यज्ञश्च दानं च धृतिः श्रुतं च. व्रतानि वै द्वादश ब्राह्मणस्य ॥ ''ધર્મ, સત્ય, દમ, (જિતેન્દ્રિયપણું) તપ, મત્સરરહિતપણું, લજ્જા, સુખદુઃખ સહન કરવાપણું ઇર્ષ્યારહિતપણું, યજ્ઞ, દાન, ધૈર્ય, અને શાસ્ત્રાધ્યયન, એ ખરેખર બ્રાહ્મણના બારે વ્રતો છે.'' તેમ જ ધર્મ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે शमो दमस्तपः शौचं क्षांत्यार्जववि्रक्तताः। ज्ञानविज्ञानसंतोषाः सत्यास्तिक्यं द्विषड्गुणाः ॥ શમ, (શાંતિ) દમ, તપ, પવિત્રતા, ક્ષાંતિ, સરળતા, વૈરાગ્ય, જ્ઞાન, વિજ્ઞાન, સંતોષ, સત્ય, આસ્તિકતા. એ બાર ગુણો બ્રાહ્મણના છે.'' શ્રીમદ્ ભાગવત સ્કંધ ૭ ના અધ્યાય ૯ ના શ્લોક ૧. માં કહ્યું છે કે - विप्राद् द्विषड्गुणयुतादरविन्दनाभपादारविन्दविमुखात्श्वपचं वरिष्ठम् । मन्ये तदर्पितमनोवचनं हितार्थ प्राणं पुनाति सकुलं न भू रिमानः ॥ ''બારે ગુણવાળો બ્રાહ્મણ હોય છતાં ભગવાનના ચરણકમળથી વિમુખ હોય તો તેના કરતાં મન-વચન-કર્મ, ધન અને પ્રાણ ભગવાનમાં રાખનાર ચાંડાળને હું તે બ્રાહ્મણ કરતાં ઉત્તમ માનું છું. કેમકે ચાંડાળ પોતાની હીનતા દીનતાથી ભગવચ્ચરણમાં રહીને પોતાના આખા કુલસહિત પોતાને પવિત્ર કરે છે. ત્યારે બ્રાહ્મણ કુલાભિમાન વડે ભગવદ્વિમુખ થઇ પોતાને પણ પાવન કરી શકતો નથી.''

ઉપરોકત ત્રણે શ્લોકોના આધારે કવિશ્રીએ આ ૪૨મો ચંદ્રવળો રચેલો છે અને ભકિતની ઉત્તમતા સપ્રમાણ કરી બતાવી છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૪૨

શ્રીકૃષ્ણની ભકિત અંક છે, બીજા સાધન સર્વે શૂન્ય;
અંક વિના સહુ અફળ છે, સહ શૂન્ય શૂન્ય દશ ગુન્ય;
દશગણાં બિન્દુ આધ અંક એક, અંક વિના સુની શૂન્ય અનેક;
ભક્તિ કરી તેણે સર્વ કૈં કીધું, ભક્તિ વિના સર્વ કાંઇ ન સીધું.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૩ ॥

અર્થ : પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ભકિત, એ અંક જેવી છે, અને બીજા (જ્ઞાન, કર્મ, દાન, વ્રત, તપ, તીર્થ વગેરે) સાધનો શૂન્ય જેવાં છે. અંક વિના શૂન્ય ગમે તેટલાં હોય પરંતુ જો આગળ એક અંક ન હોય તો એ શૂન્યોની કશી કિંમત નથી, પણ જો આગળ એક અંક આવે તો એ બધાં શૂન્યોની કિંમત પ્રત્યેક શૂન્યની દશ દશ ગણી વધતી જાય છે. દશ ગણાં બિંદુઓ હોય પણ આધ એક અંક હોય તો જ તેની ગણના (સંખ્યા) થઇ શકે છે, પણ જો એક અંક આગળ ન હોય તો ગમે તેટલાં શૂન્યો હોય તોપણ તે નકામાં છે. તેવી રીતે જેણે શ્રીકૃષ્ણની ભકિત કરી છે તેણે સર્વ સાધનો કર્યાં છે; પરંતુ જો ભકિત વિના બીજાં ગમે તેટલા સાધનો કર્યાં હોય તોપણ તે નકામાં છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : मुख्यमेकं पुरस्कृत्य शून्यात्मानोमऽपि साधकः । भवन्ति तं विना नैव यथा संख्याङ्कबिन्दवः ॥ ''જેમ એક આંકડા સિવાય હારબંધ ગમે તેટલાં મીડાં કર્યાં હોય તો તે નકામાં છે, પરંતુ જો એક અંક આગળ મૂકીને પછી ગમે તેટલાં બિંદુઓ વધારીએ તો દરેક શૂન્યે દશ ગણી સંખ્યા વધતી જાય છે, તેમ એક ભકિતપૂર્વક કર્મ, જ્ઞાન વગેરે જેટલાં સાધનો સાધક કરે તેટલાં સફળ થાય છે, પરંતુ જો ભકિત વિના સાધક ગમે તેટલાં કર્મજ્ઞાનાદિ સાધનો કરે તો પણ તે નકામાં છે.'' આ શ્લોકના આધારે કવિશ્રીએ ઉપરની ૪૩ મી કડી (ચંદ્રાવળો) રચેલી છે. તેમ જ શ્રીમદ્ભાગવત સ્કં. ૧૦. અ ૧૪ શ્લો. ૪માં પણ બ્રહ્માજીએ કહ્યું છે કે - श्रेयःसृतिं भकितमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवलबोधलब्धये। तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥ ''હે પ્રભો ! જેમાંથી કલ્યાણનાં ઝરણાં ઝરી રહ્યાં છે એવી પરમકલ્યાણેકારિણી આપની ભકિતનો ત્યાગ કરીને જેઓ કેવળ જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે તેઓને આપ કલેશ આપનાર જ થાઓ છો. જેમ ચોખા કાઢી લીધા પછી જુદાં ફોતરાંને ખાંડનારને કલેશ સિવાય બીજું ફલ મળતું નથી, તેમ ભકિત ત્યજી કેવળ જ્ઞાન મેળવનારને કાંઇ ફળ મળતું નથી.'' આ શ્લોક્નો આશય પણ કવિશ્રીએ લીધેલો છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૪૩

નૃગ ભૂપે ગોદાન કર્યાં કેટલાં ? કાંઇ ગણતાં ન આવે પાર;
એક દિવસ અણુ દોષ પડયો, કૃકલાસ થયો અવતાર;
અવતાર અધમ થઇ જગ હાંસી; ગોદાન-પુણ્ય ગયું કયાં નાશી ?
દાન કર્યાં તોયે પામ્યો દુ:ખ, શા માટે ? (જે) હતો ભક્તિ-વિમુખ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.॥ ૪૪ ॥

અર્થ : નૃગરાજાએ અસંખ્ય ગાયોનાં દાન કર્યાં હતાં, કે જેની ગણના કરતાં પાર આવી શકે જ નહિ. એક દિવસે ભૂલથી એક બ્રાહ્મણની ગાય તેનાથી બીજા બ્રાહ્મણને દાનમાં અપાઇ તેટલો દોષ થયો, તેના પરિણામે તેને કૃકલાસનો અવતાર લેવો પડયો. એ પ્રકારે નીચ અવતાર થયો અને દુનિયામાં એની મશ્કરી થઇ. (આ વખતે) એના ગોદાનનું પુણ્ય કયાં ચાલી ગયું ? અસંખ્ય દાન કરવા છતાં પણ તે દુ:ખી થયો, એનું કારણ શું ? એ કે એ ભગવદ્દભકિતથી રહિત હતો; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : કવિશ્રી આ ચંદ્રાવળામાં, ભક્તિ વિના બીજાં દાન વગેરે સાધનો નકામાં છે એમ ૪૩મા ચંદ્રાવળામાં કહ્યું છે તેનું સમર્થન કરવા દૃષ્ટાંત આપે છે કે- શ્રીમદ્દ ભાગવત સ્કં. ૧૦. અ. ૬૪માં નૃગરાજાનું આખ્યાન છે, એ નૃગરાજાએ જેટલાં પૃથ્વીનાં રજકણો અને વરસાદની ધારાઓ છે તેટલાં અસંખ્ય ગાયોનાં દાન, વિધિપૂર્વક એટલે સવત્સા, અલંકારયુકત, તે સુપાત્ર બ્રાહ્મણોને આપ્યાં હતાં. એક દિવસે અજાણતાં કોઇ દાન ન લેનાર બ્રાહ્મણની ગાય, પોતાની ગાયો ભેગી આવી જવાથી તે ગાય પોતે બીજા બ્રાહ્મણને દાનમાં આપી. બ્રાહ્મણ દાન લઇને જતાં માર્ગમાં ગાયના માલિકે કહ્યું કે આ ગાય મારી છે. દાન લેનાર કહે કે મને રાજા નૃગે આપી છે. બંને તકરાર કરતા રાજા પાસે ગયા. રાજાએ બન્નેને પ્રાર્થના કરી કે 'આના બદલામાં બીજી ઉત્તમ લાખ ગાયો આપું.' પરંતુ અનુગ્રહ રહિત એ બ્રાહ્મણોએ ન માન્યું, અને ગાય ત્યાં મૂકી બન્ને ચાલ્યા ગયા. તેવામાં રાજાનું મરણ થયું અને અજાણતાં આપેલી ગાયના પરિણામે અધમ એવો કૃકલાસ (કાંકીડા) નો અવતાર લેવો પડયો; જેથી કવિશ્રી કહે છે કે અનેક દાન કરવા છતાં નૃગરાજા ભગવદ્દભકિતથી વિમુખ હોવાને લીધેજ એને કૃકલાસનો અધમ અવતાર લેવો પડયો; માટે જ ભકિત એ અંક છે અને બીજાં દાન વગેરે સાધનો શૂન્ય જેવાં છે; અર્થાત્ કર્મ, જ્ઞાન, વગેરે ગમે તેટલાં સાધન કરીએ દાન, પુણ્ય, વ્રત વગેરે કરીએ, પરંતુ જો ભગવદ્દભકિત ન હોય તો તે તમામ સાધનોની કોડીની કિંમત નથી, એ આ નૃગરાજાના દૃષ્ટાંતથી સમજાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા (ભક્તિ) કરો. ૪૪

પ્રાચીનબર્હિષ ભૂપતે, જુવો કીધા યજ્ઞ અપાર;
ઉર્વી મખાંકિત સૌ કરી, તોહે કાંઇ ન દીઠો સાર;
સાર ભાળ્યો જે જે પશુ પાડયા, તેતે રહ્યા હણવા નારદે દેખાડયા;
ભય દેખી લીધું સુર-ઋષિ શરણ;ભક્તિ કરીને પામ્યો હરિ-ચરણ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૫ ॥

અર્થ : પ્રાચીનબર્હિષ નામે રાજા હતો, એણે અસંખ્ય યક્ષો કર્યા હતા, એના યજ્ઞોથી આખી પૃથ્વી અંકાઇ ગઇ હતી, તોપણ એણે એ યજ્ઞોનું કશું ફળ જોયું નહિ. પરિણામે ફળ એ જોયું કે એણે યજ્ઞોમાં જે જે પશુઓનાં બલિદાન આપ્યાં હતાં, તે તે પશુઓ શસ્ત્રાસ્ત્રોથી સજજ થઇને રાજાને મારવાને ઊભાં રહ્યાં હતાં, એ પ્રકારે તેને નારદજીએ સ્વસામર્થ્યથી બતાવ્યું, તે જોઇ ભયભીત બની રાજા નારદજીને શરણે ગયો, અને નારદજીના ઉપદેશ મુજબ ભગવદ્દભકિત કરીને રાજા પ્રાચીનબર્હિષ ભગવચ્ચરણારવિન્દ મેળવવા ભાગ્યશાળી બન્યો; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્દ ભાગવત ચતુર્થ સ્કંધ અધ્યાય ૨૫ના શ્લોક ૫ થી ૮ સુધીમાં આપેલા વૃત્તાંતના આધારે કવિશ્રીએ ૪૫ મો ચંદ્રાવળો રચેલો છે. રાજા પ્રાચીનબર્હિષ કહે છે કે - ''હે મહારાજ ! મારી બુદ્ધિમાં કર્મ કાંડનો મોહ હોવાથી હું મોક્ષની વાતને જાણતો નથી, માટે જેથી હું કર્મમાર્ગમાંથી છૂટું એવું નિર્મળ જ્ઞાન મને કહો. અનેક પ્રકારની કડાકૂટોથી ભરેલા ઘરમાં સ્ત્રી, પુત્ર અને ધનને જ પુરુષાર્થ કરી માનતા અને સંસારના માર્ગોમાં ભટકતા મૂઢ પુરુષને મોક્ષ મળતો નથી.'' (રાજાએ યજ્ઞોમાં જેટલાં પશુઓને માર્યાં હતાં તે સઘળાં પશુઓને પ્રત્યક્ષ દેખાડયાં) અને નારદજી કહે છે કે -
नारद उवाच - भोभो: प्रजापते राजन् पशून् पश्य त्वयाऽध्वरे । संज्ञापितांञ्जीवसंघान्निवृणेन सहस्रशः ॥ एते त्वां सम्प्रतीक्षन्ते स्मरन्तो वैशसं तव । सम्परेतमयः कूटैश्छिन्दन्त्युत्थितमन्यवः॥
''હે રાજા તેં નિર્દયપણાથી યજ્ઞમાં હજારો પશુઓને માર્યાં છે તેઓને નજરે જો. તેં જે એઓને પીડા કરી છે તે સંભારીને એ સઘળાં પશુઓ તારી વાટ જોઇ રહ્યાં છે; અને તું જ્યારે મરી જઇશ ત્યારે તેઓ ક્રોધથી લોઢાના હશિયાર વડે તને કાપશે,'' આ જોઇ રાજા ભયભીત બની નારદજીને શરણે ગયો અને ભગવદ્દભક્તિ કરી પ્રભુપદ મેળવવા ભાગ્યશાળી થયો. માટે કવિશ્રી એ ૪૪મા ચંદ્રાવળામાં ''ભકિત'' આગળ ''દાન'' ની કશી કિંમત નથી એમ દર્શાવીને આ ૪૫મા ચંદ્રાવળામાં ''ભક્તિ'' આગળ ''યજ્ઞો'' ની પણ કશી કિંમત નથી, એમ સદૃષ્ટાંત સિદ્ધ કરી કહે છે કે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૪૫

ભક્તિ તારે ચાંડાલને, જેમાં એકો ન શુભ આચરણ,
તો શું કહેવું પછી તેહેનું, ઉદ્ધારે અધમ-અન્ય વર્ણ ?
વર્ણ સર્વે ઉદ્ધારે જકત, નીચ-ઊંચ જે નિજ આસકત;
એક અંગ ભક્તિ ભદ્રદાય, આશ્ચર્ય શું પૂર્ણે શ્રેય થાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૬ ॥

અર્થ : જેમાં એક પણ પવિત્ર આચરણ નથી તેવા ચાંડાલનો પણ ભકિત સંસારસાગરથી ઉદ્ધાર કરી શકે છે તો પછી અધમથી અન્ય એટલે ઉત્તમ બ્રાહ્મણાદિક વર્ણોનો તો ઉદ્ધાર કરે, તેમાં તો કહેવાનું જ શું હોય ? ભગવાન્ શ્રીકૃષ્ણમાં જેની આસકિત છે, તેવા નીચ કે ઉચ્ચ વર્ણના કોઇ પણ જીવોનો જગતમાં ભકિત ઉદ્ધાર કરી શકે છે. દશ પ્રકારની ભકિતમાંથી માત્ર એક અંગવાળી ''શ્રવણ'' વગેરે ભકિત કરે તોપણ કલ્યાણ કરી શકે છે તો પછી પૂર્ણ અંગવાળી અર્થાત્ પ્રેમભક્તિ કરે તો ઉદ્ધાર થાય તેમાં તો આશ્ચર્યજ શું ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન :બ્રહ્મપુરાણમાં ભગવાન્ કહે છે કે - श्वपाकोपि च मद्भक्तः सम्यक् श्रद्धासमन्वितः । प्राप्तोत्यमिमतां सिद्धिमन्येषां तत्र का कथा ॥ ''ચાંડાલ પણ અત્યંત શ્રદ્ધાપૂર્વક મારી ભકિત કરી મારો ભકત બને તો તે અભિષ્ટ સિદ્ધિ મેળવે છે, તો પછી અન્યવર્ણો મનવાંછિત સિદ્ધિ મેળવે તેમાં કહેવું જ શું ? શ્રીમદ્ ભગવદ્ગીતાના અ. ૯ શ્લો. ૩૨-૩૩માં પણ કહ્યું છે કે -मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ॥ ''પાપયોનિઓમાં જન્મેલાં હોય, સ્ત્રીઓ, વૈશ્યો અગર શુદ્રો હોય તોપણ જેમણે મારો આશ્રય કર્યો છે તેઓ પરમગતિને પામે છે, તો પછી પુણ્ય યોનિઓમાં જન્મેલા બ્રાહ્મણો અને ભકત રાજર્ષિઓ મારા આશ્રયે પરમગતિને પામે તેમાં શું આશ્ચર્ય ?'' આ બ્રહ્મપુરાણ તથા ગીતાજીના શ્લોકોનો સંપૂર્ણ આશય કવિશ્રીએ ઉપરના ચંદ્રાવળામાં દર્શાવી ભક્તિ વિના ''વર્ણ'' (જાતિ)ની કશી કિંમત નથી. એમ સિદ્ધ કર્યું છે, અર્થાત્ ગમે તે વર્ણ હો; પણ ભક્તિથી જ ઉદ્ધાર થાય છે; માટે કવિશ્રી કહે છે કે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૪૬

ભકિત નૌકા તારે સર્વને, જે કો શરણે આવે શુચિ-પાપી;
અન્ય સાધન દારુ-તુંબિકા, ગ્રહે સભય તરે કો કદાપિ;
તરે કદા બચે કામાદિ ગ્રાહાથી, સામર્થ્ય નહિ અણુ તારવા સાથી;
વિબુધ વિચારી જુવો નિજ મન, ભક્તિ ભલી કે સાધન અન્ય ?.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૭ ॥

અર્થ : પ્રભુભક્તિ એ સુદઢ નોકાસ્વરૂપ છે. એ ભક્તિરૂપ નૌકાને શરણે જેટલા આવે છે તે બધાય ગમે તો પવિત્ર હોય અગર પાપી હોય, પરંતુ તે તમામને

સંસારસાગરમાંથી તારે છે અર્થાત્ ઉદ્ધાર કરે છે, અને અન્ય એટલે ભકિત સિવાયનાં બીજાં સાધન કાષ્ટ અને તૂંબડાં જેવાં છે, અર્થાત્ જેમ લાકડાં અને તૂંબડાંનો આશ્રય કરવાથી કદાચિત્ કોઇ જળમાંથી બચીને બહાર આવી શકે છે, પરંતુ તેમને મગર મત્સ્યાદિકનો ભય રહે છે. તેમ જ્ઞાન-કર્માદિકનો આશ્રય કરનાર કદાચિત્ સંસાર તરી શકે ખરો. પરંતુ તેને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ; મત્સર વગેરેનો ભય રહે છે, અર્થાત્ તેથી બચી શકે તો જ સંસાર તરી શકે છે. કામ, ક્રોધ વગેરેથી બચે તો તરી શકે ખરો, પરંતુ તે પોતાના બીજા સાથીઓને બચાવવા જરા પણ શકિતમાન હોતો નથી; માટે હે બુદ્ધિશાળી પુરુષો ! તમે જરા પોતાના મનમાં વિચાર કરી જુઓ કે ભકિત ઉત્તમ કે બીજાં જ્ઞાન કર્મ વગેરે સાધન ઉત્તમ ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : કવિશ્રી જ્ઞાન, કર્મ, વગેરે સાધનો કરતાં ભકિતની ઉત્તમતા દર્શાવતાં જણાવે છે કે - પ્રભુ ભકિત એ મજબૂત વિશાળ વહાણ જેવી છે અને કર્મ, જ્ઞાન, વગેરે સાધનો લાકડાં અને તૂંબડાં જેવાં છે. જેમ સમુદ્ર તરવાની ઇચ્છાથી જે વહાણનો આશ્રય કરે તે પોતે તરી શકે છે અને પોતાના સાથીઓને પણ તારી શકે છે, પરંતુ સમુદ્ર તરવા જેઓ લાકડાંનો કે તૂંબડાંનો આશ્રય કરે છે તે તરી પાર જતાં વચમાં મગર મત્સ્યાદિકથી બચી શકે તો જ પાર પામી શકે છે અને પાર પામી શકે તો પણ તે અન્યને બચાવી શકતો નથી, તેમ ભગવદ્ભકિત કરનાર ભકત સહેલાઇથી નિર્ભય રીતે સંસારસમુદ્ર તરી શકે છે અને પોતાના સત્સંગદ્વારા ભકિત-નાવનો આશ્રય કરનાર અન્ય સાથે બેસનારાઓને પણ તારી શકે છે, પરંતુ કર્મ જ્ઞાન વગેરે સાધનોનો આશ્રય કરનારને કામ ક્રોધાદિકનો ભય રહે છે અને તેથી જો કદાચિત્ બચે તો પોતે સંસારસમુદ્ર તરી શકે ખરો, પરંતુ અન્યને તારી શકતો નથી; માટે કવિ કહે છે કે બુદ્ધિમાન્ પુરુષો ! તમે તમારા હૃદયમાં વિચાર કરી જુઓ કે ભકિત ઉત્તમ કે અન્ય સાધન ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૪૭

ભકિત મણિ, જ્ઞાન દીપ છે, ટાળે ઉભય ખરા અંધાર;
મણિ અભય, ધૃતિ અચળ છે, દીપકને તો ભય છે અપાર;
અપાર ભય વાયુથી વામે, તૈલપત્ર બત્તી વણ લય પામે;
જ્ઞાન સભય તો અન્ય કોણ માત્ર ? નિર્ભય ભક્તિ સકલ સુખપાત્ર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૪૮ ॥

અર્થ : ભકિત એ મણિસમાન છે, અને જ્ઞાન એ દીવા બરોબર છે, જો કે મણિ અને દીવો એ બંને અંધારાને દૂર કરી શકે છે ખરાં, પરંતુ તેમાં મણિને કોઇ પ્રકારે ભય નથી, અને એનો પ્રકાશ અચલ છે, અને દીવાને અત્યંત ભય રહેલો છે, તેને પવનથી

ઓલવવાનો અત્યંત ભય છે, તેમ જ તેલ, કોડિયું અને બત્તી, એ ત્રણમાંથી એક પણ સાધન ન હોય તોપણ દીવો નાશ પામે છે. તેવી જ રીતે જ્ઞાનીને કામ ક્રોધ લોભ. મોહ, ઇત્યાદિનો ભય રહે છે. જ્યારે જ્ઞાનીને ભય હોય છે તો અન્ય સાધનોને તો ભય હોય એમાં શુ આશ્ચર્ય ? માટે કોઇ પણ પ્રકારના ભયથી રહિત સર્વ પકારે સુખ આપનારી માત્ર ભક્તિ જ છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૨ મા અધ્યાયના આરંભમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ''જ્ઞાની અને ભકત એ બેમાં ઉત્તમ કોણ ?'' એવા અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં આજ્ઞા કરી છે કે – मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते । श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः।। ''સાંસારિક સર્વ વસ્તુઓમાંથી આસકિતને છોડી ચોતરફથી મારામાં મનને પરોવી વેદશાસ્ત્ર અને મારાં વચનો વડે હું જ પરમાનંદમૂર્તિ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ નિરંતર સર્વ ભાવથી ભજવા યોગ્ય છું. એવા પૂર્ણ વિશ્વાસવાળા બનેલા, ક્ષણ માત્ર પણ ન ચુકાય તેવી રીતે નિરંતર મારા ભકિતયોગને કરનારા, જે ભકતો મારી સમીપમાં રહી સેવે છે, તેઓને હું અત્યુત્તમ ભકિતયોગને કરનારા માનું છું.'' એ પ્રમાણે સ્વયં ભગવાને પણ જ્ઞાની કરતાં ભકતને ઉત્તમ માનેલા છે, કારણ કે જ્ઞાનમાર્ગ તલવારની ધાર જેવો હોવાથી તેમાં પૂરતી સાવચેતી રાખવી પડે છે અને ત્યારબાદ ઘણા જન્મોને અંતે જ્ઞાની પ્રભુને પામે છે. માટે જ ભાગવત સ્કં. ૧૦. અ. ૨ શ્લો. ૩૨માં દેવતાઓને કહે છે કે – येऽन्येऽरविन्दाक्षविमुक्तमानिनस्त्वय्यस्त भावादविशुद्ध बुद्धयः । आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यधो नाहतयुष्मदंध्रयः ।। ''હે અરવિંદાક્ષ! કેટલાક પોતાના મનમાં મુકત પણાનું અભિમાન રાખનાર છે પણ આપનામાં ભાવ ન હોવાથી તેમની બુદ્ધિ શુદ્ધ હોતી નથી. તેઓ કષ્ટથી પરમ પદ સુધી પહોંચે છે, પણ આપના ચરણનો અનાદર કરવાથી તેઓ જ્ઞાનીઓ ઊંચે ચઢયા છતાં નીચે પડે છે. '' માટે જ કવિ જ્ઞાનને સભય દર્શાવી મણિરૂપ ભક્તિની ઉત્તમતા દર્શાવે છે માટે શ્રીકૃષ્ણ ની સેવા કરો. ૪૮

ભકત તે ભક્તિસ્વરૂપ છે, તેને માયા ન પીડે લેશ;
સ્ત્રી થકી સ્ત્રી મોહોવાય નહિ, મોહ પામે પુરુષને વેશ;
પુરૂષ જ્ઞાન વૈરાગ્યને યોગ, તેને પીડે અજા-રૂપી રોગ;
તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ, ભક્તને અચળ હરિશું સ્નેહ.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ।। ૪૯ ।।

અર્થ : ભગવદ્ભકત પ્રભુની ભક્તિ કરતાં કરતાં ભક્તિસ્વરૂપ બની જાય છે, ભકતને માયા જરાપણ પીડા કરી શકતી નથી, કારણ કે જેમ સ્ત્રીને જોઇને બીજી સ્ત્રી મોહ પામતી નથી પરંતુ પુરુષના વેશને જોવાથી મોહ પામે છે તેમ ભકત ભક્તિસ્વરૂપ હોવાથી માયા તેને જરા પણ પીડા કરી શકતી નથી. જ્ઞાન, વૈરાગ્ય અને યોગ, એ પુરુષરૂપ છે, જેથી તેને માયારૂપી રોગ પીડા કરે છે, અને તે માયાથી મોહ પામવાને લીધેજ જ્ઞાની, યોગી અને વૈરાગ્યવાન્ ભ્રષ્ટ થાય છે, ભકતને તો શ્રીહરિમાં અચળ-દઢ સ્નેહ હોય છે અને તેથી તે ભ્રષ્ટ થતા નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : ભકત કવિશ્રી તુલસીદાસજીએ શ્રીરામાયણના ઉત્તરકાંડમાં કહ્યું છે કે मोहे न नारि नारिके रुपा, पन्नगारि यह नीति अनूपा । माया भकित सुनहु प्रभु दोऊ, नारि वर्ग जाने सब कोऊ ।। पुनि रधुवीर हि भकित पियारी, माया खलु नर्तकी बिचारी ।। ''હે ભગવાન ! સ્ત્રી બીજી સ્ત્રીના રૂપને જોઇ ને કદાપિ મોહ પામી શકતી નથી. આ અનુપમ નીતિ ચાલતી આવેલી છે, હે પ્રભુ ! સાંભળો; માયા અને ભક્તિ એ બંને સ્ત્રી જાતિ છે એમ સર્વ કોઇ જાણે છે, પરંતુ તેમાં ભક્તિ એ પ્રભુને પ્યારી છે અને માયા તો બિચારી તેની દાસી છે.'' અર્થાત્ માયા દાસી હોવાથી ભક્તિ આગળ તેનું કાંઇ ચાલી શકતું નથી, અને ભક્તિ ભગવાનને પ્યારી હોવાથી ભક્તિ કરનાર ભકતના પ્રભુ રક્ષક હોવાથી માયા ભકતને કાંઇ કરી શકતી નથી. આ રામાયણની ચોપાઇના આધારે કવિશ્રીએ ઉપરનો ચંદ્રાવળો રચેલો હોય તેમ જણાય છે. તેમ જ જ્ઞાનમાર્ગનું વર્ણન કરતાં કઠોપનિષદ્માં લખ્યું છે કે – क्षुरस्य धारा निशिता दुरत्या दुर्गम्पथस्तत्कवयो वदन्ति ।। ''જ્ઞાનમાર્ગ તલવારની તીક્ષ્ણ ધાર જેવો છે.'' જેમ તલવારની ધાર ઉપર ચાલવું કઠિન હોવાથી ત્યાંથી મરવાનો ભય રહે છે તેમ જ્ઞાનીઓને પણ માર્ગથી ભ્રષ્ટ થવાનો ભય રહે છે; માટે જ માર્કંડેયપુરાણમાં કહ્યું છે કે – ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा । बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ।। ''તે દેવી ભગવતી મહામાયા જ્ઞાની પુરુષોના અંત:કરણોને બલાત્કારથી આકર્ષણ કરીને મોહ ઉત્પન્ન કરે છે.'' આથી સિદ્ધ થાય છે કે જ્ઞાનીઓને માયા મોહ ઉત્પન્ન કરી શકે છે અને તેવી જ રીતે વૈરાગ્યવાન્ને તેમ જ યોગસાધન કરનારને પણ માયા મોહ ઉત્પન્ન કરી ભ્રષ્ટ કરી શકે છે; પરંતુ ભગવદ્ભક્તને માયા કાંઇ કરી શકતી નથી; કેમકે ભકતનું હૃદય પ્રભુમાં જોડાયેલું રહે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૪૯

વૈષ્ણવ-ભક્ત કર્તવ્ય

નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા રહે મુખ નામ;
નાસિકા સૂંધે પ્રેમ શું, પ્રસાદી તુલસી પુષ્પ દામ;
દામ ઘ્રાણ કરે, કર હરિ – સેવા, દોડે ચરણ પ્રભુ દર્શન લેવા;
મને ધ્યાન નટવર – છબિ શ્યામ, સર્વાંગે કરે પ્રભુને દંડ-પ્રણામ.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ।।૫૦।।

અર્થ : વૈષ્ણવ ભગવદ્ ભકતનાં નેત્રો પરબ્રહ્મ શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે, કાન શ્રીકૃષ્ણની કથા સેવન કરે છે, મુખ મુકુંદ પ્રભુનાં નામો રટયા કરે છે, નાક શ્રીનટવર પ્રભુની પ્રસાદી તુલસી-પુષ્પ માળાઓને પ્રેમપૂર્વક સૂંઘે છે, હાથ શ્રી હરિના શ્રી અંગની સેવા કરે છે, પગ પ્રભુના દર્શન કરવાને કાજે ભગવન્મંદિર તરફ દોડે છે અને મન નટવરનાગર શ્યામ સુંદર પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરે છે, તેમજ પોતાનાં આઠે અંગોથી દંડની માફક પ્રણામ અર્થાત્ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : વૈષ્ણવ અર્થાત ભગવદ્ ભકતે પ્રત્યેક અંગનો વિનિયોગ ભગવદ્ સેવામાં કરવો જોઇએ તે વિષે શ્રીમદ્ ભાગવતના ૯મા સ્કંધના ૪ થા અધ્યાયના શ્લોક ૧૮ થી ૨૦ સુધી રાજા અંબરીષ રાજાનું જવલંત દૃષ્ટાંત આપેલું છે. મહારાજા અંબરીષનો પરિચય આપતાં કહે છે કે स वै मनः कृष्णपदारविन्द योर्वचांसि वैकुष्ठगुणानु वर्णने । करौ हरेर्मन्दिरमार्जनादिषु, श्रुति चकाराच्युत सत्कथोदते । मुकुन्द लिङ्गालयदर्शने दृशौ तद्भृत्यगात्र स्पर्शेऽङ्गङ्गासंगडंम । ध्राणं च तत्पादसरोजसौरभे, श्रीपनुलम्या रसनां तदर्पि ते ॥ पादौ हरेः क्षेत्रपदानुसर्पणे, शिङ्ने हृषिकेश पदाभिवन्दने । कामं च दास्ये न तु काम काम्यया, यथोतमश्लोकजनाश्रया रतिः ॥ ''તે અંબરીષનું મન શ્રીકૃષ્ણના ચરણ કમળમાં જ હતું, તેનાં વચનો વૈંકુઠ ભગવાનના ગુણ ગાવામાં જ ઉપયુકત હતાં, તેના બે હાથ શ્રીઅંગની સેવામાં તથા ભગવન્મંદિર સાફ કરવામાં ઉપયોગમાં આવતા હતા, અને ભગવાનની ઉત્તમ કથા સાંભળવામાં કાનનો ઉપયોગ હતો, મોક્ષ આપનાર મુકુંદના સ્વરૂપને અને તેમને બિરાજવાના મંદિરને નીરખવામાં જ તેનાં નેત્રોનો વ્યાપાર હતો. ભગવદ્ ભકતના સ્પર્શમાં ઉપર્યુકત એવું સકલાંગવ્યાપીત્વિગિન્દ્રિય હતું.

અર્થાત્ ભગવાનના ભકતને ભગવદ્ સ્વરૂપ જાણી પ્રેમથી ભેટવામાં જેના અંગનો ઉપયોગ હતો, ભગવાનના ચરણ કમળને સૂંઘવામાં ઘ્રાણેન્દ્રિયનો તે ઉપયોગ કરતો હતો. તેમજ ચરણની તુલસી સૂંઘવામાં જેની નાસિકાનો વિનિયોગ હતો, પ્રભુને ધરેલા મહાપ્રસાદમાં જેની જીભનો વ્યાપાર હતો. ભગવાનના મંદિરે જવામાં જેના પગનો ઉપયોગ હતો, ઇન્દ્રિયોના નિયામક શ્રીહરિને નમન કરવામાં મસ્તકનો ઉપયોગ હતો. કામનો ઉપયોગ દાસત્વમાં હતો, પરંતુ કામ પૂર્ણ કરવાના ઉદ્દેશથી સ્રક્ચંદનમાળા વગેરે ન હતાં; કેવળ ભગવદ્ભુકત પદાર્થ માથે ચઢાવવાના ઉદ્દેશથી તેનો ઉપયોગ હતો.'' આ શ્લોકના ભાવ ઉપરથી કવિએ આ ચંદ્રાવળો રચેલો છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૫૦

ભક્તિપોષણ પૂર્વાર્ધ સંપૂર્ણ

ભકિત પોષણ

ઉત્તરાર્ધ

(ભાવ વિનાની કૃતિ નકામી છે)

ભકિત વિના કેવળ કૃતિ કરે, તેને ફળ પરલોકે ન થાય;
મણિધર પવન ભક્ષી રહે, જુવો મત્સ્ય તીર્થજળ ન્હાય;
મીન તીર્થ, ભીલ-મૃગ વનવાસી, અંધગ્રહેદંડ, કાસદ જાય કાશી;
સર્પ દંડવત્, નટ સિદ્ધ વેશ, દરશ તપોધન, ભાવ ના લેશ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ।। ૫૧ ।।

અર્થ : ભગવાનમાં અનન્ય પ્રેમ થવો એનું નામ ''ભક્તિ'' છે. એવી ભકિત વિના માત્ર કાર્ય જ કરવાથી પરલોકમાં કાંઇ પણ મળતું નથી, દૃષ્ટાંત તરીકે સર્પ (અજગર) પવનનું ભક્ષણ કરીને કરે છે, તપાસી જોશો તો માછલાં તીર્થના જળમાં સ્નાન કરે છે. અર્થાત્ માછલાં તીર્થવાસ કરે છે. ભીલ લોકો અને હરણ જંગલમાં નિવાસ કરે છે.આંધળો હાથમાં દંડ (લાકડી) ગ્રહણ કરે છે. અને કાસદ એટલે પૈસા લઇ એકથી બીજા ગામે પત્ર પહોંચાડનાર ખેપિયો કાશી પર્યંત જાય છે. સર્પ ચાલતી વખતે દંડવત્પ્રણામ કરે છે. નટ જાતે અગર નાટકમાં ઊતરનાર અગર બહુરૂપી સિદ્ધનો વેશ ભજવે છે. તપોધન (પૈસા લઇને મહાદેવ, દેવી વગેરેનું પૂજન કરનાર) દર્શન કરે છે, પરંતુ આ બધાંને તે તે કાર્ય કરવામાં હૃદયમાં તે તે કાર્ય માટે જરાપણ ભાવ હોતો નથી; માટે પ્રભુમાં અનન્ય પ્રેમ રાખી કૃપાળુ શ્રીકૃષ્ણની ભકિત કરો.

વિવેચન : એક કવિ કહે છે કે -मीनः स्नानपरः फणी पवनभुक् मेषश्च पर्णाशनो नीराशी स तु चातकः प्रतिदिनं शेते बिले मूषकः ।भस्मोद्धूलनतत्परः खलु खरो ध्यानानुरक्तो बकः सर्वेषामपि चोक्तसाधनवतां भक्तिः प्रधानं खलु ।।''માછલાં સ્નાન કરવામાં તત્પર હોય છે, અજગર પવનનું ભક્ષણ કરે છે, બકરો પાંદડાનું ભક્ષણ કરે છે, ચાતક સ્વાતીનું જલપાન કરી રહે છે. અને ઉંદર હંમેશા બિલમાં (દરરૂપી-ગુફામાં) શયન કરે છે, ગધેડું ભસ્મ (રાખોડી) ચોળવામાં તત્પર હોય છે, બગલો ધ્યાનમાં આસકત હોય છે, પરંતુ ઉપર્યુકત તમામ સાધનવાળાઓમાં ખરેખર ભક્તિ જ પ્રધાન (મુખ્ય) છે. અર્થાત્ ઉપર ગણાવેલાં મત્સ્યાદિ સાધન એટલે માત્ર કૃતિ કરે છે, પરંતુ તેમનામાં ભકિત એટલે પ્રભુમાં સ્નેહપૂર્વક ભાવ ન હોવાથી તે ફલદાયક થતાં નથી.'' આ શ્લોકનો જ આશય લઇને દયારામભાઇ કહે છે કે સર્પ પવનનું ભક્ષણ કરે છે, મત્સ્ય ગંગાજી વગેરે તીર્થ સ્નાન કરે છે, ભીલ અને મૃગ વનમાં રહે છે, આંધળો સંન્યાસીની માફક દંડ (લાકડી) ગ્રહણ કરે છે, કાસદ-ખેપિયો કાશી વગેરે જાય છે, સાપ દંડવત્પ્રણામ કરે છે, નટ-

બહુરૂપી સિદ્ધનો વેશ લે છે. તપોધન હંમેશા દર્શન કરે છે. આ તમામ કૃતિ કરનારનો ઉદ્દેશ પોતાના સ્વાર્થનો હોય છે, પરંતુ ભગવત્પ્રાપ્તિનો ન હોવાથી તેમ જ પ્રભુમાં પ્રેમપૂર્વક અનન્ય ભાવ ન હોવાથી તેમને શ્રીહરિની પ્રાપ્તિ થતી નથી, કારણ કે भावो हि विद्यते देवस्तस्माद् भावो हि कारणम् ।। ''ભાવનામાં જ પ્રભુ રહેલા છે; માટે ભાવ (ભક્તિ) જ પ્રાધાન્ય છે.'' માટે ભાવપૂર્વક કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૧

ગુરુ અને ભકતનો મહિમા

શ્રીકૃષ્ણ શ્રીગુરુ, ભગવદી એ ત્રણે એક સ્વરૂપ;
ત્રય ધારા જયમ સુરસરિત્, તેમાં ભેદ નહીં તદ્રૂપ;
ભેદ નહીં ત્રણ નામ જ માત્ર, જોતાં વિચારી દીસે એક જ ગાત્ર;
સ્નેહ વિવેક સેવો સરે અર્થ, અવસર અમૂલ્ય ખુવો શીદ વ્યર્થ ?
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ।। ૫૨ ।।

અર્થ : ભગવાન્ શ્રીકૃષ્ણ, પોતાના મંત્રોપદેષ્ટા ગુરુ, અને પ્રભુમાં અનન્ય પ્રેમ રાખનાર ઉત્તમ ભકતો, એ ત્રણેય એક જ સ્વરૂપ છે, જેમ એક જ ગંગાજીના ત્રણ જુદા જુદા પ્રવાહો થયેલા છે, સ્વર્ગમાં મંદાકિની, પાતાળમાં ભોગવતી અને મૃત્યુલોકમાં ભાગીરથી, એ પ્રકારે ત્રણ જુદાં જુદાં નામે ત્રણે લોકમાં એક જ ગંગાજી રહેલાં છે, તેમ પ્રભુ શ્રીકૃષ્ણ, ગુરુ અને ભગવદ્ભકતો એ ત્રણે માત્ર નામથી જ જુદા છે, પરંતુ ત્રણે ભગવત્સ્વરૂપ જ છે. માટે સ્નેહપૂર્વક વિવેક રાખી એ ત્રણેયની જો સેવા કરવામાં આવે તો પ્રભુપ્રાપ્તિરૂપ હેતુ સિદ્ધ થાય છે. પ્રભુભક્તિ કરવા લાયક ઉત્તમ મનુષ્ય જન્મ મળવા છતાં આવો ભગવત્સેવાનો અમૂલ્ય સમય શા માટે નકામો ગુમાવો છો ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો.

વિવેચન : શ્વેતાશ્વરોપનિષદમાં કહ્યું છે કે - यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ।। અને आचार्य मां विजानीयान् नावमन्येत कर्हिचित् । न मर्त्यबुद्धयासूयेत सर्वदेवमयो गुरुः।। જેને પોતાના ઇષ્ટ દેવમાં જેવી પ્રેમભક્તિ છે, તેવી જ રીતે પોતાના ગુરુમાં રાખવી. શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધમાં ભગવાન્ સ્વયં આજ્ઞા કરે છે કે- ''આચાર્ય એ મારું સ્વરૂપ છે, તેમનું કોઇ પ્રકારે અપમાન નહિ કરવું જોઇએ. આ મનુષ્ય છે એવી બુદ્ધિથી ઇર્ષ્યા ન કરવીકારણ, કે ગુરુ એ સર્વ દેવમય છે.'' તેમજ મહર્ષિ નારદજી ૪૧મા સૂત્રમાં કહે છે કે- तस्मिंस्तज्जने भेदाऽभावात् ।।''ભગવાનમાં અને તેમના અનન્ય પ્રેમી ભકતમાં ભેદનો અભાવ છે.'' શ્રી ભાગવત સ્કં. ૯ અ. ૪ શ્લો. ૮માં ભગવાન સ્વયં કહે છે કે - साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् । मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ।। ''સાધુ પુરુષ મારું હૃદય છે અને હું તેમનું હૃદય છું. મારા સિવાય તે બીજાને જાણતા નથી

અને હું તેમને છોડી બીજું કંઇ જાણતો નથી.'' ગીતા અ.૯ શ્લો. ૨૯ ભગવાન્ સ્વયં કહે છે કે - ये भजन्ति तु मां भक्त्या मयिम् ते तेषु चाप्यहम् ''જેઓ પ્રેમથી ભકિતથી મને ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં રહેલો છુ.'' આ પ્રમાણોથી ભગવાન્, ગુરૂ અને ભકતમાં અભેદ સિદ્ધ થવાથી કવિ ગંગાજીના દષ્ટાંતથી તેમનો અભેદ દર્શાવી વિવેકથી એટલે પ્રભુની સેવા શૃઙ્ગારાદિકથી દાસ બનીને, ગુરુની સેવા ભગવદ્ભાવથી સન્માન કરીને, અને ભકતની આતિથ્ય સત્કારથી સેવા કરી મનુષ્ય જન્મની સફળતા કરવી માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૨

સત્સંગ માહાત્મ્ય

સત્સંગ સર્વનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ;
અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વણશ્રમ;
શ્રમ વિના શ્રીનાથ મિલાવે, કલ્પનું કામ તે પલકે સરાવે;
જયમ નીચ નીર મળતાં ગંગેગંગ, એમ સમોવડ દે સત્સંગ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ।। ૫૩ ।।

અર્થ : તમામ સત્કાર્યોના સારરૂપ સત્સંગ એટલે ભગવાનના પ્રેમી ભકતોનો સમાગમ છે. એ સત્સંગના રહસ્યને મૂર્ખ પુરુષો સમજી શકતા નથી. દીવામાં પ્રથમ પ્રકાશ હોતો નથી, પરંતુ એને બીજો દીવો અડાડવામાં આવતાં જ તે દીવો પ્રકાશવાન બની જાય છે, એમાં કંઇપણ મહેનત પડતી નથી. તેવી જ રીતે પ્રેમી ભકતોનો સમાગમ થતાં કોઇ પણ જાતની મહેનત વિના સરળતાથી પ્રભુપ્રાપ્તિ કરાવે છે. અને કલ્પ જેવા મોટા સમયે પણ જે કાર્ય દુર્લભ હોય છે તે સત્સંગથી પલકવારમાં બની જાય છે. જેમ ગટરોનાં ખરાબ પાણી પણ ગંગાજીમાં મળતાં જ ગંગારૂપ બની જાય છે તેમ ગમે તેવો જીવ હોય તોપણ સત્પુરુષનો સમાગમ થતાં ભગવદ્ભકત બની જાય છે, માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીભાગવત સ્કં. ૧૧ અ. ૧૨ શ્લો. ૧-૩ માં ભગવાન સ્વયં આજ્ઞા કરે છે કે-न रोधयति मां योगो न सांख्यं धर्म उद्धव । न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न च दक्षिणा।। व्रतानियज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमा : । यथावरुन्धेसत्सङ्गः सर्वसंगापगो हि माम् ।।''હે ઉદ્ધવ ! બીજા સમસ્ત સંગોને નિવારણ કરનાર ''સત્સંગ' થી હું જેવો વશ થાઉં છું, તેવો યોગ, જ્ઞાન, ધર્મ, વેદાધ્યયન, તપ, ત્યાગ, ઇષ્ટાપૂર્ત, દક્ષિણા, વ્રત,યજ્ઞ, વેદ, તીર્થ, યમ અને નિયમ વગેરેથી વશ થતો નથી,'' કારણ કે તમામ સાધનો સકામ ભાવનાથી કરે, તો સ્વર્ગાદિક અને નિષ્કામ ભાવનાથી કરે તો મુકિત પ્રાપ્ત કરી શકે છે, પરન્તુ લીલાવિહારી ગોવર્ધનધારીને વશ કરવાવાળો તો એક સર્વતન્ત્ર સ્વતંત્ર વિશુદ્ધ

અનન્ય પ્રેમ જ છે અને તે ભગવત્પ્રેમી ભકતોની કૃપાથી જ મળી શકે છે. કવિશ્રી દૃષ્ટાંત તરીકે કહે છે કે- જેમ કોડિયામાં તેલ, બત્તી બધું હોય પરન્તુ જ્યારે તેને બીજા પ્રકટ દીવાની જ્યોતિનો સ્પર્શ થાય છે ત્યારે તે દીવો પ્રકાશવાન બને છે, તેમ દૈવી જીવ હોય, તેનામાં પ્રેમબીજ હોય તોપણ જ્યારે **સત્સંગદ્વારા ઉપદેશામૃતનું સિંચન થાય છે ત્યારે બીજ વિકસિત થઇને તે પ્રેમી ભકત બની જાય છે**, જેમ ગટરનું પાણી ગંગાજીમાં મળતાં ગંગારૂપ બની જાય છે. વળી કીટભ્રમર ન્યાયથી એટલે જેમ ભમરી છાણમાંથી કીડાને ઉપાડી લાવી ભીંતે તેને માટીના ઘરમાં મૂકી નિરોધ કરી દે છે, તે કીડો ભમરીનું ધ્યાન કરતાં કરતાં ભમરી બની જઇને બહાર નીકળે છે, તેમ સત્સંગદ્વારા ભગવદ્દભકિત પ્રાપ્ત થતાં જીવ પ્રેમી ભકત ભગવદ્દરૂપ બની જાય છે, વાલ્મીકિ પારધીનું કામ કરતા હતા પરંતુ નારદજીના સત્સંગથી પ્રેમી ભકત બની ગયા હતા, આ વાત ૧૭મી કડીના વિવેચનમાં આવી ગઇ છે, માટે સત્સંગ સર્વનું મૂળ છે; તેથી સત્સંગ દ્વારા કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૩

લવ હરિસંગીના સંગના, સુખની સમતા નહીં કોય;
સ્વર્ગ તથા અપવર્ગનું, સુખ પણ સમોવડ નવ હોય;
નવ હોય સમતા મોક્ષાનંદ, તો કયાંહાં જનઇચ્છિત સુખ મંદ
અણઅનુભવીને આશ્ચર્ય થાય, પણ અણુ સંદેહ છે નહીં રાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૫૪ ॥

અર્થ : શ્રીકૃષ્ણચંદ્રમાં જેમને આસકિત છે તેવા પ્રેમી ભકતોના એક ક્ષણવારના સત્સંગના સુખની બરોબર સ્વર્ગનું કે મોક્ષનું સુખ પણ આવી શકે તેમ નથી. જ્યારે મોક્ષનું સુખ પણ સત્સંગના ક્ષણના સુખની બરોબરી કરી શકતું નથી તો માણસે ઇચ્છેલા તુચ્છ સુખની વાત જ શી કરવી ? જેને આવા સત્સંગના સુખનો અનુભવ નથી તેને આમાં નવાઇ જેવું લાગે ખરું, પરંતુ જેમણે સત્સંગના સુખનો આસ્વાદ મેળવ્યો છે તે ભાગ્યશાળી જીવોને એ વિષયમાં જરા પણ સંદેહ નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્કન્ધ ૧ અ. ૧૮ શ્લો. ૧૩ માં કહ્યું છે કે- तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम्। भगवत्सङ्गिसङ्गस्य मर्त्यानां किमुताशिष :॥ ''ભગવત્સંગી પ્રેમી ભકતોના નિમેષમાત્રના સત્સંગના સુખની બરાબરી સ્વર્ગાદિકનું સુખ તો શું, પરન્તુ પુનર્જન્મને નાશ કરનારી મુકિતનું સુખ પણ કરી શકતું નથી, તો પછી લૌકિક રાજ્ય વૈભવાદિ સુખ તો એ સત્સંગના નિમેષ માત્રના સૂખની બરાબરી કરી જ કયાંથી શકે ?'' આ શ્લોકના ભાગના આધારે કવિશ્રીએ આ ૫૪મો ચંદ્રાવળો રચેલો છે. રામ

ચરિતમાનસમાં પણ કહ્યું છે કે तात स्वरग अपवरग सुख, धरिअ तुला इक अंग । तूल न ताहि सकल मिलि, जो सुख लव सतसंग ॥ ''એક તુલા બાંધીને તેના એક પલ્લામાં સ્વર્ગ અને મોક્ષનું સુખ મૂકીએ, અને બીજા પલ્લામાં સત્સંગના નિમેષ માત્રનું સુખ મૂકવામાં આવે તો સ્વર્ગાદિકનું સુખ સત્સંગના ક્ષણવારના સુખની બરાબરી કરી શકતું નથી.'' આ મહિમા તે સત્સંગનો નથી કે જે અંત:કરણની શુદ્ધિ કરી મોક્ષ પ્રાપ્તિ કરાવે છે, કેમકે અહીં તો મોક્ષની સાથે ક્ષણવારના સત્સંગની તુલના પણ અસંગત બતાવી છે, એટલા માટે અહીં તો ભગવત્તત્ત્વને જાણીને ભગવત્પ્રેમના રંગમાં રંગાયેલા ભગવત્સંગી અર્થાત્ સર્વૈશ્વર્યપૂર્ણ મધુરતમ લીલાવિહારી ગિરિવરધારી ભગવાનના નિત્યલીલાસંગી પ્રેમી ભકતોના ક્ષણવારના સત્સંગની કૃપાનું માહાત્મ્ય દર્શાવવામાં આવ્યું છે, જે કૃપાથી મુકિત જ નહિ પણ ભગવાનની પ્રેમભકિત સહજમાં પ્રાપ્ત થાય છે, કેમકે ભગવત્પ્રેમી મુકિતને તો પ્રેમભકિતમાં અંતરાય કરનારી પિશાચિની સમજી તિરસ્કાર કરે છે. એવા પ્રેમીભકતોની જેમના પર કૃપા થાય છે તેમને યોગ જ્ઞાન વગેરેથી વશ ન થવાવાળા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર સહજમાં જ વશ થઇ જાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૪

ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શરણ;
દારિદ્ર ટાળે સુરતરુ, મળી ત્રણ કરે ત્રણ હરણ;
હરણ કરે ત્રણ તે તત્કાળ, મળતામાં હરિજન દયાળ;
જ્ઞાને તાપ હણે દર્શને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૫૫ ॥

અર્થ : ગંગાજીને શરણે જઇ તેમાં સ્નાન કરવાથી ગંગાજી તેનાં પાપ દૂર કરે છે. ચંદ્રની ચાંદનીનો આશ્રય લેનારને ચંદ્ર શીતલતા આપી તાપનું હરણ કરે છે. અને કલ્પવૃક્ષનો આશ્રય લઇ તેની છાયામાં બેસનાર જે જે મનમાં ઇચ્છા કરે તે તે લૌકિક વૈભવો મેળવે છે અને તે દ્વારા કલ્પતરુ તેનું દારિધ્ર મટાડે છે. એ પ્રકારે ગંગાજી, ચંદ્ર અને કલ્પતરુ એ ત્રણે પોતાનો આશ્રય લેનારનું એક એક દુ:ખ હરણ કરે છે, પરન્તુ જો પ્રભુના પ્રેમી ભકતનો આશ્રય કરી સત્સંગ કરે તો પ્રેમી ભકતનો સમાગમ થતાં તરત જ તેઓ પાપ, તાપ અને દારિદ્રય એ ત્રણેને દૂર કરી દે છે. ભગવદીયો જ્ઞાનના ઉપદેશ દ્વારા અજ્ઞાનાંધકારનો નાશ કરી 'તાપ' મટાડે છે. પોતાના હૃદયમાં પ્રભુ બિરાજે છે જેથી તેવા પ્રેમી ભકતોનાં દર્શનથી 'પાપ' નાશ પામે છે અને સમાગમથી શરણે આવેલાને સંતોષની લાગણી પેદા કરી લોભવૃત્તિ દૂર કરવાથી 'દરિદ્રતા' મટાડે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : 'સુભાષિતરત્નભાણ્ડાગાર'માં પૃ ૬૮ મે સજ્જનપ્રશંસા વિષયમાં લખ્યું છે કે- गंगा पापं शशी तापं. दैन्यं कल्पतरुस्तथा । पापं तापं च दैन्यं च, हन्ति सन्ता महाशया : ॥ ''ગંગાજી પાપને, ચંદ્રમા તાપને, અને કલ્પવૃક્ષ દરિદ્રતા અને દૂર કરે છે, પરંતુ ઉદાર આશયવાળા ભગવાનના પ્રેમી ભકતોનો જો સમાગમ થાય તો તે પાપ, તાપ અને દરિદ્રતા એ ત્રણેનો નાશ કરે છે, આ શ્લોકનો અક્ષરશ: અનુવાદ કવિશ્રીએ આ ચંદ્રવાળામાં આપી સત્સંગનો મહિમા દર્શાવેલો છે. શ્રીભાગવત સ્કંધ ૧૧ અ. શ્લો. ૩૧ માં પણ સત્સંગનું માહાત્મ્ય દર્શાવેતાં જણાવ્યું છે કે- यथोपश्रयमाणस्य, भगवन्तं विभावसुम् शीतं भयं तमोऽप्येति, साधून् संसेवतस्तथा ॥ ''જેવી રીતે ભગવાન અગ્નિદેવનો આશ્રય કરવાથી શીત, ભય અને અંધકાર, એ ત્રણેનો નાશ થાય છે, તેવી જ રીતે મહાનુભાવી ભગવદ્દભકત સાધુ પુરુષોનો આશ્રય કરવાથી 'પાપરૂપી શીત' 'જન્મરૂપી-ભય' અને 'અજ્ઞાનરૂપી-અંધકાર' એ ત્રણે નાશ પામે છે.''આ બન્ને શ્લોકોના આધારે કવિએ સત્સંગનો મહિમા જણાવેલો છે. કારણ કે ભગવદ્દભકતના હૃદયમાં પ્રભુ બિરાજે છે, જેથી તેઓ તીર્થોને પણ પવિત્ર કરે છે તો પછી તેમનો સમાગમ કરનારના ત્રિવિધ તાપ દૂર કરી પૂર્ણાનંદ સ્વરૂપ શ્રી પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવે તેમાં શુ આશ્ચર્ય ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૫

યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રતો, બહુ કીધે કષ્ટ કર્મ;
જ્ઞાન, ધ્યાન, અતિ દાનથી, તીર્થ, આચરતાં ધર્મ;
ધર્માધ્યયન, વેદ, શાસ્ત્ર, પુરાણ, કોટિ સાધનથી ન પરમ કલ્યાણ;
શ્રેય નવ થાય ઉપાય અનેક, વિના મહત્પદ-રજ-અભિષેક.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૫૬ ॥

અર્થ : અષ્ટાંગયોગ, યજ્ઞ, જપ, તપ, તીર્થ, વ્રતો કે જેમાં દેહને ઘણું કષ્ટ ભોગવવું પડે છે, જ્ઞાન, ધ્યાન, અને અત્યંત દાન, ધર્માચરણ, ધર્મ શાસ્ત્ર, વેદ, ષટ્શાસ્ત્રો, પુરાણો વગેરેનો અભ્યાસ, એમ કરોડો સાધનો કરો, પરંતુ તેથી આત્યંતિક કલ્યાણ થતું નથી, પરંતુ જયાંસુધી મહાનુભાવી નિત્યલીલા વિહારી ગિરિવરધારી ભગવાનના નિત્યલીલાસંગી પ્રેમીભકત ભગવદીયોના ચરણ કમલની રજમાં સ્નાન ન થાય અર્થાત્, તેવા સત્પુરુષોની કૃપા ન થાય ત્યાંસુધી અનેક ઉપાયો કરે તોપણ ભગવત્પ્રાપ્તિરૂપ કલ્યાણ થતું નથી. માટે સત્સંગ કરી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્કં ૫ અ. ૧૨ શ્લો. ૧૨માં જડભરતજીએ રાજા રહૂગણને ઉપદેશ આપતાં ભગવદ્દભકતોના ચરણરજની મહામૂલ્યતાનો પરિચય આપી જણાવ્યું છે કે रहूगणैतत्तपसा न याति चेज्यया निर्वपणाद् गृहाद्वा । नच्छन्दसा नैव जलाग्निसूर्यैर्विना

महत्पादरजोऽभिषेकम् ॥''હે રાજા રહૂગણ ! એ સ્વરૂપની પ્રાપ્તિ કાંઇ તપ કરવાથી થતી નથી, વેદોકત કર્મ કરવાથી થતી નથી, પ્રાણીઓને અન્નાદિકનો ભાગ આપવાથી થતી નથી, પરોપકાર કરવાથી થતી નથી, વેદનો અભ્યાસ કરવાથી થતી નથી, તેમ જલ, અગ્નિ કે સૂર્યની ઉપાસના કરવાથી પણ થતી નથી, માત્ર પ્રેમી ભકતો જે મહાન પુરુષો છે તેમની ચરણ રજનું સેવન કર્યાથી થાય છે, કેમકે તે પ્રેમીભકતો વિષયની વાતોને નાશ કરનાર ભગવદ્દગુણાનુવાદો જ ગાયા કરે છે,'' તેમ જ શ્રી ભાગવત સ્કં. ૧૧ અ. ૧૨ શ્લો. ૯માં પણ સ્વયં ભગવાને આજ્ઞા કરી છે કે यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः। व्याख्यास्वाध्यायसंन्यासै : प्राप्नुयाद्यत्नवानपि ॥'' ગોપિકા વગેરે મારા ભકતોએ ભાવપૂર્વક સત્સંગથી જ જે સ્થાન પ્રાપ્ત કર્યું તે સ્થાનને યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વેદ પ્રવચન, વેદાધ્યયન, સંન્યાસ, વગેરે સાધનો વડે યત્નવાન્ પણ પ્રાપ્ત ન કરી શકે.'' આ ઉપરના બંને શ્લોકોનો અનુવાદ આ ચંદ્રાવળામાં કવિશ્રીએ આપીને મહાનુભાવી પરમ ભગવદીયોના સત્સંગનો મહિમા દર્શાવ્યો છે કે **સત્સંગદ્વારા ભક્તિ પ્રાપ્ત કર્યા વિના કોઇ પ્રકારે જીવનું કલ્યાણ થતું નથી;** માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૬

હરિજન તે હરિરૂપ છે, તેને મૂરખ નિજ સમ જાણે;
જયમ શશી સાગરમાં હતો, માન્યો મીને તે મીન પ્રમાણે;
મીન પ્રમાણે થયો નહીં સોમ, મકર રહ્યું ભોમને તે વશ્યો વ્યોમ;
ત્યમ વૈષ્ણવ વૈકુંઠે જાશે, અધમ તે આંહીના આંહી અથડાશે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥૫૭॥

અર્થ : ભગવાનના પ્રેમી ભકતો છે તે પ્રભુરૂપ છે, તથાપિ મૂર્ખ મનુષ્યો તે ભગવાનના પ્રેમી ભકતોને પોતાના જ જેવા સામાન્ય મનુષ્યો સમજે છે. દષ્ટાન્ત તરીકે- ચંદ્રમાની ઉત્પત્તિ સમુદ્રમાંથી હોવાથી લખે છે કે-જ્યારે ચંદ્રમા સમુદ્રમાં હતો ત્યારે માછલાં એમ સમજતાં હતાં કે આ પણ એક જાતનું માછલું છે, પરંતુ તે ભ્રમ હોવાથી ચંદ્રમા માંછલાની માફક સમુદ્રમાં રહ્યો નહિ અને માછલું તો ત્યાંનું ત્યાંજ રહ્યું અને ચંદ્રમા તો જઇને આકાશમાં રહ્યો; તેવી જ રીતે મૂર્ખ મનુષ્યો ભગવાનના પ્રેમી ભકતોને સામાન્ય મનુષ્ય તરીકે સમજે છે, પરંતુ તે ભ્રમરૂપ હોવાથી વૈષ્ણવો ભગવાનના પરમ દિવ્ય ધામમાં જશે, અને અધમ કોટિના મનુષ્યો આ મૃત્યુ લોકમાં અથડાઇ મરશે, અર્થાત્ જન્મ મરણ ભોગવ્યા કરશે. માટે કૃપાળુ શ્રી કૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૦ અ. ૧. શ્લો. ૧૦માં ધર્મરાજ યુધિષ્ઠિર ભકતરાજ વિદુરજી પ્રત્યે કહે છે કે भवद्विधा भागवतास्तीर्थी भूताः स्वयं प्रभो । तीर्थीकुर्वन्ति तोर्थानि स्वान्तःस्थेन गदाभृता ॥ 'હે પ્રભો! આપ જેવા ભગવદ્દભકતો પોતે

તીર્થરૂપ છે, અને તે તીર્થરૂપ ભગવદ્‌ભકતો, પોતાના હૃદયમાં બિરાજતા ભગવાન શ્રી ગદાધરના પ્રભાવથી, પાપીઓ દ્વારા કલુષિત થયેલાં તીર્થોને તીર્થત્વપ્રદાન કરે છે અર્થાત્ તીર્થરૂપ બનાવી દે છે.'' કેમકે બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે ये च भागवता : शुद्धास्ते नूनं मम मूर्तय : ॥ ''જેઓ મહાનુભાવ ભગવદીયો શુદ્ધ પ્રેમી ભકતો છે તેઓ ખરેખર મારાં સ્વરૂપો છે.'' એ ભગવદ્‌વચનાનુસાર ભગવદ્‌ભકતો ભગવત્સ્વરૂપ છે, છતાં જેઓ તેમને સામાન્ય મનુષ્યસમાન જાણે છે તેઓ ખરેખર તે ભકતોના સ્વરૂપને ઓળખતા ન હોવાથી મૂર્ખ છે. કવિશ્રી આ વાત એક રસિક દૃષ્ટાંતથી સમજાવે છે કે જેમ સાગરમાં ચંદ્રમા હતો ત્યારે તેને બીજાં માછલાં માછલારૂપ સમજતાં હતાં, પરંતુ માછલાં તો સમુદ્રમાં ભૂમિ પર જ રહ્યાં અને ચંદ્રમા આકાશમાં જઇને વસ્યો, તેવી રીતે ભગવાનના પ્રેમી ભકતો આ સંસારયાત્રા પૂર્ણ કરી પરિણામે ભગવદ્‌ધામમાં અર્થાત્ પ્રભુના દિવ્યલોકમાં જશે અને પ્રભુથી વિમુખ અધમકોટિના જીવો આ મૃત્યલોકમાં જ જન્મમરણ ભોગવ્યા કરશે. માટે કૃપાળુ એવા શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૫૭

ભકત-મહિમા

ચાર વર્ણમાં શ્રેષ્ટ સર્વથી, બ્રાહ્મણ વર્ણ વિખ્યાત;
તે સહુના પણ કહાવે શિરોમણિ, મ્હોટા મુનિવર સાત;
તે સાતે કરે ધ્રુવની પરિક્રમા, ધ્રુવસુત ક્ષત્રિ ને તે સુત-બ્રહ્મા,
વિબુધ વિચાર કરો તમે એહ, ભકત મોટા કે બ્રાહ્મણદેહ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૫૮ ॥

અર્થ : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચારે વર્ણમાં સૌથી ઉત્તમ વર્ણ બ્રાહ્મણ છે, એ વાત પ્રસિદ્ધ છે. અને તે સર્વે બ્રાહ્મણોમાં પણ મહાન્ મુનિવર્ય સપ્તર્ષિઓ શ્રેષ્ટ ગણાય છે, તથાપિ તે સપ્તર્ષિઓ એટલે સાતે મુનિવરો ભગવદ્ ભકત ધ્રુવજીની પરિક્રમા કરે છે. હવે જુઓ, ધ્રુવજી ક્ષત્રિયના પુત્ર છે અને સપ્તર્ષિઓ બ્રહ્માજીના પુત્ર છે; માટે હે બુદ્ધિશાળી પુરુષો ! તમે એ વિચાર કરો કે ભગવાનના ભકત મોટા કે બ્રાહ્મણદેહ મોટો ? માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણ ભગવાને પોતાના શ્રીઅંગમાંથી ઉત્પન્ન કરેલા છે એ વાત ગીતા ભાગવતમાં સુપ્રસિદ્ધ છે અને તેમાં બ્રાહ્મણ એ પ્રભુના મુખરૂપ હોવાથી ચારે વર્ણમાં મુખ્ય છે, અને તે મુખ્ય બ્રાહ્મણોના પણ શિરોમણિરૂપ બ્રહ્માના પુત્ર સાતે મહર્ષિઓ રહેલા છે, પરંતુ તે સાતે મહર્ષિઓ ભગવદ્‌ભકત ધ્રુવજીની પરિક્રમા કરે છે. એ વાત શ્રીભાગવતના ૪થા સ્કંધના અ. ૯ને શ્લો. ૨૦ માં વર્ણન કરેલી છે કે नान्यैरधिष्ठितं भद्र यद् भ्राजिष्णु ध्रुवक्षिति। यत्र ग्रहर्क्षताराणां ज्योतिषां चक्रमाहितम् ॥ मेढ्यां गाचक्रवत्स्थास्नु परस्तात्कल्पवासिनाम्। धर्मोऽग्नि : कश्यप : शुक्रो मुनयो ये वनौकस : ।चरन्ति दक्षिणीकृत्य भ्रमन्तो यत्सतारका : ।सर्वेषामभवत्सिद्धो ध्रुवोत्तानपद: सुत: ॥''ભગવાન કહે છે કે હે ધ્રુવ ! જે સ્થાન હજી સુધી બીજાઓએ મેળવ્યું નથી, જે પ્રકાશમાન છે, જેમાં અચલ સ્થિતિ છે, જયાં અનાજ મસળવા માટે હાલરામાં ભમતાં પશુઓ બાંધવાને ખીલે જેમ બળદો રહેલા હોય છે તેમ ગ્રહો નક્ષત્રો, તારાઓ ને જયોતિશ્ચક્ર રહેલું છે. જે અવાન્તર કલ્પ સુધી વસનારાઓ કરતાં પણ વધારે વખત રહેનારું છે, ત્રૈલોકયનો નાશ થઇ જાય છે તોપણ રહેનારું છે. અને જે સ્થાનને ધર્મ, અગ્નિ, કશ્યપ, શુક્ર, તથા તારાઓ સહિત સપ્તર્ષિ મુનિઓ પણ પ્રદક્ષિણા કરીને જેની આસપાસ ભમતા ફરે છે તે દુર્લભસ્થાન પણ હું તને આપું છુ.'' આ ઉપરથી સિદ્ધ થાય છે કે બ્રહ્માજીના સાતે પુત્રો જે સપ્તર્ષિઓ કહેવાય છે તે ધ્રુવજીની પણ પરિક્રમા કરે છે. હવે વિચાર કરી જોતાં સપ્તર્ષિઓ જ્યારે બ્રહ્માના પુત્ર છે ત્યારે ધ્રુવજી ક્ષત્રિયના પુત્ર છે, અર્થાત્ જાતિનો વિચાર કરીએ તો વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ટ અને બ્રાહ્મણોથી બ્રહ્મપુત્ર સપ્તર્ષિ શ્રેષ્ટ છે; તો પછી તે મહર્ષિઓ થઇને ક્ષત્રિયપુત્ર ધ્રુવજીની પરિક્રમા શી રીતે કરી શકે ? માટે નિશ્ચય થાય છે કે **ભગવદ્‌ભક્ત જ મોટા છે.** માટે જ એક કવિ લખે છે કે पृथ्वी तावदियं महत्सु महती तद्वेष्टनं वारिधि : पीतोऽसौ कलशोद्भवेन मुनिना सा व्योम्नि खद्योतवत्। यस्यैतद् दनुनाथदानसमये पूर्णं पदं नाऽभवद् यो देवो वसते यदीयहृदये तस्मात्परं नाऽभवत् ॥ ''મોટામાં મોટી સૌથી પૃથ્વી છે, પરંતુ પૃથ્વી કરતાં મોટો સમુદ્ર છે, કારણ કે તે પૃથ્વીની ચારે તરફ વીંટાયેલો છે, કિંતુ તે મોટા સાગરને પણ અગસ્ત્યમુનિ પી ગયા હતા, માટે સાગર કરતાં અગસ્ત્ય મહર્ષિ મોટા છે. પણ તે અગસ્ત્ય તો બ્રહ્માંડના એક ખૂણામાં અર્થાત્ આકાશમાં તારારૂપે રહેલા છે, તેથી અગસ્ત્ય કરતાં બ્રહ્માંડ મોટું છે, અને જે બ્રહ્માંડ વિશે બલિરાજાના યજ્ઞ પ્રસંગે વામન ભગવાનને ત્રણ પગલાં પૃથ્વી દાન આપતાં શ્રી વિરાટભગવાનનું એક પગલું પણ પૂરું થયું નહોતું, આવાં અનેક કોટિ બ્રહ્માંડો જેના રોમ રોમ ઉપર રહેલાં છે એવા અનેકકોટિ-બ્રહ્માંડાધિપતિ ભગવાન છે, માટે સર્વથી ભગવાન મોટા છે, પરંતુ ધ્યાનપૂર્વક વિચાર કરતાં તે ભગવાનને પણ ભકતજનોએ પોતાના હૃદયમાં પધરાવી રાખ્યા છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે **સૌથી મોટામાં મોટા ભગવાનના પ્રેમી ભકતો છે.** ''આ શ્લોકના ભાષાંતરને અનુસરી એક પદ લખવામાં આવ્યું છે કે-

હરિજનની મોટાઇ

પદ

રાગ-પહાડી આદિ તાલ

હરિજન મોટા રે મોટા, બાકીના સૌ છે છોટા હરિજન. ધ્રુ
સૌથી મોટી પૃથિવી જાણો, તેથી મોટો સાગર;
તેથી મોટા અગસ્ત્ય કહિયે, જેણે પીધો રત્નાકર-હરિજન.
ઘટસુતથી બ્રહ્માંડ છે મોટું, એ બેઠો કોઇ ઠેકાણે;
તે બ્રહ્માંડ વિરાટરોમ પર, કોટાનકોટી વખાણે-હરિજન.
એવા મોટા હરિના રૂપને, ભક્તે હૃદયમાં રાખ્યા;
તે માટે જન હરિના મોટા, વેદ પુરાણે ભાખ્યા-હરિજન.
સ્વર્ગ મૃત્યુ પાતાલ વિશે નહિ, હરિજન કેરા જોટા;
ક્ષણ માત્રના સંગ કર્યાથી, જાય કંઇ ગુણ ખોટા-હરિજન.
શ્રીગોપાલ નામ અમૃતના, પિયો ભરી ભરી લોટા;
તાદશ હરિજન સંગ પ્રતાપે, નહિ પડે યમ સોટા-હરિજન.

આ પદ ઉપરના ચંદ્રાવળાને મળતુ હોવાથી તેમ જ ઉપદેશપ્રદ અને મનનીય હોવાથી અહીં આપવામાં આવ્યું છે. આ ''પદ'' અને ઉપર આપેલો શ્લોક કે જેનું ભાષાંતર આ પદમાં આપવામાં આવ્યું છે તેનો સંપૂર્ણ આશય લઇ કવિશ્રીએ આ ચંદ્રાવળામાં સર્વ કરતાં ભગવદ્ભક્ત મોટા છે એમ સિદ્ધ કરી સત્સંગનો મહિમા દર્શાવ્યો છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૫૮.

બ્રહ્માદિક વ્રજ-ભક્તની, પદ-રજ વંદે ગુણધામ;
દુર્વાસાઋષિયે દીન થઇ, કર્યો અંબરીષને પ્રણામ;
કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરી-પદ-જળે દ્વિજ ન્હાયા;
હરિજનથી મોટું નથી કોય, દુભવે તે દુ:ખ પામે પત ખોય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૫૯ ॥

અર્થ : સર્વગુણસંપન્ન વ્રજભક્તોના ચરણકમલની રજને બ્રહ્મા વગેરે દેવતાઓ પણ વંદન કરે છે. મહર્ષિ દુર્વાસા જ્યારે સુદર્શન ચક્રના સંકટમાં સપડાયા, કોઇએ રક્ષણ ન કર્યું, ત્યારે છેવટે ભગવાનની આજ્ઞાનુસાર દૈન્ય પૂર્વક ભક્ત અંબરીષને ચરણમાં પડી નમસ્કાર કર્યા. વળી શ્રીરામની પરમ ભક્ત શબરીના ચરણકમળના જળમાં ભગવાન શ્રીરામચંદ્રજીની આજ્ઞાનુસાર મતંગ વનમાં રહેતા મહર્ષિઓને સ્નાન કરવું પડયું હતું, આથી સિદ્ધ થાય છે કે ભગવાનના મહાનુભાવ પ્રેમી ભક્તોથી કોઇ મોટું નથી, અને જેઓ એવા ભગવદ્ભક્તોનો દ્રોહ કરે છે તેઓ દુ:ખી થાય છે અને પરિણામે આબરૂ ગુમાવી બેસે છે, માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : બૃહદ્‌વામન પુરાણમાં બ્રહ્માજીએ ભૃગુ વગેરેને કહ્યું છે કે षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा । नन्दगोपव्रजस्त्रीणां पादरेणूपलब्धये ॥ तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः ॥ ''મેં પૂર્વે નન્દરાયના વ્રજની સ્ત્રીઓના અર્થાત્ શ્રીગોપિકાઓના ચરણકમલની રજ પ્રાપ્ત કરવા માટે સાઠ હજાર વર્ષ તપ કર્યું, તે ગોપિકાઓના ચરણકમલની રજ ખરેખર મને પ્રાપ્ત ન થઇ.'' (આ સાંભળી ભૃગુઋષિએ કહ્યું છે કે તમો નારદાદિક વૈષ્ણવોની ચરણરજ ન લેતાં ગોપિકાઓની ચરણરજ ઇચ્છો છો તેનું શું કારણ ?'' તેના પ્રત્યુત્તરમાં બ્રહ્માજી કહે છે કે न स्त्रियो व्रजसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल। नाहं शिवश्च शेषश्च श्रीश्च ताभिः समाः क्वचित् ॥''હે પુત્ર! **વ્રજાંગનાઓ ખરેખર સ્ત્રીઓ નથી, કિંતુ તેઓ શ્રુતિઓ છે.** અને હું, શંકર, શેષ અને લક્ષ્મીજી પણ કોઇ રીતે તે શ્રીગોપિકાઓની બરાબરી કરી શકીએ તેમ નથી.'' આ જ આશયને લઇ આ ચંદ્રાવળાનું પ્રથમ ચરણ કવિશ્રીએ રચેલું છે; આથી સિદ્ધ થાય છે કે બ્રહ્માદિક દેવો પણ પ્રેમીભક્ત ગોપિકાઓના ચરણની રજને પ્રણામપૂર્વક ઇચ્છા કરે છે. આ ચંદ્રવળાના બીજા ચરણમાં ભગવદ્ભક્ત મહારાજા અંબરીષનો પ્રસંગ છે. તે પ્રસંગ શ્રીભાગવત સ્કં. ૯. અ. ૪ માં દર્શાવેલો છે કે મહારાજા અંબરીષ ભગવાનના પરમભક્ત હતા, એક સમયે તેમને ત્યાં દૂર્વાસામુનિ આવ્યા, રાજાએ તેમનો સત્કાર કરી ભોજન કરવા વિનંતી કરી દુર્વાસા તે નિમંત્રણનો સ્વીકાર કરી નિત્યકર્મ કરવા યમુનાજીમાં ગયા, ત્યાંથી સ્નાન ધ્યાનાદિક પરવારી રાજા પાસે આવતાં વિલંબ થવાથી રાજાએ પારણા સમય વ્યતીત થવાના ભયથી બ્રાહ્મણોની સંમતિ લઇ માત્ર જલથી પારણા કરી લીધા કે જેથી એકાદશી વ્રત નિષ્ફલ ન થાય, અને અતિથિનું અતિક્રમણ પણ ન થાય. મહર્ષિ યમુનાએથી આવ્યા. તેમણે રાજાએ જલથી પારણા કર્યા એ જાણી ક્રોધથી કહ્યું કે-હે રાજન્ ! તેં મને અતિથિને મૂકી પારણા કર્યા તેનું ફળ હમણાં જ દેખાડું છું: એમ કહી એક કૃત્યા પ્રકટ કરી, તે હાથમાં તલવાર લઇ રાજા અંબરીષ તરફ દોડી. રાજા એક પગલું પણ ત્યાંથી ખસ્યા નહિ, પરંતુ રાજાના રક્ષણ માટે મૂકેલું સુદર્શન ચક્ર કૃત્યાના સામે ગયું અને તે કૃત્યાને બાળી દઇ મુનિ દુર્વાસા પછવાડે દોડયું. દુર્વાસા ચક્રને આવતું જોઇ દસે દિશામાં ફર્યા. કોઇ રક્ષણ કરનાર ન મળતાં બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ ચક્રથી બચાવવા ના પાડી, ત્યારે કૈલાસમાં શ્રીશંકર પાસે ગયા. તેમણે ના પાડી; ત્યારે આખરે ભગવાન પાસે ગયા; ત્યારે શ્રી ભગવાને કહ્યું કે-હું તો ભક્તને આધીન છું. ભક્તદ્રોહીને હું બચાવી શકું તેમ નથી.

પરંતુ એક ઉપાય બતાવું; તેમોને આ દુ:ખ થયું છે તે અંબરીષ પાસે જઇ માફી માગો; તેથી તમારા દુ:ખની શાંતિ થશે. श्रीशुकउवाच ॥एवं भगवतादिष्टो दुर्वासाश्चक्रतापितः । अम्बरीषमुपावृत्य तत्पादौ दुःखितोऽग्रहीत् ॥ तस्य सोद्यमनं वीक्ष्य पादस्पर्शविलज्जितः । अस्तावीत्तद्धरेरस्त्रं कृपया पीडितो भृशम् ॥ "એ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી ત્યારે ચક્રના તેજથી દુ:ખ ભોગવતા દુર્વાસા અંબરીષ પાસે આવ્યા, અને દુ:ખીત હોવાથી તેમના બંને પગ પકડી લીધા અંબરીષ પોતાના પગમાં પડેલા દુર્વાસાને જોઇને શરમાઇ ગયા, દુર્વાસા ઉપર કૃપા કરી તેમના દુ:ખને જોઇને પોતે દુ:ખી થયા અને તે દુ:ખથી દુર્વાસાને છોડાવવા માટે સુદર્શન ચક્રની સ્તુતિ કરી." આ ચંદ્રાવળાનું બીજું ચરણ ભાગવત સ્કં. ૯ અ.૪ શ્લો. ૧-૨ ઉપરથી કવિએ રચીને સિદ્ધ કર્યું છે કે-મહર્ષિ દુર્વાસા બ્રાહ્મણ છતાં ભકત દ્રોહ કરવાથી ભકત અંબરીષ કે જે ક્ષત્રિય હતા તોપણ તેમને પ્રણામ કરવા પડયા; માટે ભકતથી કોઇ મોટું નથી. કવિશ્રીએ ત્રીજા ચરણમાં શબરીનો પ્રસંગ દર્શાવ્યો છે, તે પ્રસંગ "ભકતમાલા" સંસ્કૃતમાં છે તેના પાંચમા સર્ગમાં વર્ણન એવી રીતે કરેલો છે કે- ભિલ્લ જાતિની એક શબરી નામે તપસ્વિની દંડકારણ્યમાં મતંગ મુનિના આશ્રમ નજીક પર્ણકુટી બાંધીને રહેતી હતી, તેને એક સમયે મતંગ મુનિનાં દર્શન થયાં, તેના પ્રભાવથી તેને મુનિની સેવા કરવા ઇચ્છા થઇ, પરંતુ ભિલ્લ જાતિ હોવાથી શી રીતે સેવા કરી શકે ? તેથી તેના મનમાં એક વિચાર આવ્યો અને તે રાત્રિમાં ઊઠીને જ્યાં થઇ ને મુનિઓને પંપા સરોવર સ્નાન કરવા જવાનો માર્ગ હતો તે વાળીને સ્વચ્છ બનાવી દીધો, અને લાકડાના ભારા લાવી મુનિના આંગણામાં મૂકી દીધા. એ મુજબ શબરી નિત્ય નિયમિત કરવા લાગી, આ જોઇ ને એક વખતે મહર્ષિ મતંગે પોતાના શિષ્યોને પૂછયું કે આ આપણો આશ્રમ હંમેશાં આપણા ઊઠતાં પહેલાં સ્વચ્છ કરીને આ લાકડાં કોણ મૂકી જાય છે તેની તપાસ કરો. શિષ્યે રાત્રે સંતાઇ રહી તપાસ કરતાં શબરીને જોઇ ને કહ્યું કે તને અમારા ગુરુ બોલાવે છે, એમ કહી મહર્ષિ નજીક લઇ ગયા. મહર્ષિએ તેને આ પ્રમાણે કરવાનું પૂછયું તો તેણીએ કહ્યું કે મહારાજ ! હું નીચ (ભિલ્લ) જાતિ છું; જેથી આપની સેવા પ્રત્યક્ષ શી રીતે કરી શકું ? માટે આ માર્ગ અને આપના આંગણામાં બુહારી કરી કાષ્ટ મૂકી જઉં છું, અને તે દ્વારા આપની સેવા કરું છું. આ સાંભળી મુનિ પ્રસન્ન થયા અને શિષ્યોને, પ્રસાદી આપી તેનો નિર્વાહ કરવા આજ્ઞા કરી, અને ત્યારથી તે આશ્રમ નજીક રહી નિત્ય સેવા કરવા લાગી. આ વાતની બીજા દંડકારણ્યવાસી મુનિઓને ખબર પડતાં તેઓએ મહર્ષિ મતંગની સાથે ભોજનાદિક તો શું પણ સંભાષણાદિકનો પણ વ્યવહાર બંધ કર્યો. ક્ષમાધનવાળા મહર્ષિ મતંગ ઇશ્વરના આરાધનમાં પરાયણ રહ્યા. પરલોક જતી વખતે શબરીને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે- "થોડા જ સમયમાં અયોધ્યામાં રાજા દશરથને ત્યાં ભગવાન શ્રીરામચંદ્રજી નામે પ્રકટ થયા છે તેઓ અહીં પધારશે અને તેમનાં દર્શન અને આતિથ્યસત્કાર કરી તું સ્વર્ગ પ્રાપ્ત કરીશ. આ મારી સેવાનું ફલ તને મળશે."એમ કહી પરલોકમાં પ્રયાણ કર્યું. શબરી તે દિવસથી ભગવાનની રાહ જોવા લાગી. એક સમય સારાં મીઠાં બોર અને ટીંબરવાં ભેગાં કરી રાખી જળ લેવા જતાં ખબર પડી કે ભગવાન રામચંદ્રજી પધારે છે. જેથી જલ લઇ પાછા ફરતાં એક ઋષિ સ્નાન કરીને જતા હતા તેમના ચરણ ઉપર ઉતાવળને લીધે જતાં પડછાયો પડયો, તેથી મુનિ ક્રોધથી તેણીનો તિરસ્કાર કરી ફરી સ્નાન કરવા ગયા, ત્યાં સરોવરમાં જુએ છે તો જલ રુધિર જેવું બની ગયેલું અને તેમાં કીડાઓ ખદબદ થઇ રહ્યા હતા. તેથી મુનિ માત્ર માર્જન કરી પોતાના આશ્રમમાં ગયા. અને શબરી પોતાની પર્ણ કુટીએ આવી જુએ છે તો સાક્ષાત્ ભગવાન્ શ્રીરામચંદ્રજી લક્ષ્મણજી અને સીતા સહિત પોતાના આંગણામાં પધાર્યાં છે. તે જોઇ તે ઘણી જ પ્રસન્ન થઇ અને દર્ભાસન પાથરી, ચરણારવિંદ પ્રક્ષાલન કરી મીઠાં બોર, ટીંબરવાં વગેરે ફલો જેની મધુરતાની પરીક્ષા કરી સંગ્રહ કરી રાખ્યાં હતાં તે ફલો ધોઇને પ્રભુને સમર્પણ કર્યાં. પરમભકત શબરીના હાથે મીઠાં ફલ પ્રભુપ્રેમથી આરોગ્યા. એટલામાં દંડકારણ્યના મુનિઓ શ્રીરામચંદ્રજીના દર્શનાર્થે શબરીના આશ્રમમાં આવ્યા. શ્રીરામે તેમને કુશલ પૂછયું. ઋષિઓએ કહ્યું કે અમો સદા કુશલ છીએ અને આપના દર્શનથી નિર્ભય છીએ. એક ઋષિએ કહ્યું કે ભગવાન્ ! આ શબરીને ધન્ય છે, જેના સમીપમાં રહેવાથી અમોએ મુની મતંગનો ત્યાગ કર્યો હતો અને આપ તો તે જ શબરીનાં આંગણે બિરાજો છો. બીજા એક ઋષિએ એ પ્રશ્ન કર્યો કે ભગવન્ ! આ પંપા સરોવર અકસ્માત્ રુધિર જેવું બની ગયું છે અને કીડાઓ અંદર ખદબદ થયા કરે છે તેનું કારણ શું હશે ? અને તે શી રીતે સારું બને ? તેનો ઉપાય કૃપા કરી દર્શાવો. આ સાંભળીને લક્ષ્મણજી પ્રસન્ન થઇ કહેવા લાગ્યા કે-તમારામાં એક મતંગ નામે મુનિ હતા, તેમની કૃપાથી આ શબરીને ભકિત ઉત્પન્ન થયેલી છે, જેથી આ શબરીને પણ ધન્ય છે. मतंगमुनित्रिद्वेषाद्रामभक्तावमानत : ॥ जलमेतादृशं जातं भवतामभिमानतः ॥ अतः परं मतंगस्य शिष्यान्सन्मानयंतु तान् ॥ भवंतः शवरी त्वेषा गत्वा स्पृशतु वारि तत् ॥ ततो जलं पूर्वतुल्यं स्यादेवात्र न संशयः ॥ इत्युक्ता मुनयः सर्वे लक्ष्मणेन महात्मना ॥ मतंगमुनिशिष्यांस्तु तोषयामासुरानता : ॥ शवरी चापि रामार्थमुदकं नेतुमागता ॥ जलाशये प्रविष्टा सा जलं सम्यग्बभूव तत् ॥ "આ ભગવાનની પરમભકત શબરીની છાયા એક મુનિના ચરણ ઉપર પડવાથી મુનિ તેનો તિરસ્કાર કરી ફરીથી સ્નાન કરવા લાગ્યા, તેથી આ સરોવરનું જળ રુધિર જેવું અને કીડાવાળું મતંગ મુનિનો દ્વેષ કરવાથી તેમજ અભિમાનથી રામની પરમભકત

શબરીનું અપમાન કરવાથી બની ગયેલું છે; માટે તમો સર્વે મતંગ મુનિના શિષ્યોનું સન્માન કરો, આ શબરી સરોવરમાં જઇ તે જળનો સ્પર્શ કરશે તો તે જળ પૂર્વના જેવું થઇ જશે એમાંજરાય સંદેહ નથી. આ પ્રમાણે કહેવાથી મુનિઓએ મતંગમુનિના શિષ્યોને નમ્રતા પૂર્વક સંતુષ્ટ કર્યા અને શબરી પણ શ્રી રામચંદ્રજી માટે જળ લેવા પંપા સરોવર તરફ ગઇ, અને સરોવરમાં પ્રવેશ કરતાંજ જળ સુંદર સ્વચ્છ ગની ગયું.'' મુનિઓ શબરીની સ્તુતિ કરી પ્રશંસા કરવા લાગ્યા. શબરીએ શ્રીરામને જળ અર્પણ કર્યું. વરદાન માગવાનું કહેતા ''દઢભક્તિ'' માગી, અને તે આ લોકનો ત્યાગ કરી વિમાનમાં બેસી સર્વે મુનિઓના જોતાં ભગવદ્ધામને પ્રાપ્ત થઇ, અને મુનિઓ તેના ચરણથી શુદ્ધ થયેલા પંપા સરોવરમાં નિત્ય સ્નાનાદિ કરવા લાગ્યા. આ ઉપરથી કવિશ્રીએ આ ચંદ્રાવળાનું ત્રીજું ચરણ રચેલું છે. એમ જણાય છે. આથીજ કવિ કહે છે કે-ભગવાનના પ્રેમી ભકતથી કોઇ મોટું નથી અને મારા ભકતોને જે દુ:ખ દે છે, દ્રોહ કરે છે તેઓ પરિણામે દુ:ખી થાય છે, અને પોતાની આબરૂ ગુમાવે છે; માટે કૃપાળુ શ્રી કૃષ્ણચંદ્રની ભકિત કરો. ૫૯

સંત સેવે નારદ થયા, જુવો દાસીસુત હરિમન;
તે સુરઋષિના સંગથી, ટળી વ્યાસના ઉરની અગન;
અગન મટી સમજાવ્યો મર્મ શ્રીભાગવત રચ્યું છોડીને કર્મ;
કલેશ ટળે કરે પ્રભુભજન-પ્રીત, દુભવેથી શાંતે સુકીત.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૦ ॥

અર્થ : એક દાસીના પુત્ર, સત્પુરુષોની સેવા કરવાના પ્રતાપે, શ્રી હરિના મનના અવતારરૂપે નારદજી થયા, અને તે નારદજીના સત્સમાગમથી શ્રીવેદ વ્યાસજીના હૃદયમાં જે આગ બળી રહી હતી તે દૂર થઇ ગઇ. આગ શાંત પડી એટલે પ્રભુભકિતના રહસ્યનો ઉપદેશ કર્યો, અને તે ઉપદેશના પરિણામે વ્યાસજીએ અન્ય કર્મનો ત્યાગ કરીને ભગવદ્દભકિતયુકત શ્રીમદ્દભાગવત પુરાણની રચના કરી, માટે જેઓ ભગવદ્દભકતોમાં પ્રીતિ કરે છે. તેમના દુ:ખો સત્સમાગમના પરિણામે દૂર થાય છે અને જેઓ ભગવદ ભકતોનો દ્રોહ કરે છે તેમના તમામ સત્કૃત્યો નાશ પામે છે. દૃષ્ટાંત તરીકે અંબરીષ ભકતનો દ્રોહ કરવાથી દુર્વાસા દુ:ખી થયા હતા, તેમજ ભકત પાંડવોનો દ્રોહ કરવાથી દુર્યોધન જેવાનાં પુણ્યકર્મો નષ્ટ થઇ ગયાં હતાં. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્કં. ૭, અ. ૧૫. શ્લો, ૬૯ થી ૭૩ સુધીમાં નારદજીએ કહ્યું છે કે હું પૂર્વ કલ્પમાં ઉપબર્હણ નામનો ગંધર્વ હતો. એક સમયે દેવયજ્ઞમાં સ્ત્રીઓ સાથે વીંટાઇને ભગવદ્દગુણ ગાતો હતો જેથી પ્રજાપતિઓએ પોતાનું અપમાન

માની શૂદ્રપણાને પ્રાપ્ત થવાનો શાપ આપ્યો. तावद् दास्यामहं जज्ञे सततं ब्रह्मवादिनाम्! शुश्रूषयानुरागेण प्राप्तोऽहं ब्रह्मपुत्रताम् ॥ ''શાપ આપતાં જ મારો દાસીમાં જન્મ થયો, શૂદ્રપણામાં પણ બ્રહ્મવાદી બ્રાહ્મણોની મેં સેવા કરી તેથી તેમના સત્સંગથી હું પાછો બ્રહ્માજીનો પુત્ર થયો.'' આ સુરઋષિ નારદજીનો એક સમયે શ્રી વેદ વ્યાસજીને સમાગમ થયો, જેથી તેમણે નારદજીને પોતાના હૃદયમાં અષ્ટાદશ પુરાણો રચવા છતાં પણ જે ખેદ થયો હતો તેનું કારણ પૂછયું; દેવર્ષિ નારદજીએ તેમને ભકિતનું રહસ્ય સમજાવીને છેવટે કહ્યું કે स्वमप्यदभ्रश्रुतविश्रुतं विभो: समाप्यते येन विदां बुमुत्सितम् । आख्याहि दुःखैर्मुहुरर्दितात्मनां संक्लेशनिर्वाणमुशन्ति नन्यथा ॥ ''હે અદભ્રશ્રુત ! તમે પણ જેનાથી વિદ્વાનોને જાણવાનું શેષ ન રહે એવું ભગવાનનું ચારિત્ર વર્ણવો; તેવું કર્યા વિના દુ:ખથી પીડિત લોકોનો કલેશ સારી રીતે જશે નહિ.'' ઇત્યાદિ ઉપદેશથી વ્યાસજીએ સમાધિ દ્વારા ભગવાનનાં સાક્ષાત્ દર્શન કર્યાં, પછી એ જ સમાધિમા अनर्थोपशमं साक्षाद्भक्तियोगमधोक्षजे । लोकस्याजानतो विद्वांश्चक्रे सात्वतसंहिताम् । ''અનર્થને દૂર કરનાર ઇન્દ્રિયોને અગોચર એવા ભગવાનમાં સાક્ષાત્ ભકિતયોગને જોયો. અને તેને જાણીને તે નહિ જાણનારા લોકો માટે તેમણે ''શ્રીમદ્ભાગવત'' નામે સંહિતા રચી.'' આ કથા ભાગવતના પ્રથમ સ્કંધના અ. ૪ થી ૭ સુધીમાં છે, તેના આધારે કવિશ્રીએ આ ૬૦ મો ચંદ્રાવળો રચેલો છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણ ની સેવા કરો. ૬૦

યોગી અને ભકત

યોગી તરે કદા એકલો, હરિજન તારે સહુ સંગી;
સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસરંગી;
રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પિયે સુધા સ્હામાને પાય;
ભકત સ્નેહી સૌનું સારે કામ, ધ્યાની સાથે કોઇનો નહિ ઠામ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૧ ॥

અર્થ : અષ્ટાંગ યોગ કરનારો યોગી કદાચિત્ તરે તો પણ તે એકલો જ તરી શકે છે, અને શ્રીહરિનો ભકત પોતે તરે છે, અને પોતાના સંગમાં રહેનાર સર્વેને તારી શકે છે, યોગી હમેશાં ઉદાસીન રહે છે અને ભકતજનો ભગવાનની મનોહર રસરૂપ લીલાઓમાં રંગાયેલા રહે છે.રંગાયેલા રસિક બની પ્રભુની સેવા કરે છે, ભગવદ્દગુણગાન કરે છે, પોતે ભગવન્નામાંમૃતનું પાન કરે છે, અને સંગમાં રહેલા બીજાઓને ભજનામૃતનું પાન કરાવે છે, આ પ્રભુમાં પ્રેમયુકત બનેલો ભકત સર્વેનું કાર્ય સિદ્ધ કરે છે, જ્યારે ધ્યાનમગ્ન યોગીની સાથે કોઇ ને બેસવા જગ્યા જ મળતી નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી યોગી અને ભક્તની સરખામણી કરતાં યોગીથી

ભકતની ઉત્તમતા દર્શાવે છે કે-યોગી કદાચિત્ સંસારસમુદ્ર તરે તો પણ તે એકલો જ તરી શકે છે અને ભકતજન તો હમેશાં ભજનાનંદમાં મગ્ન રહી પોતાના સંગમાં રહેનારાઓને પણ ભગવન્નામામૃતનું પાન કરાવી સંસારસમુદ્રમાંથી તારી શકે છે. એટલા જ માટે શ્રીમદ્‌ભાગવત સ્કં. ૧૦ અ. ૨ શ્લો. ૩૨ અને ૩૩માં દેવતાઓએ કહ્યું છે કે-येऽन्येऽरविन्दाक्षविमुक्तमानिनस्त्वय्यस्तभावादविशुद्धबुद्धय : । आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यधो नादृतयुष्मदङ्घ्रय : ॥ तथा न ते माधव तावकाः क्वचिद् भ्रश्यन्ति मार्गात्त्वयि बद्धसौहृदाः। त्वयाभिगुप्ता विचरन्ति निर्भया विनायकानीकपमूर्धसु प्रभो ॥ ''હે કમળ સરખાં નેત્રવાળા ! ભકત સિવાયના કેટલાએક પોતાના મનમાં મુકતપણાનું અભિમાન રાખનારા છે, પરંતુ તેઓને આપનામાં ભાવ ન હોવાથી તેમની બુદ્ધિ શુદ્ધ હોતી નથી, જેથી તેઓ કષ્ટથી પરમપદ સુધી પહોંચે તોપણ આપના ચરણારવિન્દથી વિમુખ હોવાને લીધે અવલંબન વિના ઊંચે ચઢયા છતાં નીચે પડે છે.'' ''હે માધવ ! આપનો આશ્રય કરનારા ભકતજનોએ આપનામાં પ્રેમ જોડેલો છે તેથી આપ તેમના રક્ષક બનો છો, ત્યારે ચોમેરથી તેઓ નિર્ભય બની વિધ્ન કરનારાઓના મસ્તક ઉપર પગ મૂકીને હે પ્રભો ! આપના ભકતો ફર્યા કરે છે'' આ બન્ને શ્લોકના આધારે કવિશ્રી યોગી કરતાં પણ ભકત ઉત્તમ છે એમ દર્શાવી કહે છે કે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૬૧

કર્તવ્ય - નિરૂપણ

સરવ પ્રાણી ઉપર દયા, આણવો નહિ કોયનો દોષ;
વશ કરવી ઇન્દ્રી સહુ, યથા લાભ સંતોષ;
સંતોષ ધરી વદવી સત્ય વાણી, દઢ આશ્રય-પ્રભુ દીનતા આણી;
દુષ્ટ સંગથી રહેવું દૂર, વસવું સદા હરિજનની હજૂર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૨ ॥

અર્થ : સર્વે પ્રાણીમાત્ર ઉપર વૈષ્ણવે દયા રાખવી, કોઇ નો પણ મનમાં દોષ લાવવો નહિ. તમામ ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી, ભગવદ્ ઇચ્છાથી નિર્વાહ માટે જે મળી આવે તેમાં સંતોષ માનવો, સંતોષ રાખવો, અને સત્ય બોલવું, હૃદયમાં દીનભાવ લાવી પ્રભુનો દઢ આશ્રય રાખવો, દુષ્ટજનોની સોબતથી વેગળા રહેવું, અને હંમેશાં ભકતજનોની સમીપમાં રહેવું. કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્કં. ૪ અ. ૩૧ શ્લો. ૧૮ માં કહ્યું છે કે दयया सर्वभूतेषु संतुष्ट्या येनकेनचित्। सर्वेन्द्रियोपशान्त्या च तुष्यत्याशु जनार्दन : ॥''પ્રાણીમાત્ર ઉપર દયા રાખવાથી, ભગવદ્‌ઇચ્છાથી નિર્વાહ માટે જે કંઇ મળી આવે તેથી સંતોષ રાખવાથી, અને સર્વે ઇન્દ્રિયોને કાબૂમાં રાખી પ્રભુસેવામાં વિનિયોગ કરવાથી ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર જલ્દીથી પ્રસન્ન થાય છે.'' ''सत्यपूतां वदेद् वाचम्। સત્યથી પવિત્ર બનેલી વાણી બોલવી'' ''दैन्यं त्वत्तोषसाधनम्॥ હે ભગવાન્ ! માત્ર દીનતાજ આપને સંતોષ પમાડવાનું સાધન છે. '' શ્રીમદ્‌ભાગવત સ્કં. ૧૧ અ. ૨૬ શ્લો. ૩ માં કહ્યું છે કે-''सङ्गं न कुर्यादसतां शिश्नोदरतृपां क्वचित्। तस्यानुगस्तमस्यन्धे पतत्यन्धानुगान्धवत्॥ શિશ્ન અને ઉદરને તૃપ્ત કરનાર અર્થાત્ સંસારમાં આસકત એવા દુષ્ટ પુરુષોનો સંગ ન કરવો, વધુ દુષ્ટોની વાત તો બાજુએ રહી પરંતુ એક પણ દોષવાળા દુષ્ટનો સંગ કરે તો આંધળાની પાછળ બીજો આંધળો પડે છે તેમ એક દુર્જનના સંગથી પણ તે નરકમાં જાય છે. શ્રીમદ્ ભાગવત સ્કં. ૭ અ. ૧૪ શ્લો. ૩ માં કહ્યું છે કે-''शृण्वन् भगवतोऽभीक्ष्णमवतारकथामृतम् ॥ श्रद्दधानो यथाकालमुपशान्तजनावृतः ॥ ભગવાનની કથારૂપી અમૃતનું નિત્ય પાન કરવું, અને શ્રદ્ધા રાખીને યથાયોગ્ય સમયે શાંત ભગવદ્‌ભકતોનો સમાગમ કરવો.'' ઇત્યાદિ ભાગવતાદિ પ્રમાણને અનુસરીને કવિશ્રી ઉપરનો ચંદ્રાવળો રચીને સત્ય, દયા, સંતોષ, જિતેન્દ્રિયપણું, પ્રભુનો દઢાશ્રય, દીનતા, સત્સંગ, અને દુ:સંગનો ત્યાગ, કર્તવ્ય તરીકે નિરૂપણ કરી લખે છે કે-કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૬૨

દુ:સંગ અને સત્સંગ

દુષ્ટ સંગત તેને જાણિયે, જે ભૂલાવે ભગવંત;
સ્નેહ કરાવે શ્રીકૃષ્ણશું, તે તો કહિયે સાચા સંત;
સંત સાચા તેની સંગત કરિયે, અસમર્પિત અન્યાશ્રયથી ડરિયે;
''હું હરિનો'' ''હરિ મારા નાથ'', એ નિશ્ચે કરવું મન સાથ
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૬૩ ॥

અર્થ : જેનો સંગ કર્યાથી શ્રીહરિનું વિસ્મરણ થાય તેને દુ:સંગ જાણવો, જેનો સંગ કર્યાથી પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રમાં પ્રેમ ઉત્પન્ન થાય તેઓને ખરા સંત જાણવા. તે ખરા સંતની સોબત અર્થાત્ સત્સંગ કરવો, અને અસમર્પિત એટલે પ્રભુને સમર્પ્યા સિવાયના પદાર્થો, તે જ અન્યાશ્રય એટલે શ્રીહરિ સિવાય બીજાનો આશ્રય કરવો તે, એમ અસમર્પિત અને અન્યાશ્રય એ બેઉ દોષોથી ડરતા રહેવું, હું શ્રીહરિનો દાસ છું, અને શ્રીહરિ મારા માલિક છે, એ પ્રકારે પોતાના મનની સાથે નિશ્ચય કરી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : કવિશ્રી આ ચંદ્રાવળામાં દુ:સંગ અને સત્સંગની વ્યાખ્યા આપતાં જણાવે છે કે-જેની સોબતથી પ્રભુને ભૂલી જવાય તે દુ:સંગ અને જેની સોબતથી પ્રભુમાં પ્રેમ ઊપજે તે જ ખરા સંત, અને તેમની સંગતિ કરવી તે જ સત્સંગ. સત્સંગ

કર્યા બાદ અસમર્પિત એટલે જે પદાર્થો પ્રભુને ન સમર્પ્યા હોય તેનો ત્યાગ કરવો, અને શ્રીહરિ સિવાય બીજાનો આશ્રય ન કરવો. એ બન્ને દોષોથી દૂર રહેવું, કેમકે "હે શ્રીકૃષ્ણ ! હું આપનો દાસ છું-અને તમે મારા માલિક છો'' એ મન સાથે નિશ્ચય કરવો અને એ નિશ્ચય કર્યા પછી પ્રભુ માલિક એટલે આપણા સ્વામી હોવાથી તેમની પ્રસાદી જ લેવું જોઇએ, કારણ કે કૂર્મપુરાણમાં કહ્યું છે કે अनर्पयित्वा गोविन्दे यो भुङ्क्ते धर्मवर्जितः। शुनो विष्टासमं चान्नं नीरं च सुरया समम् ॥ '' જે મનુષ્ય સ્વધર્મનો ત્યાગ કરી શ્રીકૃષ્ણને સમર્પ્યા સિવાય ભોજન કરે છે.તે લે છે તે અન્ન શ્વાનની વિષ્ટાતુલ્ય અને જળ મદિરા સમાન છે.'' તેમ જ પ્રભુ મારા સ્વામી છે, એ નિશ્ચય કર્યા પછી જો બીજાનો આશ્રય કરવામાં આવે તો જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય બીજાથી લલચાઇ તેનો આશ્રય કરે તો વ્યભિચારિણી કહેવાય છે તેમ ભકત પણ ભગવાનની શરણે ગયા પછી બીજાનો આશ્રય કરે તો તેની ભકિત અનન્ય ભકિત કહેવાતી નથી. માટે અન્યાશ્રય ન કરવો, જેમકે મીરાંબાઇ એને સાસરે ગઇ, ત્યારે તેને દેવીને પ્રણામ કરવાનું કહેતા તે શ્રીકૃષ્ણની અનન્ય ભકત હોવાથી સ્પષ્ટ કહ્યું છે કે.

विना गिरिधरं देवं नमस्कुर्यामहं नहि ।

હું દિવ્ય શ્રી ગિરધારીલાલ વિના અન્યને પ્રણામ કરી શકીશ નહિ માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૬૩

સંસારસમુદ્ર તરવાનો માર્ગ

અન્યાશ્રય અસમર્પિત, એ બે મોટા દુસ્તર રોગ;
સર્વ વસ્તુ શ્રીનાથે, અર્પી ઉછિષ્ટ કરવો ભોગ;
ભોગ કરવો હરિભકતની સંગે, એક જ શ્રીકૃષ્ણ સેવવા રંગે;
દઢ આશ્રય ગુરુદેવનો ધરવો, તો ગોવત્સ-પદવત્ ભવદધિ તરવો.
-સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૪ ॥

અર્થ : અન્યાયશ્રય અને અસમર્પિત, એ બે કઠિન મહાન્ ન મટાડી શકાય તેવા રોગ છે. આ રોગથી બચવા માટે સર્વે પદાર્થો શ્રીકૃષ્ણને સમર્પણ કરવા અને તેમના પ્રસાદી પદાર્થોનો ઉપભોગ કરવો; ભગવદ્દભકતોની સાથે રહી ઉપભોગ કરવો. અને અન્યાશ્રય ત્યજી એક શ્રીકૃષ્ણની જ સ્નેહપૂર્વક સેવા કરવી. તેમજ ગુરુને ભગવદ્રૂપ માની તેમનો દઢ આશ્રય રાખવો. એ મુજબ વર્તન કરે તો આ સંસાર-સમુદ્ર ગાયના વાછડાના પગલા જેવો અર્થાત્ ખાબોચિયા બરાબર બનાવી તરી શકાય છે, માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : ગીતા અ. ૯ શ્લો. ૨૨ માં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન્ આજ્ઞા કરે છે કે 'अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते। तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥જેઓ અન્યનો આશ્રય ત્યજીને મારું જ ચિંતન કરતા મને સેવે છે, તેવા નિત્ય મારામાં પરાયણ જનોનાં યોગ (ન હોય તે મેળવી આપવું) અને ક્ષેમ (મળેલાનું રક્ષણ કરવું) હું ચલવું છું'' શ્રીભાગવત સ્કં. ૧૧ માં ભકત ઉદ્ધવજી ભગવાન્ પ્રત્યે કહે છે કે-હે પ્રભો ''त्वयोपभुक्तस्रग्गन्धवासोलंकारचर्चिताः। उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि ॥ તમોએ ઉપભોગ કરેલ અર્થાત્ પ્રસાદી-માળા, ચંદન, વસ્ત્ર, અલંકાર, વગેરેથી વિભૂષિત, આપને ધરેલું ઉચ્છિષ્ટ અર્થાત્ પ્રસાદી ભોજન કરવાવાળા આપના દાસ, આપની માયાને જીતીએ છીએ.'' શ્રીભાગવત સ્કં. ૧૦ અ ૨ શ્લો. ૩૦ માં કહ્યું છે કે ''त्वय्यंबुजाक्षाखिलसत्त्वधाम्नि समाधिनावेशितचेतसैके। त्वत्पादपोतेन महत्कृतेन कुर्वन्ति गोवत्सपदं भवाब्धिम् ॥ હે કમલનયન! સમગ્ર જીવોના નિવાસસ્થાન આપને વિશે સમાધિદ્વારા કેટલાએક મનને યોજીને મહાન્ ધર્મસંસ્થાપક આચાર્યોએ આશ્રય કરેલી આપના ચરણકમળરૂપી નૌકાવડે આ સંસારસમુદ્રને વાછરડાના પગલા જેવડો બનાવી તરી જાય છે.'' આ ત્રણે શ્લોકોના આધારે કવિશ્રી આ ચંદ્રાવળો રચી જણાવે છે કે-અન્યાશ્રય, અસમર્પિત, એ બંનેને ત્યજીને શ્રીકૃષ્ણની પ્રેમથી સેવા કરવી અને આપણે માથે જેઓ પ્રભુરૂપ નિધિ પધરાવે છે તે ગુરુનો દઢ આશ્રય રાખવો, જેથી સંસારસમુદ્ર વાછરડાના પગલાતુલ્ય બનાવી તરી શકાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૬૪

ભકતનાં લક્ષણો

ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ;
અવગુણ સામો ગુણ કરે, તે મોટા હરિના દાસ.
દાસ દોષ સહુના સંતાડે, ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે,
સાગર-લાંછન વિષ શિવે પીધું, શશિ-યશ પ્રગટ લલાટે દીધું.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૫ ॥

અર્થ : આપણો ગુણ કરનારને સામો બદલામાં ગુણ (ઉપકાર) કરવો એ રીત તો જગતમાં પ્રસિદ્ધ છે, પરન્તુ પોતાને અવગુણ (અપકાર) કરનારને સામો બદલામાં જેઓ ગુણ (ઉપકાર) કરે છે તેઓજ મોટા ભગવાનના ભકતો ગણાય છે. ભગવાનના જે દાસ હોય છે. તે સર્વેના દોષોને ઢાંકી રાખે છે, અને સામાનામાં જો જરાપણ ગુણ હોય તો તે ગુણને મોટા કરી દર્શાવે છે, દૃષ્ટાંત તરીકે શ્રીશિવજીએ સમુદ્રમાંથી નીકળેલા સમુદ્રના લાંછનરૂપ ઝેરને પાન કરી ગળે ઉતારી દીધું અને સમુદ્રમાંથી નીકળેલા ગુણરૂપ નાના સરખા ચંદ્રને મસ્તકમાં ધારણ કરીને; તેની કીર્તિ પ્રકટ કરી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્કં.૪.અ.૪ શ્લો. ૧૨માં સતી દાક્ષાયણી ચાર પ્રકારના પુરુષો દર્શાવતાં દક્ષ પ્રજાપતિ પ્રત્યે કહે છે કે दोषान्परेषां हि गुणेष्वसाधवा गृहणन्ति केचिन्न भवादृशा द्विज । गुणांश्च फल्गुन्बहुलीकरिष्णवो महत्तमास्तेष्वविदद् भवानघम् ॥ ''હે દ્વિજ ! તારા જેવા (૧) ઇર્ષ્યાળુ પુરુષો બીજાઓના ગુણોમાં કેવળ દોષો જ ગ્રહણ કરે છે, પરન્તુ ગુણોગ્રહણ કરતા નથી. (૨) બીજા કેટલાએક મહાપુરુષો પારકા ગુણોમાં કેવળ દોષ ગ્રહણ કરતા નથી, પરન્તુ જેવા હોય તેવા ગુણો તથા દોષો બંનેને વિવેકપૂર્વક અર્થાત્ ગુણો હોય તો ગુણોને, દોષો હોય તો દોષોને ગ્રહણ કરે છે. (૩) અને જે ઉત્તમ મહાપુરુષો છે તેઓ બીજાઓના માત્ર ગુણોને જ ગ્રહણ કરે છે, તેઓ દોષોને ગ્રહણ કરતા જ નથી. (૪)પરન્તુ જે સર્વોત્કૃષ્ટ ભગવાનના મહત્તમ દાસ અર્થાત્ શ્રીહરિના ભકતો છે તેઓ તો કોઇના દોષોને ગ્રહણ કરતા નથી, એટલું જ નહિ પણ બીજાઓના અતિ અલ્પ ગુણોને પણ ઘણા જ મોટા કરી મૂકે છે. આવા સર્વોત્કૃષ્ટ મહત્તમ પુરુષ ઉપર પણ તે દોષનો આરોપ મૂકયો છે. '' આ શ્લોકના ભાવને અનુસરીને કવિશ્રી ઉપરનો ચંદ્રાવળો રચી જણાવે છે કે-આપણું ભલું કરનારનું સામા બદલામાં ભલું કરવું એ રીતિ તો જગતમાં જાહેર જ છે, પરન્તુ જેઓ ભગવાનના દાસ હોય છે તે ભગવદ્દભકતોની રીતિ તો એથી વિલક્ષણ હોય છે, કેમકે તેઓ તો પોતાનું ભૂંડું કરવા ઇચ્છે તેવાઓનું પણ હંમેશાં ભલું જ ઇચ્છે છે, એ વિશે દષ્ટાંત શ્રી શિવજીનું આપ્યું છે અને બીજું દષ્ટાંત શ્રીગુસાંઇજી (શ્રી વિઠ્ઠલનાથજી) નું છે; એક સમયે કૃષ્ણદાસ અધિકારીજીએ શ્રીવિઠ્ઠલનાથજીને શ્રીનાથજીના દર્શન છ માસ સુધી બંધ કર્યાં હતાં અને તે સમયે શ્રીવિઠ્ઠલનાથજીને કેવું ભગવદ્દવિયોગનું અસહ્ય દુ:ખ થયું હતું તે, તેઓશ્રીએ રચેલા ''વિજ્ઞપ્તિ'' નામના ગ્રન્થ ઉપરથી આપણે સમજી શકીએ તેમ છે, તથાપિ તે જ કૃષ્ણદાસ અધિકારીજી તે સમયે મહાન વિપત્તિમાં આવી પડતાં તેમને પરમ ઉદાર શ્રીગુસાંઇજીએ જ બાદશાહ પાસેથી છોડાવી અપકારનો બદલો ઉપકારથી વાળ્યો હતો, અને તેથી જ પ્રભુચરણ શ્રીગુસાંઇજી ''પરમ દયાળુ'' તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. ભકતના લક્ષણમાં ત્રીજું દષ્ટાંત રાજા **અંબરીષ**નું છે. શ્રીમદ્ ભાગવત સ્કંધ ૯ અ. ૪-૫ માં એ કથા વિસ્તારથી વર્ણન કરેલી છે કે-એક સમયે ભગવદ્દભકત રાજા અંબરીષે બાર માસ સુધી નિયમપૂર્વક એકાદશીનું વ્રત ગ્રહણ કર્યું હતું તે પૂર્ણ થતાં માસમાં મધુવનની અંદર ત્રણ દિવસ ઉપવાસ કરી યમુનાજીમાં સ્નાન કરી રાજાએ ભગવાનનું પૂજન કરી, બ્રાહ્મણોને ભોજન કરાવ્યું, અને ગોદાન આપી પોતે બ્રાહ્મણોની આજ્ઞા લઇને ભોજનની તૈયારી કરે છે તેટલામાં **દુર્વાસા મુનિ** અતિથિ તરીકે આવ્યા. રાજાએ પૂજન વગેરે કરી ભોજન કરવા વિનંતિ કરી. મુનિ રાજાની માગણીનો સ્વીકાર કરી નિત્યકર્મ કરવા શ્રીયમુનાજી પ્રત્યે ગયા. આવતાં વિલંબ થતાં, આ તરફ રાજાને દ્વાદશી માત્ર એકજ ઘડી બાકી હતી અને જો રાજા તેમાં પારણાં ન કરી લે તો એક વરસ સુધીનું વ્રત નિષ્ફળ જતું હોવાથી, વિદ્વાન બ્રાહ્મણોની સલાહ લઇ વ્રત પણ પૂર્ણ થાય અને બ્રાહ્મણનું અતિક્રમણ ન થાય તેવી રીતે કેવળ જળથી રાજાએ પારણાં કરી લીધાં, મુનિ શ્રીયમુનાજીથી આવ્યા અને પારણાં કર્યા જાણીને રાજાનો નાશ કરવા જટામાંથી એક કૃત્યા (મારનારી શકિત) પ્રગટ કરી. તે ભયંકર પ્રલયાગ્નિ જેવી હાથમાં તલવાર લઇ અંબરીષ સામે આવી; તે જોઇ ભગવદ્દભકત અંબરીષ ત્યાંથી જરા પણ ખસ્યા નહિ, કિંતુ ભગવાને તેમના રક્ષણાર્થે આપેલું ચક્ર સામે થયું અને કૃત્યાનો નાશ કરી દુર્વાસા પ્રત્યે દોડયું. સુદર્શન ચક્ર જોઇ દુર્વાસા નાઠા. તે બ્રહ્મા શંકર અને વિષ્ણુ ત્રણે પાસે ગયા અને પોતાના બચાવની પ્રાર્થના કરતાં કોઇએ રક્ષણ કર્યું નહિ, પરન્તુ ભગવાને ઉપાય દર્શાવતાં આજ્ઞા કરી કે- ''મારાથી તમારી રક્ષા તો ન થઇ શકે, પરન્તુ જ્યાંથી આ દુ:ખ તમને થયું છે તેની જ પાસે તમે જાઓ, અને માફી માગો, જેથી તમારું દુ:ખ મટશે અને શાંતિ થશે.'' આ સાંભળી દુર્વાસા મુનિ અંબરીષના ચરણમાં પડયા, જેથી અંબરીષે ચક્રની સ્તુતિ કરતાં કહ્યું કે મેં જો સર્વ પ્રાણીમાં ભગવદ્દભાવના રાખી હોય અને તે સર્વાત્મભાવથી પ્રભુ જો મારી ઉપર પ્રસન્ન થયા હોય તો આ બ્રાહ્મણ સુદર્શનના દુ:ખથી મુકત થાઓ. એ પ્રમાણે સ્તુતિ કરવાથી દુર્વાસા દુ:ખમાંથી મુકત થઇ ને કહેવા લાગ્યા કે અહો આજે મેં **ભગવાનના દાસની મોટાઇ જોઇ**, હે રાજન્ ! મેં તમારો અપરાધ કર્યો છે તોપણ તમે મારું મંગળ કરવા તત્પર થયા, આ જ ભકતનો મહિમા છે. આ દષ્ટાંતને અનુસરીને કવિશ્રી કહે છે કે-જેઓ ભગવાનના દાસ હોય છે તે ભગવદ્દભકતો તો પોતાનો કોઇએ અપકાર કર્યો હોય તોપણ તે કોઇના દોષોને (અપકારોને) લક્ષ્યમાં ન લેતાં ઢાંકી રાખે છે અને સામાએ જો જરા જેટલો પણ ઉપકાર કર્યો હોય તોપણ તેને મોટો ગણી દર્શાવે છે. દષ્ટાંત દર્શાવે છે કે - સમુદ્રમંથન પ્રસંગે સમુદ્રના લાંછન (કલંક) રૂપ વિષ પ્રગટ થતાં દેવોની પ્રાર્થનાથી **શ્રીશિવજીએ** તે ઝેર પીને કંઠમાં રાખ્યું અર્થાત્ તે વાત બહાર પ્રકટ ન કરી, અને તે જ સમુદ્રમાંથી જ્યારે નાનો સરખો ચંદ્ર પ્રકટ થયો અને તે શ્રીશિવજીને દેવોએ અર્પણ કરતાં શ્રીશિવજીએ તેને પોતાના મસ્તકમાં સ્થાન આપી લલાટમાં ધારણ કરીને તેની કીર્તિ જગતમાં પ્રકટ કરી, આ ઉપરથી કવિશ્રી ભકતનું લક્ષણ દર્શાવે છે કે- ભગવદ્દભકતોએ બીજાનો કરેલો ઉપકાર રાઇ જેટલો હોય તોપણ તેને મેરુ સમાન ગણવો જોઇએ, અને સામાનો દોષ સાગર જેવો હોય તો પણ તેને બિન્દુ સમાન માની પોતાના લક્ષ્ય તરીકે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરવી. ૬૫

ગુરુનાં લક્ષણ

વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ,
હિત ઇચ્છે સહુ જગતનું, નવ ધરે કોઇની આશ.
આશ કરે એક શ્રીગોપાળ, વ્યતીત કરે હરિ-સેવામાં કાળ,
એવા ગુરુનો લેવો ઉપદેશ, ધરિયે સાચો વૈષ્ણવનો વેશ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૬ ॥

અર્થ : જે મહાનુભાવોનું મન હંમેશાં પ્રભુમાં પરોવાયેલું રહે છે તે જ મહાનુભાવોને આખા જગતનું પોષણ કરનાર શ્રીહરિ વશ થાય છે, અને શ્રીહરિ જેઓના વશમાં છે તેવા મહાનુભાવો આખા જગતનું કલ્યાણ કરવાની પોતાની ઇચ્છા રાખે છે, તથાપિ કોઇની પાસેથી એક પાઇ પણ લેવા ઇચ્છા રાખતા નથી, એવા નિરપેક્ષ હંમેશાં રહે છે. માત્ર તેઓ તો એક શ્રીહરિની જ આશા રાખે છે અને ભગવત્સેવામાં પોતાનો સમય નિર્ગમન કરે છે, એવા અર્થાત્ ભગવત્સેવાપરાયણ, નિરપેક્ષ, અને જગતનું કલ્યાણ ઇચ્છનાર, લક્ષણ યુક્ત જે ગુરુ હોય તેઓની પાસેથી જ ઉપદેશ ગ્રહણ કરવો. અને પોતે પણ ટીલાં, ટપકાથી દેખાવ રૂપ નહિ પરન્તુ વૈષ્ણવોનાં જે લક્ષણો ૬૨-૬૫ માં ચંદ્રાવળામાં કહ્યાં છે તે જીવનમાં ઉતારી સાચા વૈષ્ણવ બની કૃપાળુ શ્રી કૃષ્ણની સેવા કરવી.

વિવેચન : ''તત્ત્વદીપનિબંધ'' માં શ્રીમહાપ્રભુજીએ ગુરુનાં લક્ષણ દર્શાવતાં લખ્યું છે કે- कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितं नरम् । श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ।। '' શ્રી કૃષ્ણચન્દ્રની સેવામાં હંમેશાં તત્પર હોય, દંભ, (પાખંડ), ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરતા, અને અજ્ઞાન, એ છ આસુરી સંપત્તિથી જે દૂર હોય અને ચતુર્વિધ પુરુષાર્થ સિદ્ધ કરનાર પુરુષ હોય, તેમજ શ્રીમદ્ ભાગવતના રહસ્યને જે જાણનાર હોય, તેવા ગુરુને જિજ્ઞાસુ પુરુષે શરણે જઇ ઉપદેશ ગ્રહણ કરવો જોઇએ.'' આ શ્લોકના તાત્પર્યને અનુસરી કવિશ્રી આ ચંદ્રાવળામાં ગુરુ કેવા હોવા જોઇએ, તેનું વર્ણન કરતાં જણાવે છે કે- જેમનું ચિત્ત પ્રભુમાં પરોવાયેલું છે, પ્રભુ જેના વશમાં છે, જેઓ કોઇની પાસે એક પાઇની પણ અપેક્ષા ન રાખતાં હંમેશાં નિરપેક્ષ રહે છે, એક શ્રીહરિનો જ માત્ર જેઓને આશ્રય છે. અને શ્રીહરિની સેવામાં જ જેઓ પોતાનો સમય નિર્ગમન કરે છે, તેવા ગુરુનો ઉપદેશ લેવો જોઇએ. આ લક્ષણો ખરેખર શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યજીમાં જ ઘટી શકે છે. તેઓશ્રીનું જીવનચરિત્ર વાંચતાં સમજી શકાય તેમ છે કે-તેઓશ્રી હંમેશાં ભગવત્સેવાપરાયણ રહેતા, જગતના હિત માટે તેઓશ્રીએ માત્ર ધોતી, ઉપરણો ધારણ કરી, પગે ચાલીને ત્રણ વખત ભારત પરિક્રમા કરી, ઉપદેશ દ્વારા જગતનું કલ્યાણ કરવા ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે, અને નિરપેક્ષતા તેઓશ્રીનામાં કેટલી બધી હતી તે તો વિજયનગર (વિદ્યાનગર) માં આપશ્રીને કૃષ્ણદેવ રાજાએ અર્પણ કરેલી સુવર્ણ મુદ્રાઓમાંથી ફકત સાત મુદ્રાઓ જ ગ્રહણ કરી હતી અને તેનો ઉપયોગ પણ શ્રીગોવર્ધનનાથજીને નુપૂર બનાવરાવી અર્પણ કરવામાં જ કર્યો હતો, આ ઉપરથી તેઓશ્રી પ્રત્યક્ષ વૈરાગ્યની મૂર્તિ હતા, તેવો સ્પષ્ટ અનુભવ થાય છે માટે તેવા ઉત્તમ ગુરૂનો ઉપદેશ ગ્રહણ કરવો, અને પોતે પણ ચંદ્રાવળા ૬૨-૬૫માં દર્શાવેલાં લક્ષણો પ્રમાણે સાચા વૈષ્ણવ બની સેવામય જીવન વ્યતીત કરવા કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરવી. ૬૬

ગુરુની મહત્તા

ધ્યાનમૂળરૂપ શ્રીગુરુ, પૂજનનું મૂળ ગુરુ-પાય;
મંત્રમૂળ ગુરુ-વાકય છે, મૂળ મોક્ષનું ગુરુકૃપાય;
ગુરુકૃપા વાંછિત ફળ થાય, હરિ રૂઠે તો ગુરુ કરે સહાય;
ગુરુ કોપે કયહું નહિ ઠેકાણું, અધિક આચાર્યથી કો નવ જાણું.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૭ ॥

અર્થ : શિષ્યના ધ્યાનનું મૂળરૂપ કયું ? શ્રીગુરુ. (અર્થાત્ શિષ્યે ગુરુનું જ ધ્યાન કરવું) પૂજનનું મૂળ શું ? ગુરુના ચરણારવિંદ (અર્થાત્ શિષ્યે ગુરુના ચરણકમળનું પૂજન કરવું.) મંત્રનું મૂળ શું ? ગુરુનાં વચનામૃતો. (અર્થાત્ ગુરુના મુખારવિન્દથી જે ઉપદેશ મળે તે જ મંત્રરૂપ છે.) મોક્ષનું મૂળ શું ? ગુરુની કૃપા. (અર્થાત્ ગુરુની કૃપાથીજ ભગવત્પ્રાપ્તિ થાય છે.) શિષ્યો ગુરુની કૃપાથી જ મનવાંછિત ફળ મેળવી શકે છે, કારણ કે શ્રીહરિ કોપાયમાન થાય તો ગુરુ સહાય કરે છે, પરંતુ જો ગુરુ કોપાયમાન થાય તો તે શિષ્યને કોઇ બચાવી શકતું નથી. માટે કવિશ્રી કહે છે કે હું આચાર્યશ્રીથી કોઇ ને પણ અધિક જાણતો નથી. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : 'ગુરુગીતા' માં કહ્યું છે કે ध्यानमूलं गुरोर्मूर्ति : पूजामूलं गुरो : पदम्। मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपा । '' ધ્યાનનું મૂળ ગુરુનું સ્વરૂપ છે, પૂજાનું મૂળ શ્રીગુરુના ચરણકમળ છે, મંત્રનું મૂળ ગુરુનું સચનામૃત છે. અને મોક્ષનું મૂળ ગુરુની કૃપા છે.'' हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ।। ''શ્રીહરિ કોપાયમાન થાય તો ગુરુ સહાય કરી શકે છે. પરંતુ જો ગુરુ કોપાયમાન થાય તો તેને કોઇ પણ બચાવી શકતો નથી.'' શ્રીમદ્ભાગવત સ્ક. ૧૧ અ. ૧૭ શ્લો. ૨૭ માં કહ્યું છે કે- आचार्य मां विजानीयान्नावमन्येत कर्हिचित । न मर्त्यंबुद्ध्यासूयेत सर्वदेवमयो गुरुः ।। '' આચાર્ય મને જાણવો. અર્થાત્ આચાર્ય એ મારું સ્વરૂપ છે, તેમનું કોઇ પણ પ્રકારે અપમાન ન કરવું, તેમજ આ પણ આપણા જેવા જ મનુષ્ય છે એવી બુદ્ધિ રાખી ઇર્ષ્યા ન કરવી, કારણ કે ગુરુ એ સર્વદેવમય છે.''

આ પ્રમાણોને લક્ષ્યમાં રાખીને કવિશ્રીએ એના આધારે ઉપરનો ચંદ્રાવળો રચી દર્શાવ્યું છે કે-ગુરુ વિના જ્ઞાન મળી શકતું નથી, અને ગુરુની કૃપાથી જ સર્વ મનવાંછિત સિદ્ધ થાય છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૬૭

ગુરુના સ્વરૂપની ભાવના

ક્રોધી ગુરુ તો નૃસિંહજી, કામી હોય તો શ્રીકૃષ્ણ કહિયે;
લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એ લહિયે;
લહિયે એ પાખે દાખે જો કુકૃત્ય; તો પણ માનિયે એ થકી ગત્ય;
જેણે સોંપી આપ્યા જગદીશ, તેનો ઋણી સદા તે શિષ્ય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૮ ॥

અર્થ : ગુરુમાં જો ક્રોધ જણાય તો તે "શ્રીનૃસિંહભગવાન" નું સ્વરૂપ છે એમ માનવું, અને જો કામી જણાય તો "શ્રીકૃષ્ણ"ની ભાવના કરવી, તેમ જ જો લોભવૃત્તિ દર્શાવે તો "શ્રીવામનજી"નું સ્વરૂપ માનવું એ ત્રણે સ્વરૂપ શ્રીહરિનાં હોવાથી ગુરુને પણ સત્ય શ્રીહરિસ્વરૂપ જ માનવા છતાં પણ જો તે ગુરુ પોતાનું કાંઇક પણ અપકૃત્ય દર્શાવે તોપણ તે ગુરુથી જ આપણી સદ્‌ગતિ થવાની છે એમ માનવું; કારણ કે જે ગુરુએ આપણને પરબ્રહ્મથી સંબંધ કરાવી નિધિરૂપ શ્રીહરિ પધરાવી આપ્યા છે તે ગુરુનો તો શિષ્ય હંમેશનો ઋણી જ છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : આ ચંદ્રાવળાને જોતાં સામાન્ય રીતે એમ જણાય છે કે- "ગુરુમાં જો દોષ હોય, તોપણ તે ગણવા નહિ." પરંતુ રહસ્ય તપાસતાં કવિનો આશય તેવો નથી. કવિના લખવાનું રહસ્ય તો એ છે કે "શ્વેતાશ્વરોપનિષદ" માં કહ્યું છે કે-यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ॥ "જેને ઇષ્ટદેવમાં પ્રેમલક્ષણાભક્તિ છે, અને જેવી પોતાના ઇષ્ટદેવમાં ભક્તિ છે તેવી જ ગુરુમાં રાખવી.गुरुरेव परंब्रह्म ॥ " ગુરુ એજ પરબ્રહ્મ છે." गुरुरेव जनार्दन : ॥ "ગુરુ એ જ જનાર્દન (ભગવાન) છે." आचार्य मां विजानीयात् ॥ "આચાર્ય (ગુરુ) મને જાણવો અર્થાત્ ગુરુ એ મારું સ્વરૂપ છે." ઇત્યાદિ અનેક પ્રમાણોથી નિશ્ચય થાય છે કે-ગુરુને ભગવત્સ્વરૂપ માનવા જોઇએ. અને એવી જેની ભાવના હોય તે જ શિષ્ય પોતાનું કલ્યાણ સાધી શકે છે. પરંતુ ગીતાજીમાં કહ્યું છે કે अपिचेत् सुदुराचारो भजते मामनन्यभाक् । साधुरेव स मन्तव्य : ॥"કદાચિત કોઇ અત્યંત દુરાચારી હોય, પણ જો મારી અનન્યભક્તિ કરતો હોય તો તેને સાધુ જ માનવો." અનન્યભક્તિ કરનારમાં દુરાચાર હોવાનો સંભવ જ નથી, તથાપિ કદાચિત જોવામાં આવે તોપણ તેને જેમ ઉત્તમ માનવાની ભગવદ્‌આજ્ઞા છે, તેવી જ રીતે કવિશ્રી પણ એ જ આશયને અનુસરી જણાવે છે કે ઉત્તમ ગુરુમાં ક્રોધ, કામ અને લોભ હોય જ નહિ તથાપિ કદાચિત જોવામાં આવે તો પણ જેવી રીતે ભગવાન્ શ્રીનૃસિંહજીએ ક્રોધ હિરણ્યકશિપુ ઉપર દર્શાવ્યો હતો, પરંતુ તે ક્રોધનો આશય પોતાના દ્વારપાલ ભક્તનો ઉદ્ધાર કરવાનો હતો. ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે કામલીલા દર્શાવી હતી, પરંતુ તે संत्यज्य सर्वविषयान् तव पादमूलं प्राप्ता:भजस्व दुरवग्रह मा त्यजाऽस्मान् ॥"અમો સર્વે ઇન્દ્રિયોના વિષયોને ફરીથી ઉત્પન્ન જ ન થાય તેવી રીતે સમૂલોન્મૂલન કરીને આપશ્રીના ચરણકમળને શરણે આવ્યાં છીએ," એ શ્રીગોપીજનોના વાક્યથી સ્પષ્ટ છે કે તે કામલીલા નહોતી, કિંતુ કામલીલા દર્શાવી તે દ્વારા શ્રીવ્રજાંગનાઓનો ઉદ્ધાર કરવાનો હતો. શ્રીવામનજીએ રાજા બલિના યજ્ઞમાં લોભ દર્શાવ્યો હતો, પરન્તુ તે લોભનો આશય તે લોભદ્વારા બલિરાજાનું આત્મનિવેદન સિદ્ધ કરવાનો હતો. માટે કદાચિત્ ગુરુમાં તદનુસાર ક્રોધ જણાય તો શ્રીનૃસિંહજીની, અને કામ જણાય તો શ્રીકૃષ્ણની, અને લોભ જણાય તો શ્રીવામનજીની ભાવના રાખવી. કેમકે તે ક્રોધાદિક પણ શિષ્યના ઉદ્ધારાર્થે જ હોય છે. પરંતુ ભક્તે કોઇ પણ પ્રકારે ગુરુમાં મનુષ્યબુદ્ધિ લાવી દોષદૃષ્ટિ ન કરવી, કેમકે- विष्णोरर्च्ये…गुरुषु नरमति: ।…यस्य वा नारकी स : ॥ "ગુરુ માં જે શિષ્યને મનુષ્યબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે નરકનો અધિકારી બને છે." એજ આશયથી કવિશ્રીએ આ ચંદ્રાવળાદ્વારા ગુરુમાં શ્રીહરિની ભાવના કરીને, તેઓશ્રી પોતાને સન્માર્ગ દર્શાવી ઉદ્ધાર કરનાર હોવાથી તેમના ઋણી રહેવા ઉપદેશ્યું છે. આ ઉપરથી ગુરુઓએ પણ અમો પ્રભુરૂપ છીએ, અમોને કાંઇ બાધક નથી, એમ માનવાનું નથી, કેમકે શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાધીશ્વર જ્યારે ભારત પરિક્રમા કરવા પધાર્યા હતા, ત્યારે માર્ગમાં એક મહાન્ અજગર પડેલો, તેને કીડીઓ ફોલી ખાતી હતી, આ દૃશ્ય જોઇ આપશ્રીને દયા આવવાથી તેના ઉપર જળ છાંટ્યું, જેથી તે અજગરનો ઉદ્ધાર થયો, આ જોઇને આપના સેવક દામોદરદાસે આનું રહસ્ય પૂછતાં આચાર્યશ્રીએ આજ્ઞા કરી કે-આ અજગર પૂર્વે મહંત હતો અને આ કીડીઓ તેમના શિષ્ય હતા, શિષ્યો પાસેથી મહંતે દ્રવ્ય લઇ શ્રીહરિના ઉપયોગમાં ન વાપરતાં પોતાના ભોગવિલાસમાં વાપર્યું. ગુરુશ્રીને વિલાસી જોઇ શિષ્યો પણ વિલાસી બની ગયા. જેથી મહંતને અજગરયોનિ અને શિષ્યોને કીડીઓની યોનિ પ્રાપ્ત થઇ હતી. અર્થાત્ શિષ્યોનો ઉદ્ધાર કરવાની શક્તિ ન હોય તેવા ગુરુઓએ શિષ્યો પણ ન કરવા જોઇએ. આ દૃષ્ટાંત ઉપરથી આચાર્યો (ગુરુઓ)ની કેટલી બધી જવાબદારી છે તે પણ શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ દર્શાવી છે. માટે તે જવાબદારી સંભાળવાનું કાર્ય પણ ગુરુઓના શિર રહેલું હોય છે. અર્થાત્ શિષ્યે ગુરુના દોષ તરફ દૃષ્ટિપાત ન કરતાં ગુરુમાં ભગવાનની ભાવના રાખવી અને ગુરુએ શિષ્યોના ઉદ્ધાર માટેની જવાબદારી સંભાળવી અને માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૬૮

અનન્ય શરણનો પ્રતાપ યાને દઢ વિશ્વાસ

ભોજન-વસનની ચિંતા કરી, વૈષ્ણવને ન થાવું ઉદાસ;
વિશ્વંભર પૂરે વિશ્વને, તે કયમ ભૂલે નિજ દાસ,
દાસ-આશ પૂરે સહુ વણમાગ્યે, વણકહ્યે સ્હાય કરે અનુરાગે,
હરિ ભજતાં કાંઇ નવ રહે ખામી, નથી અજાણ્યા એ અંતર્યામી.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૬૯ ॥

અર્થ : અન્ન અને વસ્ત્રો મેળવવાની ફિકર કરીને વૈષ્ણવે ઉદાસીન બનવું નહિ, કેમકે જે જગતનું પોષણ કરનાર શ્રીહરિ, સમગ્ર જગતનું ભરણપોષણ કરે છે, તે પોતાના ભકતને શી રીતે ભૂલશે ? શ્રીહરિ, માગ્યા વિના પણ ભકતના સર્વે મનોરથ પૂર્ણ કરે છે, ભકત ઉપરના પ્રેમને લીધે પ્રભુ વિના કહે સર્વ પ્રકારે સહાય કરે છે, શ્રીહરિસેવાપરાયણ ભકતોને કોઇ પ્રકારની ખામી રહેતી જ નથી કારણ કે શ્રીહરિ અંતર્યામી હોવાથી તે ભકતોની સ્થિતિથી અજાણ્યા નથી હોતા. પ્રભુસર્વ જાણે છે માટે (ચિંતા ત્યજી)કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : પાંડવગીતામાં કહ્યું છે કે- भोजनाच्छादनं चिन्तां वृथा कुर्वन्ति वैष्णवाः। योऽसौ विश्वंभरो देव : स भक्तान् किमुपेक्षते ? ।। ''વૈષ્ણવો ખાવા-પીવાની અને વસ્ત્રોની ફિકર ફોગટ કરે છે, કેમકે જેમનું નામ વિશ્વંભર (જગતનું પોષણ કરનાર) છે, અને નામ પ્રમાણે જેઓ જગતનું નિત્ય ભરણપોષણ કરે છે તે શું પોતાના ભકતોને ભૂલી જશે? અર્થાત કદી નહિ ભૂલે, માટે વૈષ્ણવોએ ચિંતા કરવાની જરૂર નથી.'' શ્રીમદ્ વલ્લભાધીશ્વરે ''નવરત્ન'' ગ્રંથમાં પણ એ જ આજ્ઞા કરી છે કે-चिन्ता कापि न कार्या निवेदितात्मभि : कदापीति । ''જેઓએ આત્મનિવેદન કર્યું છે તે વૈષ્ણવોએ કોઇ પણ દેશમાં યા કોઇ પણ સમયમાં કોઇ પણ પ્રકારની ચિંતા કરવી નહિ.'' કારણ કે શ્રીહરિ સર્વજ્ઞ હોવાથી ભકતના અંતરની વાત તેમનાથી અજાણી હોતી નથી; માટે ભકતોએ તો કોઇ પ્રકારની ચિંતા ન કરતાં હંમેશાં સર્વાત્મભાવપૂર્વક શ્રીહરિની અનન્ય ભકિત જ કરવી જોઇએ જે ભકતો પ્રભુની અનન્ય ભકિત કરે છે તેઓને માટે ''ગીતા'' માં શ્રીહરિએ પ્રતિજ્ઞા કરી છે કે अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।। '' જે ભકતજનો અનન્ય થઇને મારું ચિંતન કરે છે. તે નિત્ય મારી સેવાપરાયણ રહેનાર ભકતોનું યોગ (ન મળેલી વસ્તુ મેળવી આપવી) અને ક્ષેમ (મળેલી વસ્તુનું રક્ષણ કરવું) એ બન્ને હું કરું છું.'' એ મુજબ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રે અભય વચન આપેલું હોવાથી કવિશ્રીએ એ વચનાનુસાર આ ચંદ્રાવળામાં ચિંતા ત્યજી સેવાપરાયણ રહેવા ઉપદેશ્યું છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૬૯

દઢ વિશ્વાસ માટે દૃષ્ટાંતો

અજબ ગુલમ્હેરી જળ વસે, પક્ષિણી મુખ રટે હરિનામ;
ખાન-પાન મોઢે નવ કરે, છૂટે મુખ થકી સુન્દરશ્યામ;
શ્યામે વિચારી કર્યું તેહને સુખ, ચરણ ચરવા કર્યાં મયૂરનાં મુખ;
પુચ્છે વદન કર્યું, ઊંટની ગ્રીવા, શ્રીહરિ યુકિત કરી જળ પીવા.
-સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૭૦ ॥

અર્થ : અજાયબી ભરેલું એક ''ગુલમ્હેરી'' નામનું પક્ષી પાણીમાં રહે છે. તે પક્ષી મોંઢથી શ્રીહરિનું નામ રટન કર્યા કરે છે. મુખથી શ્યામ સુંદર શ્રીકૃષ્ણચન્દ્રના નામનું રટન ચૂકી જાય તેટલા માટે તે મોંઢથી ખાતું કે પીતું નથી, જેથી શ્યામસુંદર શ્રીહરિએ તેના સુખ માટે વિચાર કરી તે પક્ષીના પગે ચારો ચરવા માટે મોરનાં મોઢાં કર્યાં છે. અને તેને જળ પીવા માટે એવી યુકિત રચી કે પૂંછના ભાગમાં મુખ બનાવ્યું અને તેને ઊંટના જેવી ડોક બનાવી, કે તે સુખથી જળ પી શકે, અને ભગવન્નામ છૂટી પણ ન શકે; માટે એવા કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીહરિના અનન્ય શરણે રહી દઢ વિશ્વાસપૂર્વક ભકિત કરનારને શ્રીહરિ કેવી રીતે મેળવી આપે છે વિષે કવિશ્રીએ આ ચંદ્રાવળામાં (આ ''ગુલમ્હેરી'' પક્ષી સંબંધી કોઇને વધુ માહિતી હોય અને અમને લખી જણાવશે તો આભારસહ પછીની આવૃત્તિમાં તે પ્રકટ કરવામાં આવશે.) ''ગુલમ્હેરી'' નામના અજાયબી ભરેલા પક્ષીનું નામ આપ્યું છે. કવિશ્રીએ ભારતમાં ત્રણવાર તીર્થાટન કરેલું હોવાથી આ પક્ષીનો કદાચિત અનુભવ થયો હશે, જેથી તેમણે આ દૃષ્ટાંત આપેલું છે. આ પક્ષી પ્રત્યક્ષ મારા જોવામાં હજુ આવ્યું નથી. માત્ર આ ''ગુલમ્હેરી'' પક્ષીનું ચિત્ર મારા નિવાસસ્થાન ઉમરેઠમાં મારા રહેવાના મકાન (કૃષ્ણભવન)ના સામે સાત સ્વરૂપની હવેલીની ભીંતે ઘણા વખતનું ચીતરેલું પ્રાચીન હતું તે મેં જોયેલું છે માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૭૦

દઢ વિશ્વાસ રાખવા માટે વધુ દૃષ્ટાંતો

અજગરને અનાયાસ હરિ, આપે આહાર આનનમાં લાવી;
સક્કરખોરને સાકર સાગર, બેટમાં દે છે મિલાવી;
મેળવે ચાતકને જગ-સ્વાતી, ગિરિશૃંગે વૃક્ષ પોષે કોઇ ભાતી,
સ્ત્રી-સ્તને પય કર્યું પોષવા બાળ, તે તુંને નહિ ભૂલે ભજ ગોપાળ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૧ ॥

અર્થ : જે શ્રીહરિ ''અજગર'' ને વિના પ્રયત્ને મોઢામાં ખોરાક લાવીને મેળવી આપે છે. (''સક્કરખોર'' દરિયા વચ્ચે બેટમાં રહે છે, અને તેનો ખોરાક માત્ર સાકર જ હોય છેતથાપિ) ''સક્કરખોર'' ને સમુદ્ર વચ્ચે પ્રભુ સાકર પણ મેળવી આપે છે. (ચાતક

પક્ષી માત્ર સ્વાતી નક્ષત્રનું જ જળ ગ્રહણ કરે છે, ફકત સ્વાતીના જળના આધારે તે પક્ષી બાર માસ સુધી રહે છે, સ્વાતીના જળ સિવાય નદી, સરોવર વગેરેમાં ગમે તેટલું જળ હોય તોપણ તે જળ તેને કામ લાગતું નથી.) જેથી શ્રીહરિ ''ચાતક'' ને સ્વાતીનું પાણી પણ મેળવી આપે છે. પર્વતના શિખર ઉપર રહેલાં ઝાડને કોઇ પાણી પાઇ ઉછેરતું નથી, કિંતુ તે ઝાડોને પણ પ્રભુ કોઇ પણ પ્રકારે પોષણ આપે છે. બાળકનો જન્મ થતાં જ તેનું પોષણ કરવા પ્રભુ તે બચ્ચાની માતાના સ્તનમાં દૂધ પ્રકટ કરે છે. એ મુજબ સર્વેનું જે શ્રીહરિ પોષણ કરે છે, તે શ્રીહરિ તને (પોતાના ભકતને) નહિ જ ભૂલે; માટે (નિર્વાહની ચિંતા ત્યજી, પ્રભુનો દ્દઢ વિશ્વાસ રાખી, શ્રીહરિભક્તિપૂર્વક) કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : વિશ્વને ઉત્પન્ન કરનાર અને તેનું ભરણપોષણ કરનાર શ્રી હરિ જ છે, કે જેનું નામ ''વિશ્વંભર'' કહેવાય છે. તે કીડી, મકોડી, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે પ્રાણીમાત્રનું પોષણ કરે છે, અને કેટલાંક પ્રાણીઓનું તો અજાયબી રીતે ભરણપોષણ કરે છે કે જ્યાં આશ્ચર્ય લાગ્યા સિવાય રહેતું નથી, જેમકે **ચાતક** નામના પક્ષીના ગળામાં કાણું હોય છે, અને તેને એક માત્ર સ્વાતીના જ જળનો આધાર રહે છે, તો તેને સ્વાતી નક્ષત્રમાં પણ વૃષ્ટિ કરી પોષે છે. તેમ જ **અજગર** વગડામાં પડયો રહે છે તેને અને સક્કરખોરને સમુદ્ર સચ્ચે બેટમાં, જે વૃક્ષો પર્વતના શિખર ઉપર ઊગ્યા હોય છે તે વૃક્ષોને, જ્યારે શ્રીહરિ પોષે છે, તેમ જ બાળકનો જન્મ થતાં જ તેની માતાના સ્તનમાં દૂધ પ્રકટ કરે છે, તે દયાળુ પ્રભુ તું જો તે શ્રીહરિની સેવાપરાયણ રહીશ, તો તને કેમ નહિ પોષે ? અર્થાત પ્રભુની તો ''ગીતા'' ના અ. ૯ શ્લો. ૨૨ માં અનન્ય ભક્તિ (સેવા) કરનારને ન મળેલી વસ્તુને મેળવી આપવાની, અને મળેલી વસ્તુનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા જ છે. માટે તે શ્રીહરિનો તું દ્દઢાશ્રયપૂર્વક વિશ્વાસ રાખી તારા નિર્વાહની ચિંતા છોડી દઇ સેવાપરાયણ થા, કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે- वृत्त्यर्थं न तिचेष्टेत सा हि धात्रैव निर्मिता । गर्भादुत्पतिते बाले मातुः प्रस्त्रवणं स्तना ॥ '' નિર્વાહને માટે અત્યંત પ્રયાસ નહિ કરવો. કેમકે આજીવિકા તો વિધાતાએ નિર્માણ કરેલી જ છે. જેમકે ગર્ભથી બાળક જન્મતાં જ માતાનાં સ્તનમાં જે દૂધ સ્રવવા લાગે છે તેવી રીતે પ્રભુ સર્વની આજીવિકા તૈયાર કરે છે.'' ભકત કવિશ્રીએ આજ શ્લોકના આધારે આ ચંદ્રાવળો રચ્યો છે માટે કૃપાળ શ્રીકૃષ્ણની સેવા કરો. ૭૧

ભકતમનોરથ સૌ પૂરે પ્રભુ, કઠિન સરળ ગુરુ નાના;
જેહના પૂર્યા તેના નામ કહુ; તું પૂછશે કોહનાં કોહનાં;
કહાન ગયા કુબજા પતિ થાવા, પારથ-પત્ની થયા જળ પાવા,
પૂરી પુત્ર થઇ અદિતિની આશ, પાંડવ-કાર્ય કર્યાં થઇ દાસ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૨ ॥

અર્થ : ભગવાન્ ભકતજનોના નાના અગર મોટા, કઠણ હોય કે સહેલા, ગમે તેવા મનોરથો હોય તોપણ પૂર્ણ કરે છે. કદાચિત્ તું પૂછીશ કે કોના કોના મનોરથો સિદ્ધ કર્યા છે, તો તેનાં તને નામ દર્શાવું છું. શ્રીલક્ષ્મીજી હંમેશાં જેમના ચરણકમળની સેવા કરે છે તેવા ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર કુબ્જાની ભક્તિને વશ થઇ ને કુબ્જા ત્રણ જગ્યાએથી વાંકી ત્રિવક્રા હોવા છતાં તેના પતિ થયા. એક સમયે અર્જુન રણમાં તૃષાથી વ્યાકુળ બન્યો હતો, અને દ્રૌપદી હાજર ન હોવાથી શ્રીહરિએ અર્જુનની ભક્તિને વશ થઇ ત્યાંજ ગંગા ઉત્પન્ન કરી અર્જુનને જળ પાઇને તેની તૃષા મટાડી હતી. (આ પ્રસંગ ઇચ્છારામ સૂ. દેસાઇના ગ્રંથ **ચંદ્રકાન્ત** ભા-૩ પાન ૫૯૯ માં છે.) દેવતાઓની પાસેથી બલિરાજાએ જ્યારે સ્વર્ગ લઇ લીધું, ત્યારે અદિતિ (દેવમાતા) ને ઘણું દુ:ખ થયું હતું, અને પોતાના પુત્રોને પાછું સ્વર્ગ અપાવવા શ્રીહરિનું આરાધન કર્યું. જેથી શ્રીહરિએ પુત્ર (શ્રી વામનજી) રૂપે પ્રકટ થઇ બલિરાજાના યજ્ઞમાં પધારી, ત્રણ પગલાં પૃથ્વી માગી સ્વર્ગ પાછું મેળવીને દેવતાઓને આપ્યું અને અદિતિની આશા પૂરી કરી, તેમ જ પાંડવોને ત્યાં રાજસૂયયજ્ઞ પ્રસંગે દાસ બની ચરણપ્રક્ષાલનનું કાર્ય, તથા યુદ્ધ પ્રસંગે સારથિ બની સહાયતારૂપે કાર્ય કર્યું હતું; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્દભાગવત સ્કં. ૧૧ અ. ૨૦ શ્લો. ૩૩ માં કહ્યું છે કે. सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेडञ्.जसा । स्वर्गापवर्ग मद्धाम कथंचिद्यदि वाच्छति । ' મારો ભક્ત, મારા ભક્તિયોગના બળથી સ્વર્ગ, મોક્ષ, અથવા મારું ધામ જે કંઇ ઇચ્છા કરે તે સર્વ પ્રત્યક્ષ મેળવી શકે છે.'' આ ભગવદ્દવાકયને અનુસરી ચંદ્રાવળો ૭૨ અને ૭૩ મો કવિશ્રીએ રચેલો છે અને તેમાં કુબ્જા, અર્જુન, અદિતિ અને પાંડવોનાં અનેક કાર્યો સિદ્ધ કરી, પ્રભુએ જેઓના મનોરથો પૂરા કર્યા છે તેઓનાં દ્દષ્ટાંતો ''ભકતમાળ'' વગેરેમાંથી પણ આપેલાં છે, ''મહાભારત'' માં પણ તેવાં અનેક દ્દષ્ટાંતો મળી આવે છે રાજસૂયયજ્ઞ પ્રસંગે પ્રભુએ ભકત પાંડવોના દાસ બનીને સર્વેના ચરણપ્રક્ષાલનનું કાર્ય કર્યું હતું, યુદ્ધ પ્રસંગે અર્જુનના સારથિ બની રથ હાંકયો હતો. એક સમયે દુર્યોધને પોતાની સેનાનો નાશ થતો જોઇ ભીષ્મપિતામહને કહ્યું કે-આપ મારા સેનાપતિ હોવા છતાં પાંડવોનો એક પણ હજુ સુધી મરાયો નથી એ કેવું યુદ્ધ? શું આપ કપટયુદ્ધ કરો છો? આ સાંભળી ભીષ્મપિતામહને ક્રોધ ઉત્પન્ન થતાં પ્રતિજ્ઞા કરી કે : 'श्वस्तु निष्पाण्डवी पृथ्वीं करिष्यामि न संशय : ॥ ''આવતી કાલે જ પાંડવરહિત પૃથ્વી કરીશ, એમાં જરા પણ સંશય નથી.'' એ મુજબ ભીષ્મે પ્રતિજ્ઞા કરતાં ભગવાનને ચિન્તા થઇ અને સરસ્વતીને પ્રેરણા કરતાં શીઘ્ર દુર્યોધનની જિહ્વા ઉપર બેઠી, જેથી દુર્યોધને પુન: પ્રશ્ન કર્યો કે- કદાચિત્ તેમ ન બને તો ? ભીષ્મપિતામહે કહ્યુ કે- ''तर्हि प्राणान् विमोक्ष्यामि '' ''જો કાલે

પાંડવરહિત પૃથ્વી નહિ બને તો હું મારા પ્રાણોનો ત્યાગ કરીશ'' આ વાતો જાણી ભકતવત્સલ ભગવાનને ચિંતા ઉત્પન્ન થતાં, તેઓ પાંડવોના તંબૂમાં પધાર્યા અને દ્રૌપદીને જગાડી સાથે લઇ કૌરવોના તંબૂ તરફ ચાલ્યા. દ્રૌપદી કહે છે કે-ભગવાન! કાંટા વાગે છે; પ્રભુ કહે કે હું ખસેડી લઉં છું. અસંખ્ય બ્રહ્માંડાધિપતિ શ્રીકૃષ્ણચન્દ્ર દ્રૌપદીના દાસ બની આગળ કાંટા ખસેડતા ઉઘાડે પગે ચાલે છે. દ્રૌપદી પાછળ પાછળ આવે છે. થોડે દૂર ગયા બાદ શ્રીહરિએ દ્રોપદીને કહ્યું કે-દ્રૌપદી ! જો સામે દીવો જણાય છે, ત્યાં ભીષ્મપિતામહ પોઢયા છે, ત્યાં જઇ પ્રણામ કરજે, દ્રૌપદીએ ત્યાં જઇને ભીષ્મને પ્રણામ કરતાં, ભીષ્મપિતામહે કહ્યું કે-**''અખંડસૌભાગ્યવતીભવ.''** ભીષ્મે ઊંઘજાગમાં કહ્યું તો ખરું, પરંતુ સાવચેત થતાં પૂછયું કે કોણ ? દ્રૌપદીએ કહ્યું કે- આપની પુત્રવધુ. ભીષ્મ કહે, કોણ ? ભાનુમતી ? દ્રૌપદી કહે કે ના, હું દ્રૌપદી. આ સાંભળી ભીષ્મ ચકિત થયા, અને પૂછયું કે-કોઇ હાજર છે ? પહેરગીરિ કહ્યું કે-જી મહારાજ ! ભીષ્મ કહે કે-તપાસ કરો; આ દ્રૌપદી સાથે અત્યારે કોણ આવ્યું છે ? નોકરે કહ્યું કે- ભગવન ! અહીં તો કોઇ જણાતું નથી. ભીષ્મ કહે કે ફરી તપાસ કરો. તપાસ કરી નોકરે કહ્યું કે-મહારાજ ! એક ગોવાળિયાનો છોકરો વાડ પાસે બેઠો છે, એ સિવાય બીજું કોઇ જ નથી. ભીષ્મ તરત જ ઊઠી ત્યાં ગયા, સાક્ષાત્ શ્રીકૃષ્ણચન્દ્રને જોઇ દંડવત્પ્રણામ કરીને કહ્યું કે-ભગવન્ પ્રભો ! આપે આ ઉપર રહી ઠીક ઘાટ ઘડાવ્યો. બીજે જ દિવસે ભીષ્મપિતામહ રણસંગ્રામમાં પડયા, અને પોતાના ભકત પાંડવોને બચાવી લીધા. એ મુજબ ભકતવત્સલ ભગવાને ભકતોનાં અનેક કાર્યો કર્યાં છે. માટે ભકતકવિ કહે છે કે-પ્રભુનો દૃઢ વિશ્વાસ રાખી સર્વ ચિંતા ત્યજી કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૭૨

છડીદાર ઉગ્રસેનના, થયા દ્વારપાલ બલિ-ભૂપ;
નરસૈંના બાપનું શ્રાદ્ધ કર્યું, સેના માટે નાયિક-રૂપ;
રૂપ-મહાર દામાજી સારુ, નામાનું છાપરું છાયું ચારુ;
વારિ વહ્યું ત્રિલોચન-ઘેર, મીરાંબાઇનું પીધું ઝેર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૩ ॥

અર્થ : ઉગ્રસેન રાજાના શ્રીહરિ છડીદાર બન્યા. પ્રભુ બલિરાજાના દ્વારપાળ થયા. ભગવદ્દભકત નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ પ્રભુએ જાતે નરસિંહ મહેતાનું રૂપ લઇને કર્યું. સેના નામનો હજામ ભકતોની સેવામાં રોકાવાથી તેના વતી પ્રભુએ રાજાની હજામત કરવા ''સેના'' નું રૂપ ધારણ કર્યું. દામાજી નામના ભકતને માટે પોતે વિઠુ (મહાર-ઢેડ)નું રૂપ લઇ રાજાનું ભરણું ભરી આવ્યા. નામદેવ નામના ભકતનું ઘર બળી જવાથી

તેનું સુંદર છાપરું છાઇ આપ્યું. ત્રિલોચન નામના ભકતને ત્યાં પોતે દાસ (નોકર) બની પાણી ભર્યું મીરાંબાઇને પોતાના સ્વામી તરફથી ઝેરનો પ્યાલો આવેલો તે પોતે આરોગી જઇને અમૃતરૂપ બનાવી દીધું એવા કૃપાળુ શ્રીકૃષ્ણ ચન્દ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્દ ભાગવત સ્કં. ૧૦ અ. ૪૫ શ્લો. ૧૪ માં ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર રાજા ઉગ્રસેનને કહે છે કે- ''मयि भृत्य उपासीने भवतो विबुधादयः । बलिं हरन्त्यवनताः किमुतान्ये नराधिपाः ॥ હું આપનો ભૃત્ય (છડીદાર) બનીને આપની ઉપાસના કરીશ., જેથી દેવો વગેરે પણ આપશ્રીને કર આપશે, તો માણસોના રાજાઓ કર ભરે એમાં તો આશ્ચર્ય જ શું ? શ્રીભાગવત સ્કં. ૮ અ. ૨૨ શ્લો. ૩૫ માં શ્રીભગવાન્ વામનજી રાજા બલિ પ્રત્ય આજ્ઞા કરે છે કે- रक्षिष्ये सर्वतोऽहं त्वां सानुगं सपरिच्छदम् । सदा सन्निहितं वीर तत्र मां द्रक्ष्यते भवान् ॥'' હું તારા નોકરો અને પરિકર સહિત તારું રક્ષણ કરીશ, હે વીર ! તું ત્યાં મને તારી પાસે જ (દ્વારપાલ-તરીક) જોઇ શકીશ.'' આ બન્ને પ્રમાણો ઉપરથી કવિશ્રીએ આ ચંદ્રાવળાનો આરંભ કરીને બાકીનાં દૃષ્ટાંતો ''ભકતમાળ'' નામના ગ્રંથમાંથી દર્શાવ્યાં છે.

ભકત નરસિંહ

એક સમયે જૂનાગઢના નાગર અને ભગવાનના પરમભકત નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ આવ્યું. પતિપત્નીએ નિશ્ચય કરી જ્ઞાતિ સમસ્તને ભોજનનું નિમંત્રણ કર્યું. તેમ જ તેજ દિવસે તેમના મોટાભાઇ તરફથી પણ જ્ઞાતિને ભોજનાર્થે નિમંત્રણ અપાયુ, બન્ને જગ્યાએ રસોઇ તૈયાર થવા માંડી.. નરસિંહ મહેતા ઘી લેવા બજારમાં ગયા, કોઇ ભગવદ્દભકતોનો સમાગમ થતાં ભગવદ્દભજન કરવા બેઠા, ત્યાં ભજનની ધૂનમાં તલ્લીન બની ગયા, ઘી ઘેર આપી આવવાનું ભૂલી ગયા. ભકતવત્સલ ભગવાનને ચિંતા થઇ; તેઓ **''નરસિંહ મહેતા''** નું સ્વરૂપ ધારણ કરી ઘી લઇ ઘેર ગયા, પિતાનું શ્રાદ્ધ કર્યું, ભોજન સમય થતાં તમામ જ્ઞાતિને માટે પાટલા, જળપાત્રો રેશમી પીતાંબરો તૈયાર કર્યાં, વિવિધ સામગ્રી તૈયાર કરાવી જ્ઞાતિને ભોજન કરાવી, પાટલા-જળપાત્રો અને પીતાંબરો સહિત સર્વેને દક્ષિણા આપી જ્ઞાતિબંધુઓને વિદાય કર્યા, બાદ નરસિંહ મહેતા ઘેર આવતાં પ્રભુ અન્તર્ધાન થઇ ગયા, અને ભકત નરસિંહ આ ભગવાનની લીલા જોઇ ચકિત થયા અને પ્રભુનો ઉપકાર માની, શ્રીહરિએ પોતાને માટે લીધેલા પરિશ્રમ માટે ખેદ પામી. પતિપત્નીએ ભોજન કર્યું. જે જ્ઞાતિબંધુઓના મનમાં ગર્વ હતો કે આ ભગતડો શું ખવરાવશે. તેઓ નરસિંહના મોટાભાઇને ત્યાં જમવા ગયા, પરંતુ તેઓ નરસિંહ મહેતાને ઘેરથી વિવિધ પ્રકારની સામગ્રી જમીને, આવનાર ભાઇઓને મળેલાં અમૂલ્ય કસબી પીતાંબરો અને દક્ષિણા વગેરેથી તેમનું થયેલું સન્માન જોઇ, પોતે પોતાના મનમાં ઘણું જ પસ્તાવા લાગ્યા. એ મુજબ પ્રભુએ ભકત નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ કર્યું હતું.

ભક્ત સેનો

બાંધોગઢમાં સેનો કરીને એક વાળંદ રહેતો હતો, તે પ્રેમપૂર્વક ભગવદ્દભક્તિ તેમ જ સંતપુરુષોની સેવા કરતો હતો, અને ત્યાંના રાજાની નોકરી કરતો. એક સમયે રાજાની હજામત કરવા જતાં માર્ગમાં ભગવદ્દભકતો સામા મળતાં પાછો વળી તે સંતપુરુષોને પોતાના ઘેર લઇ ગયો, અને ભાવપૂર્વક સેવા કરવા લાગ્યો. સત્સમાગમ કરતાં હજામતનો સમય વીતી જવાથી શ્રીહરિને ચિંતા થઇ કે રાજા સેનાને ગરદન મારશે, અને જો તેમ થશે તો न मे भक्त : प्रणश्यति। '' મારા ભકતનો કદી નાશ થતો નથી'' એ મારી પ્રતિજ્ઞાનો ભંગ થશે. એમ ધારી **પ્રભુએ સેનાનું રૂપ ધારણ કર્યું** અને ખભે કાથળી લઇ **રાજાની હજામત** કરી તેલમર્દન કરી સ્નાન કરાવીને શ્રીહરિ અંતર્ધાન થઇ ગયા. બાદ સેનાએ પોતાને ત્યાં આવેલા ભગવદ્દભકતોને ભોજન કરાવી વિદાય કર્યા ને ડરતો ડરતો રાજાને ત્યાં ગયો. રાજાએ પૂછયું કે- કેમ આવ્યો ? તેણે ભયભીત બની કહ્યું કે- મારે ત્યાં સાધુઓ આવ્યા હતા, તેમની સેવામાં રોકાવાથી વિલંબ થયો છે, માટે મને ક્ષમા કરો. રાજાએ ચકિત થઇ કહ્યું કે- અરે ! આ તું શું બોલે છે ? હમણાં જ તું હજામત કરી તેલ ચોળી નવરાવીને ગયો છે ને ? તેણે સ્પષ્ટ ના પાડતાં રાજાએ આશ્ચર્યમાં મુગ્ધ બની વિચાર કર્યો કે-સેનો આવ્યોજ નથી તો આ મારી હજામત કોણે કરી ? રાજાએ પોતાના શરીર તરફ જોયું તો પોતાના શરીરે કોઢ હતો તે મટેલો જોઇ, નિશ્ચય કર્યો કે ખરેખર, આ કાર્ય શ્રીહરિએ જ કર્યું છે; જેથી ભકત સેનાને રાજાએ દંડવત્પ્રણામ કર્યા, અને તે દિવસથી જ નોકરીમાંથી તેને મુકત કરીને તેની પાસેથી ગુરુ તરીકે માની મંત્રોપદેશ લઇ ઘણું દ્રવ્ય ભેટ કરી સત્કાર કર્યો, અને રાજા હંમેશાં સેનાને ત્યાં તે દિવસથી દર્શન કરવા જવા લાગ્યા, અને તે દિવસથી આજ દિન સુધી તે સેના ભકતના વંશજોને ત્યાંના રાજાઓ ભાવપૂર્વક સન્માને છે.

ભક્ત દામાજી

ભકત દામાજી પંત પંઢરપુરમાં રહેતા હતા. તેઓ મહારાષ્ટ્ર બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તેમના માતા પિતાએ પાંચ વર્ષની ઉમરે તેમને યજ્ઞોપવીત સંસ્કાર કરાવી વિદ્યાભ્યાસ શરૂ કરાવ્યો હતો. બાદ માતાપિતાનો દેહાન્ત થતાં દામાજીએ બાર વર્ષની ઉમરે વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. દામાજીનામાં ભક્તિના અંકુરો હતા તે ધીરે ધીરે વિકસિત થવા લાગ્યા. તેઓ હંમેશાં બ્રાહ્મણોના ઘરોમાંથી ભિક્ષા માગી લાવી પોતાનો નિર્વાહ કરી ભક્તિમય જીવન ગાળતા હતા, એકાદશીનું વ્રત કરતા હતા. એક સમયે તેમના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે હું એકાદશીનું વ્રત કરું છું પરંતુ ખરી રીતે મારે દ્વાદશીએ બ્રાહ્મણભોજન કરાવી પારણાં કરવાં જોઇએ. એવો વિચાર કરી એકાદશીની

રાત્રે બ્રાહ્મણને નિમંત્રણ આપી દ્વાદશીએ બ્રાહ્મણભોજન કરાવી પોતે ભોજન કર્યુ. ભગવત્કૃપાથી તે દિવસે પુષ્કળ ભિક્ષાન્ન મળી આવતાં બારે બ્રાહ્મણોને જમાડયા. તે પછી પ્રત્યેક દ્વાદશીએ બાર બ્રાહ્મણોને જમાડીને જમતા. એક સમયે ગામના બ્રાહ્મણોએ મળીને નિશ્ચય કર્યો કે આ દામાજી આપણાં જ ઘરોમાંથી ભિક્ષા માગી લાવે છે, અને આપણને ભોજન કરવા નિમંત્રણ કરે છે, માટે કોઇ એ તેને ત્યાં ભોજન કરવા જવું નહિ. એકાદશીની રાત્રે ભકત દામાજી નિમંત્રણ કરવા જતાં તમામ બ્રાહ્મણોએ ના પાડી, જેથી ભકત દામાજીના હૃદયમાં ઘણું દુ:ખ થયું. આ ભકતના દુ:ખને પ્રભુ શ્રીવિઠ્ઠલનાથજી સહન કરી શકયા નહિ, જેથી બારસને દિવસે સવારમાં બાર જ બ્રાહ્મણો ભકત દામાજીનું ઘર પૂછતા પૂછતા આવ્યા. ભકત દામાજી આ અતિથિ બ્રાહ્મણોને જોઇ ઘણા જ પ્રસન્ન થયા, તેમનો આદર સત્કાર કરી મુકામ કરાવ્યો, પોતે નિત્ય નિયમાનુસાર ભિક્ષા લેવા ગયા. ભગવત્કૃપાથી તે દિવસે ભિક્ષામાં પણ સુમધુર અને સ્વાદિષ્ટ પુષ્કળ ભિક્ષાન્ન મળી આવ્યું, જેથી તે બ્રાહ્મણોને ભોજન કરાવી વિદાય કર્યા. એક સમયે ભકત દામાજીને બેદરના બાદશાહની મુલાકાત થતાં આ દિવ્ય તેજસ્વી બાળકને જોતાં બાદશાહ ચકિત થયો, અને તેમને બોલાવી પોતાને ત્યાં નોકરી કરવા જણાવ્યું. ભકત દામાજીએ પ્રત્યેક એકાદશીને દિવસે પંઢરપુર શ્રીવિઠ્ઠલનાથ પ્રભુના દર્શનાર્થે આવવાની છૂટ માગી. બાદશાહે તે સ્વીકાર કરતાં, ભકત દામાજી બાદશાહને ત્યાં નોકરી કરવા લાગ્યા. ભકત દામાજીની નોકરીમાં નિયમિતતા, પ્રામાણિકતા અને વિશ્વાસપાત્રતા જોઇ બાદશાહે તેમને **મંગલવેઢાના** સૂબા તરીકે નિમણૂક કરી. ભકત દામાજી મંગલવેઢામાં રહેવા લાગ્યા, તેમણેપ્રજાપ્રેમ એટલો બધો મેળવ્યો કે આબાલવૃદ્ધ દામાજીને ચાહતા હતા, એટલું જ નહિ પણ તેમના હાથ નીચે નોકરો પણ તેમને ઘણાજ પ્રેમપૂર્વક માનની દષ્ટિથી ચાહતા હતાં. પતિપત્ની બન્ને સ્વધર્મનિષ્ઠ હોવાથી તેઓ પોતાની નોકરીનું કાર્ય કરવા છતાં ભકતમય જીવન ગાળતાં હતાં.

એક સમયે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુએ વિચાર કર્યો કે આ પંઢરપુરના જે બ્રાહ્મણોએ ગર્વથી મારા ભકતનું અપમાન કરીને કહ્યું હતું કે- ''તુ જ અમારે ઘેરથી માગી લાવે છે. તારા ભિખારીના ઘરમાં શું ભોજન કરવાનું છે?'' એમ કહી અપમાન કરીને દ્વાદશીએ ભોજન કરવા ગયા નથી તેજ બ્રાહ્મણોને મારા ભકતને ત્યાં ભિક્ષા માગવા મોકલવા. એવો વિચાર કરી વૃષ્ટિ બંધ કરી, દુષ્કાળ પડયો, બ્રાહ્મણો ઘણા જ ભૂખથી પીડાવા લાગ્યા. આખરે ગામના તમામ બ્રાહ્મણો મળી શ્રીહરિ રુકિમણીકાંત શ્રીવિઠ્ઠલનાથજીને ત્યાં ગયા, અને તેમના મંદિરે જઇ દર્શન કરી ત્યાંજ બેઠા, અને પ્રભુની સન્નિધિમાં પોતપોતાના કુટુંબ સહિત ઉપવાસ કરવા લાગ્યા. સાત દિવસના ઉપવાસ થયા, પરિણામે

ભકતવત્સલ ભગવાને અદૃશ્ય વાણીથી આજ્ઞા કરી કે-''તમો તમામ બ્રાહ્મણો મંગલવેઢામાં શ્રીદામાજીપંતને ત્યાં જાઓ. તે તમોને ઘણું અન્ન આપીને તમારું દુ:ખ દૂર કરશે.'' એ પ્રકારે આજ્ઞા થતાં તે સર્વે બ્રાહ્મણોએ મંગલવેઢા જવાનો વિચાર કર્યો, અહીં શ્રીવિઠ્ઠલનાથ પ્રભુએ વિચાર્યું કે- આ સર્વે બ્રાહ્મણો ભકત દામાજીને ત્યાં જશે, પરંતુ આ દશ હજાર બ્રાહ્મણોને આતિથ્યમાં દામાજી જમાડશે શું ? જેથી શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ દામાજીને મળતી આકૃતિવાળું સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરીને શ્રીદામાજીને ત્યાં ગયા. દામાજીએ આદરસત્કાર કરી પૂછયું ક તમે કોણ છો અને કયાંથી આવો છો ? તણીએ કહ્યું કે અહો ભાઇ ! તમે શું મને ભૂલી ગયા ? હું પંઢરપુરથી આવી છું અને તમારી બહેન થાઉં છું માતા-પિતા આપણને નાનાં મૂકીને જ મરણ પામ્યાં હતાં, હું મારે ઘેર ગઇ, બાદ આપણે ઘણા દિવસે મળ્યાં, જેથી તમોને યાદ નહિ હોય, દામાજીએ જાણ્યું કે ત્યારે હશે, ચાલો સારું થયું. બહેને કહ્યું કે ભાઇ ! પ્રભુએ તમારી ઉપર કૃપા કરી છે, હવે તો તમે ઘણા જ સુખી છો, અને હું પણ ઘણા દિવસે આવી છું તો આપણે ત્યાં વિવિધ જાતનાં પકવાન્ન બનાવો, મને પણ મળશે, અને પ્રભુએ આપ્યું છે તો બ્રાહ્મણોને પણ ભોજન કરાવાશે. એમ કહી નણંદ ભોજાઇએ મળી વિવિધ પકવાન્ન તૈયાર કરી ઓરડાભરી દીધા. બહેને જમી કરી વિદાય માગી. ભાઇએ રહેવા આગ્રહ કર્યો, પરંતુ તે ઘર બહાર આવતાં અદ્રશ્ય થઇ ગયાં. બાદ પંઢરપુરનિવાસી બ્રાહ્મણો આવી પહોંચ્યા. દામાજીએ તેમનો સત્કાર કર્યો. ઘરમાં ધર્મપત્નીને મળતાં, તણીએ કહ્યું કે- પકવાન તૈયાર છે, દાળ ભાત વગેરે હમણાં જ તૈયાર થઇ જશે. રસોઇ તૈયાર થતાં સર્વેને જમવા બેસવા વિનયપૂર્વક કહ્યું, પરન્તુ સર્વેના નેત્રમાં અશ્રુઓ જોઇ ભકત દામાજીએ પૂછયું કે-આપ રુદન કેમ કરો છો ? સર્વેએ કહ્યું કે મહારાજ ! ભોજન તો સુન્દર તૈયાર છે, પરંતુ અમારા બાલ બચ્ચાં કુટુંબ ઘેર અન્ન વિના ભૂખે ટળવળે છે, અને અમો ભોજન શી રીતે કરી શકીએ, જેથી અમોને અશ્રુપાત થાય છે. ભકત દામાજીએ તેમને આશ્વાસન આપી કહ્યું કે- તમે ચિંતા ન કરો ; ''हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशय : ।। '' શ્રીહરિ સર્વ પ્રકારે રક્ષણ કરશે, એમાં જરાપણ સંદેહ નથી. આપ સર્વે પ્રથમ ભોજન કરી લો ! બાદ બાલ બચ્ચાં માટે પ્રબંધ થશે. બ્રાહ્મણો ભોજન કરવા બેઠા. દામાજીએ પોતાનાં ધર્મપત્ની સાથે ઘણી વાટાઘાટ કરી. અંતે જીવના જોખમે પણ બાદશાહ તરફથી જે અન્નનો છઠ્ઠો ભાગ પરગણામાં જમીનદારો તરફથી લેવામાં આવતો હતો, તે અન્નના કોઠારો ભરેલા હતા, તે આ દુષ્કાળપીડિત બ્રાહ્મણોને આપવાનો નિશ્ચય કરી, ભોજન થઇ રહ્યા બાદ, જેનાથી જેટલું અનાજ લેવાય તે પ્રમાણે દશહજાર બ્રાહ્મણોને અને અન્ય ગરીબ જનોને ભકત દામાજીએ આપી દીધું. બ્રાહ્મણોએ સુભાશિષ અર્પી ઘેર જઇ સર્વેને અન્ન આપ્યું, સર્વે યથેષ્ટ જમી સુખી થયાં. આં વાતને કેટલોએક સમય વ્યતીત થયા બાદ ભકત દામાજીના હાથ નીચેના જ કોઇ નીચ વૃત્તિના નોકરે બાદશાહને અરજી મોકલાવી કે-''આપ જેને આપનો વિશ્વાસુ માનો છો તે જ દામાજીએ આપના અનાજના તમામ કોઠાર લૂંટાવી દીધા છે.'' આ અરજી વાંચતાં જ બાદશાહે હુકમ કર્યો કે ''ચાર આરબોને મંગલવેઢા મોકલો; અને દામાજી પંતને જલ્દી બાંધીને અહીંયાં લાવો !'' ચારે આરબો હુકમ થતાં જ છૂટયા, તે મંગલવેઢામાં આવ્યા. તેમને જોતાં જ દામાજીનાં ધર્મપત્ની સમજી ગયાં. આરબો કહેવા લાગ્યા કે-''કાફિર દામાજી કયાં છે ?'' આ શબ્દો સાંભળી દામાજીનાં ધર્મપત્નીએ કહ્યું કે-એઓ તો તમોને ઘણું જ યાદ કરતા હતા, હમણાં અમોએ બધાને યોગ્ય સત્કાર કર્યો, પરંતુ તમો રહી ગયા છો માટે આ લો. એમ કહીને ચારે જણાને ચાર ચાર તોલાની સોનાની એક એક બંગડી હાથેથી ઉતારીને આપી દીધી. द्रव्येण सर्वे वशा : (દ્રવ્યથી સર્વે વશ થાય છે.) આ આવેલા આરબો ઠંડા હિમ જેવા બની ગયા અને કહેવા લાગ્યા કે-સૂબાસાહેબ કયાં છે? દામાજીનાં પત્નીએ કહ્યું કે-ભોજન કરવા બેઠા છે. તમે પણ સર્વે ભોજન કરી લો. એમ કહી સર્વેને ભોજન કરવા બેસાડયા. દામાજીપંત ભોજન કરી મુખવાસ લઇ કપડાં પહેરી તૈયાર થઇ આરબો પાસે આવી ઊભા રહ્યા, અને કહ્યું કે- કહો કયાં જવાનું છે ? આરબો કહેવા લાગ્યા કે-હુકમ તો હાથકડી ચઢાવી હાથીના પગે બાંધી લાવવાનો છે, પરંતુ આપ તાવદાનમાં બેસીને સુખેથી પધારો. આ વાટાઘાટ ચાલે છે તેટલામાં તેમનાં ધર્મપત્ની આવી પહોંચ્યાં તેમને રુદન કરતાં જોઇ, ભકત દામાજીએ આશ્વાસન આપતાં કહ્યું કે-તમો ન સમજશો કહે હું એકલી છું, તમારે માથે રુકિમણીકાંત શ્રીવિઠ્ઠલનાથ બિરાજે છે, માટે તમો ચિંતા ન કરશો, અને હું જાઉં છું.

આ હકીકત જોઇ ભકતવત્સલ ભગવાન દયાનિધિ શ્રી વિઠ્ઠલનાથજીને ચિંતા થઇ કે-જો આ દામાજી બાદશાહ પાસે પહોંચી જશે તો જરૂર તેને મારી નાંખશે. એમ ધારી ભકતવત્સલ પ્રભુએ દામાજીપંત જે સાલમાં મંગલવેઢામાં ગયા હતા ત્યારથી તે કોઠાર લૂંટાવ્યો ત્યાંસુધીનો જમાબંધીનો તમામ કુલ હિસાબ ઉતારી જેટલું અનાજ જમે થયેલું તેનો બજાર કરતાં સવાયાભાવથી હિસાબ લખી કાગળમાં ઉતારી આંકડો નક્કી કર્યો. શ્રી રુકિમણીજીને કહ્યું કે-આ થેલી તરફ હવે નજર કરો; નહિ તો ભકત દામાજીને બાદશાહ મારી નાંખશે, અને દુનિયામાં આપણી લાજ જશે. શ્રી રુકિમણીજીએ તે નાની સરખી થેલીમાં પોતાના શ્રીકંઠમાંથી કાઢી એક મનોહર હાર નાંખ્યો. ભગવાન્ કહે છે ક હું આવું છું. એમ કહીને ઘરમાં જઇ એક લંગોટી પહેરી છે માથે કપડું બાંધ્યું છે, કાળો કામળો ઓઢયો છે, અને હાથમાં લાકડી લીધી છે, એ મુજબ સ્વાંગ સજી બહાર આવ્યા, રુકિમણીજી તો જોઇને જ આશ્ચર્ય ચકિત બની ગયાં. ભકતવત્સલ ભગવાન

શ્રીવિઠ્ઠલનાથજી ઉપર મુજબ સ્વરૂપ ધારણ કરી, જમાબંધીનો પત્ર અને થેલી સાથે લઇ બેદરના બાદશાહને ત્યાં દરબાર ભરાયેલો હતો ત્યાં જઇ પહોંચ્યા. મહાન્ તેજસ્વી, પ્રભાવશાલી આ સ્વરૂપ પધારતાં બાદશાહ સિંહાસન ઉપરથી ઊભો થઇ સામે આવી પૂછવા લાગ્યો કે કોણ છો અને કયાંથી આવો છો ? શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યું કે-હું શ્રીદામાજીપંતનો નોકર છું. મારું નામ ''**વિઠુ માહર**'' (ઢેડ) છે, અને ''**મંગલવેઢા**''થીઆ પત્ર લઇ આવ્યો છું. બાદશાહ તો આ સ્વરૂપના તેજથી અંજાઇ મુગ્ધ જ બની ગયો. પત્ર જોયો, તો તેમાં બરાબર હિસાબ જોઇ લીધો અને દામાજી ઉપર ઘણો જ ખુશી થયો. વિઠુ માહરે કહ્યું કે- સાહેબ ! આપના હિસાબના રૂપિયા કયાં ઠાલવવાના છે ? જગ્યા બતાવો. બાદશાહ કહે કે-રૂપિયા તારી પાસે છે કયાં ? વિઠુ કહે કે- રૂપિયા મારી થેલીમાં છે, આપ જગ્યા બતાવો ત્યાં ઠાલવું. બાદશાહ કહે કે અહીં જ ઠાલવ ! ભકતવત્સલ ભગવાને થેલી ઠાલવતાં જ સભા (દરબાર) વચ્ચે મોટો રૂપિયાનો ઢગલો થઇ ગયો, અને તે ઢગલા નીચે દામાજી વિરુદ્ધ અરજી કરનાર વગેરે કેટલાયે નિમકહરામીઓ ચકદાઇ ને યમરાજાના મહેમાન બની ગયા. વિઠુ માહર કહેવા લાગ્યો કે-આ રૂપિયા જલદી ગણી તપાસી લો ! અને મને ભરપાઇ કરી પહોંચ જલદી લખીને આપો ! બાદશાહના નોકરો અસંખ્ય રૂપિયા જોઇ ગણના કરતાં કરતાં થાકી ગયા, અને છેવટે બાદશાહે પોતાની સહી અને સિક્કા પહોંચ લખી આપી, એટલું જ નહિ પણ શ્રીદામાજીપંતનો ઓદ્ધો અને પગાર પણ વધારીને પત્ર લખી આપ્યો. આ પત્ર અને પહોંચ લઇ વિઠુ માહરે મંગલવેઢા તરફ જવા માટે પ્રયાણ કર્યું.

હવે દામાજીએ મંગલવેઢામાંથી નીકળી આગળ જતાં આરબોને કહ્યું કે હવે મને તમો છેલ્લાં શ્રીવિઠ્ઠલનાથજીના દર્શન કરી લેવા દો ! આરબોએ હા પાડતાં ભકત દામાજી શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં ગયા, અને ઘણા જ પ્રેમભકિતપૂર્વક દર્શન કરી વારંવાર દંડવત્પ્રણામ કરવા લાગ્યા. મનમાં થયું કે હવે આ અંતિમ જ દર્શન છે. નેત્રમાં અશ્રુઓ ભરાઇ આવ્યાં. ગદ્ગદ કંઠે સ્તુતિ કરી, છેક બહારનો દરવાજો નીકળતાં અંધારું થયું. આરબોને કહે કે હવે રાત્રિ પડી છે, અત્યારે તો ચંદ્રભાગાને કિનારે રાત્રિ વિતાવી સવારે નાહી ધોઇને આગળ ચાલીશું. એમ કહી રાત્રે ત્યાં જ શયન કર્યું. ત્યાં તો વિઠુ માહર આવી પહોંચ્યા, અને ભકત દામાજીની નિત્યપાઠની જે ગીતાજી હતાં તેમાં પાઠ કરવાના સ્થળે જ ''પત્ર અને પહોંચ'' મૂકી અંતર્ધાન થયા. ભકત દામાજી સવારે સ્નાનાદિક કરી ''ગીતા-પાઠ'' કરવા બેસે છે ત્યાં તો ''પત્ર અને પહોંચ'' જોતાં જ આશ્ચર્યચકિત બની પશ્વાત્તાપ કરે છે કે અરેરે ! આ શું બન્યું ? મારે માટે મારા પ્રાણાધિક પ્રિય પ્રભુને આટલો બધો પરિશ્રમ લેવો પડયો ! હવે તો મારે આ કરતાં મરી જવું એ જ ઉત્તમ છે, એમ કહી ચંદ્રભાગામાં કૂદી પડે છે કે તત્કાળ ચંદ્રભાગામાંથી જ દયાનિધિ શ્રીવિઠ્ઠલનાથજી ચતુર્ભુજસ્વરૂપે પ્રકટ થઇ દામાજીને બચાવે છે અને દર્શન આપીને કૃતાર્થ કરે છે.

હવે આ તરફ ''બેદર''માં વિઠુ માહરના ગયા બાદ બાદશાહ વિઠુ માહરના તેજસ્વી સ્વરૂપને સંભારીને મુગ્ધ બની જાય છે. સર્વે વૃદ્ધ મંત્રીઓએ તેમને કહ્યું કે-સાહેબ ! **''આપ માનો નહિ જિસ્સે હમને ન કહા, વહતો વિઠુ માહર નહિ થા, ખુદ ખુદા હિ થા.''** આ સાંભળીને બાદશાહ સવાર દોડાવે છે. પાંચ પાંચ માઇલ સવાર ગયા પણ વિઠુ માહરનો પત્તો ન લાગતાં તેઓ પાછા ફર્યા, પરંતુ પ્રભુના પ્રેમરસમાં તલ્લીન બનેલા ભગવદ્વિયોગી બાદશાહને ચેન ન જ પડયું, તે સ્વયં એકદમ સવાર બની ચંદ્રભાગાને કિનારે આવી પહોંચ્યા, અને ભકત દામાજીને પ્રણામ કરી વીનવ્યું કે મને તારા વિઠુ માહરનાં દર્શન કરાવ ! ભકત દામાજીએ પ્રભુને વિનંતી કરી, અને ભકતવશ્ય ભગવાન્ શ્રીવિઠ્ઠલનાથજીએ પુન: શ્રીરુકિમણીજી સમેત શ્રીવિઠુ માહરનું સ્વરૂપ ધારણ કરી ભકત દામાજીને અને બેદરના બાદશાહને એમ બન્નેને પ્રત્યક્ષ દર્શન આપી કૃતાર્થ કર્યા.

ભક્ત નામદેવ

વામદેવ નામે દરજી પુત્રીના પુત્ર નામદેવ નામે પરમ ભગવદ્ ભકત હતા. તેમના ઘરમાં એક સમયે આગ લાગી, અને તેઓ બહાર ગયેલા હતા, તેથી તેમના ઘરની આજુબાજુના માણસોએ તેમના ઘરમાંથી બળતો માલ બહાર કાઢી બચાવ્યો; એટલામાં ઘેર આવ્યા અને બહાર કાઢેલો માલ પાછો અગ્નિમાં નાંખવા લાગ્યા, કે -હે પ્રભો ! આ સર્વ વસ્તુ આપનીજ છે અને તે આપ અંગીકાર કરો ! ત્યારે લોકો કહેવા લાગ્યા કે આવું જાણતાં હોત તો અમે મહેનત કરી બળતામાંથી બચાવત શું કામ ? નામદેવ કહે કે - પ્રભુની વસ્તુ પ્રભુ જ અંગીકાર કરે, એમાં આપણાથી કેમ રોકાય ? એ મુજબ ઘર સળગી જતાં નામદેવની ગેરહાજરીમાં શ્રીહરિ પોતે ત્યાં **મનુષ્યરૂપે પધારી તેનું મકાન પૂર્વે હતું તેના કરતાં પણ સુંદર છાપરા સાથેનું બનાવી ગયા.**

ભક્ત ત્રિલોચન

જ્ઞાનદેવના શિષ્ય ત્રિલોચન કરીને ભગવદ્ભકત હતા. પ્રતિક્ષણ ભવન્નામોચ્ચારણપૂર્વક ભગવદ્ભકિતપરાયણ રહેતા. તેમની સ્ત્રી પણ સ્વધર્મનિષ્ઠ હતી. બન્ને સ્ત્રીપુરુષો જે કોઇ સાધુ સંત હંમેશાં અતિથિરૂપે આવે તેમની પ્રેમપૂર્વક સેવા કરી ભોજન કરાવતાં. સંત સાધુઓ ઘણા આવતા હોવાથી સ્ત્રી પુરુષે મનમાં વિચાર કર્યો કે જો શ્રીહરિએ આપણને નોકર આપ્યો હોત તો સંતસેવામાં ઘણી સહાયતા મળત. એવો વિચાર કરીને ભગવન્નામ લેતાં સૂઇ રહ્યાં. બીજે દિવસે સવારે બારણું ઉઘાડતાં એક વૃદ્ધ વિપ્રને ફાટેલા લૂગડે જોયો; અને પૂછયું કે તમે કોણ છો ? તેણે કહ્યું કે હું નોકરી

કરવાની ઇચ્છાથી આવ્યો છું. મારામાં એવી આવડત છે કે હું જેની જેવી સેવા કરવી ઘટે. તેવી સેવા કરી શકું છું. અને એકી સાથે ઘણા મનુષ્યોને સંતોષ પમાડી શકું છું. આ સાંભળી ત્રિલોચને કહ્યું કે-મારે ત્યાં નોકરી રહેશો ? તેણે કહ્યું કે ઘણી ખુશીથી રહીશ. પરંતુ મારામાં એક એવો દોષ છે કે-''મારે ખાવાનું ઘણું જોઇએ છીએ, અને જો કોઇ ધરાઇને ખાવા આપે તો તેને ત્યાં હું નોકરી કરવા ખુશી છું; પરંતુ આ મારા ખાધાની વાત બીજા કોઇ માણસને કહેવી નહિ જોઇએ. જો આ વાત બીજા માણસના જાણવામાં આવશે તો હું તરત અહીંથી ચાલ્યો જઇશ, આ મારી શરત કબૂલ હોય તો હું નોકરી રહી શકું છું.'' ત્રિલોચને પૂછયું કે-તમારાં માતા પિતાનું નામ શું છે ? તેણે કહ્યું કે મારે માતા કે પિતા નથી એ હું સત્ય કહ્યું છું મારું નામ ''**અંતર્યામી**'' છે. ત્રિલોચને તેની શરત કબૂલ રાખી. અંતર્યામીને નોકરી કરવા રાખ્યા. તેમણે છ મહિના સુધી (કોઇ ગ્રંથમાં તેર મહિના પણ લખ્યા છે.) સર્વે સંત સાધુની પ્રેમપૂર્વક સેવા કરી, અને **ઘરનું પાણી ભરવા પર્યંતનું કામકાજ કર્યું.** ત્રિલોચનની સ્ત્રી સર્વે સંતસાધુઓને જમાડી, પોતાના પતિને અને અંતર્યામીને; જમાડયા બાદ જે બચે તે ભોજન કરતી. એક સમયે એવો બનાવ બન્યો કે-અંતર્યામીને જમાડતાં ત્રણ દિવસ સુધી કંઇ પણ બચ્યું નહિ, જેથી ત્રિલોચનની સ્ત્રીને ત્રણ ઉપવાસ થયા. એવામાં કોઇ તેની સખી તેને ઘેર આવી. તેણીએ સુકાવાનું કારણ પૂછતાં-અંતર્યામીનું વૃત્તાન્ત કહી દીધું. એ વૃત્તાન્ત કહેતાંની સાથે પોતાની શરતનો ભંગ થવાથી અંતર્યામીએ ત્યાંથી તરત ચાલવા માંડયું. સાંજે અંતર્યામીને ન જોતાં ત્રિલોચને ઊંચે સ્વરે અંતર્યામીને બોલાવ્યા - પરંતુ તે આવ્યાનહિ. જેથી ત્રિલોચનને ઘણું જ દુ:ખ થયું. રાત્રે ભોજન પણ ન કર્યું અને અંતર્યામીના વિયોગથી ચિંતાપરાયણ બની શયન કર્યું, રાત્રે ત્રિલોચન ભકતને દુ:ખી જાણી શ્રીહરિએ સ્વપ્નમાં આજ્ઞા કરી કે- હે ત્રિલોચન ! હું તારી ભકિતથી વશ થઇ આજ દિન સુધી તારે ત્યાં રહ્યો હતો, પરંતુ મારી શરતનો ભંગ થવાથી હું અંતર્ધાન થઇ ગયો છું. પરંતુ તું કોઇ પ્રકારે ચિંતા કરીશ નહિ, હું આજથી તારા ઘરમાં અંતરિક્ષ નિવાસ કરીશ અને તારા ઘરમાં હંમેશાં ધન, ધાન્ય, ઘૃત વગેરે તમામ પદાર્થોનાં પાત્રો ભરપૂર રહેશે, અર્થાત્ અન્ન વગેરે **સર્વે પદાર્થો અક્ષય્ય જ રહેશે;** માટે તારે ઘેર હવેથી જે બ્રાહ્મણ સંત, સાધુ, વગેરે આવે તેઓને તું પ્રેમથી ભોજન કરાવીને તે પછી તું ભોજન કરજે. એ પ્રમાણે ભગવાને સ્વપ્નમાં વરદાન આપ્યા બાદ સવારે ત્રિલોચન જાગ્રત થતાં ઘરમાં સર્વે પદાર્થો અક્ષય્ય જોઇ પોતાની પત્ની સાથે પ્રસન્ન થયા, અને ભગવદ્દભકિતપૂર્વક ભકતજનોની સેવા કરી ભગવન્નામોચ્ચારણપરાયણ રહી આ લોકમાં સુખી થઇ અંતે ભગવદ્દધામને પ્રાપ્ત થયા.

ભક્ત મીરાંબાઇ

મારવાડ દેશમાં ''મેડતા'' નામે ગામ હતું. ત્યાં રાવ જોધાજી નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને એક ''મીરાંબાઇ'' નામે પૌત્રી કે જે રાવ જયમલ્લની કાકાની પુત્રી હતી. રાજા અને રાણી બન્ને સદાચારી, અને સ્વધર્મનિષ્ટ હોઇ શ્રીકૃષ્ણસેવાપરાયણ રહેતાં, કુળના સંસ્કારને લીધે મીરાંબાઇની પણ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર ઘણી જ આસકિત હતી. આ મીરાંબાઇ ઉંમરલાયક થતાં તેને ઉદેપુરના રાણાને ત્યાં પરણાવી. સાસરે જતા તેણીના માતા પિતાએ વસ્ત્રાલંકાર વગેરે આપતાં તેણીને આગ્રહ કરીને શ્રીગિરિધારીજીનું સ્વરૂપ સેવા કરવા પ્રેમપૂર્વક પધરાવી આપ્યું. મીરાંબાઇ સાસરે ગયાં. ત્યાં તેમના કુળના નિયમ મુજબ તેમની કુળદેવીના દર્શનાર્થે લઇ ગયા, અને ત્યાં દંડવત્પ્રણામ કરવા કહ્યું, મીરાંએ કહ્યું કે- '' विना गिरिधरं देवीं नमस्कुर्यामहं नहि ॥ '' 'શ્રીગિરિવરધારી શ્રીકૃષ્ણચંદ્ર વિના હું દેવીને દંડવત્પ્રણામ કરી શકીશ નહિ. મારે તો એક શ્રીગિરિધરલાલજીનો જ અનન્ય આશ્રય છે.'' આ સાંભળી સાસુને ઘણો ક્રોધ આવતાં રાણાને ઘેર આવી સર્વ વાત કહી, જેથી રાણાએ તેને ગામ બહાર એક ભૂતિયો મહેલ કહેવામાં આવતો તે મહેલમાં અલગ રાખી. મીરાંબાઇએ મનથી માન્યુ કે દુ:સંગ છૂટયો શાંતિથી ભગવદ્દભજન થશે. એમ માની ભગવત્સેવામાં અને સત્સંગમાં સમય ગાળવા માંડયો. એક સમયે મીરાંબાઇ ની નણંદે ઠપકો આપ્યો કે-ભાભી ! તમે આ શું કરો છો ? નાચવું, ગાવું, સાધુડાં ભેગાં કરવાં, આથી તો તમારા પિતાના તથા અમારા બન્ને કુળને કલંક લાગે છે. મીરાંબાઇએ કહ્યું કે-ભગવદ્દભકિત અને સત્સંગ કરવાથી કલંક લાગતું નથી, પરંતુ તે ન કરવાથી કલંક લાગે છે. આ સાંભળી મીરાંની નણંદે મીરાંના પતિને આ વાત કહી, તેથી તેણે ગુસ્સે થઇ એક સુવર્ણના પ્યાલામાં મહાવિષ ઘોળીને એક નોકર મારફતે મોકલાવ્યું. અને કહ્યું કે-આ મીરાને આપી આવ; અને કહે જે કે- 'આજે રાણાએ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું છે જેથી આ ચરણોદક મોકલાવ્યું છે તે પી જા.'' નોકરે તે પ્યાલો મીરાંને આપ્યો. મીરાએ તે સુવર્ણ પાત્રમાં ભગવચ્ચરણોદક છે એમ માની પરમ પ્રેમપૂર્વક ભગવન્નામોચ્ચારણ કરીને તેનું પાન કરી લીધું. પ્યાલામાં ઝેર હોવા છતાં ભગવત્કૃપાબળથી તે ખરેખર અમૃતજ બની ગયું. અને **મીરાંબાઇને શ્રીહરિએ ઉગારી લીધાં** માટે ઉપરનાં તમામ દૃષ્ટાંતો આપીને ભકતકવિ દયારામભાઇ કહે છે કે જેજે શ્રીહરિનો દૃઢ આશ્રય કરે છે તેમને પ્રભુ આ આપેલા દૃષ્ટાંતોની માફક બચાવી લે છે. પ્રભુ એવા દયાળુ છે માટે તે કૃપાળુ શ્રી કૃષ્ણની સેવા કરો. ૭૩

ઇચ્છે રૂડું પ્રભુ જગતનું, તે કયમ કૂડું કરે નિજ દાસ ?
જે કરશે હરિ તે ભલું તાહરું, તું ધૈર્ય દઢ વિશ્વાસ;
વિશ્વાસ રાખ્ય, કલ્પના મૂકય, સેવા-સ્મરણમાં નવ ચૂકય;
નહિ મળે ફરી અવસર આહવો, હરિ ભજી લ્યો મનુષ્યદેહ લ્હાવો
-સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૭૪ ॥

અર્થ : જે શ્રીહરિ સમગ્ર વિશ્વનું ભલું ઇચ્છે છે, તે પ્રભુ પોતાના ભક્તોનું કેમ બુરું કરશે ? હે જીવ ! તું ધૈર્ય ધારણ કરી દઢ વિશ્વાસ રાખજે કે શ્રીહરિ જે કરશે તે તારું હિતકર જ હશે; માટે સંકલ્પ-વિકલ્પ છોડી દઇ પ્રભુમાં વિશ્વાસ રાખ, અને શ્રીહરિની સેવા તથા સ્મરણ કરવાનું ભૂલીશ નહિ કેમકે આ મનુષ્યદેહનો લાભ મળેલો છે, જેથી શ્રીહરિની ભક્તિ કરી લે, કારણ કે આવો સમય વારંવાર મળનાર નથી માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : પ્રભુ જે કંઇ કરે છે તે ભલું જ કરે છે, કેમકે જે પ્રભુ પોતાનો દ્રોહ કરનારા કંસ, શિશુપાળ, વગેરેનું પણ હિત કરનારા છે, તે પ્રભુ પોતાના ભકતોનું તો અહિત કરે જ કેમ ? કદાપિ ન જ કરે. "પૂતના કે જે ખરાબ ચારિત્રવાળી દુષ્ટા હતી, તે ભગવાનને મારવાને માટે આવી, અને સ્તનમાં રહેલું દૂધ નહિ પણ ઝેર ભગવાનને પાયું, છતાં ભગવાને તેને યશોદાના જેવી ગતિ આપી, કેમકે આકૃતિ અને ક્રિયા તેની માતાના જેવી હતી, તેથી જેવી ગતિ માતાને આપી, તેવી પૂતનાને પણ આપી, તો પછી આ દયાળુ ભગવાન્ વિના બીજા કોને શરણે જઇએ ? કેમકે બીજો તો દીનતા જોઇને દયા કરે, અને આ દયાના ભંડાર તો મારક જાણીને પણ દયા જ લાવે. આવી દયા એ શ્રીહરિ વિના બીજે કયાં દેખાય કે તેને શરણે જઇએ ?" માટે એ શ્રીહરિ તો દયાળુ છે, એ તો પ્રાણી માત્રનું ભલું જ ઇચ્છે છે, કદાચિત્ લૌકિક દષ્ટિએ દુ:ખ જણાય તો પણ તે "શૂળીનો ઘા સોઇએ સર્યો" એ ન્યાયે હિતકર જ છે, એમ સમજીને પ્રભુ જે કરે તે સારાને માટે એવો નિશ્ચય રાખીને ત્રિદુ:ખ (આધિભૌતિક - આધ્યાત્મિક - આધિદૈવિક) સહન કરી વિશ્વાસ રાખવો. દુ:ખમાં અનેક જાતના સંકલ્પ-વિકલ્પ થયા કરે છે તે છોડી દઇ ને જેમ ચાતક મેઘ જેવા જડ પદાર્થ ઉપર વિશ્વાસ રાખે છે તોપણ તે મેઘ સ્વાતીમાં વૃષ્ટિ કરીને ચાતકની આશા પૂર્ણ કરે છે, તો જે વિશ્વંભર છે તેમની ઉપર વિશ્વાસ રાખી ચોરાશી લક્ષ યોનિમાં ફરતાં ફરતાં શ્રીહરિ ભજવાને મળેલો આ દુર્લભ મનુષ્યદેહ ફરી ફરી મળતો નથી, એમ સમજી ભગવાનની સેવા અને અનોસરમાં ભગવત્સ્મરણ એ કદાપિ તજવું નહિ નાટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૭૪

જો દુ:ખ થાયે હરિ સેવતાં, તો તે સુધા સમું પ્રમાણો;
વિષય ભોગવતાં સુખ છે, તે વિષ સરખું સર્વ જાણો;
જાણો જેમ ખસ ખણતાં મીઠી, ક્ષણ પછી આગ્ય ઊઠે અંગીઠી;
ઓસડ કરતાં કટુ તર્ત લાગે, રોગ ગયા પછી આનંદ જાગે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૫ ॥

અર્થ : જો પ્રભુની સેવા કરતાં કરતાં કાંઇ દુ:ખ જેવું જણાય તો પણ તેને અમૃત સમાન માનવું, પરંતુ ઇન્દ્રિયોના વિષયો ભોગવતાં આપણને સુખ જણાય છે તોપણ તે ઝેર સમાન દુ:ખદાયી છે એમ જાણવું, દષ્ટાંત તરીકે જેમ જેને ખસ થઇ હોય તે ચેળ આવવાથી ખંજોળે છે, તે સમયે તેને સારું લાગે છે, પરંતુ જરાવાર પછી તેમાંથી સગડીના જેવી આગ બળવા લાગે છે. એથી ઊલટું ઓસડ પીવાથી જેમ તરત કડવું લાગે છે, પરંતુ તેનાથી રોગ મટી જતાં આનંદ થાય છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : જગતમાં શ્રીહરિનું સેવન કરનારને અનેક પ્રકારનાં કષ્ટ આવી પડે છે. ભકત પ્રહલાદ, ભકત મીરાં વગેરેને દષ્ટાંતથી જણાશે કે તેઓને શ્રીહરિની ભકિત કરતાં કરતાં કેટલાં સંકટ સહન કરવાં પડયાં છે ! તેવી રીતે કદાચિત્ દુ:ખ આવે તો તે પરીક્ષા માટે છે એમ સમજી તેને અમૃત સમાન ગણી પ્રહલાદાદિકની માફક સહન કરવું, જેથી પરિણામે અક્ષય્ય સુખ મળે છે, કેમકે ગીતાજી અ. ૧૮ શ્લો. ૩૭માં કહ્યું છે કે- यत्तदग्रे विषमिव परिणामेडमृतोपमम् । तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ " શરૂઆતમાં ઝેર જેવું અર્થાત્ દુ:ખદ જણાય તોપણ પરિણામે તે અમૃત સમાન છે, પોતાની બુદ્ધિની પ્રસન્નતામાંથી થયેલું તે સુખ સાત્ત્વિક કહેલું છે." કવિશ્રી તેના ઉદાહરણ તરીકે કહે છે કે- જેમ દવા કડવી હોય છે અને તે પીનારને પ્રથમ કડવી લાગે છે પરંતુ તે જ કડવી દવા પીધાથી રોગ મટે છે ત્યારે આનંદ થાય છે, તેમ ઇન્દ્રિયોના વિષયો ભોગવતાં આપણને ક્ષણિક આનંદ મળે છે, પરંતુ તે આનંદ સ્થાયી ન હોવાથી હાનિકારક છે, કારણ કે ગીતાજી અ. ૧૮ શ્લો. ૩૮ માં કહ્યું છે કે - विषयेन्द्रिय संयोगाद्यत्तदग्रडमृतोपमम् । परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ "વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જે શરૂઆતમાં અમૃતના જેવું જણાય છે, પરંતુ પરિણામે તે ઝેર સમાન છે, તે સુખ રાજસ કહેલું છે." અને કવિશ્રી તેના દષ્ટાન્ત તરીકે કહે છે કે- જેમ ખસ ખંજોળતાં મીઠી લાગે છે, પરંતુ પછીથી તેમાં આગ ઊઠે છે. માટે જ કહ્યું છે કે- मुक्तिमिच्छसि चेत्तात विषयान्विषवत्त्यज । क्षमा दयां तितिक्षां च सत्यं पीयूषवद्भज ॥" હે પુત્ર-જન્મ-મરણથી જો નિર્મુકત થઇ મોક્ષને ઇચ્છતો હો તો ઇન્દ્રિયોના વિષયોને ઝેર સમાન ગણી ત્યજી દે; અને ક્ષમા, દયા તિતિક્ષા (સુખ દુ:ખને સહન કરવાપણું) અને

સત્યને અમૃત સમાન સમજીને સેવન કર.'' ઇત્યાદિ ભગવદ્દવાકયાનુસારવર્તી રાજસી સુખ ત્યજી સાત્ત્વિકનું સેવન કરી દયાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૭૫

શ્રીગિરિવરધર સેવતાં, ભય રાખવો ભૂપતિ સમાન;
બાળક સમ વાત્સલ્યતા, ધરવો સ્નેહ તો જાર સમાન;
જાર સમાન પ્રિય પ્રભુ લાગે, તો દુ:ખ જન્મ-જન્મનાં ભાગે;
પ્રેમ-પીયૂષ પીધું તે જાણે, નથી સ્વાદ કોઇ એહ પ્રમાણે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૬ ॥

અર્થ : રાજાના નોકરો રાજાની સેવા કરતાં, રખેને અપરાધ થઇ જાય, એ પ્રકારે જેવો ભય રાખે છે, તેવો ભય ભકતોએ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરવામાં રાખવો, અને માતા, જેવું વાત્સલ્ય પોતાના બાળક પ્રત્યે રાખે છે તેવો વાત્સલ્યભાવ ભકતોએ શ્રીહરિની સેવામાં રાખવો, તેમ જ સ્ત્રી જેવો પ્રેમ પોતાના જારમાં રાખે છે, તેવો અનન્ય પ્રેમ પ્રભુમાં રાખવો જોઇએ. સ્ત્રીને જાર જેટલો પ્રિય હોય છે તેટલા જ પ્રિય જો શ્રીહરિ ભકતને લાગે તો તે ભકતનાં પ્રત્યેક જન્મનાં દુ:ખો વિનાશ પામે છે. પ્રેમરૂપી અમૃતનું જેઓએ પાન કર્યું હોય છે તેઓ જ એ પ્રેમામૃતના સ્વાદને સમજી શકે છે કે- આવો સ્વાદ અન્યત્ર છે જ નહિ; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : કવિશ્રી દયારામભાઇ, ભગવત્સેવા કરનારે-**ભય-વાત્સલ્ય અને સ્નેહ,** એ ત્રણે રાખવાની જરૂર છે તે સમજાવતાં જણાવે છે કે-જેમ રાજસેવક રાજાની સેવા કરતાં પ્રતિક્ષણ કાળજી રાખે છે કે-જો કંઇ પણ સેવા કરતાં મારો અપરાધ થશે તો રાજા મને દંડ આપશે, તેવી જ રીતે શ્રીહરિના ભકતોએ પણ આ રાજાના રાજા શિરતાજ શ્રીહરિની સેવા કરતી વખતે પણ પ્રતિક્ષણે એવો-**ભય** રાખવો કે સેવા કરતાં કરતાં મારાથી અપરાધ ન થાય, તેની સંપૂર્ણ કાળજી રાખવી. **વત્સલતા**-જેવી પુત્ર પ્રત્યે માતાની હોય છે તેવી વત્સલતા અન્યમાં હોતી નથી, એટલા જ માટે શ્રીગુસાંઇએ પરમતત્ત્વ-શ્રીયશોદોત્સંગલાલિત પ્રભુને દર્શાવ્યા છે. કેમકે શ્રીયશોદાજી હસી પડયાં પરંતુ પુત્રને ઠપકો આપવા તૈયાર ન થયાં. પૂતનામોક્ષપ્રસંગમાં પણ પૂતનાની છાતી ઉપર ખેલતા પ્રભુને જોઇ તરત ઉઠાવી લીધા, અને ગોમૂત્રથી સ્નાન કરાવી ગોપુચ્છ ફેરવી રક્ષણ કરવા લાગ્યાં. આ મારા પુત્ર ભય પામ્યા હશે જેથી બચાવું. એ શ્રીયશોદા માતાનો વાત્સલ્યભાવ હતો, તેવો જ અર્થાત્ માનો પુત્ર પ્રત્યે જેવો વાત્સલ્યભાવ હોય છે તેવોજ પ્રભુની સેવામાં રાખવો જોઇએ. અને સ્નેહ-લૌકિકમાં જેવો સ્નેહ દુષ્ટા સ્ત્રીને જાર પ્રત્યે હોય છે તેવો સ્નેહ અન્યમાં હોતો નથી. આ વાત **રાજા ભર્તૃહરિના** વૃત્તાંતમાં પ્રસિદ્ધ છે કે- રાજા ભર્તૃહરિએ એક સમયે પોતાને અમરફળ મળ્યું હતું. તે પોતાની

પ્રિયા રાણી પિંગલાને આપ્યું, અને પિંગલાએ તે **અમરફળ** પોતાના જારને આપ્યું. જારે વિચાર્યુ કે આ અમરફળ જો મારી પ્રેમપાત્ર ગણિકાને આપું તો ઠીક. ગણિકાએ વિચાર કર્યો કે આ અમરકળ જો રાજાને ભેટ કરું અને રાજા જો તે ખાઇ અમર બનશે તો હજારોનું પાલન કરશે, મારા જેવી પામર અમર થઇ શું કરવાની છે ? એવો વિચાર કરી તે અમરફળ રાજાને ભેટ કર્યુ, રાજા આ અમરફળ જોઇ આશ્ચર્ય પામ્યો, અને તપાસ કરતાં પોતાની સ્ત્રીનો જાર પ્રત્યે સ્નેહ જાણી એકદમ વૈરાગ્યવાન્ બન્યો. અર્થાત્ સ્ત્રીનો જેવો સ્નેહ જાર પ્રત્યે હોય છે, તેવો અનન્ય સ્નેહ પ્રભુમાં રાખી, જો સેવા કરવામાં આવે તો તેના પ્રત્યેક જન્મનાં દુ:ખોનો નાશ થાય છે અર્થાત્ જન્મ-મરણ મટી જઇ ભગવત્પ્રાપ્તિ થાય છે; માટે કૃપાળુ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૭૬

કર્તવ્યાકર્તવ્ય-વિચાર

જે પ્રતિકૂળ પ્રભુ સેવતાં, તેને તજિયે, ના વળગિયે વ્યર્થ;
જનની, જનક, પતિ, પુત્ર, ભ્રાત, ગુરુ છાંડવાં જદપિ સમર્થ;
સમર્થ તાત તજયો પ્રહલાદે, ભરતે માત મૂકી હરિસ્વાદે;
પતિ ઋષિપત્ની, વિભીષણ ભ્રાત, ગુરુ ના ગણ્યા બલિએ સાક્ષાત્.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૭ ॥

અર્થ : શ્રી હરિની સેવા કરવામાં માતા, પિતા, પતિ, પુત્ર, ભાઇ, ગુરુ વગેરે જે કોઇ આડે આવે તેઓ યદ્યપિ ગમે તેવા શક્તિમાન્ હોય તો પણ તેમનો ત્યાગ જ કરવો, તેમને નકામાં વળગી ન રહેવું. દૃષ્ટાંત તરીકે ભગવદ્દભક્તિમાં અંતરાય કરતાં મહાન્ સમર્થ પિતા હિરણ્યકશિપુનો ભકત પ્રહલાદે ત્યાગ કર્યો. ભગવાન્ શ્રીરામ પ્રત્યેની ભક્તિમાં વિઘ્ન કરનાર, રાજ્ય સ્વીકારવા સંબંધી માતા કૈકેયીની આજ્ઞાનો ભરતજીએ ત્યાગ કર્યો. કંસના યજ્ઞમાં બેઠેલા ઋષિઓએ પત્નીઓને રોકી રાખતાં, તે ઋષિપત્નીઓએ પતિઓનો ત્યાગ કર્યો, અને પ્રભુને ભોજન કરાવ્યું. વિભીષણે અધર્મ ન કરતાં શ્રીરામને શરણે જવા માટે રાવણને ઘણો સમજાવ્યો, પરંતુ તે નમાનતાં રાવણને શરણાગતિમાં વિઘ્ન કરનાર અને સંસારમાં આસકિત કરાવનાર સમજી પોતાના ભાઇ રાવણનો ત્યાગ કર્યો. રાજા બલિએ ભગવાન્ વામનજીને ત્રણ ડગલાં પૃથ્વીનુ દાન કરતાં ગુરુ શુક્રાચાર્યે રોકયા, પરંતુ રાજા બલિએ તે આજ્ઞા આત્મનિવેદન-ભક્તિમાં વિઘ્ન કરનાર જાણીને સાક્ષાત્ ગુરુ-આજ્ઞાનો પણ ત્યાગ કર્યો. માટે ભક્તિમાં અંતરાય કરનારાઓને ત્યજી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ ભાગવત સ્ક. ૫ અ. ૫ શ્લો. ૧૮ માં કહ્યું છે કે - गुरुर्न स स्यात् स्वजनो न स स्यात् पिता न स स्यात् जननी न स स्यात्। दैवं न तस्यान्न पतिश्च

स स्यान्न मोचयेद्य : समुपेत मृत्युम् ॥'' સંસારમાં આસકત બનેલા શિષ્યને ભકિતમાર્ગનો ઉપદેશ આપી છોડાવવાની જેમની શકિત ન હોય તેમણે ગુરુ ન થવું જોઇએ. પોતાના સંબંધીઓને છોડાવવાની જેમને શક્તિ ન હોય તેમણે સંબંધી નહિ થવું જોઇએ. પોતાના પુત્રને સંસારમાંથી ઉપદેશ આપી છોડાવવાની શક્તિ ન હોય તેઓએ પિતા કે માતા પણ નહિ થવું જોઇએ, એટલે તે માણસે પુત્ર ઉત્પન્ન કરવાનો પ્રયત્ન જ નહિ કરવો જોઇએ. પોતાના ભકતને એ પ્રમાણે છોડાવવાની શકિત ન હોય તેમણે દેવતા બની પૂજા ન સ્વીકારવી જોઇએ. તેમજ સ્ત્રીને એ પ્રમાણે છોડાવવાની જેની શકિત ન હોય તેણે પતિ પણ નહિ થવું જોઇએ.'' ''અથવા મનુષ્યદેહ ભગવત્સેવા માટે મળેલો છે, છતાં જેઓ ભગવત્સેવામાં અંતરાય કરી સંસારમાં આસકિત કરાવનાર હોય તેમનો ત્યાગ કરવો. '' તે વિશે ઉપર્યુકત શ્લોકની વ્યાખ્યામાં ''બાલપ્રબોધિની'' ટીકાકાર સ્પષ્ટ લખે છે કે - મહાભારત શાં. પ. ૫૭-૭માં લખ્યું છે કે-गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः ।उत्पथप्रतिपन्नस्य परित्यागो विधीयते ॥'' ગુરુ પણ જો ગર્વિષ્ઠ હોય, કાર્ય-અકાર્યને સમજતા ન હોય, અને અવળે માર્ગે ચાલતા હોય તો, તેમનો પરિત્યાગ કરવો'' આ સ્મૃતિવચન પ્રમાણે **બલિરાજાએ** ''તારે શ્રીવામનજીને પૃથ્વીનું દાન ન આપવું'' આવું પોતાના ગુરુ શુક્રાચાર્યનું વચન (સંસારમાં નાખનારું હોવાથી) સ્વીકાર્યું નહોતું. ભકત **પ્રહ્લાદે** પોતાના પિતા હિરણ્યકશિપુ તથા ગુરુ શંડ અને અમર્કનું (તારે ભકિત ન કરવી, એવું સંસારમાં નાખનારું) વચન માન્યું ન હતું શ્રીરામચંદ્રજીના ભાઇ **ભરતજીએ** પોતાની માતા કૈકૈયીનું રાજ્ય સ્વીકારવા સંબંધી (સંસારમાં નાખનારું) વચન માન્યું ન હતું. રાજા **ખટ્વાંગે** દેવોના વરદાનનાં વાકયોનો પણ (સંસારના ભયથીજ) અનાદર કર્યો હતો. અને એવા તો અનેક મુમુક્ષુઓ થઇ ગયા છે કે જેઓએ ઘરમાં જ સ્થિતિ કરાવનારાં પોતાનાં સ્વજનોનાં વચનોને માન્યાં ન હતાં.'' તદનુસાર મર્યાદાભકત **મીરાંએ** પણ-ભક્તિનો ત્યાગ કરવારૂપી (સંસારમાં નાખનારી) પોતાના પતિની આજ્ઞાનો અનાદર કર્યો હતો. તેમજ ઋષિપત્નીઓએ પોતાના પતિની ભગવાન્ પાસે ન જવાની આજ્ઞાનો (ભગવાન્થી વિમુખ કરાવી સંસારમાં આસક્તિ કરાવનારી હોવાથી) ભંગ કર્યો હતો. અને **વિભીષણે** પણ પોતાના ભાઇ રાવણ ને (અધર્મ ત્યજી શ્રીરામને શરણે જવાનું સમજાવતાં તે ન માનવાથી) ત્યજ્યો હતો. એટલા જ માટે શ્રીમદ્વલ્લભાચાર્યચરણ આજ્ઞા કરે છે કે-प्रतिकूले गृहं त्याज्यम् ॥ '' ભગવત્સેવામાં પ્રતિકૂલતા નડે તો ઘરનો ત્યાગ કરવો.'' શ્રીભગવદ્ગીતા અ. ૧૮ શ્લો. ૬૬ માં કહ્યું છે કે- सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच : ॥ '' ભગવત્શરણાગતિમાં અંતરાય કરનારા સર્વધર્મોને ત્યજીને

એક મારે જ શરણે આવ; હું તને સર્વપ્રકારનાં પાપોથી નિર્મુકત કરીશ.'' ઉપર્યુકત તમામ પ્રમાણોનો સાર લઇ ભકતકવિ દયારામભાઇએ આ ચંદ્રાવળો રચીને જણાવ્યું છે કે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૭૭

શરણાગતિ-માહાત્મ્ય

દેવ, પિતૃ ને મનુષ્ય-ઋણ, ત્યાંલગી માણસને કહેવાય,
જયાંલગી સર્વાત્મા-ભાવે શ્રીકૃષ્ણને શરણે ન જાય;
શરણ ગયે સર્વે ઋણ છૂટે, ચિત્રગુપ્તનું લેખુ ત્રૂટે;
કાલ-કર્મનો ભય નહિ તેને, શીશ ધણી સમરથ હરિ જેને.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૭૮ ॥

અર્થ : જીવ જ્યાંસુધી સર્વાત્મભાવપૂર્વક પાપહારી, કષ્ટવિદારી, ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રને શરણે જતો નથી, ત્યાંસુધી તેને દેવ-ઋણ, પિતૃ-ઋણ, અને મનુષ્ય-ઋણ, એ ત્રણે પ્રકારનું ઋણ કાયમ રહે છે, પરંતુ જીવ જો પ્રભુને શરણે જાય છે, તો શરણે જતાં જ તે જીવનાં ત્રણે પ્રકારનાં ઋણ છૂટી જાય છે, અને ધર્મરાજાના મંત્રી ચિત્રગુપ્તે લખેલો લેખ રદ્દ જાય છે, એટલું જ નહિ પણ જેને માથે સમર્થ શ્રીહરિ માલિકરૂપે બિરાજે છે, તેને કાળનો કે કર્મનો પણ ભય રહેતો નથી. માટે કૃપાળુ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : હંમેશાં ગૃહસ્થાશ્રમી મનુષ્યોને શિર દેવ-ઋણ, પિતૃ-ત્રણ, અને મનુષ્ય-ઋણ લાગેલું હોય છે, અને તેમાંથી છૂટવા માટે મનુષ્યે હંમેશાં પંચમહાયજ્ઞ (વૈશ્વદેવ) કરવો જ જોઇએ. તેમાં પ્રથમ તૈયાર થયેલી રસોઇ પ્રભુને સેવા કરી સમર્પવાથી દેવ-ઋણમાંથી નિર્મુકત થવાય છે, પિતૃયજ્ઞ (તર્પણ-શ્રાદ્ધ) કરવાથી પિતૃઓના ઋણમાંથી છુટાય છે, અને અતિથિ સત્કાર કરવાથી, તેમ જ પ્રાણીમાત્રમાં ભગવદ્ભાવ રાખવાથી, ઇર્ષ્યા, દ્વેષ, વગેરેનો ત્યાગ કરવાથી મનુષ્ય-ઋણમાંથી છુટાય છે; પરંતુ જે જીવ પ્રાણીમાત્રમાં પ્રભુ બિરાજે છે, એવા ભાવપૂર્વક ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રને શરણે જાય છે, તે તો ભગવત્શરણાગતિ કરતાંની સાથે જ પોતે સર્વ પ્રકારના ઋણમાંથી છૂટી જાય છે, અને તેની સર્વ પ્રકારની જવાબદારી સ્વયં ભગવાન જ ઉપાડી લે છે. શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૧ અ. ૫ શ્લો. ૪૧ માં સ્પષ્ટ કહ્યું છે કે- देवर्षिभूताप्तनृणां पितृणां न किंकरो नायमृणी च राजन् । सर्वात्मना य : शरणं शरण्यं गतो मुकुन्दं पारिहृत्य कर्मम् ॥ '' જે અંહકારથી થતાં તમામ લૌકિક કાર્યોને ત્યજીને સર્વાત્મભાવપૂર્વક શરણાગતરક્ષક મુક્તિનું દાન કરનાર, ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રને શરણે ગયો છે તેને દેવ ઋષિ, બીજાં પ્રાણી, સગાં, મનુષ્યો, કે પિતૃઓનું દાસપણું કે તેઓનું ઋણ બાકી રહેતું નથી, અર્થાત્

જે જ્ઞાન-ભક્તિથી રહિત, અશુદ્ધ અન્ત:કરણવાળા છે, તેઓ જ દેવાદિક બધાના દેવાદાર ગણાય છે.'' આ શ્લોકના આધારે જ કવિશ્રી દયારામભાઇએ ઉપરનો ચંદ્રાવળો રચીને જણાવ્યું છે કે શરણાગત જીવ જ, જન્મ-મરણાદિકમાંથી છૂટી જાય છે; માટે ભગવત્શરણાગતિપૂર્વક કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૭૮

ભગવદિચ્છાની પ્રબળતા

કર્તું, અકર્તું, અન્યથાકર્તું, સમર્થ શ્રીહરિરાય;
ના થાવાનો કરે પદારથ, થાવાનું મટી જાય;
મટી ગયું જો વસિષ્ઠે વિચાર્યું, તે ક્ષણે વન જે સમે રાજ્ય ધાર્યું;
બ્રહ્માના સુત એ ત્રિકાલ-જ્ઞાની, ઇચ્છાએ વચન તેની પણ હાનિ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૭૯ ॥

અર્થ : શ્રીહરિ કાર્ય કરવાને ન કરવાને અથવા ઊલટું જ કરી નાખવાને માટે પોતે સમર્થ છે, જે કાર્ય થવાનો સંભવ પણ ન હોય તે કાર્ય કરી નાંખે છે, અને જે કાર્ય થવાનું હોય તે ટળી જાય છે. તે વિશે ઉદાહરણ દર્શાવે છે કે વસિષ્ઠમુનિએ જે ક્ષણમાં ભગવાન્ શ્રીરામચંદ્રજીના રાજ્યાભિષેકનો વિચાર કર્યો હતો, તે રાજ્યાભિષેક કરવાનું મટી ગયું, અને તે જ ક્ષણે વનવાસ જવાનું નિશ્ચિત થયું. આ વસિષ્ઠમુનિ બ્રહ્માના પુત્ર હતા, એટલું જ નહિ પણ તેઓને ત્રણે (ભૂત-ભવિષ્ય-અને વર્તમાન) કાળનું જ્ઞાન હતું જે ઇચ્છા કરે તેવું વચન બોલી શકતા, અર્થાત્ કહે તેવું થાય, એવા સત્યવવચની હતા તેવા મહર્ષિના વચનની પણ હાનિ થઇ; માટે કૃપાળુ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો.

વિવેચન : પ્રભુની ઇચ્છાનુસાર જ સર્વ બને છે, ગમે તેવો સમર્થ હોય તો પણ પ્રભુઇચ્છા સિવાય કંઇ પણ કરવાને તે શક્તિમાન નથી. એ દૃષ્ટાંતથી નિરૂપણ કરે છે કે- '' પ્રભુઇચ્છા અનેક કાર્યો કરવા વનમાં પધારવાની હોવાથી ત્રિકાલજ્ઞાની અને બ્રહ્માના પુત્ર વસિષ્ઠમુનિની પણ ઇચ્છા નાશ પામી, અને ભગવદ્દઇચ્છાનુસાર જે કોઇ એ પણ નહિ ધારેલ, તેવો વનવાસનો પ્રસંગ બન્યો; માટે પ્રભુ કર્તું, અકર્તું અને અન્યથાકર્તું, સર્વ સમર્થ છે. એવાં અનેક દૃષ્ટાંતો મળી આવે છે; જેમકે લોઢું કદી ઊગે નહિ તે ઊગ્યું અને યાદવકુળનો તેનાથી નાશ થયો. જુઓ. ભાગવત સ્કં. ૧૧ અ. ૧-૨૨). યાદવકુળનો બ્રાહ્મણના શાપથી નાશ થયો, ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રે પણ તે શાપના નિમિત્તે જ સ્વધામ ગમન કર્યું, તથા ભગવાને સ્વઇચ્છાથી ભક્ત ઉદ્ધવ અને વજ્રનાભને બચાવી લીધા. (ભાગવત). પથ્થર પાણીમાં તરે નહિ તથાપિ શ્રીરામનામપ્રભાવે શ્રીહરિની ઇચ્છાથી તર્યા. અને તેના ઉપર થઇ જનાર સર્વેને તાર્યા. દ્રુપદની કન્યા નરરૂપે શિખંડી બની, (મહાભારત), અને સુદ્યુમ્ન નર હતો છતાં ઇલા કન્યા બની, (ભાગવત) બ્રહ્માજી સૃષ્ટિકર્તા, જ્ઞાની, છતાં પોતાની પુત્રી સરસ્વતી પાછળ દોડયા, ઇત્યાદી અનેક દૃષ્ટાંતોથી સમજાય છે કે **પ્રભુઇચ્છાથી ન થવાનું હોય તે પણ થાય છે.** વૈકુંઠમાં રહેનારને ક્રોધ થઇ શકે નહિ, છતાં જય-વિજયને તે થયો અને પ્રભુ ઇચ્છાનુસાર તેમને ત્રણ જન્મ લેવા પડયા. હવે વસિષ્ઠ મુનિના નિશ્ચિત કરેલા મુહૂર્ત પ્રમાણે શ્રીરામને રાજ્યાભિષેક થવો જ જોઇએ, છતાં તે ન થયો. રાજા મુચુકુંદને શ્રીકૃષ્ણ ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યાં એટલે તેને મોક્ષ મળવો જ જોઇએ, તથાપિ ભગવાને પોતે જે તેને બીજા જન્મની આવશ્યકતા બતાવી. આ દૃષ્ટાંતોથી જણાય છે કે-થવું જ જોઇએ તથાપિ **ભગવદ્દઇચ્છાથી થવાનું પણ મટી જાય છે.** માટે પ્રભુ સ્વઇચ્છાથી સર્વ કરવા સમર્થ છે, તેમની ઇચ્છા વિના કંઇ પણ બની શકતું નથી. અતએવ સર્વસમર્થ કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૭૯

સહસ્રભુજાપતિ રાખશે, તેને હણશે શું બે ભુજાવાળો ?
તેજ પુરુષ જયારે મારશે, ત્યારે કોઇ નથી રખવાળો;
રખવાળો-રિપુ છે નહિ કોય, સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોય;
કર્તા હર્તા એક શ્રીવ્રજરાય, એના કર્યા વિના કાંઇ નવ થાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૮૦ ॥

અર્થ : હજાર હાથનો ધણી જેનું રક્ષણ કરવા સમર્થ છે. તેને બે હાથવાળો મનુષ્ય શી રીતે મારી શકે છે ? અર્થાત્ મનુષ્ય કંઇ જ કરી શકતો નથી, અને શ્રીહરિ જ જ્યારે કોઇને મારવા ઇચ્છા કરે છે ત્યારે તે મનુષ્યને રક્ષણ કરવા બીજું કોઇ સમર્થ નથી, તેમ જ શ્રીહરિ જેના રક્ષક છે, તેનો જગતમાં કોઇ શત્રુ જ નથી, કેમકે સર્વ વસ્તુ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રથી જ ઉત્પન્ન થાય છે. માટે તે શ્રીવ્રજાધીશ પ્રભુજ સર્વ કરનાર અને હરનાર પણ તે જ છે. એમના કર્યાં સિવાય બીજું કંઇ પણ બની શકતું નથી; માટે કૃપાસાગર ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : હજાર હાથનો ધણી જેનો રક્ષક છે તેને બે ભુજાવાળો મનુષ્ય કંઇ કરી શકતો નથી, એ ભક્ત પ્રહ્‌લાદનું ઉદાહરણ પ્રત્યક્ષ છે, જ્યારે પ્રહ્‌લાદજી ભગવદ્દભક્તિ કરતા હતા ત્યારે તેના પિતાએ તેને ભક્તિથી અટકાવવા અનેક પ્રયત્નો કર્યા, પરિણામે તે નિષ્ફળ થતાં તેને મારવા અનેક પ્રયત્નો કર્યા; પર્વત પરથી નીચે ફેંકયો, સર્પદંશ કરાવ્યો, આખરે તેને બળતા અગ્નિમાં નાંખ્યો, તથાપિ ભક્ત પ્રહ્‌લાદ કહે છે-!! सर्वतापशमनैकभेषजं, ''कृष्ण'' नाम जपतां कुतो भयम्। पश्य तात मम गात्रसंगमात् पावकोऽपि सलिलायतेऽधुना ॥ સર્વ પ્રકારના તાપોને શાંત કરવામાં એક ઔષધરૂપ, ''શ્રીકૃષ્ણ'' નામ સંકીર્તન કરનારને ભય કયાંથી હોય ? કારણ કે શરણાગત ભક્તને રક્ષણ કરવા શ્રી હરિ સમર્થ છે. હે પિતાજી ! પ્રત્યક્ષ જુઓ કે અગ્નિ પણ મારા અંગના સ્પર્શથી, પોતાના

બાળવાનો સ્વભાવ છોડી દઇને શીતળ જળસમાન હાલમાં બની ગયો છે.'' આથી **સિદ્ધ થાય છે કે હજાર હાથનો ધણી જેનું રક્ષણ કરે છે, તેને કોઇ પણ મારવા સમર્થ છે જ નહિ.**

અસુરરાજ હિરણ્યકશિપુએ હજારો વર્ષ તપ કરી ''અજેય'' અને ''અમર'' બનવા વરદાન મેળવ્યું હતું, છતાં શ્રીહરિની ઇચ્છા જ્યારે તેને હણવાની થઇ ત્યારે કદી ન બનેલું એવું અડધું નર એટલે મનુષ્ય રૂપ અને અડધું હરિ એટલે સિંહનું એવું ''નર-હરિ'' અર્થાત્ નૃસિંહ સ્વરૂપે સ્તંભમાંથી પ્રકટ થઇ તત્કાળ હિરણ્યકશિપુને હણી નાંખ્યો. તે સમયે તેને વરદાન આપનાર બ્રહ્માદિ કોઇ તેને બચાવી શકયા નહિ; માટે શ્રીહરિ જેને હણવા ઇચ્છા કરે છે તેને કોઇ પણ રક્ષવા સમર્થ નથી.

ભગવાન શ્રીકૃષ્ણ શરણાગત ભકત પાંડવોના રક્ષક હતા, જેથી દુર્યોધને પાંડવોને નાશ કરવા વનવાસ મોકલ્યા. લાક્ષાગૃહમાં પૂરી બાળી મૂકયા. દુર્વાસાને દશ હજાર શિષ્યો સહિત વનમાં અતિથિ તરીકે મોકલી નાશ કરવા કાવતરું રચ્યું, આખરે યુદ્ધ પ્રારંભ્યું, પરન્તુ પરિણામ એ આવ્યું કે દુર્યોધન વગેરે સો ભાઇ હતા તે તમામ સ્વયં નાશ પામ્યા. એક સમયે પાંડવો જ્યારે વનમાં હતા ત્યારે પોતાનો વૈભવ દર્શાવીને તેમને સંતાપ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી દુર્યોધને પાંડવોના નિવાસ નજીક મહેલ બંધાવી રહેવા માંડયું, ત્યાં ચિત્રરથ ગંધર્વે તેને પકડી કેદ કર્યો, તે સમયે મહારાજા યુધિષ્ઠિરને ખબર મળતાં જ તત્કાળ તેને છોડાવી મૂકયો, કારણ કે યુધિષ્ઠિરને શત્રુ અને મિત્રમાં સમાન દૃષ્ટિ હતી, અને તેથી જ તે ''અજાતશત્રુ'' કહેવાતા હતા; માટે પ્રભુ જેના રક્ષક છે તેનો જગતમાં કોઇ શત્રુ જ નથી.

માટે વ્રજાધિપતિ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રની ઇચ્છાનુસાર સર્વ બને છે અને તેજ સર્વ કરનાર અને કાળરૂપે હણનાર પણ છે, એમની ઇચ્છા વિના કંઇ પણ બનતું નથી. ભકત નારદ, ભકત પરીક્ષિત, વગેરે માતાના ઉદરમાં હતા તે સમયે પણ શ્રીહરિએ જ તેમનું રક્ષણ કરી બચાવ્યા હતા. આ સર્વ દૃષ્ટાંતોને અનુસરી ભકત કવિ શ્રી. દયારામભાઇ આ ચન્દ્રાવળો રચી જણાવે છે કે- તેવા સર્વસમર્થ, કૃપાના ભંડાર, શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૮૦

કર્તા-હર્તા શ્રીહરિ જ છે

કર્યું થાય શ્રીકૃષ્ણનું, કોથી ઘટે વધે નહિ લેશ;
તે જ પ્રમાણે સુખદુ:ખ લાભાલાભ ન સંશય રેશ;
રેશ રહે નહિ તે સમે સિદ્ધિ; જેવું હોનાર તેવી થાય બુદ્ધિ;
થનાર તે સ્હેજે પણ થાય, તું કર્તા નથી શીદ પસ્તાય.
- સેવો શ્રીકૃષણ કૃપાળ ॥ ૮૧ ॥

અર્થ :ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રની ઇચ્છાનુસાર જ સર્વ કાર્ય બને છે, તેમાં કોઇનાથી જરા પણ ઘટાડો કે વધારો થઇ શકતો નથી. તે જ પ્રમાણે સુખ અને દુ:ખ તથા લાભ અને ગેરલાભ, પણ તેની ઇચ્છાનુસાર જ થાય છે. તે સમયે આપણને જરા પણ ખ્યાલ રહેતો નથી. જેવું થનાર હોય તે જ પ્રમાણે બુદ્ધિ થાય છે, જે થવાનું હોય તે સ્વાભાવિક પણ બને છે, જેથી સિદ્ધ થાય છે કે-તું કરનાર નથી, તો પછી શા માટે પસ્તાવો કરે છે? અર્થાત્ સર્વ પ્રભુની ઇચ્છાનુસાર જ બને છે, માટે તે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : तमेव साधु कर्म कारयति यमेभ्यो लोकेभ्य उन्निनीषति । तमेवासाधु कर्म कारयति यमेभ्यो लोकेभ्योऽधो निनीषति ॥ ''ભગવાન જે જીવને આ લોકથી ઊંચી ગતિએ લઇ જવાની ઇચ્છા કરે છે તેને જ સારાં કર્મ કરાવે છે, અને જે જીવને આ લોકથી નીચે; અધોગતિ આપવાની ઇચ્છા કરે છે તેને જ નઠારાં કર્મ કરાવે છે.'' આ શ્રુતિમાં પ્રભુ ઇચ્છાનુસાર જ સત્કર્મમાં પ્રવૃત્તિ અને અસત્કર્મમાં પ્રવૃત્તિ થાય છે એમ દર્શાવ્યું છે. તેમ જ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પણ એજ આજ્ઞા કરે છે કે - बुद्धिप्रेरककृष्णस्य ॥ '' બુદ્ધિને પ્રેરણા કરનાર શ્રીકૃષ્ણ જ છે'' તદનુસાર મહાત્મા તુલસીદાસજીએ પણ કહ્યું છે કે - तुलसी जैसी होतव्यता, तैसी उपजे बुद्ध । होनहार हिरदे वसे, विसर जात सब शुद्ध ॥ ''જેવું થનાર હોય તેવી જ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, થવાનું હોય તે જ હૃદયમાં આવી રહે છે, અને સર્વ પ્રકારનું ભાન તે સમયે ભૂલી જવાય છે'' ઇત્યાદિ પ્રમાણોને અનુસરીને જ ભકતકવીશ્વર કહે છે કે- પ્રભુ શ્રીકૃષ્ણે ધાર્યુ હોય તે જ પ્રમાણે બને છે. એમાં કોઇ ઘટાડી કે વધારી શકતું નથી. તેમ જ સુખ અને દુ:ખ તથા લાભ અને હાનિ પણ તેમની ઇચ્છા પ્રમાણે જ બને છે, એમાં જરા પણ સંદેહ નથી. જેવું થનાર હોય તેવી જ બુદ્ધિ સૂઝે છે, એમાં જરા પણ તે સમયે આપણને ખ્યાલ રહેતો જ નથી. થનાર વસ્તુ સ્વાભાવિકપણે થયે જાય છે. તો જ્યારે પ્રભુ જ કર્તાહર્તા છે, અને તેમની ઇચ્છાનુસાર જ બને છે તો પછી ''આ મેં કર્યુ એમ માની લઇ શા માટે પસ્તાવો કરવો ?'' અર્થાત્ કર્તાપણાનું અભિમાન તજી શ્રીહરિની ઇચ્છા પ્રમાણે બને છે એમ સમજીને નિષ્કામ કર્મપૂર્વક કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૮૧

હરિ જંત્રી તું જંત્ર છે, તેમ વાજે વગાડે જ્યંમ;
કાષ્ટપૂતલી નૃત્ય કરે, સૂત્રધાર નચાવે ત્યંમ;
ત્યમ વિધિ-નિષેધ સૌ હરિ હાથે, તું મિથ્યા તાણી લે શીદ માથે;
વિચાર્ય જો જીવનું કર્યું હોય, તો દુ:ખી જગતમાં થાય ન કોય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૮૨ ॥

અર્થ : શ્રીહરિ વાજિંત્રને વગાડનાર છે, અને તું વાજિંત્રરૂપે છે, પ્રભુ જેવી રીતે વાજું વગાડે તેવી રીતે તે વાગે છે, અર્થાત્ શ્રીહરિ જેમ જીવને પ્રેરણા કરે છે તેમ તે કરે છે. દૃષ્ટાંત તરીકે લાકડાની પૂતળી જેમ સૂત્રધાર નચાવે છે તેમ નાચે છે. તેવી જ રીતે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તવું અને નિષેધ કર્યો હોય તે તજવું, તે પણ તારા હાથમાં નથી, પરંતુ તે સર્વ શ્રીહરિના જ હાથમાં છે. તું નકામો તે ભાર તારા માથે શા માટે ઉપાડી લે છે ? તું વિચાર કરી જો કે-જીવના ધારવા પ્રમાણે બનતું હોય તો આ દુનિયામાં કોઇ પણ પ્રાણી દુ:ખી થાય જ નહિ; માટે કર્તા-હર્તા કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો.

વિવેચન : જીવ એ પ્રભુના વાજિંત્રરૂપે છે, અને શ્રીહરિ, એ વાજિંત્રના વગાડનાર છે, અર્થાત્ પ્રભુ પ્રેરક છે અને જીવ તેની પ્રેરણા પ્રમાણે ચાલનાર છે. દાખલા તરીકે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે- यथा दारुमयी योषिन्नृत्यते कुहकेच्छया ॥ '' જેમ લાકડાની પૂતળી નચાવનારની ઇચ્છા પ્રમાણે જ નાચે છે.'' અર્થાત્ તેવી જ રીતે જીવ પણ પ્રભુની ઇચ્છાનુસાર જ કાર્ય કરી શકે છે. શાસ્ત્રમાં કેટલીક બાબતો કરવાની કહી છે, તેમજ કેટલીએક બાબતો તજવાની પણ કહી છે, પરન્તુ તે મુજબ બનવું કે ન બનવું, એ તો શ્રીહરિના જ હાથામાં છે. આ હું કરું છુ, એમ આપણે નકામા અભિમાનથી પોતાને માથે તાણી લઇએ છીએ, જેથી તે કર્મનાં ફળ ભોગવવાં પડે છે, અને જ્યારે કર્મફળ ભોગવવાં પડે છે ત્યારે પસ્તાવો થાય છે; માટે જે બને છે તે પ્રભુની ઇચ્છાનુસાર જ બને છે એમ માની અભિમાન ત્યજી દેવું, કેમકે વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કે જગતમાં સર્વ પ્રાણીઓ સુખને જ ઇચ્છે છે, તથાપિ દુ:ખ જોવામાં આવે છે, કેમકે જગતમાં જીવનું ધાર્યુ કંઇ પણ બનતું જ નથી. અને જો બની શકતું હોય તો આ જગતની અંદર કોઇ પણ પ્રાણી દુ:ખી જણાત જ નહિ; આ સર્વ જગત્ જેની પ્રેરણાનુસાર વર્તી રહ્યું છે તેવા સર્વસમર્થ કૃપાળુ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૮૨

મોહ ક્યાં કરાવો ? શ્રીહરિમાં.

જેની રચના જોઇને, ઘણો મોહ ઉપજે છે મંન:
જે કર્તામાં શી કમી હશે ? તું જોની વિચારી જંન;
જન પૂર્ણ મનોરથ થાશે ત્હારો, ઘાટે શું મોહ્યા ? તું જો ઘડનારો;
તેને મળ્યે પૂર્ણાનંદ થાશે, ભવ વૈભવ-તૃષ્ણા ટળી જાશે.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૮૩ ॥

અર્થ : પ્રભુએ અનેક પ્રકારના સૌંદર્યવાળી આ જગત્‌ની રચના રચી છે, તેને જોઇને તારા મનમાં અત્યંત મોહ ઊપજે છે ત્યારે હે પ્રાણી ! તું વિચાર તો કરી જો કે-જેણે આ જગતની રચના રચી છે તે રચના રચનારનામાં સૌંદર્યની શી ખામી હશે ?

અર્થાત્ તે તો સૌંદર્યના નિધિ છે; માટે તેના જગતમાં બનાવેલા ઘાટ જોઇને તું શું મોહ પામે છે ? તેમાં મોહ પામવા કરતાં જગતના રચનાર સૌંદર્યના નિધિ છે, તેને તું જો; અને હે મનુષ્ય ! તે જગતના બનાવનારનાં દર્શન કરવાથી જ તારો ભગવત્પ્રાપ્તિ રૂપ મનોરથ થશે, અને તે શ્રીહરિને મળવાથી જ તને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે, અને તારી જે સાંસારિક વૈભવો મેળવવાની ઇચ્છા તે તમામ દૂર થઇ જશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રમાં મોહ રાખી તેમની સેવા કરો.

વિવેચન : સૃષ્ટિકર્તા શ્રીહરિની જગતમાં વિવિધ પ્રકારની રચના જોઇને જ્યારે મનમાં અત્યન્ત મોહ ઉપજે છે, ત્યારે સૃષ્ટિના બનાવનારમાં સૌંદર્યની શી ખામી હશે? હે મનુષ્ય ! તેનો તું વિચાર કરી જો, કેમકે જ્યારે તેમના એક અંશમાંથી રચેલા સૌંદર્યયુકત પદાર્થોને જોઇ તને મોહ પ્રાપ્ત થાય છે તો તેના કરતાં જે પ્રભુ જ આ સૌંદર્યયુકત પદાર્થોના બનાવનાર છે અર્થાત् तस्माद् एकाकी न रमते ॥ '' એકલા શ્રી હરિ રમણ કરી શકે નહિ'' स द्वितीयमैच्छत् ॥ તેઓએ બીજાની ઇચ્છા કરી'' અને તે स हैतावानास ।''સ્વયં જગદ્રૂપે થયા'' અતએવ सर्वं खल्विदं ब्रह्म ॥ ''આ દશ્યમાન સઘળું જગત્ નિશ્ચય બ્રહ્મરૂપ છે.'' અર્થાત્ અક્ષરબ્રહ્મ આ જગદ્રૂપે થયેલા હોવાથી તેથી પણ પર જે પુરુષોત્તમ જે પરબ્રહ્મ શ્રીકૃષણચન્દ્ર કે જે સૌંદર્યના નિધિ છે તેમને જ તું જો; અને તેમનાં જ દર્શન કરવાથી હે મનુષ્ય ! પ્રભુને પ્રાપ્ત કરવારૂપી તારો મનોરથ પૂર્ણ થશે, અને તે પ્રભુને મેળવવાથી જ તને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે, અને આ સાંસારિક વૈભવો કે જે તુચ્છ અને નાશવાન્ અનિત્ય છે તે મેળવવાની તારી લાલસા દૂર થઇ જશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રમાં મોહ રાખી તેમની સેવા કરો. ૮૩

ભક્તવશ્ય શ્રી દામોદર

કરવા પ્રસન્ન ચ્હાય કૃષ્ણને, તો અભિમાન અળગું નાંખ્ય;
શીઘ્ર દયા કેશવ તણી ઇચ્છે, તો તું દીનતા રાખ્ય;
રાખ્ય દીનતા એક જ કરિને, કરવા કૃપા મન થાશે હરિને;
બ્હોતેર કોટિએ સર્યું નહિ કામ, દીનતા એક બંધાયા દામ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૮૪ ॥

અર્થ : ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રને પ્રસન્ન કરવા ઇચ્છતા હોય તો ''પ્રભુ મારા સ્વામી છે અને હું તેમનો અંશ હોવાથી દાસ છું, જેથી તેમને અધીન છું, એવી ભાવના રાખી'' અભિમાનને ત્યજી દે. જો જલદીથી શ્રીકૃષ્ણની તારી ઉપર દયા થાય એવી ઇચ્છા હોય તો તું દીનતા મેળવ, કેમકે તું જો એક દીનતા રાખીને દીન બની જઇશ, તો શ્રીહરિને તારી ઉપર કૃપા કરવાનું મન થશે. દૃષ્ટાંત તરીકે શ્રીયશોદાજીએ પ્રભુને બાંધવા બોત્તેર

કરોડ દામણાં ભેગાં કર્યાં, પરન્તુ શ્રીહરિ તેનાથી બંધાયા નહિ, અને જ્યારે અત્યન્ત પરિશ્રમ થવાથી દીન બની ગયાં કે તરત જ દીનબંધુ બંધાઇને દામોદર બન્યા; માટે તે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાધીશ્વર આજ્ઞા કરે છે કે अभिमानश्च संत्याज्यः स्वाम्यधीनत्वभावनात् । ''પ્રભુ અંશી હોવાથી મારા સ્વામી છે અને હું તેમનો અંશ હોવાથી દાસ હોવાને લીધે તેમને અધીન છું, એવી ભાવના કરીને અભિમાનને મૂળમાંથી ફરી પ્રાપ્ત ન થાય તેવી રીતે દૂર ફેંકી દેવું.'' આ પ્રમાણને અનુસર ભક્તકવીશ્વર કહે છે કે જો પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રને પ્રસન્ન કરવા ઇચ્છતો હો તો તું અભિમાનને દૂર કરી નાખ્ય, કેમકે અભિમાન જે સ્વતંત્ર હોય તે જ કરી શકે, અને જીવ તો અંશરૂપ હોવાથી હંમેશાં અંશી પ્રભુને અધીન છે, તેમ છતાં જો અભિમાન કરે તો રાવણ દુર્યોધન પ્રભૃતિની માફક નાશ પામે છે; માટે અભિમાનનો ત્યાગ કરવો. શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણોએ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે કે-दैन्यं त्वत्तोषसाधनम् ॥ હે પ્રભો ! આપને સંતુષ્ટ કરવાનું સાધન માત્ર એક દીનતા જ છે.'' ઇત્યાદિને અનુસરી કવિસમ્રાટ કહે છે કે-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરથી પર એવા ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર જલદી પ્રસન્ન થઇ દયા કરે એવી ઇચ્છા જો હોય તો તું અભિમાનને ત્યજી માત્ર દીનતા મેળવ; જો તું તારા હૃદયમાં દીનતા રાખીશ તો શ્રીહરિને જરૂર તારા ઉપર અનુગ્રહ (કૃપા) કરવાનું મન થશે. તે વિશે દૃષ્ટાંત દર્શાવી જણાવે છે કે-

દામોદરલીલા-પ્રસંગ

આ પ્રસંગ પાટણના પ. ભ. કેશવલાલભાઇ (પ્રજ્ઞાચક્ષુ) હતા તેમના મુખથી સાંભળ્યો હતો. એક સમયે શ્રીયશોદાજી ભગવાન શ્રીકૃષ્ણને ઉત્સંગમાં લઇ ને પયઃ-પાન કરાવતાં હતા, તે સમયે ચૂલા ઉપર ઊનું મૂકેલું દૂધ ઉભરાવા લાગ્યું તે જોઇ શ્રીયશોદાજી ભગવાનને ત્યજી દૂધ ઉતારવા ગયાં, તે જ સમયે-''મત્સ્યાસુર'' નામના દૈત્યે ત્યાં આવી દધિમંથનની ગોળીમાં પ્રવેશ કર્યો. તે જોઇ શ્રી હરિએ વિચાર્યું કે આ દૈત્યના સંબંધથી ઘણા જીવોનો બગાડ થશે, એમ વિચારી પાષાણ દ્વારા ગોળી ફોડીને દૈત્યનો વધ કર્યો. તેનો અવાજ સાંભળી દૂધ ઉતારી યશોદાજી ત્યાં પહોંચ્યા તો ગોળી ફૂટેલી અને તેમાંનું દધિ ઢળીને ફેલાયેલું જોયું, તેમ જ તે આસુરાવેશવાળા દધિમાં શ્રીયશોદાજીનો ચરણ પડતાં જ પોતે ''જ્ઞાન'' નું સ્વરૂપ હોવા છતાં એકદમ ક્રોધ ઉત્પન્ન થયો, તેથી ભગવાનના હોઠ ફરકયા, અને આંખોમાં ખોટાં ખોટાં આંસુઓ લાવ્યા, જ્યારે પોતાના પ્રિયજનો ''લોભ '' ને વશ થાય છે ત્યારે ભગવાન તેમને કૃપા કરી બચાવવા લોભના વિષયરૂપ વસ્તુનો જ નાશ કરે છે. લોભના પરિણામરૂપ જે માખણ

યશોદાજીએ શીંકા ઉપર મૂકી રાખ્યું હતું, તેનો નાશ કરવા ખાંડણિયાને ઊંધો વાળી તે ઉપર ચઢીને શ્રીહરિએ તે માખણ નીચે ઉતાર્યું, લોભરૂપ રાક્ષસના સ્પર્શને લીધે ભક્તને તે લેવા લાયક નહિ હોવાથી માંકડાઓને ખવરાવવા માંડયું. ભગવાન દોષવાન્ છે એમ માની ભગવાન્ જે ઓરડામાં હતા ત્યાં યશોદાજી ધીમે ધીમે જવા લાગ્યાં, હાથમાં લાકડી લઇ માતાને આવતાં જોઇ ભગવાન ખાંડણિયા ઉપરથી ઊતરી ભયભીત હોય તેમ નાઠા, યોગીઓને પણ જે પ્રભુ અગમ્ય છે તેમને પકડવા માતા પાછળ દોડયાં, દોડવાને લીધે ચરણમાં ચોંટેલું આસુરાવેશવાળું દધિ ઉખડી પડયું અને તેથી ''ક્રોધ'' એકદમ ઊતરી ગયો, તેમ જ દોડતા કેશપાશ છૂટી જવાથી ''દોષ'' નો અભાવ થયો, અને શોભાયુક્ત પુષ્પની દરકાર ન કરવાથી ''ગુણ'' ની પ્રાપ્તિ થઇ. દોષનો અભાવ, અને ગુણની પ્રાપ્તિ, એ બંને ભગવત્પ્રાપ્તિનાં સાધન હોવાથી ભક્તવશ્ય ભગવાન કૃપા કરી પકડાયા. યશોદાજીએ દામણાથી બાંધવા માંડયા, પરન્તુ તે બે આંગળ ઓછું થયું, જેથી બીજું સાંધ્યું એ પણ બે આંગળ ઓછું થયું, જેથી ત્રીજું સાંધ્યું, તો તે પણ બે આંગળ ખૂટયું એ પ્રમાણે ભક્તકવીશ્વર દયારામભાઇ કહે છે કે શ્રીયશોદાજીએ બોત્તેર કરોડ દામણાં સાંધ્યાં, તથાપિ અસંખ્ય બ્રહ્માંડાધિપતિ શ્રીબાલકૃષ્ણ પ્રભુ ન બંધાયા. આખરે માતા હતાશ થયાં, પરન્તુ યશોદાજી એમ માનતાં હતાં કે ''અમારા પુત્ર છે'' તેમ જ ''મારા અપરાધી છે.'' આ બંને દોષને લીધે જ બોત્તેર કરોડ દામણાં સંધાડયાં છતાં બે ને બે જ આંગળ ઓછાં પડયાં. ભગવાનમાં આવિર્ભાવ અને તિરોભાવ શક્તિઓ રહેલી છે. દ્રૌપદીની લજ્જા રાખતાં તેનાં ચીર પૂરતાં આવિર્ભાવ શક્તિનો અને દામણાં બાંધતાં બે આગંળ ખૂટતાં તિરોભાવ શક્તિનો ભગવાને પ્રયોગ કર્યો છે. છેવટે માતાનો પરિશ્રમ વિચારી ખિન્ન થઇ દીન બનેલાં જોઇ તેમનો ગર્વ દૂર થતાં જ દૈન્યવશ્ય ભગવાન બંધાયા અને ''દામોદર'' નામ ધારણ કર્યું, તે દયાનિધિ દામોદર કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૮૪

અપરાધનિરૂપણ

શિલાબુદ્ધિ શાલિગ્રામમાં, હરિસ્વરૂપન ધાતુ પ્રમાણે;
મનુષ્ય લહે ગુરુદેવને, જાતિ-ભાવ વૈષ્ણવમાં આણે;
આણે મહાપ્રસાદ મતિ-અન્ન હરિચરણોદક પ્રીછે વન
અન્ય વરણ સમ લહે હરિનામ, ઇત્યાદિકનો નરકમાં ઠામ.
- સેવો શ્રીકૃષણ કૃપાળ॥ ૮૫ ॥

અર્થ : જે મનુષ્યને શાલિગ્રામમાં આ પાષાણ છે, એવી બુદ્ધિ થાય છે, જે મનુષ્ય ધાતુની ભગવત્પ્રતિમા (સ્વરૂપ) ને ધાતુરૂપે ગણે છે, પોતાના ગુરુદેવને જે

સામાન્ય મનુષ્ય જેવા માને છે, વૈષ્ણવ એટલે ભગવદ્ ભકતમાં જે જ્ઞાતિમાત્ર માની આ ઉચ્ચ જ્ઞાતિ છે કે આ નીચ જાતિ છે એમ માની જે ભગવત્સ્મરણમાં સંકોચ માને છે, તેમજ મહાપ્રસાદમાં જે આ અન્ન છે એવી બુદ્ધિ રાખે છે, ભગવત્ ચરણોદકને જે સામાન્ય પાણી જેવું માને છે અને શ્રીહરિના નામને બીજા સાધારણ અક્ષરો જેવા જે અક્ષરો ગણે છે, તે સર્વે મનુષ્યોનો નરકમાં નિવાસ થાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. (વન એટલે પાણી. વરણ એટલે અક્ષરો)

વિવેચન : ''સારસંગ્રહ'' માં કહ્યું છે કે - શાલિગ્રામ એ ગંડકીમાંથી પ્રગટ થયેલ સ્વયંભૂ વિષ્ણુસ્વરૂપ છે, તેમાં જેની પથ્થરરૂપે બુદ્ધિ છે, આચાર્ય એ મારું સ્વરૂપ જાણવું એ શ્રીમદ્દભાગવતમાંના ભગવદ્દવચનાનુસાર પ્રભુરૂપ હોવા છતાં તેમાં ''આ મનુષ્ય છે.'' એવી જેની બુદ્ધિ છે, વૈષ્ણવ એટલે ભગવદ્ ભકત એ ભગવદ્દવિમૂતિ છતાં તેમાં જેની જ્ઞાતિરૂપે એટલે આ વૈષ્ણવ આપણાથી ઉતરતી જાતિનો છે અને આપણે ઉચ્ચ જાતિના છીએ, જેથી આપણે ભગવત્સ્મરણ કેમ થાય,એવી જેને બુદ્ધિ ઉત્પન્ન થાય છે, શ્રીભગવાનના તથા ભગવદ્દભકતોના, કલિયુગના પાપોને નાશ કરનાર ચરણોદકમાં ''આ સામાન્ય પાણી છે'' એવી જેને બુદ્ધિ થાય છે, સમગ્ર પાપોને નાશ કરનાર ભગવાનના **''નામમંત્ર''** માં આ બીજા સાધારણ અક્ષરો જેવા અક્ષરો છે એવી જેઓને બુદ્ધિ છે, અને સર્વે દેવોના અધિપતિ બાહ્યાભ્યંતરસાવિષ્ટ શ્રીપૂર્ણપુરુષોત્તમમાં આ શ્રીકૃષ્ણ પણ બીજા દેવોની બરાબર છે, એવી જેને બુદ્ધિ ઉત્પન્ન થાય છે તે સર્વે નરકમાં જ નિવાસ કરે છે,'' શાલિગ્રામ એક પથ્થર નથી પણ ભગવત્સ્વરૂપ છે, ધાતુની જયાં મૂર્તિ જણાય તે ધાતુ નથી પરંતુ ધાતુસ્વરૂપે આવિર્ભાવ થઇ સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, ગુરુદેવ એ આપણાં જેવા મનુષ્ય નથી પરંતુ આચાર્યસ્વરૂપે ભગવત્સ્વરૂપ છે, વૈષ્ણવ એટલે ભગવદ્દભકત એ ભગવદ્દવિભૂતિ છે, એમ સમજી તેની જાતિનો વિચાર ન કરતાં ભકત વંદનીય છે એમ સમજવું, ભગવત્પ્રસાદ એ પ્રભુનું અધરામૃત છે એમ જાણવું; અને તેમાં અન્નબુદ્ધિ ન રાખવી. ભગવત્ચરણોદકમાં આ ગંગાજી છે-એમ સમજવું; પરંતુ આ પાણી છે એમ ન સમજવું, ભગવાનના નામોમાં આ ''અક્ષરો'' છે એવી બુદ્ધિ ન રાખતાં ભગવન્મંત્ર છે એમ સમજવું. એવી રીતે સમજનારનો સંસારમાંથી ઉદ્ધાર થાય છે. અને તેમ ન માનતાં જેઓ ઉલટી રીતે માને છે તેવા નાસ્તિકોનો નરકમાં નિવાસ થાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૮૫

શ્રીકૃષ્ણભકિત વિના નિષ્ફલતા

નિગમ ચાર, ષટ્ શાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ, ચૌદ વિદ્યાય,
વ્યાકરણ નવ, બત્રીશે (વળી) લક્ષણ, જાણે ચોસઠ કળાય;
કલા, રાગ છત્રીશે ગાય, વિશદ કીર્તિ ચક્રવર્તીરાય;
પણ નથી ભકિત જો નંદકુમાર, તો સહુ ધૂળ મળ્યું ધિકકાર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૮૬ ॥

અર્થ : ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, ચૌદ વિદ્યા, નવ વ્યાકરણ, બત્રીસ લક્ષણ અને ચોસઠે કલાનો જાણનાર હોય, તેમ જ છત્રીસ પ્રકારના રાગ ગાઇ શકતો હોય, મહાન્ કીર્તિવાળો, ચક્રવર્તી રાજા હોય, તો એ ઉપર્યુકત બધું મેળવેલું જ્ઞાન પણ જો નંદકુમારની ભકિત ન હોય તો ધૂળમાં મળેલું સમજવું, અને આવા મનુષ્યનું જીવન ધિક્કારને પાત્ર છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : ઋગ્વેદ-યુજુર્વેદ-સામવેદ-અથર્વવેદ એ ચાર વેદ. અને શિક્ષા-કલ્પ-વ્યાકરણ-નિરુકત-છંદ-જ્યોતિષ એ છ શાસ્ત્રો. ન્યાયશાસ્ત્ર-મીમાંસાશાસ્ત્ર-ધર્મશાસ્ત્ર-વેદાન્તશાસ્ત્ર યોગશાસ્ત્ર-સાંખ્યશાસ્ત્ર એ છ શાસ્ત્રો; બ્રહ્મપુરાણ-વિષ્ણુપુરાણ-શિવપુરાણ-લિંગપુરાણ-પદ્મપુરાણ-કૂર્મપુરાણ-માર્કંડેયપુરાણ-બ્રહ્માંડપુરાણ-બ્રહ્મવૈવર્તપુરાણ ગરુડપુરાણ-નારદપુરાણ-ભવિષ્યપુરાણ-શ્રીમદ્દભાગવતપુરાણ સ્કંધ પુરાણ વરાહ પુરાણ બૃહન્નારદીય પુરાણ-વાયુ પુરાણ - આદિ પુરાણ અઢાર પુરાણો; અને ચારે વેદો, વેદનાં છઅંગો, મીમાંસા, ન્યાય, અને ધર્મશાસ્ત્ર, તેમ જ પુરાણ આ ચૌદ વિદ્યાઓ; ઇન્દ્ર-ચન્દ્ર-કાશકૃત્સ્ન-પિશલી શાકટાયન-પાણિનિ-અમર-જૈનેન્દ્ર આ આઠ અને નવમું કલાપક એ નવ વ્યાકરણો બત્રીસ લક્ષણો-વિદ્વાન્ કવિવર દલપતરામભાઇએ ''સકલશાસ્ત્ર નિરૂપણ'' નામના ગ્રન્થના પૃ. ૧૩૧ માં જણાવ્યું છે

લક્ષણ એક સુસિંહમાં, બગ-ઠગમાં પણ એક,
કુરકટના ગણ ચાર, પછી કાક પંચવિધ નેક.
શ્વાન તણા ષટ્, પ્રિય વળી, રાસભ ત્રણ, સુવિવેક,
ષટ્ મયૂર, ત્રણ-સર્પ, ગુરુ માત-પિતા એકેક.

સિંહમાં એક , ઠગ અને બગલામાં એક, કુરકટનામાં ચાર, કાગડામાં પાંચ કૂતરામાં છ, ગધેડામાં ત્રણ, મોરમાં છ, સર્પમાં ત્રણ, અને ગુરુ માં, માતા-પિતામાં એક, આ દરેકમાંથી ગુણ મેળવી કુલ બત્રીસ લક્ષણો થાય છે.

ચોસઠ કલાઓ

દોહરો- ગીત વાદ્ય ને નૃત્ય શુભ, નાટયાલેખ્ય વિચાર,
તંદુલ કુસુમ બલિક્રિયા, વિશેષક છેદ્ય પ્રકાર.
પુષ્પાસ્તરણ, દશન, વસન અંગરાગ સુઉચ્ચાર,
મણિભૂમિકા, શયનરચન, ઉદકવૃદ્ધિ પ્રિયકાર.
ચિત્રકળા સુઉદ્ધાટન, માલ્યગ્રથન વિકલ્પ,
વળી શેખરા પિડયોજન, નેપથ્ય યોગ સ્વલ્પ.
સુગંધભૂષણ યોજના કર્ણપત્ર પ્રિયભંગ,
કૌતુમાર શુભયોગ ને, હસ્તલાધવ, સુરંગ.
ચિત્રશાકાપૂપભક્ષની, વિક્રિયા સૂચિત ધર્મ,
પાન કરત રાગાસવ, ક્રીડાસૂત્ર, શુચિકર્મ.
યોગદુર્વય પ્રહેલિકા, પ્રતિમાલા, સદ્તૂર્ણ,
પુસ્તવાંચન તર્ક વળી, કાવ્યસમસ્યાપૂર્ણ.
નાટકાખ્યાયિક દર્શન, તક્ષણ ધાતુવાદ,
પટિકાવેત્ર બાણાવલી, રાગજ્ઞાન પ્રિયનાદ.
મણિ રત્ન ને રૂપ્યનો પરીક્ષક આકરજ્ઞાન,
વૃક્ષાકાર વેદી ખરો, ભાષા દેશનું ભાન.
ઇન્દ્રજાળ, શુકસારિકા-પ્રલાપન ઉત્સાદન્ન,
કેશમાર્જન કુશળતા, છંદોજ્ઞાન સુકન્ન.
અક્ષરમુષ્ઠિકાકથન વળી, મ્લેચ્છિત કુતર્કલેખ,
પુષ્પશકટિકા નિર્મિત ને, યત્રમાતૃકા પેખ.
માતૃકા સુસ યાવ વળી. માનસિક કળ-કાવ્ય,
અભિધાન-કોષ ને વળી ક્રિયા વિકલ્પ દર્શાવ્ય.
છલિતક યોગ, સુધૂત વળી, વસ્ત્રગોપન વિચાર,
ક્રીડા આર્ષવૈનાયિકા, બ્રાલક્રીડન પ્રકાર.
વૈતાલિક વિદ્યાસહિત, ચૌસઠ કળા નિધાન,
દલપતરામ કહે લહે કોઇક પુરુષ પ્રધાન.

વધુ જાણવાની ઇચ્છા હોય તેણે ''સકલશાસ્ત્ર નિરૂપણ'' માં જોઇ લેવું.

છત્રીસ રાગ-રાગિણીયો

ભૈરવ-માલકોશ-હિંડોલ-દીપક-શ્રી-મેઘ એ છ રાગ, અને તે દરેક રાગની પાંચ પાંચ (સ્ત્રીઓ) રાગિણીઓ; જેમકે

ભૈરવ રાગની : ભૈરવી, વિરાટી, સૈન્ધવી મધુમાધવી , બંગાળી.
માલકોશ રાગની : ટોડી, ગોડી, ગોડકળી, ખંબાયચી, કકુભી.
હિન્ડોલ રાગની : રામકલી, દેશાખી, લલિતા, બિલાવલી, પટમંજરી.
દીપક રાગની : દેશી, કાંબો, દિની, નટી કેદારી, કાનડી.
શ્રી રાગની : માલશ્રી, મારૂ, ધનાશ્રી, વસંતિકા , આશાવરી.
મેઘ રાગની : ટંકી, મલ્લારી, ગુર્જરી, ભુપાલી, દેશકારી

ઉપર મુજબ છ રાગો અને ત્રીસ રાગિણીઓ, મળી છત્રીસ રાગ રાગિણીયો કહેવાય છે. ભકતપ્રવર કવિસમ્રાટ કહે છે કે-ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, ચૌદ વિદ્યા, નવ વ્યાકરણ,બત્રીસ લક્ષણ, ચૌસઠ કળાઓ અને છત્રીસ રાગો, આ બધાનું જ્ઞાન ધરાવનારો કોઇ હોય, અને મહાન્ કીર્તિવાળો ચક્રવર્તી સમ્રાટ કદાચિત હોય પરંતુ જો તેનામાં પરબ્રહ્મ **શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિ** ન હોય તો તે બધું ધૂળમાં મળ્યા બરાબર છે, અને તેના જીવનને ધિક્કાર છે. માટે કૃપાળુ નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૮૬

ભક્તિ વિના વિદ્યાની નિષ્ફળતા

શ્રમ કરી સહુ વિદ્યા ભણ્યો, મહા પંડિત કહાવ્યો જકત;
પણ તેનો સાર સમજયો નહિ, (જો) ન થયો ભગવદ્-ભકત.
ભક્તિ વિના શ્રમ અફલ સૌ સાર, જ્યમ રાસભ વહે ચંદનભાર;
જ્યમ અહિ માણ-ધૂતિ મેળવે આહાર, ત્યમ તેં ઉદર ભર્યું ધિક્કાર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૮૭ ॥

અર્થ : અત્યંત મહેનત કરીને (૮૬ મા ચંદ્રાવળામાં કહ્યા પ્રમાણેની) તમામ વિદ્યાઓ ભણેલો હોય, જગત્માં મોટો પંડિત કહેવાતો હોય, પરંતુ જો તે શ્રીકૃષ્ણ ભગવાનનો ભકત ન થયો હોય તો તે બધી વિદ્યા ભણવા છતાં તેનો કોઇપણ સાર સમજ્યો નથી એમ માનવું, કેમકે સર્વ વિદ્યાનો સાર ભકિત જ છે. અને તે જો નમેળવી તો વિદ્યા ભણવામાં કરેલી મહેનત સર્વ નિષ્ફળ સમજવી. દૃષ્ટાન્ત તરીકે જેમ ગધેડો. ચંદનના કાષ્ટનો ભાર ઉઠાવી લઇ જાય, પરંતુ તે ચંદનના સુગંધને જાણી શકતો નથી, જેવી રીતે સર્પને મણિ મળ્યો હોય, પરંતુ તે મણિના પ્રકાશથી સર્પ જેમ પોતાનો ખોરાક જ મેળવે છે તેમ હે પ્રાણી ! તું વિદ્યા ભણવા છતાં ભગવદ્ભકિત જે વિદ્યાના

સારરૂપ છે તેને તું સમજ્યો નહિ, અને તે વિદ્યાનો ઉપયોગ કેવળ ઉદરપોષણમાં જ કર્યો, તો તેવું જીવન ગાળનાર તું ધિક્કારને પાત્ર છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : ''બ્રહ્મપુરાણ'' માં કહ્યું છે કે – यथा खरश्चन्दनभारवाही भारस्य वेत्ता न तु चन्दनस्य। तथैव विप्राः श्रुतिशास्त्रपूर्णाः : मद्भक्तिहीनाः खरवद्वहन्ति॥'' જેવી રીતે સુખડના કાષ્ટના ભારાને ઉપાડી લઇ જનાર ગધેડો ભાર જ ઉપાડી જાણે છે, પરંતુ ચંદનના સુગંધને તે સમજી શકતો નથી, તેવી જ રીતે બ્રાહ્મણો વેદ-શાસ્ત્રસંપન્ન હોય, પરંતુ (શ્રીભગવાન્ કહે છે કે) જો તે મારી ભક્તિથી રહિત હોય તો તેઓ (પણ) ગધેડો જેમ ચંદન કાષ્ટનો ભાર ઉપાડે છે, તેવી રીતે વિદ્યા ભણવારૂપી વિદ્યાભારને વહન કરે છે, એમ સમજવું.'' આ શ્લોકના ભાવને અનુસરીને ભકતકવીશ્વર કહે છે કે –જેમ સર્પને મણિ મળ્યો હોય તો તે મણિના પ્રકાશે તે સર્પ માત્ર પોતાનો ખોરાક જ મેળવે છે. તેમ સર્વ વિદ્યા ભણેલો પંડિત જગત્માં કહેવાતો વિદ્વાન્, વિદ્યા ભણીને જો સર્વ વિદ્યાના સારરૂપ ભગવદ્ભક્તિ ન કરી શકે, અને તે વિદ્યાનો ઉપયોગ ફકત પોતાનો નિર્વાહ કરવામાં જ કરે તો તે પણ સર્પ જેવો, તેમ જ ચંદનના કાષ્ટના ભારને ઉપાડનાર ખર જેવો સમજવો, કેમકે '' શ્રીમદ્ ભાગવત'' સ્કં ૨ અ. ૨ શ્લો. ૩૪ માં કહ્યું છે કે- भगवान्ब्रह्मकात्स्न्येन त्रिरन्वीक्ष्य मनीषया। तदध्यवस्यत्कूटस्थो रतिरात्मन्यतो भवेत्॥ ''બ્રહ્માજીએ એકાગ્ર ચિત્તથી સમગ્ર વેદોનો ત્રણ વાર વિચાર કરીને પોતાની બુદ્ધિથી એ જ નિશ્ચય કર્યો કે- જેનાથી **સર્વાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર પ્રત્યે અનન્ય પ્રેમ (ભક્તિ) પ્રાપ્ત થાય એજ સર્વશ્રેષ્ટ ધર્મ છે.**'' આ ઉપરથી સિદ્ધ થાય છે કે- વિદ્યા ભણવાનું તાત્પર્ય ભગવદ્ભક્તિ કરવી, અને એ જ સર્વશ્રેષ્ઠ સ્વધર્મ છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો. ૮૭

પ્રભુમાં પ્રેમ વિના વૈભવની નિષ્ફળતા

સ્પર્શમણિના પુર વિશે, રચ્યું ચિંતામણિમય ધામ;
કલ્પવૃક્ષની વાડ, ગાય ઘેર, કામદુધા જેનું નામ;
કામદુધા, અક્ષયપાત્ર અતૂલ, નવનિધિ અષ્ટમહાસિદ્ધિ અનુકૂલ;
પણ નથી વલ્લભ જો વ્રજનાથ, તો એટલું મળ્યે ઘસવા હાથ;
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૮૮ ॥

અર્થ : સ્પર્શમણિ કે જેનો સ્પર્શ થવાથી લોઢાનું સોનું થઇ જાય છે, તેવા પારસમણિનું નગર બનાવેલું હોય અને ચિંતામણિ કે તે જેની પાસે હોય તે મનુષ્ય જે ચિંતન કરે છે તેને મળે છે, તે ચિંતામણિનું રહેવાનું મકાન બનાવ્યું હોય, તેમજ કલ્પવૃક્ષ-કે તેની નીચે બેસી તેનો જે આશ્રય કરે છે તેને ઇચ્છિત અર્થાત્ જે જે વસ્તુની કલ્પના કરે તે તે વસ્તુ મળે છે, તે કલ્પવૃક્ષની મકાનની ચારે બાજુએ વાડ બનાવેલી હોય, અને વળી ઘરમાં કામદુધા નામે-એટલે સર્વ પ્રકારના મનોરથોને પૂર્ણ કરવા સમર્થ એવી ગાય હોય, તેમ જ જેની સરખામણી કોઇ કરી શકે તેમ નથી તેવું અક્ષયપાત્ર અર્થાત્ જે પાત્રમાં મૂકેલી વસ્તુ કદી ખૂટી શકતી નથી તે પણ પાસે હોય, વળી તે ઉપરાંત અષ્ટમહાસિદ્ધિ અને નવે નિધિ પણ હોય, પરંતુ જો વ્રજાધીશ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રમાં પ્રેમ ન હોય તો, એ બધું મળવા છતાં પણ છેવટે હાથ જ ઘસવાના છે, અર્થાત્ ભગવદ્-ભકિત વિના સર્વ વૈભવ નકામો છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ભાગવત સ્કં. ૧૦ અ. ૮૩ શ્લો. ૮૧-૮૨માં શ્રીકૃષ્ણની પટરાણીઓ દ્રૌપદી પ્રત્યે કહે છે કે- न वयं साध्वि साम्राज्यं स्वराज्यं भौज्यमप्युत। वैराज्यं पारमेन्ठयं च आनन्त्यं वा हरेः पदम्। कामयामह एतस्य श्रीमत्पादरजःश्रियः। कुचकुंकमगंधाढयं मूर्ध्ना वोढुं गदामृतः॥''હે સાધ્વી ! અમોને પૃથ્વીનું સામ્રાજ્ય, ઇન્દ્રનું રાજ્ય, ભૌજ્યપદ, સિદ્ધિઓ, બ્રહ્માનું પદ, મોક્ષ યા વૈકુંઠની પણ ઇચ્છા નથી, અમારે તો કેવળ એ જ ઇચ્છા છે કે ભગવાન્ શ્રીકૃષ્ણની કમલાકુચ કુંકુમના સુગંધથી યુકત ચરણારવિંદની રજને જ હંમેશાં પોતાના મસ્તક પર ચઢાવીએ''. તેમજ મુક્તિ પણ આવા નિષ્કામ ભકતોનાં ચરણોમાં લોટયા કરે છે. કહ્યું છે કે यदि भवति मुकुन्दे भक्तिरानन्दसान्द्रा विलुठति चरणग्रे मोक्षसाम्राज्यलक्ष्मीः॥ '' જેઓને શ્રીમુકુન્દનાં ચરણોમાં પરમપ્રેમરૂપા ભકિત પ્રાપ્ત થાય છે, તેઓનાં ચરણોમાં મોક્ષસામ્રાજ્ય શ્રી લોટયા કરે છે.'' આ ઉપરથી સિદ્ધ થાય છે કે ભગવદ્ભકિત આગળ સર્વ વૈભવો તુચ્છ છે; માટે જ ભકતકવિ દયારામભાઇ કહે છે કે- સ્પર્શમણિ (પારસમણિ), ચિંતામણી, કલ્પવૃક્ષ, કામદુધા ગાય, અક્ષયપાત્ર, નવનિધિ અને અષ્ટ મહાસિદ્ધિ. આ તમામ પદાર્થો ઇચ્છિત વૈભવો આપનારા છે, પરન્તુ તે દેવ સમાન ઐશ્વર્ય મેળવવા છતાં પણ મનુષ્ય આત્મશ્રેય તેનાથી પ્રાપ્ત કરી શકતો નથી. માટે ઉપર્યુકત તમામ વૈભવ આપનારા પદાર્થો મળ્યા હોય, પરંતુ વ્રજનાથ-આનંદકંદ-શ્રીકૃષ્ણચંદ્ર પ્રત્યે જો પ્રેમસ્વરૂપા ભકિત ન હોય તો તે તમામ વૈભવો નકામા જ છે; માટે વૈભવોમાં મોહ ન પામતાં દયાળુ પ્રભુ શ્રીકૃષ્ણની સેવા કરો.૮૮

પ્રભુપરાયણ થયા વિના જીવન નકામું છે

કૃષ્ણકીર્તન નહિ કર્ણમાં, તે તો શ્રવણ રાફડા કહિયે;
નિરખ્યા નહિ જેણે નેત્રે હરિ, કેકિ,- પિચ્છ-ચાંદલા લહિયે;
લહિયે દાદુર જિહ્વા હરિ નવ બોલે, કર પદ સેવા રહિત શબ તોલે,
વૃક્ષ-જીવન શ્વાસ ધમણ સમાન, ગ્રામશૂકર સમ છે ખાન પાન.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૮૯ ॥

અર્થ : જેના કાનમાં શ્રીકૃષ્ણપ્રભુના નામનું કીર્તન પ્રાપ્ત થતું નથી, તેના કાન સાપના દર જેવા છે. જેણે પોતાની આંખોથી શ્રીહરિનાં દર્શન નથી કર્યાં, તે આંખો મોરપિચ્છના ચાંદલા જેવી છે. જેની જીભ ભગવન્નામનો ઉચ્ચાર કરતી નથી, તે જીભ દેડકાની જીભ જેવી જાણવી. જેના હાથ અને પગ પ્રભુસેવા કરવામાં કામ આવતા નથી, તે પ્રભુસેવા રહિત હાથ-પગ મડદાના હાથ-પગ સમાન સમજવા. જેનું જીવન ભગવત્સેવા રહિત છે તે જીવન ઝાડના ઠૂંઠા સમાન નિરુપયોગી છે. અને તે ભક્તિરહિત જીવન વાળો શ્વાસ લે છે, તોપણ તેનો શ્વાસ ધમણના શ્વાસ બરોબર છે, અને ભગવદ્દભક્તિથી રહિત જે ખાન-પાન કરે છે તે પ્રભુને સમર્પ્યા સિવાયનું ખાન-પાન કૂતરાંના ખાન-પાન જેવું છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુની સેવા કરો.

વિવેચન : કવિસમ્રાટ ભક્ત દયારામભાઇ એ આ ચંદ્રાવળો શ્રીમદ્ ભાગવત સ્કંધ ૨ અ. ૩ શ્લો. ૧૮-૨૦-૨૧-૨૨ ઉપરથી રચેલો છે. તેમાં કહ્યું છે કે- 'જે મનુષ્યના બંને કાન શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોનું કીર્તન અર્થાત્ પરાક્રમોને સાંભળતા નથી તે સાપના દર સમાન જાણવા. જે મનુષ્યોનાં નેત્રો પરબ્રહ્મ શ્રીકૃષ્ણના સ્વરૂપનાં દર્શન કરતાં નથી, તે નેત્રો મોરપિચ્છના ચાંદલા જેવાં છે. જેઓની જીભ ભગવત્કથા ગાન કરતી નથી અર્થાત્ ભગવન્નામ લેતી નથી તે જીભ દેડકાઓની જીભ સમાન જાણવી. જે પુરુષોના બંને હાથ જો કે સુવર્ણનાં કંકણોથી સુશોભિત હોય તોપણ જો શ્રીહરિની સેવા કરતા નથી, તો તે હાથ મડદાના હાથ બરાબર છે. જેઓના પગ ભગવન્મંદિરે યા તીર્થાટનમાં જતા નથી, તે પગ ઝાડના થડ જેવા જાણવા. જીવવું એ જ મનુષ્યનું કર્તવ્ય હોય તો શું વૃક્ષો જીવતાં નથી ? અર્થાત્ ભગવદ્દભક્તિ રહિત જીવન ઝાડના સૂકાં ઠૂંઠાં (થડ) સમાન છે. શ્વાસ લેવો એ જ જીવનનું સાર્થકય હોય તો શું ધમણ શ્વાસોચ્છ્વાસ લેતી નથી ? અર્થાત્ ભગવન્નામ વિના શ્વાસ લેવો એ ધમણના શ્વાસ જેવો છે. ખાવું-પીવું અને ગૃહસ્થાશ્રમ ભોગવવો એ જ જો કર્તવ્ય હોય તો શું ગામનાં કૂતરાં-ગધેડાં વગેરે ખાતાં નથી ? કે ગૃહસ્થાશ્રમ ભોગવતાં નથી ? અર્થાત્ ભગવત્પ્રસાદી સિવાય ખાવું - પીવું અને પેટ ભરવું તે કૂતરાં ગધેડાં જેવું છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૮૯

આપ ભલા તો જગ ભલું

જગ દર્પણ જોનાર તું, સ્હામું દીસે જેહેવું તુજ પાસે;
દુષ્ટને દુષ્ટ સાધુને સાધુ, ભવ-આદર્શમાં ભાસે;
ભાસે તે સૌ નિજમાં છે જાણો, દોષરહિત દુનિયા પરમાણો;
એહ વિવેકે જો રેહેવાય, તો રાગ દ્વેષ નવ કો થકી થાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ।। ૯૦ ।।

અર્થ : જગત્ એ આયના જેવું છે, તેમાં તું છે, તારી પાસે જેવું હશે તેવું જ સામે જગતરૂપી આયનામાં તને જણાશે. જેની પાસે દુષ્ટતા હોય તેને દુષ્ટ અને જેની પાસે સજ્જનતા હોય તેને સાધુ એ જગતરૂપી આયનામાં જણાય છે. તેમાં જે કાંઇ દેખાય છે તે આપણા પોતાનામાં જ છે એમ સમજવું. અને આ દુનિયા દોષ વિનાની છે એમ માનવું. અર્થાત્ સામાનામાં જે દોષ જણાય તે પોતાનામાં જ છે અને આ જગત્ નિર્દોષ છે એવા પ્રકારના વિવેકથી જો રહી શકાય તો, જગત્માં કોઇ પણ પ્રાણી સાથે રાગ-દ્વેષ કદી થાય જ નહિ. માટે બધે સમભાવ રાખી કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : सर्वं खलिलदं ब्रह्म ।। '' આ જગત નિશ્ચય બ્રહ્મરૂપ છે.'' सहैतावानास ।।'' તે બ્રહ્મ આ જગતરૂપે થયા.'' ઇત્યાદિ શ્રુત્યનુસાર આ જગત્ બ્રહ્મરૂપ પ્રભુનું ક્રીડાભાંડ હોવાથી તે નિર્દોષ છે, તેમ છતાં જ્યાં જ્યાં દોષ જણાય છે તે, જેમ કમળો થયેલો માણસ જ્યાં જુએ, ત્યાં પીળું દેખે છે તેવી રીતે જીવબુદ્ધિને જ આભારી છે. દૃષ્ટાંત તરીકે ''મહાભારત'' માં એક પ્રસંગ છે કે-એક સમયે શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુએ યજ્ઞમાં આવેલા બ્રાહ્મણોમાંથી દુર્યોધન ને ધર્મનિષ્ટ અને સત્પાત્ર બ્રાહ્મણ શોધી લાવવા અને ધર્મરાજ યુધિષ્ઠિરને અધર્મી દુષ્ટ બ્રાહ્મણ શોધી લાવવા કહ્યું, પરંતુ દુર્યોધન પોતે અધર્મી હોવાથી એને કોઇ ધર્મનિષ્ઠ અને સુપાત્ર બ્રાહ્મણ જોવામાં જ ન આવ્યો, તેમ જ ધર્મરાજ યુધિષ્ઠિર ધર્મનિષ્ઠ હોવાથી તેમને કોઇ અધર્મી યા કુપાત્ર-દુષ્ટ જણાયો જ નહિ. આ દષ્ટાન્તને અનુસરીને કવિશ્રીએ કહ્યું છે કે આ જગત્ આયના-અરીસા રૂપે છે. માટે જગત્માં જ્યાં દુષ્ટતા દેખાય ત્યાં તે આપણી જ દુષ્ટતા છે એમ સમજવું. અને જો સામામાં સાધુતા જણાય તો તે આપણી જ સાધુતાની પ્રતીતિ છે એમ સમજી લેવું અને એ પ્રકારે સમજવાથી જ રાગ દ્વેષનો ત્યાગ બની શકે છે અને રાગ-દ્વેષ ત્યજવાથી પ્રભુના પ્રીતિપાત્ર બનવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. માટે આ જગત બ્રહ્મરૂપ જાણી કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુની સેવા કરો. ૯૦

સર્વથી સંપ-સંપીને રહેવું

જીવ સર્વ હરિ અંશ છે, તેના વિચિત્ર ભાતિ સ્વભાવ;
સર્વથી હળી મળી ચાલિયે, આ તો છે સંજોગ નદી-નાવ;
નાવ-તરંગ-નદી એમ જાણો, કોથી ન બગાડ બે દિનનો પ્રાહાણો;
સહુને સદા એક સ્થળ નથી રેહેવું, કટુક વચન માટે કોઇને ન કેહેવું
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ।। ૯૧ ।।

અર્થ : બધા જીવો શ્રીહરિના અંશ છે, અને તે જીવોના સાત્ત્વિક રાજસ-તામસ એમ જુદા જુદા પ્રકારના સ્વભાવ હોય છે, તથાપિ તે સર્વે જીવોથી હળીમળીને રહેવું જોઇએ, કેમકે આ તો નદી અને નાવના સમાગમ જેવું છે એમ જાણવું નદી-નાવ અને તરંગના જેવો સમાગમ છે એમ જાણીને કોઇ પણ પ્રાણી સાથે કલેશ કરી બગાડવું નહિ, કેમકે આ જગત્‌માં સર્વે બે દિવસના મહેમાન છે. હમેશાં સર્વેને એક સ્થળે કાયમ રહેવાનું નથી, એટલા માટે કોઇ પણ પ્રાણીને કડવું વચન ન કહેતાં કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : મર્યાદા પુરુષોત્તમ શ્રી રામભકત કવિ શ્રી તુલસીદાસજી કહે છે કે-
तुलसी यह संसारमें, भात भात के लोग । सबसें हिलमिल चालिये, नदी-नाव संजोग ।

આ સંસારમાં જુદા જુદા સ્વભાવના જીવો રહેલા છે, માટે નદી અને નાવના જેવો સમાગમ સમજી સર્વેથી હળીમળીને અર્થાત્ સંપીને ચાલવું, કોઇથી કલેશ કરવો નહિ.આ તુલસીદાસજીના વાકયને અનુસરીને, તેમજ ગીતાજીમાં કહ્યું છે. કે ममैवांशो जीवलोके जीवभूतः सनातनः । '' આ મનુષ્યલોકમાં જીવરૂપ સનાતન મારો જ અંશ છે.'' विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ ''હું મારા એક અંશથી આ સમગ્ર જગત્‌ને વ્યાપ્ત કરીને રહેલો છું'' તેમ જ ગીતા અ. ૧૭ શ્લો. ૧૫ માં પણ કહ્યું છે કે-अनुद्वेगकर वाक्यं सत्यं प्रियहितं च यत् । स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ '' બીજાને ઉદ્વેગ ન થાય તેવું, સત્ય, પ્રિય અને હિતકારક વચન બોલવું, અને વેદનો અભ્યાસ એ વાણીનું તપ કહેવાય છે.'' આ ગીતાવાકયોનો સાર લઇ ભકત કવિશ્રી કહે છે કે-આ જગત્‌માં જીવ માત્ર પ્રભુએ રમણ કરવાની ઇચ્છાથી જુદા-જુદા સ્વભાવના પોતાના અંશરૂપે પ્રકટ કરેલા છે, જેથી તેમને પ્રભુરૂપ સમજીને અથવા નદી અને નાવનો સમાગમ જેમ થોડા સમયનો છે, અગર જેમ નદી ઉતરવા પૂરતો જ નાવમાં પ્રાણીઓનો સમાગમ થાય છે અને નદી ઉતર્યા પછી જેમ સર્વે છૂટા પડી જાય છે તેમ સર્વે પ્રાણીઓ આ જગત્‌માં એકત્ર થયેલા છે, સૌ બે દિવસના મહેમાન છે, અર્થાત્ સૌને આ જગત્‌માં એક સાથે કાયમ રહેવાનું નથી; તો આ જગત્ પ્રભુનું ક્રીડાભાંડ સમજી સર્વેથી સંપીને રહેવું, અને કોઇ પણ પ્રાણીને ઉદ્વેગ થાય તેવું કડવું વચન કહેવું નહિ. અને સર્વે જગત્ પ્રભુમય સમજી વાણીનો નિગ્રહ કરી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૯૧

●

તુલસી યહ સંસારમે સબ કો મીલીયે છાય
કયા જાને કિસ રૂપમેં નારાયણ મિલ જાય

પ્રભુ પાસે માગણી ન કરવી

પ્રભુ પાસે કાંઇ ના માગિયે, માગ્યે પસ્તાવો થાય;
ઉદાસી આવે નાથને, વ્યાપાર સરીખું જણાય;
જણાય એહેવું માટે રખે જાચો ! સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો;
વણ માગ્યે સહુ આપે એ સ્વામી, નથી અજાણ્યા અંતર્યામી.
- સેવો શ્રીકૃષણ કૃપાળ ॥ ૯૨ ॥

અર્થ : પ્રભુ પાસે સેવા કરનારે કાંઇપણ માગણી ન કરવી. જો માગીએ તો અંતે પસ્તાવાનો સમય આવે છે. માગણી કરવાથી આપણા માલિક પ્રભુને આપણો ભાવ જોઇ ઉદાસીનતાનો અંશ આવી જાય છે, કેમકે ભકિત કરવી અને બદલામાં યાચના કરવી એ તો એક પ્રકારના વ્યાપાર જેવું જણાય છે, માટે ભૂલે-ચૂકે પણ માગણી ન કરતાં, સાચો શ્રીગોપીજનોના જેવો પ્રેમ ધરી શ્રીકૃષ્ણની સેવા કરો. શ્રીહરિ અંતર્યામી છે એ આપણે જોઇતા કોઇ પદાર્થથી અજાણ્યા નથી, જેથી તે માગ્યા વિના જ ભકતને જોઇતી વસ્તુ મેળવી આપે છે. માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : ભકત પ્રહ્‌લાદજી કહે છે કે- હે જગદ્‌ગુરો ! આપે જે વરદાન માગવા કહ્યું તે કેવળ મારી પરીક્ષા જોવા માટે જ છે. આપ દયાળુને મારી પરીક્ષા વિના વરદાનની પ્રેરણા કરવામાં અન્ય કોઇ કારણ ઘટી શકતું જ નથી, પરંતુ જે આપનો દાસ થઇને વરદાનની આપની પાસે આશા રાખે છે, તે આશા રાખનાર ભકત નહિ, પણ તેને વ્યાપારી સમજવો'' પાંડવગીતામાં કહ્યું છે કે. વૈષ્ણવો અન્નવસ્ત્રની ચિંતા નકામી કરે છે, કેમકે જેમનું નામ જ વિશ્વંભર અર્થાત્ જગતનું નિરંતર ભરણપોષણ કરનાર છે, તે પોતાના ભકતોને કેમ ભૂલશે ? અર્થાત્ કદી નહિ જ ભૂલે. શ્રીમદ્ વલ્લભાધીશ્વર પ્રભુએ પણ '' વિવેકધૈર્યાશ્રય'' માં આજ્ઞા કરી છે કે- માલિકના અભિપ્રાયને ન સમજતાં તેમાં સંશય લાવી માગણી કરવાથી શું વળે ?'' ઇત્યાદિ ઉપર્યુકત પ્રમાણોનો આશય લઇ કવિશ્રી કહે છે કે- **પ્રભુ સર્વના હૃદયમાં બિરાજે** છે, પુત્રને જોઇતી વસ્તુની ચિંતા જેમ માતા-પિતા રાખે છે, તેમ સેવાપરાયણ ભકતને જોઇતી વસ્તુ પ્રભુ સમજે છે અને હું મારી અનન્ય સેવા કરનારનું યોગ (ન મળેલી વસ્તુ મેળવી આપવી તે) અને ક્ષેમ (મેળવેલી વસ્તુને સાચવવી તે) વહન કરું છું. એમ ગીતામાં કહેલી પ્રતિજ્ઞાને પોતે પાળે છે. માટે જીવનો ધર્મ પ્રભુસેવા કરવી એ જ છે પરંતુ જો સેવાના બદલામાં માગણી કરવામાં આવે તો તે સેવા નહિ પણ વ્યાપાર કહેવાય, તેમ જ પ્રભુની પાસે માગણી કરવી એ પ્રભુની સર્વજ્ઞતાનું અજ્ઞાન દર્શાવી દોષારોપણ કરીએ છીએ. તેમ જ તુચ્છ જીવ શું માગી શકે ? પ્રભુને શું આપવું હોય, અને જીવ શું માગે; પ્રભુને વધુ આપવું

હોય, અને જીવ તુચ્છ માગણી કરે, અને તે જીવને જ્યારે સમજવામાં આવે ત્યારે પસ્તાવાનો સમય આવે; માટે પ્રભુ સર્વજ્ઞ છે સમજી કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૯૨

શ્રીહરિ વિના ગતિ નથી

દાસીના સુતના સૌ પિતા, રાણી-સુતનો તો એક જ રાય;
ભક્તિ-અંશ શ્રીકૃષ્ણ જ સેવે, ને માયિક સર્વને ધાય;
ધાયે તોહે કરે સ્હાય ન કોય, કામ પડે ત્યારે અન્તે રોય;
આવાગમનમાં સદા અથડાય, કો કાળે હરિ વિના ગત્ય ના થાય.
– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૩ ॥

અર્થ : જેવી રીતે દાસી (સર્વ સ્થળે ભટકતી સ્ત્રી)ને કોનાથી પુત્ર જન્મ્યો છે, તેની યથાર્થ ખબર ન હોવાથી દાસીના સંસર્ગમાં આવેલા સૌ તેના પિતા બને, પરંતુ રાણીના પુત્રનો તો એક માત્ર રાજાજ પિતા હોય છે, તેવી રીતે ભક્તિ માટે પ્રકટ થયેલ ભગવદ્અંશરૂપજીવ ફકત શ્રીકૃષ્ણચન્દ્રને જ સેવે છે, અને જેઓ માયાથી ફસાયેલા જીવો છે તેઓ તો સર્વત્ર ભટકે છે, અને સર્વત્ર ભટકવા છતાં કોઇ પણ તેને સ્હાય કરતું નથી, જેથી ખરા કામ પ્રસંગે તેને રોવું પડે છે, એટલું જ નહિ પણ સંસારમાં અર્થાત્ જન્મ મરણના ફેરામાં હમેશાં અથડાયા કરે છે, કેમકે શ્રીહરિના આશ્રય વિના કોઇ કાળે પણ સદ્ગતિ પ્રાપ્ત થતી જ નથી. માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : ભકતકવિ શ્રીદયારામભાઇ લૌકિક દૃષ્ટાન્ત આપી અનન્યતાનો ઉપદેશ આપતાં જણાવે છે કે-જેમ દાસી (ગણિકા) સર્વના સંપર્કમાં આવનારી હોવાથી તેને કોનાથી પુત્ર જન્મ્યો છે તેની ખબર ન હોવાથી તેના સર્વે પિતા કહેવાય છે તેમ માયામાં ફસાયેલા જીવોને પોતે ''ભગવદ્અંશ'' છે એમ સમજમાં ન હોવાથી તેઓ ભગવાનને ત્યજી અન્ય દેવતાઓ પાસે ભટકે છે, એ વાત ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર ''ગીતા'' અ. ૭ શ્લો. ૧૫ માં સ્પષ્ટ સમજાવે છે કે - માયાએ જેમના જ્ઞાનને હરી લીધું છે એવા દુષ્ટ કર્મ કરનારા, આસુરી ભાવનો આશ્રય કરનારા, મૂર્ખ, અધમ પ્રાણીઓ મારે શરણે પ્રાપ્ત થતા નથી.'' ૨૦ માં શ્લોકમાં આજ્ઞા કરે છે કે- તે તે અનેક પ્રકારના મનોરથોને લીધે, જ્ઞાન હરાઇ જવાથી, બીજા દેવતાઓનો આશ્રય કરે છે. ૨૩ મા શ્લોકમાં ઉપદેશ છે કે - તે અલ્પબુદ્ધિવાળાઓને નાશવાન ફળ મળે છે, એટલું જ નહિ પણ અનેક કામનાઓથી જે જે દેવતાઓનો તેઓ આશ્રય કરે છે તે તે દેવતાઓને તેઓ પ્રાપ્ત થાય છે, પરંતુ મને પ્રાપ્ત થતા નથી. મને તો મારા ભકતો જ પ્રાપ્ત કરે છે. ગીતા અ. ૮ શ્લો. ૧૬માં વધુ સ્પષ્ટ કરે છે કે. હે અર્જુન! આ લોકથી બ્રહ્મલોક પર્યંતના લોકોને જન્મમરણ કાયમ રહેલું છે. પરંતુ હે કુન્તીપુત્ર ! જેઓ મારો આશ્રય કરે છે તેમને ફરીથી આ સંસારમાં જન્મ લેવો જ પડતો નથી.'' આ સર્વે પ્રમાણોને અનુસરી કવિશ્રી જણાવે છે કે- ભગવદ્અંશ તો ભગવાનને જ સેવે છે, પરંતુ દાસીસુતની માફક જેઓ માયામાં ફસાયા છે, તેઓ પોતાના ખરા સ્વરૂપને ન જાણતાં સર્વત્ર ભટકયા કરે છે, પરંતુ તે સર્વત્ર ભટકનારને ખરા સમયે કોઇ બચાવી શકતું નથી, અને તેથી તે પસ્તાય છે, કેમકે ભગવદ્આશ્રય વિના જન્મમરણ કદાપિ ટળી શકતું જ નથી; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૯૩

માયાથી બચવાનો ઉપાય

નાનો પદાર્થ મોટો દેખાડે, ને પાકયાને દાખે કાચો;
ઉગ્ર હોય તેને અણુ બતાવે, ને જૂઠો મનાવે સાચો;
સાચો ભાસે એ જ માયાનું રૂપ, એણે કીધા વશ રંકને ભૂપ;
એને જીત્યાનો છે એક ઉપાય, સાચું શરણ લ્યો શ્રીવ્રજરાય.
– સેંવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૪ ॥

અર્થ : જે પદાર્થ નાનો હોય તે મોટો બતાવે, અને જે પદાર્થ; પાકેલો હોય તેને કાચો દેખાડે, જે ઉગ્ર એટલે મોટું હોય તેને તદ્દન ઝીણું કરી બતાવે , અને જે જૂઠો હોય તેને સાચો કરી દેખાડે. જૂઠો છતાં સાચો જણાય તે જ માયાનું સ્વરૂપ કહેવાય છે, અને તે માયાએ જ ગરીબ અને ભૂપતિ સર્વને વશ કરી લીધાં છે. એ માયાને જીતવાનો ફકત એક જ ઉપાય છે કે વ્રજાધીશ્વર શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુનું માત્ર શરણ સ્વીકારી તે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્ભગવદ્ગીતા અ.૭ શ્લો. ૧૩-૧૪માં ભગવાન્ સ્વયં શ્રીમુખથી આજ્ઞા કરે છે કે त्रिभिर्गुणमयैर्भावैरेभि सर्वमिदं जगत् । मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया । मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ '' માયાના ત્રિગુણાત્મક ભાવોથી આ સર્વ જગત્ મોહ પામેલું છે, અને તેથી કરી એ ભાવોથી પર અને નાશરહિત એવા મારા સ્વરૂપને કોઇ યથાર્થ રીતે જાણી શકતું નથી. ત્રિગુણાત્મક દિવ્ય મારી માયા ન તરી શકાય તેવી દુસ્તર છે, **ફકત મારે જ જે શરણે આવે છે તેઓ જ કેવળ એ માયાને તરી શકે છે.**'' આ ગીતોકત ભગવદ્વાકયને અનુસરી ભકતકવિ શ્રીદયારામભાઇ કહે છે કે-જગત્ના બધા પદાર્થો હોય તેના કરતા ઉલટા સ્વરૂપમાં બતાવવા એ જ માયાનું કાર્ય છે, અને તે કોઇ રીતે તરી શકાય નહિ તેવી દુસ્તર છે, તથાપિ જેઓ અન્યને તજી ફકત વ્રજાધીશ્વર શ્રીકૃષ્ણને શરણે પ્રાપ્ત થાય છે તેઓ ભગવાનનું યથાર્થ શરણ સ્વીકારનારાઓ જ એ માયાને તરી શકે છે, અર્થાત્ આ માયાથી જેમને બચવું હોય તેમણે વ્રજાધીશ્વર શ્રીકૃષ્ણભગવાનનું સત્ય શરણ સ્વીકારી તે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરવી. ૯૪

ભગવદ્-આશ્રય કરનારો જ બચે છે

માયા છે ઘંટી, ખીલડો હરિ, તેમાં જીવ ચરાચર અન્ન;
જે પડયું તે પીસાય છે, તું જોની પ્રકટ લોચંન,
લોચને જો, એક બચે છે તેહ, ખીલ સમીપે રહે છે જેહ;
જે અણુ ત્યાંથી ખશ્યો કણ આઘો, તે તત્કાળ દળાવા લાગ્યો.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૫ ॥

અર્થ : માયા છે એ ઘંટી જેવી છે, અને તે ઘંટીના વચમાં જે ખીલડો છે તે શ્રીહરિના જેવો છે, અને એ માયારૂપી ઘંટીમાં જડ-જીવ વગેરે કંઇ છે તે અનાજરૂપે છે, એ માયારૂપી ઘંટીમાં તેમાંથી જે કંઇ પડે છે તે તત્કાળ દળાઇ જાય છે, આ વસ્તુ તું તારી ઉઘાડી આંખે જો, ખુલ્લા નેત્રથી જોઇશ તો જણાશે કે- જે દાણો ઘંટીમાં ખીલડાની નજીક રહે છે તે જ માત્ર બચી શકે છે, એ ખીલડા પાસેથી જે દાણો જરા પણ ખસે છે તે તત્કાળ ઘંટીના ચક્કરમાં પડી દળાઇ જાય છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : કવિશ્રી દયારામભાઇ ઘંટીનું સુન્દર દૃષ્ટાંત આપી સમજાવે છે કે-જેમ ઘંટીમાં ઓરેલા અન્ન પૈકી જે અનાજનો કણ ખીલડાની સમીપમાં અડીને રહે છે તેજ માત્ર બચે છે, બાકીનું અન્ન દળાઇ જાય છે, તેવી જ રીતે માયામાં મોહ પામીને જેઓ સંસારમાં સર્વત્ર ભટકયા કરે છે. તેઓ જ નાશ પામે છે. અને જેઓ ખીલડારૂપી શ્રીહરિનો જ દૃઢ આશ્રય કરી જીવન વ્યતીત કરે છે, તેઓ જ માત્ર જન્મ મરણથી બચી પ્રભુને પ્રાપ્ત થાય છે, બાકીના જીવો જન્મ-મરણ ભોગવ્યા કરે છે. મહાત્મા કબીરદાસજીએ કહ્યું છે કે- चलती चक्की देखके दिया कबीरा रोय। दो पाटन बिच आयके साबुत रहा न कोय॥ ઘંટી ફરતી જોઇને મહાત્મા કબીરદાસજીને આંખમાં પાણી આવી ગયાં અને જોયું કે ઘંટીનાં બે પડમાં જે જે કણ આવી ગયો તેમાંથી કોઇ પણ કણ સાબિત રહ્યો નહિ, અર્થાત્ દળાઇ ગયો. આ દૃષ્ટાન્તને અનુસરી ભકતકવિ કહે છે કે-ઘંટીનાં બે પડની વચમાં જે દાણો આવે છે તે તત્કાળ દળાઇ જાય છે, માત્ર ખીલડાની આજુબાજુ રહેલો દાણો જ બચે છે, તેમ સંસારરૂપી માયિક ઘંટીમાં પણ દળાતાં દળાતાં ત્યાંથી ખસીને જેઓ ભગવન શરણાગતિપૂર્વક દૃઢ આશ્રય કરે છે તે જ જીવો ભગવત્પ્રાપ્તિ કરી શકે છે, બાકીના સર્વે સંસારમાં જન્મ-મરણ ભોગવ્યા કરે છે: માટે ભગવત્શરણાગતિપૂર્વક દૃઢાશ્રય રાખી કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૯૫

●

ચલતી ચક્કી દેખકે દિયા કબીરા રોય ।
દો પાટન બિચ આયકે સાબુત રહા ન કોય ॥

સાવચેત બનો

પરવારી સૌ કામથી, કોઇ મૃત્યુ ન પામ્યો જંત;
આ કીધું છે આ કરવું છે, એમ કરતાં આવશે અન્ત;
અન્ત આવ્યો હરિ કયારે ગાશે ? ચેત ચેત નહિ તો પસ્તાશે;
એ મરણ નહિ આવે કાનમાં કહીને, થશે અંધારું ઓચિતું થઇને.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૬ ॥

અર્થ : બધાં કાર્યો પૂરાં કરીને કોઇ પણ પ્રાણી મરણ પામતો નથી. ''આ કામ કર્યું છે'' અને ''હવે આ કાર્ય કરવાનું બાકી છે'' એમ કરતાં કરતાં અંત સમય આવી જશે. અંત સમય નજીક આવી જતાં તું શ્રીહરિનું ગુણગાન કયારે કરીશ ? સાવચેત બની ચેતી જા; નહીં ચેતે તો અંતે તારે પસ્તાવું પડશે, કેમકે મરણ તારા કાનમાં ચેતવણી આપીને નહિ આવે; એ તો અચાનક અંધકાર થઇને આવી પહોંચશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : यावत्स्वस्थमिदं देहं यावन्मृत्युश्च दूरतः । तावदात्महितं कुर्यात् प्राणान्ते किं करिष्यति ॥ ''જ્યાંસુધી આ મનુષ્યદેહ દૃઢ છે, જયાંસુધી મૃત્યુ નજીક આવી પહોંચ્યું નથી, ત્યાંસુધીમાં આત્માનું શ્રેય અર્થાત્ આત્મહિતકારક ભગવદ્ભકિત કરી લેવી જોઇએ. પ્રાણ નીકળતાં અંત સમયે શું કરીશ ? અર્થાત્ આત્મશ્રેય પ્રથમથી જ સાવચેત બની સાધી લેવું જોઇએ.'' આ શ્લોકના ભાવાર્થને અનુસરીને, તથા ''મહાભારત''માં પણ એક પ્રસંગ છે કે-'' એક સમયે પાંડવોને ત્યાં કોઇ બ્રાહ્મણે યજ્ઞોપવીત માટે, તેમ જ પુત્રીના કન્યાદાન માટે સહાયતા કરવા યાચના કરી, ધર્મરાજ મહારાજા યુધિષ્ઠિરે તેને કહ્યું કે - ''આવતીકાલે સવારે દાનપ્રસંગે આવજો.'' આ વાત વાયુનંદન ભીમસેને સાંભળી ત્યારે તેને ઘણું જ આશ્ચર્ય લાગ્યું, અને તેણે તરત આનંદની નોબત વગાડી ઉત્સવ મનાવવો શરૂ કર્યો. નોબત સાંભળી યુધિષ્ટિરે પૂછયું કે- આજે આ શું છે ? આ આનંદની નોબત આજે કેમ વાગી રહી છે ? વાયુનંદન ભીમસેને કહ્યું કે-મોટાભાઇ, આપશ્રીએ એક બ્રાહ્મણને આવતીકાલે દાન લેવા આવવાનો વાયદો કર્યો છે. એટલે આવતીકાલ સુધી તો આપને જીવવાની ખાત્રી છે, એ જાણી મને આનંદ થવાથી નોબત વગાડી ઉત્સવ મનાવ્યો છે. આ ઉપરથી ધર્મરાજાએ તરત તે બ્રાહ્મણને બોલાવી તેને જોઇતી સહાયતા કરીને અર્થાત્ દાન આપીને વિદાય કર્યો''. આ દૃષ્ટાંતને અનુસરી ભકતકવિ કહે છે કે- જગતમાં કોઇ પણ પ્રાણી બધાં કામોથી પરવારીને મરણ પામ્યું નથી. આ કર્યું, અને આ કરવું છે, એમ કરતાં કરતાં ઓચિંતા મરણ આવશે તો અંતે પસ્તાવું પડશે. મરણ કોઇને ખબર કરીને નથી આવતું. એ તો જેમ વાદળ ચઢી આવતાં

ઓચિંતા અંધારું બની જાય છે તેમ મરણ પણ અચાનક આવી પહોંચશે, તે સમયે પસ્તાવાથી કંઇ નહિ વળે; માટે સાવચેત થઇ ભગવદ્ ભક્તિ કરી લો, અને કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૯૬.

ભક્તિની શ્રેષ્ઠતા

ઉત્તર વચનને માનવું, પૂર્વનું નહિ પ્રમાણ;
છેલ્લું રચ્યું શ્રીભાગવત, સૌ પહેલાં રચ્યાં અન્ય પુરાણ;
પુરાણ પૃથક્ પૃથક્ કર્યા વ્યાસે, તોહે રેહતું ઉર ભરિયું ઉદાસે;
મર્મ બતાવ્યો નારદ મિત્ર, સુખ થાશે રચો ''ભક્તિ-ચરિત્ર''.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૭ ॥

અર્થ : એક જ વ્યક્તિએ કોઇ વાત અનેક વખત જુદી જુદી રીતે કહી હોય તો તેમાં પૂર્વની વાતને પ્રમાણ નહિ માનતાં છેલ્લી વાત જે કહી હોય તે પ્રમાણ માનવી. શ્રીવેદવ્યાસજીએ સૌથી પ્રથમ સત્તર પુરાણો રચ્યાં હતાં, અને તેમાં જુદા જુદા તત્ત્વનું નિરૂપણ કરવા છતાં તેમનું હૃદય ઉદાસીનતાથી ભરેલું રહેતું હતું. એમ કરતાં મિત્ર નારદજીનો મેળાપ થતાં તેમણે સિદ્ધાન્ત સમજાવ્યો કે, **''હે વ્યાસજી ! તમે ભગવદ્ભક્તિરસ રેલાવો; તેથી તમને સુખ મળશે.''** આ સાંભળી શ્રીવ્યાસે છેવટે શ્રીમદ્ભાગવતની રચના કરી અને તેથી તેમને સુખ થયું; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણે ''તત્ત્વદીપ નિબંધ'' માં આજ્ઞા કરી છે કે- वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हिं । समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् । ''વેદો, શ્રીકૃષ્ણનાં વાકયો (ગીતા), વ્યાસસૂત્રો અને શ્રીવ્યાસજીની સમાધિભાષા અર્થાત્ શ્રીભાગવત એ ચાર પ્રમાણો છે.'' તેમાં उत्तरं पूर्वसन्देहवारकं परिकीर्तितम् । ''ઉત્તરોત્તર પૂર્વના સંદેહને નિવૃત્ત કરનાર છે.'' અર્થાત્ શ્રીભાગવતને ચતુર્થપ્રસ્થાન ગણીને સર્વ સંદેહ નિવૃત્ત કરનાર માન્યું છે. લૌકિકમાં પણ છેવટનું લખેલું વિલ યાને (મૃત્યુપત્ર) પ્રમાણભૂત મનાય છે. તદનુસાર કવિશ્રી કહે છે કે - ઉત્તર વચનને જ પ્રમાણ માનવું, પૂર્વનું પ્રમાણ માનવું નહિ.. શ્રી ભાગવત સ્કં. ૧ અ. ૪-૫ માં વર્ણન છે કે-શ્રીવેદવ્યાસે સત્તર પુરાણો અને મહાભારત વગેરેની રચના કરી, જેમાં ધર્માદિ પુરુષાર્થોનું પણ વર્ણન કર્યું, તથાપિ વેદવ્યાસજીનું હૃદય ઉદાસીન બની રહ્યું હતું, તેવામાં મુનિ નારદજી, વેદવ્યાસના શમ્યાપ્રાસ નામના આશ્રમમાં આવ્યા. વ્યાસે તેમને પોતાની ઉદાસીનતાનું કારણ પૂછતાં નારદમુનિએ સમજાવ્યું કે - नारद उवाच । भवतानुदितप्रायं यशो भगवतोऽमलम्।येनैवासौ न तुष्येत मन्ये तद्दर्शनं खिलम् ।। यथा धर्मादयश्चार्था मुनिवर्यानुकीर्तिताः। न तथा वासुदेवस्य महिमा ह्यनुवर्णितः ।। '' વ્યાસજી ! આપે સર્વ કાંઇ કર્યું, પરંતુ ભગવાનના નિર્મળ યશનું વર્ણન જોઇએ તેવું કર્યું નથી. મારું માનવું છે કે-જેથી ભગવાન પ્રસન્ન થાય નહિ તે જ્ઞાન અધુરું છે. આપે ધર્માદિ પુરુષાર્થોનું જેવું વર્ણન કર્યું છે, તેવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણના મહિમાનું વર્ણન કર્યું નથી.'' માટે આપ સમગ્ર જીવોને સંસારના બંધનથી મુક્ત કરવા માટે સમાધિ દ્વારા અચિન્ત્યશક્તિ ભગવાનની લીલાઓનું સ્મરણ કરીને પ્રેમથી તેનું કીર્તન કરો. જેથી આપને સુખ થશે. આ ઉપરથી શ્રીવ્યાસજીએ શ્રીભાગવતની રચના છેલ્લી કરી માટે તેને પ્રમાણ માની કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો. ૯૭

મનુષ્યજન્મનો સાર

પુષ્ટિપથ-પ્રભુ-શ્રીવલ્લભકુળ, જઇએ તેને શરણ;
નામ-નિવેદન-મર્યાદા ધરી, સેવિયે શ્રીગિરિધરણ
શ્રીગિરિધરણ-ગુરુ-વૈષ્ણવ-પ્યાર, ઉદ્ધારે ગતિ કરે માર્ગઅનુસાર;
મનુષ્ય જન્મનો એ છે સાર, જે માને તે પામે પાર.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૮ ॥

અર્થ : પુષ્ટિ-ભગવદનુગ્રહ-માર્ગના સંરક્ષક શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણનો વંશ બિરાજે છે, તેમને શરણે જવું, અને તે આચાર્યો દ્વારા પ્રથમ નામ-મંત્ર, તે પછી નિવેદન (બ્રહ્મસંબંધ) દીક્ષા સ્વીકારી, મર્યાદા (પ્રણાલિકા) નું પાલન કરી શ્રીગિરિરાજધરણની સેવા કરવી જોઇએ. શ્રીગિરિરાજધરણ, પોતાના ગુરુદેવ, અને ભગવદીય ઉપર પ્રેમ રાખી માર્ગની રીતિ પ્રમાણે ચાલવાથી આપણો ઉદ્ધાર થાય છે. મનુષ્યજન્મ ધારણ કરવાનો ભગવત્સેવા કરવી એ જ સાર છે, અને જેઓ આ સાર ગ્રહણ કરશે તેઓ આ સંસાર સમુદ્ર તરી પાર પામશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણની સેવા કરો.

વિવેચન : શ્રીભાગવત સ્કં ૫ અ. ૧૯ શ્લો. ૨૧ માં કહ્યું છે કે- મુકુન્દ, મુક્તિને આપનાર આનંદકન્દ શ્રીકૃષ્ણચન્દ્રની સેવામાં ઉપયોગી મનુષ્યદેહની અમો ઇચ્છા રાખીએ છીએ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે-સ્વર્ગસ્થ દેવતાઓ પણ ભારતવર્ષમાં મનુષ્યજન્મ ધારણ કરી ભગવત્સેવા કરવાની ઇચ્છા રાખે છે. જેથી મનુષ્ય જન્મનો સાર **''સેવા - ભક્તિ''** છે, અને તે સેવા કરવા ઇચ્છા રાખનારે, દયારામભાઇ કહે છે કે- પ્રથમ ભગવદનુગ્રહમાર્ગના સંરક્ષક શ્રીમદ્વલ્લભાચાર્યના વંશજ આચાર્યો પાસેથી પ્રથમ **''નામ-મંત્ર''** અને તે પછી **''બ્રહ્મસંબંધ''** દીક્ષા લઇ માર્ગની રીતિ અનુસાર મર્યાદા ધારણ કરી શ્રીગિરિરાજધરણની સેવા કરવી, કેમકે આચાર્યને; શરણે ગયેલો મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે.'' કારણ કે ભાગવત સ્કં. ૭ તથા ૧૧ માં શ્રી ભગવાન સ્વયં આજ્ઞા કરે છે કે- આચાર્ય એ મારું સ્વરૂપ જાણવું, તેમનું કોઇ રીતે અપમાન ન કરવું, આ ગુરુ એ સર્વદેવમય છે. ગોપાલ તાપનીય ઉપનિષદ્માં પણ કહ્યું છે કે-

મોક્ષની ઇચ્છાવાળાએ શરણે જવું જોઇએ. ઇત્યાદિ પ્રમાણોને અનુસરી ભક્ત-કવિ શરણાગતિપૂર્વક દીક્ષા ધારણ કરી મર્યાદા અનુસાર સેવા કરવાનો ઉપદેશ આપી કહે છે; શ્રીહરિ-ગુરુ-અને વૈષ્ણવ પર પ્રેમ રાખવાથી માર્ગને અનુસાર પ્રાણી પોતાની ગતિ-ઉદ્ધાર કરી શકે છે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૯૮

ગ્રન્થ-રચન-પ્રયોજન

મહામંદ-મતિ જીવ કલિના, તે સર્વ શાસ્ત્ર કયાં ખોળે ?
માટે સકળ સિદ્ધાન્ત-સાર, શોધી કીધો છે ટોળે;
ટોળે કરાવ્યો, પ્રભુમતિ દીધી, નિજજન જાણીને કરુણા કીધી;
''ભક્તિ-પોષણ'' ધર્યું ગ્રન્થનું નામ, કથે સૂણે સરે સર્વનાં કામ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૯૯ ॥

અર્થ : કલિયુગના જીવો અત્યન્ત મંદ બુદ્ધિવાળા હોવાથી તેઓ સર્વશાસ્ત્રો ને કયાં શોધવા જશે ? એટલા માટે મેં સમગ્ર શાસ્ત્રોના સિદ્ધાન્તનું તત્ત્વશોધન કરીને અહીં એકત્ર કર્યું છે. શ્રીહરિએ મને પોતાનો જાણી કૃપા કરી બુદ્ધિ આપી તદનુસાર એકત્ર કરીને ગ્રન્થનું નામ ''ભક્તિ પોષણ'' રાખવામાં આવ્યું છે. એ ગ્રન્થનું જે વર્ણન કરશે, અથવા શ્રવણ કરશે, તે સર્વેનાં સમગ્ર કાર્ય સિદ્ધ થશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : अनन्तपारं बहु वेदितव्यम्, अल्पश्च कालो बहवश्च विघ्नाः । यत्सारभूतं तदुपादनीयं, हंसो यथा क्षीरमिवाम्बुमिश्रम् ॥ ''શાસ્ત્રો અનંત છે, જાણવાનું ઘણું છે, સમય થોડો છે અને તેમાં પણ વિઘ્નો ઘણાં છે, માટે હંસ જેમ પાણીથી મિશ્રિત દૂધ હોય તેમાંથી પાણીને ત્યજી માત્ર દૂધને ગ્રહણ કરે છે, તેમ શાસ્ત્રમાંથી જે સારભૂત હોય તે જ ગ્રહણ કરવું.'' આ શ્લોકને અનુસરી ભકતકવિશ્રી કહે છે કે કલિયુગના જીવો મંદ બુદ્ધિવાળા હોવાથી તેઓ સર્વ શાસ્ત્રોને કયાં શોધવા જશે ? એમ વિચારી बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसीदतु ॥ ''બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણનું ચરણકમળ પ્રસન્નથાઓ.'' અર્થાત્ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુએ મને પોતાનો દાસ સમજી જે બુદ્ધિને પ્રેરણા કરી તે મુજબ મેં સમગ્ર શાસ્ત્રોના સિદ્ધાન્તને દોહન કરી જે ભક્તિ તત્ત્વને એકત્ર કર્યું છે તે તત્ત્વરૂપે આ ગ્રન્થ રચી તેનું ''ભક્તિ પોષણ'' નામ રાખવામાં આવ્યું છે, આ સર્વ શાસ્ત્રોને મંથન કરી તત્ત્વ-નવનીત રૂપે તૈયાર કરેલા ગ્રન્થનું વર્ણન કરશે, યા શ્રવણ કરશે. તે સર્વેના સમગ્ર મનોરથો સિદ્ધ થશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો. ૯૯

ફલ - શ્રુતિ

એકસો ને એક ચન્દ્રાવળા, આ ગ્રન્થ તણા છે સાર;
પ્રતિપદ શુભ સિદ્ધાન્ત ભર્યું છે, વાચીને કરજો વિચાર;
વિચારતાં વલ્લભ હરિ થાશે, સર્વ કલેશ સમૂળા જાશે;
આચરણ કરતાં આનન્દની હેલી, ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વેહેલી.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ॥ ૧૦૦ ॥

અર્થ : આ ''ભક્તિપોષણ'' ગ્રન્થના શાસ્ત્રના સારરૂપે એકસો ને એક ચન્દ્રાવળા રચેલા છે, અને તેના દરેક ચરણમાં પરમકલ્યાણકારી સિદ્ધાન્ત સમાયેલો છે, તે વાંચીને તેના પર વિચાર કરજો. અર્થાત્ મનન અને નિદિધ્યાસન કરી હૃદયમાં ધારણ કરજો. તેવી રીતે વિચારી જોતાં તમોને પ્રભુ પર પ્રેમ પ્રકટ થશે, અને તેથી તમારા તમામ પ્રકારના કલેશ કંકાસ જડમૂળમાંથી નાશ પામશે. ગ્રન્થમાં દર્શાવેલા સિદ્ધાન્તોનું જો આચરણ કરવામાં આવશે તો આનન્દની રેલમછેલ થશે; માટે વેળાસર શ્રીકૃષ્ણની ભક્તિ કરી કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : ''ચન્દ્રાવળા'' નામનો આઠ પદનો છન્દ છે, તેનાં આરંભનાં ચાર પદોમાં પહેલું અને બીજું ''પાદાફૂલ'' નું અને ત્રીજું તથા ચોથું ''દોહરા'' નું છે, અને એ પછીનાં ચારે ચરણ ''પાદાફૂલ - છંદ'' નાં છે. એ મુજબ કવિશ્રીએ આ ''ભક્તિપોષણ ગ્રન્થમાં એકસો ને એક (૧૦૧) ચન્દ્રાવળા રચીને તેના પ્રત્યેક ચરણમાં પરમકલ્યાણકારક ''ભક્તિતત્ત્વ'' રૂપી સિદ્ધાન્તનો સમાવેશ કરેલો છે, કેમકે लवणेन यथा हीनं भोजनं न रसावहम् । तथा भक्ति विना सर्वा सत्क्रिया निष्फलेरिता ॥ ''જેવી રીતે મીઠા-લૂણ વગરનું ભોજન રસ પ્રાપ્ત કરી શકતું નથી, તેવી રીતે ''ભક્તિતત્ત્વ'' વિના સર્વે શુભ ક્રિયાઓ નિષ્ફળ ગણેલી છે,'' કેમકે એ ભક્તિતત્ત્વનો વાંચીને બરાબર રીતે જો વિચાર, મનન વગેરે કરવામાં આવે તો અવશ્ય શ્રીપ્રભુ પર પ્રેમ પ્રકટ થતાં બધા પ્રકારના કલેશ-કંકાસનો જડમૂળમાંથી નાશ થઇ જાય છે; અને આ ગ્રન્થને વાંચી વિચારી મનન કરીને, જો તે મુજબ આચરણ કરવામાં આવે તો આનંદની વૃષ્ટિ થાય છે; માટે કવિશ્રી કહે છે કે- જેમ બને તેમ જલદી શ્રીકૃષ્ણચન્દ્રની ભક્તિ કરજો અને કૃપાળુ શ્રીકૃષ્ણપ્રભુની સેવા કરજો. ૧૦૦

કવિશ્રીનો પરિચય

મહાનદી શ્રીનર્મદા-તટે, ચંડીપુર મહાધામ;
જ્ઞાતિ નાગર-સાઠોદરા દ્વિજ, ભટ્ટ ''દયાશંકર'' નામ;
નામ વલ્લભી વૈષ્ણવ દાસ ગુરુપ્રતાપે કર્યો ગ્રન્થ પ્રકાશ;
શીખે સાંભળે જે જન ગાય, તેને મનવાંછિત ફળ થાય.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૦૧ ॥

અર્થ : મોટી નદી શ્રીનર્મદાના કિનારા પર ''ચાણોદ'' નામે મોટું તીર્થ છે. ત્યાં સાઠોદરા-નાગર બ્રાહ્મણ જ્ઞાતિનો ભટ્ટ ''દયાશંકર'' જેનું નામ છે, જે વલ્લભીય વૈષ્ણવોનો દાસ છે, તેણે પોતાના ગુરુશ્રીની કૃપાથી આ ભક્તિ પોષણ ગ્રન્થ પ્રકટ કર્યો છે. તે ગન્થને જેઓ શીખશે, સાંભળશે, અને વર્ણન કરશે, તેનાં મનવાંછિત ફળ પૂર્ણ થશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરો.

વિવેચન : ભકતકવિશ્રી દયારામભાઇ ગ્રન્થની સમાપ્તિ કરતાં આ ચન્દ્રાવળામાં પોતાનો પરિચય આપતાં જણાવે છે કે - મોટી નદી શ્રીનર્મદાજી કિનારે ''ચાણોદ'' નામે તીર્થમાં ભટ્ટ દયાશંકર નામે સાઠોદરા-નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ્યા હતા. તેઓ વલ્લભીય વૈષ્ણવોના દાસ હતા. તેમણે પોતાના ગુરુશ્રીના પ્રભાવથી આ ગ્રન્થ રચી પ્રકટ કર્યો છે. આ ગ્રન્થની ફલશ્રુતિ જણાવતાં કહે છે કે - આ ''ભક્તિ પોષણ'' જે શીખશે, સાંભળશે, અથવા વર્ણન કરશે, તે તમામનાં મનવાંછિત ફલ પૂર્ણ થશે. ''પદ્મપુરાણ'' માં કહ્યું છે કે -कलौ भक्ति: कलौ भक्तिर्भक्त्या कृष्ण: पुर:स्थित: ॥ કલિયુગમાં ભક્તિ, ભક્તિ અને ભક્તિથી શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુ પ્રાપ્ત થાય છે. ગીતામાં પ્રભુ શ્રીકૃષ્ણ સ્વયં આજ્ઞા કરે છે કે - भक्त्या लभ्यस्तवनन्यया ॥ હું માત્ર અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થઇ શકું છું. ઇત્યાદિ પ્રમાણોને અનુસરી આ ''ભક્તિ- પોષણ'' ગ્રન્થના પદેપદમાં ભક્તિતત્ત્વરૂપી સિદ્ધાન્તનો જ સમાવેશ કરેલો છે. જેથી તે તત્ત્વને આચરણમાં જેઓ મૂકશે તેઓનાં મનવાંછિત ફળ સિદ્ધ થશે; માટે કૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુની સેવા કરો. ૧૦૧

સંવત ૧૯૩૧ ના આસો સુદી-૬ ને મંગળવારે
આ ગ્રંથ સમાપ્ત થયો છે.
ભક્તિ - પોષણ ગ્રન્થ સમાપ્ત

રસિક દયારામ

શ્રી દયારામભાઇનું જીવન અયાચક અને અવ્યાવૃત હતું. એમની જીવન નાવના સુકાની શ્રીકૃષ્ણ હતા. એ સુકાની જયાં હંકારે ત્યાં એ નાવ વહે જતી. એ નાવ એ સુકાનીને છોડી કયાંએ ગઇ જ નથી. તરવું એને હાથ ડૂબવુંયે એને હાથ. એનો ચતુર સુકાની એનું વારેઘડીએ રક્ષણ કર્યા જ કરતો. એ સુકાનીએ એને જરાયે આંચ આવવા દીધી નથી. જરાયે ગાબડું પડવા દીધું નથી. કોઇ પણ ખરાબે અથડાવા દીધી નથી. જીવલેણ પવન વાવા દીધો નથી. એ ચતુર સુકાનીએ ઘણી જ સંભાળપૂર્વક એ નાવને હંકારી, દીવા દાંડીયે (ગોલોક ધામે) સહિસલામત પહોંચાડી, હંમેશને માટે લંગર નાખી જન્મ મરણનો ફેરો ટાળી ત્યાંજ વાસો આપ્યો.

શ્રી દયારામભાઇની નસેનસમાં એમની રગેરગમાં, એમના રોમેરોમમા, એમના અણુએ અણુમાં કૃષ્ણ પ્રેમ પાંગરતો, ગોપીભાવ નીતરતો, એમના નયનમાં શ્યામસુંદર સોહતા એમના અંતરમાં નટવરનાગર નાચતા. એમનું વદન ગોપીજનવલ્લભનાજ ગુણગાન ગાયા જ કરતું. એમના કર્ણ ગોપીનાથના ગુણગાન સાંભળ્યા જ કરતા, એમના ચરણ ચપલચિત્તના ચોરણહારના દર્શને દોડતા, એમના હસ્ત સલુણય સાવરીઆની સેવામાં કૃતાર્થ થતા. એમનું જ ચિંતન, એમનું જ મનન, એમનુંજ કવન એમનું જ સેવન, એમનુંજ ગાન, એમનું જ ભજન એમનુંજ કથન, એમનું જ શરણ આ હતી એમની જીવન-ચર્યા અને કાર્ય દિશા.

શ્રી દયારામભાઇને જેટલો એમનાં રસબસતા અક્ષરદેહને વિવિધ ભાષાથી સજવાનો શોખ હતોં એટલો જ એમને એમના અવપરિમિત સૌદર્યે રાચતા સ્થૂલ દેહને વિવિધ પોષાકથી સજવાનો હતો. જે ઠેકાણે જેવો પોષાક જોઇએ તે ઠેકાણે તેવોજ પહેરતા. વ્રજના અને ઉત્તર હિંદના પર્યટણમાં વ્રજનો પોષાક પહેરતા. એ પોષાક પહેરી એમણે અમદાવાદવાળા શ્રી છોટાજી મહારાજની સન્મુખ દાસભાવે બેસી જયપુરના ચિતારા પાસે છબી ચિતરાવી હતી.

શ્રી દયારામભાઇ જ્યારે ડભોઇ આવતા ત્યારે સાઠોદરીઆ પાઘડી પહેરતા. તે વખતે તેવો જ પોષાક પહેરતા. જેવા શરીરે સુઘડ અને નિરોગી તેવા જ કપડે સ્વચ્છ અને સાદા. સફેદ બાસ્તા જેવું અમદાવાદી કોરનું ધોતિયું તસતસતું અંગરખું લાલ ચટક સાઠોદરીઆ પાઘડી, લાલ ગુલાબી વ્રજવાસી પાઘ આ એમનો માનીતો પોષાક.

શ્રી દયારામભાઇને જેટલો જુદી જુદી ભાષામાં નિષ્ણાત થવાનો શોખ હતો તેટલો જ જાતજાતના વાજિંત્રો વગાડવાનો હતો. વાદ્ય વસ્તુ પર એમણે અસાધારણ કાબૂ મેળવ્યો હતો. મૃદંગ અને તબલાને હસ્તગત કર્યા હતા. આપશ્રી જ્યારે જલતરંગ

વગાડતા ત્યારે લોકોની ઠઠ એમના આનંદમય આગણે જામતી. આપશ્રી જ્યારે બીન છેડતા અને સતાર વગાડતા ત્યારે આનંદરસની ઝડીઓ વરસતી. એમનો વહાલસોયો તંબુરો લઇ કોકિલ કંઠે ગાન કરતા ત્યારે આનંદરસનાં ઝરણાં ઝર્યા જ કરતાં.

શ્રી દયારામભાઇના જલસા રાખવા માટે લોકો એમના બારણે ઉભરાતા, જયાં જયાં જલસો હોય ત્યાં ત્યાં માનવમેદની ઉભરાતી. એમનો જલસો કોઇને ભારે પડતો નહી. રાંડીરાંડ ડોશી પણ જલસો કરાવી શકતી. આપશ્રી કશુંજ લેતા નહિ મિત્રોદ્વારા પૂજકો દ્વારા શિષ્યો દ્વારા પ્રશંસકો દ્વારા વૈષ્ણવો દ્વારા આપશ્રીનું નભે જતું. એમને એમની કલાનું ગૂમાન નહોતું. રાજા અને રંક ઉમરાવ અને ફકીર, સરદાર અને નોકર, પૈસાદાર અને ગરીબ વિદ્વાન અને અભણ, સાક્ષર અને નિરક્ષર, કવિ અને લહિયા ભગવાનદાસ અને લક્ષ્મીદાસ આ બધાયે એમને મન સરખા જ હતા.

શ્રી દયારામભાઇનું શિષ્ય મંડળ બહોળું હતું. તેમના હજારો શિષ્યો હતા. પટ્ટશિષ્ય જોશી રણછોડભાઇ તથા ગિરિજાશંકરભાઇ હતા.એમણે વૃધ્ધાવસ્થા ડભોઇમાં ઝારોલા વગામાં આવેલા સખીદાસના મકાનમાં ગાળી હતી. ત્યાં રોજ ભગવદ્દમંડળી ભરાતી દર એકાદશીએ જાગરણ થતું. જોશી રણછોડભાઇ દરરોજ ભગવન્નામ ધ્વનિઓ ગવડાવતા. ભેગાં થએલાં રસરસીઆ નરનારીઓ ઝીલતા. કોઇ કોઇ વખતે શ્રી દયારામભાઇ જાતે ગવડાવતા. ત્યારે આનંદરસની ઝડીઓ જ વરસતી શ્રી દયારામભાઇનો એકએક વિષય પરનો કાબૂ અસાધારણ હતો. એમનું સારૂં યે જીવન દેશાટન અભ્યાસ સાહિત્યસર્જન અને ભગવદ્દભજનમાં પસાર થયું હતું. એમનું સાહિત્ય ક્ષેત્ર વિપુલ હતું. એમનો શબ્ધ-ભંડોળ વિશાળ હતો. એમનું જ્ઞાન ઊંડેરું હતું એમની અવલોકન શક્તિ અજોડ હતી. એમનું સંગીતનૈપુણ્ય અદ્વિતીય હતુ. એમનો યશ ડંકો સારાયે સાહિત્ય જગતમાં વાગતો હતો. એમની કીર્તિ હિંદમા પ્રસરી હતી. એ ગુર્જર સાહિત્યાકાશના ચંદ્રની આસપાસ તારલાઓ શા દીપતા. સેંકડો લહિયાઓ બેસતા, પટ્ટશિષ્ય જોશી રણછોડભાઇ બારે પહોર અને બત્રીસે ઘડી બેસતા.

શ્રી દયારામભાઇ જે જે બોલતા તે તે લહિયાઓ લખતા. દરેકની ચાર ચાર પ્રતો થતી. એ પ્રતોને નવરાશે શ્રીદયારામભાઇ તપાસતા. ભૂલ હોય તો સુધરાવતા. શુધ્ધ પ્રત પોતાની પાસે રાખતા. શ્રી દયારામભાઇ જે જે નવા ઢાળ કાઢતા તેને ચાલાક તારલાઓ તરત ઝીલી લેતા. શ્રી દયારામભાઇએ ઘણાઓને કવિતા રચતાં શીખવ્યું હતું. ઘણાઓને વેદાંતમાં નિપુણ બનાવ્યા હતા. ઘણાઓને સંગીતમાં નિષ્ણાત બનાવ્યા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુવરો બ્રહ્માનંદ અને નિષ્કુલાનંદ અમદાવાદના રવિ માધવરાવ વ્યાસ અને કૃષ્ણરાજ મહારાજ શ્રી દયારામભાઇ પાસે ઘણીવાર કાવ્યો રચવાની પધ્ધતિ શીખવા આવતા. એમના જીવન રથના સારથિ શ્રીકૃષ્ણ હતા.

ભક્ત કવિ દયારામભાઇનાં પ્રચલિત પદો

ભગવાનનું સરનામું

પ્રકીર્ણ પદ રાગ : રામગ્રી હલારી

નિશ્વેના મહેલમાં વસે મારો વાલમો, વસે વ્રજ લાડીલો
જે રે જાયે તે ઝાંખી પામે જી રે
ભૂલ્યાં ભમે તે બીજા સદનમાં શોધે રે, હરિ ના મળે એકે ઠામ જી રે ....નિશ્વેના
સત્સંગ દેશમાં ભક્તિનગર છે, પ્રેમની પોળ પૂછી જાજો રે
વિરહ તાપ પોળિયાને મળી મહેલે પેસજો,સેવા સીડી ચઢી ભેળાં થાજો રે . . . નિશ્વેના
દીનતાના પાત્રમાં મનમણિ મૂકીને, ભેટ ભગવંતને ધરજો રે
'હું' ભાવ 'પુ' ભાવ ન્યોછાવર કરીને, શ્રી ગિરિધરવર તમો વરજો રે ... નિશ્વેના
એ રે મંડાણનું મૂળ હરિ ઇચ્છા, કૃપા વિના સિદ્ધિ ના થાયે રે
શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું, દૈવી જનો પ્રતિ દયો ગાયે રે . . . નિશ્વેના

સાંસારિક વિષયોમાંથી રાગ જતો રહે અને તે પ્રભુ તરફ વળે અને પ્રભુ પ્રાપ્તિં થાય તે માટે મનથી દઢ સંકલ્પ થવો જોઇએ. કારણકે પ્રભુ ભકતના દઢ સંકલ્પમાં રહે છે. સત્સંગ નામના દેશમાં ભક્તિ નગરમાં આવેલી પ્રેમની પોળમાં પ્રભુનો નિશ્ચયનો મહેલ આવેલો છે. પ્રેમની પોળમાં પ્રથમ પ્રવેશ કર્યા પછી તે મહેલની અંદર જતાં પહેલાં વિરહતાપરૂપી પોળિયાને મળવું જોઇએ (વિરહ તાપનો અનુભવ કરવો જોઇએ) પછી સેવાની સીડી ઉપર ચઢવું. (સેવા કરવી) અને મહેલની અંદરના ભાગમાં જયાં પ્રભુ બિરાજે છે ત્યાં જવું. ત્યાં દીનતાના પાત્રમાં મનરૂપી મણિ મૂકીને પ્રભુને ભેટ કરવી (મનને પ્રભુમય તન્મય બનાવવું) 'હું' ભાવ અને 'પુ' ભાવનું નોછાવર કરવું. પું ભાવ એટલે પોતે પુરુષ છે એ ભાવ. આમ કરવાથી પ્રભુરૂપી વર પ્રાપ્ત થાય છે. પણ આ બધાનું કારણ પ્રભુની ઇચ્છા છે. તેમની ઇચ્છા હોય તો જ નિશ્ચયના મહેલમાં પ્રવેશ કરવાનું ભાગ્ય ફળે.

વૈષ્ણવ નથી થયો તું રે

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે
ભાઇ શીદ ગુમાનમાં ધુમે, સાધુ નથી થયો તું રે ... વૈ. ટેક
હરિજન જોઇ હઇડું નવ હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં;
કામદામ ચટકી નથી છટકી, ક્રોધે લોચન રાતાં ... વૈ. ૧
તુજસંગે કોઇ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો;
તારા સંગનો રંગ ન લાગે, ત્યાં લગી તું કાચો ... વૈ. ૨
પરદુ:ખ દેખી હૃદય ન દાઝે, પરનિંદા નથી ડરતો;
વહાલ નથી વિઠ્ઠલશું સાચું, હઠે ના હું હું કરતો ... વૈ. ૩
પરોપકારે પ્રીત ના તુજને, સ્વારથ છૂટયો છે નહીં;
કેહેણી તેવી રહેણી ન મળે, કયાં લખ્યું એમ કહેની ... વૈ. ૪
ભજનારૂઢ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ;
જગતતણી આશા છે જયાં લગી, જગત ગુરુ તું દાસ ... વૈ. ૫
મન તણો ગુરુ મન કરશે તો, સાચી વસ્તુ જડશે;
દયા દુ:ખકે સુખવાન, પણ સાચું કહેવું પડશે ... વૈ. ૬

જેઓ વૈષ્ણવતાનો દંભ કરે છે, તેમને ઉદ્દેશીને ઉપરનું પદ લખ્યું છે. આથી સમજાશે કે કવિ શુધ્ધ વૈષ્ણવી જીવનને જ આદર્શ માનતા. સાચા વૈષ્ણવમાં કામવાસના ન હોય. તેમ દ્રવ્ય (દામ) નો લોભ ન હોય, તેમ તે કદી પણ ક્રોધાયમાન થાય નહિ. તેનું હૈયું પારકાના દુ:ખે હંમેશાં દાઝે. અને પારકાની નિંદા ન કરે. સાચો વૈષ્ણવ સ્વારથ છોડી પરોપકારમાં પ્રીત કરે. જેવું બોલે તેવું આચરણ કરે. પ્રભુમાં વિશ્વાસ રાખી મન ભજનારૂઢ રાખે. જગતની આશા છોડી પ્રભુમાં જ શ્રધ્ધા રાખી એવું જીવન જીવી બતાવે કે તેના સંપર્કમાં આવનારને પોતાનો રંગ લગાડે. આવા સાચા વૈષ્ણવ જ દયારામભાઇને વહાલા હતા અને તેઓએ પોતે પણ પોતાના જીવનમાં વૈષ્ણવના બધા ગુણો ઉતાર્યા હતા તેથી તે વૈષ્ણવ સમાજમાં ખૂબ પ્રિય થયા હતા. સૌ કોઇને તેમના પ્રત્યે પ્રેમ અને માન હતાં.

હરિ તુંને પ્રસન્ન તે કયમ થાય ?

હરિ તુંને પ્રસન્ન તે કયમ થાય ? તારા મનનું કપટ ના જાયે
પ્રભુ તુંને પ્રસન્ન તે કયમ થાય ? તારા દિલનો છલ નવ જાયે.
હરિ કીર્તન હરિનામ સ્મરણમાં, અતિશે આળસ તારે,
ડાચા કૂટ લવરી પરનિંદામાં, આખો દિવસ ના હારે . . . ૧
હરિનું પૂજન કરતી વેળા, કાયા તારી કંપે,
ગંજીફો સોગટાં કૂટતાં, આઠે પહોર ના જંપે . . . ૨
પ્રભુનું ચંદન ઘસતી વેળા, તારું શ્રમથી શરીર બગડે,
લઇ કૂદકો મરી મસાલો, ભાવે ભાંગ જ રગડે . . . ૩
એકાદશી ઉત્સવનું જાગરણ, અતિ અઘરું તુંને લાગે,
ભાંડ ભવાઇ નૃત્ય નારી સંગ, આખી રાત જ જાગે . . . ૪
બે પૈસાની ગુરૂ સેવા બતાવે, ત્યારે ત્યાં ગણગણતું બોલે
ઘરની સ્ત્રી જ્યારે માગે ઘરેણું, ત્યારે હસી મગન થઇ ડોલે . . . ૫
હરિના ભકતને લૂખું સૂકું, વેઠ વળગી હોય જાણે,
સગા સંબંધી ઘેર પરોણા આવે, ત્યારે પીરસે મીષ્ટ પરાણે . . . ૬
ખોટાં મોતી કાચ કીડીઆં, ભગવત ભૂષણ ઘાલે,
સોનું રૂપું મણિ મુકતા વિણ, સુત સ્ત્રીને નવ ચાલે . . .૭
જગ દેખે ત્યાં જપવા બેસે, બાકી નહાય ના ખાવા,
ગળાં કાપે કયહું થાય ગળગળો, એ વૈષ્ણવના ભાવા . . .૮
આ કરવું આ ના કરવું, એમ સહુને શિક્ષા દે છે,
તેમાંનું તું કાંઇ નથી કરતો, અનુચિત કર્મ કરે છે . . . ૯
અંતરના છળ અન્ય ન લહે, પણ જાણે અંતરજામી,
એ તો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી . . .૧૦

ચિત્ત તું શિદને ચિંતા ધરે

ચિત્ત તું શિદને ચિંતા ધરે, મન તું શિદને શોચના કરે....ટેક
કૃષ્ણને કરવું હોય તે કરે
સ્થાવર જંગમ જડ ચેતનમાં, માયાનું બળ ઠરે,
સ્મરણ કરે શ્રી કૃષ્ણચંદ્રનું, જન્મ મરણ ભય હરે.... કૃષ્ણને ૧
નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે લક્ષચોરાશી ફરે...કૃષ્ણને ૨
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે . . . કૃષ્ણને ૩
દોરી સરવની એના હાથમાં, સહુ ભરાયું ડગલું ભરે,
જેવો જંત્ર વજાડે જંત્રી, તેવો સ્વર નીસરે . . . કૃષ્ણને ૪
થનાર વસ્તુ થયા કરે, જયમ શ્રીફલ પાણી ભરે,
જનાર વસ્તુ એણી પેરે જાશે, જયમ ગજ કોઠું ગરે . . .કૃષ્ણને ૫
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે,
કોઇથી ફેર પડે નહીં તેમાં, શાંને કૂટી મરે . . . કૃષ્ણને ૬
તારું ધાર્યું જો થાતું હોત તો, સુખ સંચી દુ:ખ હરે,
આપણું અજ્ઞાન ફલ, એ મૂળ વિચાર ખરે . . . કૃષ્ણને ૭
તારું કીધું થાય તેટલું, હરિ ઇચ્છા અનુસરે,
સદા કાલ તે રીત-નભે નહીં, શીદ હું પદ મન ધરે . . . કૃષ્ણને ૮
(માટે) થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઉચરે,
(તું) રાખ ભરોંસો રાધાવરનો, દયા શીદને ડરે . . .કૃષ્ણને ૯

ડભોઇમાં દયારામભાઇએ થોડીક કવિતાઓ લખી. એક દિવસ સંધ્યાકાળ પછી રાત્રિનું વાળું કરીને ઘરનાં બધાં અને પડોશીઓ બેઠાં હતાં ત્યારે બાળકવિએ કહ્યું મામા આજે હું તમને કેટલીક કવિતાઓ સંભળાવું ત્યારે બીજી કવિતાઓ સાથે ઉપરની કવિતા સંભળાવી હતી.

શોભા સલૂણા શ્યામની

ગરબી શ્યામ સૌદર્ય રાગ : ધનાશ્રી

શોભા સલૂણા શ્યામની, તું જોને સખિ
શોભા સલૂણા શ્યામની.........ટેક

કોટિ કંદર્પને લજાવે એનું મુખડું
ફીકી પડે છે કળા કામની . . . . તું ૧

સદ્‌ગુણ સાગર નટવર નાગર
હું બલિહારી એના નામની . . . . તું ૨

કોટિ આભૂષણનું એ રે ભૂષણ
સીમા તું છે એ અભિરામની . . . . તું ૩

જે ઓળખે તેને તો સાર સરવનો
બીજી વસ્તુ તો નથી કામની . . . . તું ૪

અનુપમ એ અલબેલો રસિયો
જીવન મૂડી દયારામની . . . . તું ૫

પ્રભુ સર્વ જગાએ (સર્વવ્યાપી) હોવાથી અહીં પણ છે સર્વ સમયે (ત્રણે કાળમાં) હોવાથી અત્યારે પણ છે સર્વમાં હોવાથી પોતાનામાં પણ છે અને સર્વના હોવાથી પોતાના પણ છે આ દૃષ્ટિએ પ્રભુ અહીં હોવાથી એમને પ્રાપ્ત કરવા માટે બીજી જગાએ જવાની આવશ્યકતા નથી. અત્યારે હોવાથી એમની પ્રાપ્તિને માટે ભવિષ્યની પ્રતીક્ષા કરવાની આવ્શયકતા નથી. પોતાનામાં હોવાથી એમને બહાર ખોળવાની જરૂર નથી અને પોતાના હોવાથી એમના સિવાય કોઇને પણ પોતાના માનવાની આવશ્યકતા નથી.

શ્રેયાર્થીએ આ ચાર બાબતો નિશ્ચય પૂર્વક દૃઢતાથી માની લેવી જોઇએ. બધાં સાધનોનું આ સાર સાધન છે. આમાં કોઇ યોગ્યતા, અભ્યાસ, ગુણ વગેરેની પણ જરૂરીયાત નથી. આ બાબતો સ્વત:સિધ્ધ અને વાસ્તવિક છે. માટે એમને માનવાને બધા જ યોગ્ય છે. બધા જ પાત્ર છે. બધા જ સમર્થ છે. શરત એજ છે કે તેઓ એકમાત્ર પ્રભુને જ ઇચ્છતા હોય.

હું શું જાણું

પદ રાગ : રામકલી

હું શું જાણું, જે વ્હાલે મુજમાં શું દીઠું ?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું . . . હું શું -૧
હું જાઉં જળ ભરવા, ત્યાં પુંઠે પુંઠે આવે;
વગર બોલાવ્યો વ્હાલો, બેડલું ચઢાવે . . . હું શું - ૨
વઢું ને તરછોડું તોયે, રીસ ના લાવે,
કાંઇ કાંઇ મિષે (મારે) ઘેર, આવી બોલાવે . . . હું શું - ૩
દૂર થકી દેખી મુને, દોડયો આવે દોટે,
પોતાની માળા કહાડી, પેહરાવે મારી કોટે . . . હું શું - ૪
એકલડી દેખી મુજને, પાવલે એ લાગે,
રંક થઇને કાંઇ કાંઇ મારી પાસે માગે . . . હું શું - ૫
(મુને) જ્યાં જ્યાં જાતી જાણે, ત્યાં એ આવી ઢુંકે
બ્હેની દયાનો પ્રીતમ. મારો કેડો નવ મૂકે . . . હું શું - ૬

આ પદમાં પુષ્ટિ ભકિતના સર્વોચ્ચ પરમ ફળનું નિરૂપણ છે દીનતા અને નિઃસાધનતા પુષ્ટિભકિતના શૃંગાર છે. જ્ઞાની અને કર્મીની સાધનાથી આત્મવિલોપનવાળી મુક્તિ જ વધુમાં વધુ મળે. ત્યારે પુષ્ટિ ભકતના પ્રેમથી પ્રેરાઇ પ્રેમાત્મા પ્રભુ. વ્હાલમ બની. મીઠું મીઠું હસતા, વગર બોલાવે વારંવાર સામે આવે. પાછળ પાછળ ડોલતા ફરે, અને સાંસારિક કામોમાં સહાય પણ કરે !

એમના જેવા અખંડ પ્રેમી બીજા કોઇ નહી, લડો કે વઢો, કદી ન રિસાય, સામા પગલે હસતા આવે. પોતાના આભૂષણ દ્વારા તેમનું દિવ્ય ઐશ્વર્ય ભકતના કંઠમાં સ્વહસ્તે જ આરોપી દે !

જ્ઞાની ને કર્મી પરમાત્માને પાય લાગે. પુષ્ટિપ્રભુ પુષ્ટિભકતને પાય લાગે મુગ્ધ બની કટોરી માખણમિસરી માગીને આરોગે. એટલાથી રીઝી જાય ભકતને સામે પગલે શોધી તેની પાસે પહોંચી જાય. પછી ભકતનો પાલવ કયારેય ન છોડે.

કબીરજીએ કહ્યું છે કે
કબીરા મન નિર્મલ ભયો, જૈસે ગંગા નીર। પીછે પીછેહરિ ફિરે કહત કબીર કબીર ॥

ભક્તિ પ્રિયો માધવ : ભકતની પાછળ પાછળ ભગવાન ફરે છે

અહં ભકત પરાધીનો. હ્યસ્વતંત્ર ઇવ દ્વિજ ।
સાધુભિર્ગ્રસ્તહૃદયો, ભકતૈર્ભકત જનપ્રિય: ॥

પ્રેમરસ ઠારણ

પદ : રાગ લલિત

જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમ રસ તેના ઉરમાં ઠરે .....ટેક
સિંહણ કેરું દૂધ હોય તે, સિંહણ સુતને જરે,
કનક પાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે . . . પ્રેમ ૧
સકકર ખોરનું સકકર જીવન, ખરના પ્રાણજ હરે,
ક્ષાર સિંધુનું માછલડું જેમ, મીઠા જલમાં મરે . . . પ્રેમ ૨
સોમવેલી રસપાન , શુધ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે,
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઉચરે . . . પ્રેમ ૩
ઉત્તમ વસ્તુ અધિકાર વિના, મળે તદપિ અર્થ ના સરે
મત્સ્યભોગી બગલો મુકતાફલ, દેખી ચંચુ ના ભરે . . . પ્રેમ ૪
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરુષોત્તમ પૂંઠના કરે
દયા પ્રીતમ શ્રી ગોવર્ધનધર, પ્રેમ ભક્તિયે વરે . . . પ્રેમ ૫

દયારામભાઇએ ફકત પ્રેમભક્તિનાં અનુભવનાં જ કાવ્યો લખ્યાં નથી, તેમણે પ્રેમની શાસ્ત્રીય મીમાંસા પણ કરી છે. એમની ગરબીઓ તેમના સ્વાનુભવને પ્રકટ કરે છે. એ ગરબીઓમાં કવિનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ વ્યકત થાય છે. વૈષ્ણવફીલસુફીમાં ઇશ્વરને પ્રેમ સ્વરૂપે વર્ણવેલ છે. એ પ્રેમ પ્રાપ્ત કરવાને ભકતોએ ગોપીઓનો ભાવ એટલે માશુકનો ભાવ કેળવવો જોઇએ ભગવાન એ આશક છે અને પોતે માશુક છે. સુફી કવિઓની ઇશ્વર પ્રત્યેની ભકિતમાં પ્રેમનું જ તત્ત્વ છે. પણ તેમાં ઇશ્વરને માશુક અને ભકતોને આશક તરીકે માનવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં ઇશુના અનુયાયીઓ **(Brides)** એટલે કુમારિકાઓ છે. અને ઇશુ એ **Bridegroom** એટલે વર છે.

પ્રથમ અવ્સ્થમાં ઇશ્વરની કૃપા જ્યારે જીવાત્મા પર ઉતરે છે ત્યારે જીવોની પરમાત્મા પ્રત્યેની ભક્તિ દાસરૂપે હોય છે. પછીની અવસ્થામાં જીવો પરમાત્માને પિતા માને છે અને પુત્ર તરીકેનો પ્રેમ પરમાત્મા પ્રત્યે દેખાડે છે. પણ જ્યારે આ ભક્તિ વધારે વિકાસ પામે છે ત્યારે જીવાત્મા પોતે એમ માને છે કે તે પરમાત્માની પત્ની છે અને પરમાત્મા તેના પતિ છે. તે અવસ્થામાં એ જીવાત્મા પત્ની તરીકે પોતાનો પ્રેમ પરમાત્માને આપે છે. ભારતની પ્રેમલક્ષણા ભક્તિ તે ગોપી ભાવવાળી છે. જે પતિ પત્નીના ભાવ કરતાં ચઢીયાતી માનવામાં આવી છે અર્થાત્ ભગવાન પ્રિય છે અને ભકત પ્રેયસી (ગોપી) છે તે રસનો અનુભવ કરનાર પ્રભુભકતને નિરોધની સિધ્ધિ પ્રાપ્ત થાય છે.

માન પદ ગરબી નાયિકા માનવતી

શ્યામ રંગ સમીપે ન જાવું,
મારે આજ થકી, શ્યામ રંગ સમીપે ન જાવું.... ટેક
જેમાં કાળાશ તે સૌ એકસરખું
સરવમાં કપટ હશે આવું . . . . મારે - ૧
કસ્તુરીની બિંદી કરું નહીં,
કાજળ ના આંખમાં અંજાવું . . . . મારે -૨
નીલાંબર કાળી કંચુકી ના પહેરું,
જમુનાના નીરમાં ના નાહાવું . . . . મારે - ૩
કોકિલાનો શબ્દ સુણું નહીં,
કાગવાણી શુકનમાં ન લાવું . . . . મારે -૪
મરકત મણિ ને મેઘ દૃષ્ટે ના જોવા
જાંબૂ વંત્યાક ના ખાવું . . . . મારે -૫
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો
(પણ) મન કહે (જે) પલક ના નિભાવું . . . . મારે - ૬

કાળજ કોરચું કોહાંને કહિએ રે ?

પદ વિરહિણી - સંદેશ (ખંડિતા)

કાળજ કોરચું કોહાંને કહિએ રે ? ઉદ્ધવ છેલ છબીલે .....ટેક
વેરી જો હોય તો, વઢતાં ફાવિએ રે,
પ્રાણથી પ્યારો એહેને લહિયે રે . . . . કાળજ - ૧
ધીકિયે ઢાંકમાં, કાંહાંને કહે ન શોભા રે,
ડાહ્યા શું વાહાર્યાં ? નાહાનાં છૈયે રે . . . . કાળજ - ૨
સોડનો ઘાવ મારચો સ્નેહી શામળિયે રે
કીહા રાજાની રાવે જઇએ રે . . . . કાળજ - ૩
કળ ના પડે રે કાંઇ પેર ના સૂઝે રે
રાત દિવસ ઘેલાં રહિયે રે . . . . .કાળજ - ૪
કોઇ વસ્તુમાં ક્ષણ ચિત્ત ન ચોહેટે રે
અલબેલો આવી બેઠો હોય રે . . . . કાળજ - ૫
દયાના પ્રીતમજીને કહેજો એ વિનંતી રે
કયાંહાં લગી એહવું દાખ સહિયે રે . . . . કાળજ -૬

વ્રજ વહાલું રે,

રાગ : નૂર સારંગ

વ્રજ વહાલું રે, વૈકુંઠ નહીં આવું, મને ના ગમે, ચતુર્ભુજ થાવું
ત્યાં શ્રી નંદકુંવર કયાંથી લાવું . . . વ્રજ ૧
જોઇએ લલિત ત્રિભંગી મારે ગિરિધારી, સંગે જોઇએ શ્રીરાધે પ્યારી
તે વિના નવ ઠરે આંખ મારી . . . વ્રજ ૨
ત્યાં શ્રી જમુના ગિરિવર છે નહિ, મુને આસકિત છે ઘણી એ બેની
તે વિના મારો પ્રાણપ્રસન્ન રે નહી . . . વ્રજ ૩
ત્યાં શ્રી વૃંદાવન રાસ નથી, વ્રજવનિતા સંગ વિલાસ નથી
વિષ્ણુ વેણુ વાયાનો અભ્યાસ નથી . . . વ્રજ ૪
જયાં વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે છે હરિભુજ ચારી
એક વ્રજરજ ચોમુકિત વારી . . . વ્રજ ૫
જયાં વસવાને શિવ સખીરૂપ થયા, હજુ અજ વ્રજ રજને તરસતા રહ્યા
ઉદ્ધવ સરખા તે તૃણ કૃષ્ણ થયા . . . વ્રજ ૬
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું, મને ન ગમે બ્રહ્મસદન અડવું
ધિક્ સુખ જેને પામી પાછું પડવું . . . વ્રજ ૭
શું કહું શ્રીજી હું સાયુજય પામી, એકતામાં તમો ના રહો સ્વામી
મારે દાસપણામાં રહે શી ખામી . . . વ્રજ ૮
વ્રજજન વૈકુંઠ સુખ જોઇ વળ્યાં, ના ગમ્યું ત્યારે બ્રહ્માનંદમાં ભળ્યાં
ઘેર સ્વરુપાનંદ સુખ અતિશે ગળ્યાં . . . વ્રજ ૯
ગુરુબળે ગોકુળવાસી થાશું, શ્રીવલ્લભશરણે નિત્ય જાશું
દયા પ્રીતમ સેવી રસ જસ ગાશું . . . વ્રજ ૧૦

દિવ્યલીલા સ્થળી

શ્રી વૃંદાવન સુખકારી રે, સમરે નહાસે સહુ પીડા;
જયાંહાં શ્રી રાધા ગિરિધારી રે, સદા કરે છે રસક્રીડા. ૧
જયાંહાં રસમય ગિરિગોવર્ધન રે, રસમય શ્રી યમુના રાણી;
રસરૂપ વૃક્ષ ને વેલો રે, પૃથ્વી રસમય લ્યો જાણી. ૨
રસરૂપ ચંદ્રમા અચલિત રે, રસમય છે દિવસ રેની;
રસરૂપ સર્વ સામગ્રી રે, યુગલ રૂપને સુખ દેની. ૩
જયાંહાં ખટ ઋતુ સદા વસેછે રે, જે મન ઇચ્છે તે થાયે;
છે સર્વ સમય હરિસ્વાધીન રે, દિવસ રાત પણ થઇ જાયે. ૪
જયાંહાં પ્રવેશ નહિ કોઇ પરનો રે, નવ ચાલે કોઇની માયા,
ગોપી પણ તે સહુ ગોવિંદ રે, જયમ કાંઇ સ્વરૂપ ને છાયા. ૫
જયાંહાં પુરુષ એક પુરુષોત્તમ રે, બાકી સરવે વ્રજનારી;
તેમાં લલિતા મુખ્ય સખી છે રે, મધ્ય બેહુની અધિકારી. ૬
જયાંહાં જુગલ કિશોર રમે છે રે, નવરસલીલા નિત્ય નવી;
અનુભવીનું અંતરજાણે રે, શકે વર્ણવી કેમ કવિ. ૭
જ્ઞાનીની ગતિ નવ પહોંચે રે, પ્રેમરસ પ્રેમીને જરે;
જયમ દૂધ સિંહણી કેરૂ રે, સિંહણ સુત હોય તો જ ઠરે. ૮
એ પ્રેમ પરમ આનંદરસ રે, રખે વિષય રસ સમ આણે;
એમાં શુક મુનિ ને શિવ છાકયા રે, તે શું કામી જન જાણે.૯
જેણે કામને મોહ પમાડયો રે, તે પ્રભુ કામવશ કયમ થાયે;
શ્રીકૃષ્ણ રસક્રીડા ગાતાં રે, કામરોગ ઉરથી જાયે. ૧૦
મહા અધમનો ઉદ્ધાર કરવા રે, ભૂતળ લીલા કરી નાથે;
જયમ ધૃત વિષ જવરવાળાનેરે, તે જ અમૃત ઔષધ સાથે. ૧૧.
હોય જીવની અવળી બુદ્ધિ રે, માટે એ શિક્ષા ભાખી;
સમજી અનુભવતાં નિર્મળ રે, થાશો શ્રી ભાગવત સાખી. ૧૨
એ ભાવે હરિરસ ગાતાં રે, સુણતાં હરિ વહાલા થાશે;
ભજો દાસ **દયા**ના પ્રીતમ રે, સહુ સુખ સ્હેજે થઇ જાશે. ૧૩

વડોદરામાં ગોપાળરાવ મ્હૈરાવ નામના એક દણિણી બ્રાહ્મણ હતા. તે કરોડપતિ હતા. તેમજ સંસ્કારી હતા. ધર્મનિષ્ઠ પણ હતા. તેમને સાહિત્યનો પણ શોખ કવિતા અને સંગીત તરફ સારી રૂચિ. તે મદ્રાસના વતની હતા. ગાયકવાડ સરકારને નાણાં ધીરતા. સરકારના માનીતા પારેખ હતા. તેથી વડોદરામાં આવીને રહેલા. તે ઉદાર દાનશીલ, તેમજ ગુણીજનની કદર કરે તેવા હતા. પણ તે ગણપતિતા ભકત હતા. તેમના મકાન પાસે ગણપતિનું મોટું દેવળ બંધાવ્યું હતું. તેમને દયારામભાઇને વડોદરા બોલાવવા ખાસ એક માણસને મોકલ્યો. તે માણસે સંદેશો કહ્યો કે 'કવિશ્રી, અમારા શેઠ ગોપાળરાવભાઇનો સંદેશો છે કે આપ તેમને માટે ગણપતિનાં સારાં ભજનો લખી આપો. તેઓ તમારી કદર જરૂરથી કરશે. તમને સારૂ વર્ષાસન પણ બાંધી આપશે. આપણા કવિએ નમ્રતાથી જવાબ આપ્યો કે તમારા શેઠને કહેશો કે દયારામભાઇની તો પ્રતિજ્ઞા છે કે તેની કવિતા કૃષ્ણ ભગવાન માટે જ છે. મારે વર્ષાસનનું શું કામ છે ? એમ કહી થોડીકવાર ચિન્તનમાં પડી ગયા અને પછી નીચેનું પદ લખી મોકલ્યું

એક વર્યો ગોપીજન વલ્લભ

એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો;
નહીં સ્વામી બીજો રે મ્હારે નહીં સ્વામી બીજો. ટેક
અવર કોઇનું કામ ન મ્હારે, રીઝો કે ખીજો;
કૃષ્ણ કરે તે પ્રમાણ, કારજ વણસો કે સીજો;
પ્રાણ જાય પણ અન્ય કૃતિમાં, મન રખે ભીજો. એક-૧
સુખી દુ:ખી જેમ ગમે તેમ રાખે, એના ગુણ ગાઉં;
વિના મૂલનો ઘરનો ગુલામ, વેચે ત્યાં વેચાઉં;
એ જ ગમ્યો એથી મન માન્યું, બીજો નવ ચાહું;
એના અતિ અવતાર હું કોઇનો, દાસ ન કહેવાઉં. એક-૨
કૃષ્ણ વિના શિર અવર નમે, તો છેદનનો દંડ;
નંદકુંવર વણ નામ જપે તો, જીહવા કરૂં શતખંડ;
અવર દેવની આશ કરે અધ ભજે વળી બ્રહ્માંડ,
અન્ય અવર દર્શને દોડે પગ, તો પાડું પિંડ એક-૩
હું ચાતક જળ સ્વાતી શ્રીજી, હું જખ હરિ વારી;
હું હારીલ કાઠી હરિ દઢવત, ધારી તે ધારી,
અનન્ય પતિવ્રત જેને નહીં, તે કહીએ વ્યભિચારી;
શ્રીગુરુદેવ નભવજો કહે દયો, સદા ટેક મારી. એક-૪

વિવિધ ભાષાનું કાવ્ય

૧. ગિરિધર મુંજો પ્રાણ - કચ્છી ભાષા
૨ તુંહિ સામલડા પ્યારા - પંજાબી ભાષા
૩ માદર પિદર બિરાદર - પારસી ભાષા
૪ દુશ્મન ખલક (ખલ્ક) બિસારા -ઉર્દુ ભાષા
૫ માટા મુંચી બિનિપું - તેલુગુ ભાષા
૬ સ્વામી તિકડેઇકડારા - દ્રવિડી ભાષા
૭ જાની જીય કીથીર - હિન્દી ભાષા
૮ મનોરથ પૂર્યા સારા - ગુજરાતી ભાષા
૯ હરિ નકો કોણાચા પ્રેમ - મરાઠી ભાષા
૧૦ વૈત્વમેવ સ્વામી નિરંતર - સંસ્કૃત ભાષા
૧૧ નંદ મહરકો પુતવા દયા - પુરવી ભાષા
૧૨ થાંકી દાસી માકો કાંઇડર - મારવાડી ભાષા

અમદાવાદમાં કવિ મિત્ર કૃષ્ણારામ મહારાજ હતા. તેઓ સંસ્કૃત ભાષાના વ્યાકરણના પંડીત હતા. તેમણે વિદ્વાનો માટે દેવવાણીમાં એટલે સંસ્કૃતમાં કવિતા લખવા માગણી કરી. તેના જવાબમાં દયારામભાઇએ તેમનો ગર્વ ઉતારવા નીચેનું પદ સંભળાવ્યું.

શું જાણે વ્યાકરણી વસ્તુને શું જાણે વ્યાકરણી ?
મુખ પર્યંત ભર્યું ઘૃત તદપિ, સ્વાદ ન જાણે બરણી. વસ્તુ-૧
સુંદર રીતે શાક વઘાર્યું, ભોગ ન પામે ભરણી;
અંતરમાંહે વસે અગ્નિ પણ, આનંદ પામે ન અરણી વસ્તુ-૨
નિજ નાભિમાં કસ્તુરી પણ, હર્ષ ન પામે હરણી;
દયો કહે ધન ડાટયું ઘણું, ધનવંત કહાવે ન ધરણી વસ્તુ-૩

શ્રી કૃષ્ણ સ્તુતિ

કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્

એકં શાસ્ત્રં દેવકીપુત્ર ગીતમ્, એકો દેવો દેવકીપુત્ર એવ ।
મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ॥

સંવત ૧૫૪૫ માં જગન્નાથપુરીના રાજાએ ચાર પ્રશ્નો પૂછ્યા હતા. (૧) મુખ્ય શાસ્ત્ર કયું? (૨) જપ કરવા લાયક મુખ્ય મંત્ર કયો ! (૩) મુખ્ય દેવ કોણ ? (૪) મુખ્ય કર્મ શું? આ પ્રશ્નો પર વાદવિવાદ ચાલતો હતો. ત્યાં શ્રી વલ્લભાચાર્ય પધાર્યા. આ પ્રશ્નોના જવાબ માટે આપશ્રીએ સરળ ઉપાય બતાવ્યો કે શ્રી જગન્નાથજી પ્રભુ પાસે કલમ કાગળ મૂકો. જે જવાબ આપે તે સાચો. પ્રથમ વાર જવાબ આવ્યો તે પંડિતોને ગમ્યો નહિ. ઉહાપોહ કર્યો. ફરીવાર કાગળ કલમ મૂકયાં અને એજ જવાબ આવ્યો આ જવાબ તે ઉપરનો શ્લોક છે.

વેદાનુધ્ધરતે જગન્નિવહતે ભૂગોલભુદ્દ્વિભ્રતે
દૈત્યં દારયતે બલિં છલયતે ક્ષત્રક્ષયં કુર્વતે ।
પોલત્સ્યં જયતે હલં કલયતે કારુણ્યમા તન્વતે
મ્લેચ્છાન્ મૂર્ચ્છયતે દશાકૃતિકૃતે કૃષ્ણાય તુભ્યંનમા॥

વંશી વિભૂષિત કરાન્ નવનીરદાભાત્
પીતામ્બરાદરુણબિબફલાધરોષ્ઠાત્ ।
પૂર્ણેન્દુ સુંદર મુખાદરવિન્દ નેત્રાત્
કૃષ્ણાત્ પરં કિમપિ તત્ત્વમહં ન જાને ॥

કૃષ્ણ ત્વદીયપદપંકજ પંજરાન્તે
અદ્યૈવ મે વિશતુ માનસરાજહંસ ।
પ્રાણ પ્રયાણ સમયે કફ વાત પિત્તૈ: ।
કંઠાવરોધન વિધૌ સ્મરણં કુતસ્તે ॥

વસુદેવ સૂતંદેવં કંસચાણૂર મર્દનમ્ ।
દેવકીપરમાનન્દમ્ કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ॥

શ્રીકૃષ્ણાય વાસુદેવાય, હરયે પરમાત્મને ।
પ્રણત:કલેશનાશય ગોવિંદાય નમોનમા ॥

સચ્ચિદાનંદરુપાય વિશ્વોત્પત્યાદિહેતવે ।
તાપત્રય વિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમ: ॥

વાસનાત્ વાસુદેવસ્ય વાસિતં ભુવનત્રયમ્ ।
સર્વભૂત નિવાસોઽસિ વાસુદેવ નમોઽસ્તુતે ॥

મુકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વન્દે, પરમાનન્દમ્ માધવમ્ ॥

કૃષ્ણં નારાયણં વંદે કૃષ્ણં વંદે વ્રજપ્રિયમ ।
કૃષ્ણં દ્વૈપાયનં વંદે કૃષ્ણં વંદે પૃથાસુતમ્ ॥

અચ્યુતં કેશવં શ્રીશ્યામ નારાયણં
કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપિકા વલ્લભં
રાધિકા નાયકં શ્રીકૃષ્ણ ચન્દ્રં ભજે ॥

યોગેશ્વરાય કૃષ્ણાય, યોગક્ષેમ પ્રદાયિને ।
ભક્તિ યોગ વિતાનાય હ્નવતીર્ણાય તે નમ: ॥

કૃષિર્ભૂવાચક: શબ્દો ણશ્ચ નિર્વૃતિવાચક :
તયો રૈકયં પરંબ્રહ્મ કૃષ્ણ ઇત્યભિધીયતે

યાદશોઽસિ હરે કૃષ્ણ: તાદશાય નમોનમ: ।
યાદશોઽસ્મિ હરે કૃષ્ણ: તાદશં માં હિ પાલય ॥

એકોઽપિ કૃષ્ણસ્ય કુત: પ્રણામો
દશાશ્વમેધાવભૃથર્ન તુલ્ય: ।
દશાશ્વમેધી પુનરેતિ જન્મ:
કૃષ્ણ પ્રણામી ન પુનર્ભવાય ॥

કૃષ્ણે રતા: કૃષ્ણમનુસ્મરન્તિ
રાત્રી ચ કૃષ્ણં પુનરુસ્થિતા થે ।
તે ભિન્નદેહા: પ્રવિશન્તિ કૃષ્ણં
હરિર્યથા મન્ત્રહુતં હુતાશે ॥
કૃષ્ણ કૃષ્ણેતિ કૃષ્ણેતિ યોમાં સ્મરતિ નિત્યશ: ।
જલં ભિત્વા યથા પદ્યં નરકાદુધ્ધરામ્યહમ્ ॥

હરિગીત

પ્રભુનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહિ;
તો તેનું ફળ લેશ ન પામે, જન્મ મરણ કદી જાય નહિ.
પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા કોઇની થાય નહિ;
નિજ વખાણ કરવાં નહિ સુણવાં, વ્યસન કશું કરાય નહિ.
જીવ સકળ આત્મા સમ જાણી, દિલ કોઇનું દુભાય નહિ;
પરધન પથ્થર જેવું જાણી, મન અભિલાષ ધરાય નહિ.
દંભ કપટને દુર્જનતાથી, અંતર અભડાવાય નહિ;
પરનારી માતા સમ લેખી કદી કુદષ્ટિ થાય નહિ.
હું હરિનો હરિ છે મમ રક્ષક, એહ ભરૂસો જાય નહિ;
જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ.
કર્યું કરું છું ભજન આટલું, જ્યાં ત્યાં વાત કરાય નહિ;
પોતે જે કંઇ પુણ્ય કર્યું હોય, જ્યાં ત્યાં જાહેર કરાય નહિ.
હું મોટો મુજને સહુ પૂજે, એ અભિમાન ધરાય નહિ;
જનસેવા તે પ્રભુની સેવા, એ સમજણ વિસરાય નહિ.
માતપિતા ને ગુરુની આજ્ઞા, ઉલંઘન કરાય નહિ;
વચન એક સામાને આપી, ફરીથી બદલાવાય નહિ.
સામાએ ઉપકાર કરેલો, દિલથી તે વિસરાય નહિ.
સહુથી શ્રેષ્ઠ પ્રભુની ભક્તિ, મનથી તે ભૂલાય નહિ.
નામ રસાયણ સેવે સમજી, દુ:ખથી ડગી જવાય નહિ;
એ પથ્યોનું પાલન કરતાં, મરતાં સુધી ડરાય નહિ.
પથ્ય રસાયણ બંને સેવે, માયામાં લલચાય નહિ;
દાસ તણા સ્વામીને મળતાં, વાર જરાયે થાય નહિ.

જીવન રથના સારથિ

પ્રભુ તમે છો મારા જીવન રથના સારથિ
કૃષ્ણ તમે છો મારા જીવન રથના સારથિ
જ્ઞાન ગીતા ઉપદેશી મુજને, બનાવજો પરમારથી...પ્રભુ
મારું તારું મનથી મૂકું
ભક્તિ કેરો પંથ ના ચૂકું
મનડું મારું કદી ના વિસરે, આ દુનિયા છે સ્વાંરથી...પ્રભુ
જ્યાં લઇ જાઓ ત્યાં હું જાવું
આપ સંગાથે જીવન વિતાવું
પરવા જગની કદી ન કરતો. બંન્યો છું આપનો જયારથી...પ્રભુ
જ્ઞાન ભક્તિ બે પૈડા રથનાં
ચલાવવાને હું સમરથ ના
મનના ઘોડાઓ ના દોડે, જ્યાં ત્યાં બેદરકારથી....પ્રભુ
કર્મ કરું ફળ કદી ના માગું
જગમાં રહી જગ મનથી ત્યાગું
કણ કણમાં કરું દર્શન તારું, એવી દૃષ્ટિ દે પ્યારથી...પ્રભુ

'દર્શન' હરીશભાઇ નકશીગરા

ભકત કવિ શ્રી દયારામભાઇની જેમ, આપણે સૌ વાચક મિત્રો પણ, પરમ કૃપાળુ પૂર્ણ પુરુષોત્તમ, પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્માને આપણા જીવન રથના સારથિ સ્વરૂપે સ્વીકારીને પ્રભુના પ્રેમસ્પર્શનો આનંદ અનુભવીએ એવી શુભ ભાવના સાથે વિરમીએ છીએ.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ